
# શ્રી સદ્‌ગુરૂ સંગે: દિવ્યને પંથે



રમાબેન બ. ખંડેરિયા
બલવંતરાય નૌ. ખંડેરિયા

શ્રી

# સદ્ગુરુ સંગે :

# વિશ્વને પંથે

## મુનિશ્રી સંતબાલજી સાથેની ચર્ચાઓ તેમ જ મુનિશ્રીની નોંધો

[ ૨૧-૨-૧૯૭૪થી ૨૬-૩-૧૯૮૨ ]

❀

મનોરમાબહેન બલવંતરાય ખંડેરિયા (એમ.એ.)
બલવંતરાય નૌતમલાલ ખંડેરિયા

❀

: પ્રકાશક :
વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

■ પ્રકાશક :
**અંબુભાઈ શાહ, મંત્રી**
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

■ પ્રથમ આવૃત્તિ : ૮ ઓગસ્ટ, ૧૯૯૮
મુનિશ્રી સંતબાલજીની જન્મજયંતી (શ્રાવણ પૂર્ણિમા સં. ૨૦૫૪)

**આ પુસ્તક લેખકના નીચેના સરનામે પણ મળી શકશે.**

***B. N. Khanderia***
Mamuna Avenue, Hotel Parviz,
55/8/A-2, Salisbury Park Road,
**PUNE-411 037. PH. : 655855**

■ નકલ : પાંચસો

■ **કિંમત : રૂપિયા પચાસ**

■ ટાઈપસેટીંગ : પૂજા લેસર, અમદાવાદ.

■ મુદ્રક : મહેશ મુદ્રણાલય, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# સદ્ગુરુ મુનિશ્રી સંતબાલજી





લેખકની ડાયરી તપાસતા          તા. ૨૫-૪-૧૯૭૫          *          વિશિષ્ટ મુદ્રાથી સમજાવતા   તસવીરકાર-બલવંતરાય ખંડેરિયા

# ખંડેરિયા પરિવાર અને સંતબાલજી



ગુરુદેવ સંતબાલજી-લેખકના પિતા નૌતમલાલ
વચ્ચે બલવંતભાઈ



લેખકનાં બા, રમાબહેન-(પુત્રો)મયૂર-રાજીવ
ગુરુદેવ અને લેખકના પિતા

નંદિગ્રામ ટ્રસ્ટ
ધરમપુર રોડ, પો. વાંકલ
જિ. વલસાડ-૩૯૬ ૦૦૭.

તા. ૨૭ જૂન, '૯૮.

પ્રિય બલવંતભાઈ,

મારાથી પત્રોના જવાબ સત્વર અને સવિસ્તર આપી શકાતા નથી, એટલે તમારા જેવા સ્વજન, સ્નેહી સાથેનો તંતુ વચ્ચે વચ્ચે ઝોલો ખાઈ જાય છે, પણ એ તંતુ એક તેજસ્વી અને તારક મધ્યબિંદુ સાથે જોડાયેલો છે, એટલે સમયની ધૂળ એના પર ચડી શકે એમ નથી.

સદ્‌ગુરુ સાથેનો તમારો **મનોયોગ** એ જાણે નાનકડી નૌકાને જંગી જહાજ સાથે અમૃત-સાંકળે જોડનારો છે. તમારા શબ્દે શબ્દે જે કૃતજ્ઞતા અને કૃતાર્થતા નીતરે છે, એ માત્ર આ જીવન પૂરતી નહીં, પણ અનંત જીવનની મૂડી છે.

મનોરમાબહેનને વંદન.

મારાં વંદન. કુંદનિકા

તમારો,

**મકરન્દ**

# પ્રકાશકના બે બોલ

આ પુસ્તકનો આમુખ શ્રી ટી. યુ. મહેતા જેવા વિદ્વાન અને ન્યાયવિદ્ વિવેકી પુરુષે લખ્યો છે. ડાયરીના લેખક મુનિશ્રીના અનન્ય શ્રદ્ધાળુભક્ત છે અને મુનિશ્રી જેવા એક સત્યાર્થી પુરુષે શ્રી ખંડેરિયાભાઈની ડાયરીને જોઈને તેના ઉપર પોતાની નોંધ લખી છે. એટલે વાચકોને એ બધાં લખાણો પ્રેરણાપ્રદ અને પ્રોત્સાહક બનશે એમાં કોઈ શંકા નથી.

**'વિશ્વમયતા'** શબ્દ આમ તો નવો જ છે, પરંતુ બલવંતભાઈએ તે શબ્દની ભાવનાને આત્મસાત કરવાના લગાતાર પ્રયાસો વર્ષો સુધી કર્યા છે. વિશ્વમયતાના કેન્દ્રમાં કુટુંબ સાથેના સંબંધો રહેલા છે. સાધક, સાધના કરતાં કુટુંબ, પડોશી, ગામ, રાષ્ટ્ર અને વિશ્વ સુધી પોતાની સંવેદના પ્રગટાવે અને વિશ્વને કુટુંબ માનતો થાય. એમ કરવામાં પોતાની ક્યાં ઊણપ છે અને વધુ જાગૃતિ રાખીને એ લક્ષ્યને કઈ રીતે પહોંચવું તેનો પ્રયાસ કરતો થાય તો વિશ્વમયતા કઠણ હોવા છતાં પણ સુલભ બની શકે તેમ છે. આ દૃષ્ટિએ શ્રી બલવંતભાઈએ પોતાની ડાયરી નોંધી છે અને સંતબાલજીએ તેના ઉપર માર્ગદર્શન સલાહસૂચનરૂપ નોંધ કરી છે.

એમાં રાજકારણ પણ આવી જાય છે. મુનિશ્રીએ રાજકારણની બાબતમાં પોતાનાં મંતવ્યો લખ્યાં છે. તેનાથી જુદાં મંતવ્યો પણ હોઈ શકે છે. ભિન્ન, ભિન્ન મંતવ્યોમાં કયું મંતવ્ય સાચું તે તો ભાવિના ગર્ભમાં છુપાયેલું રહસ્ય છે. એટલે આ બધાં લખાણોમાં તટસ્થ અને નિષ્પક્ષ રહીને અનેકાંત દૃષ્ટિએ આ મંતવ્યોને તપાસવાં જોઈએ.

કટોકટી દાખલ થઈ તે દિવસે મુ. શ્રી કુરેશીભાઈ અને હું ચિંચણ હતા. અમારે સંત સેવક સમુદ્યમ પરિષદની મિટિંગમાં પવનાર જવાનું હતું. મુનિશ્રી પાસેથી તે માટે માર્ગદર્શન લેવા અમે ચિંચણ થઈ પવનાર જવાના હતા. તા. ૨૬મી જૂન ૧૯૭૫ના સવારના રેડિયો સમાચાર જાણ્યા કે ભારતના વડાપ્રધાન શ્રી ઇન્દિરાબહેન ગાંધીએ દેશમાં કટોકટીનો અમલ કરી, દેશનેતાઓને પકડી લીધા છે. આ સમાચાર જાણી મુનિશ્રી ખૂબ જ ચિંતન-મંથનમાં પડી ગયા. અમે પવનાર જવાના હતા એટલે અમને કહ્યું કે ત્યાંથી કંઈક પ્રકાશ મળશે. તમે અહીં થઈને જજો. અમે પવનાર ગયા. પરંતુ ત્યાંથી અમને કંઈ નવો પ્રકાશ કટોકટી

બાબત મળ્યો નહિ. શ્રીમન્નારાયણે એમ કહ્યું કે, દેશનું બંધારણ હું મારા ખિસ્સામાં રાખું છું. મને બંધારણનો અભ્યાસ છે તે જોતાં કહી શકું છું કે, બંધારણની મર્યાદામાં રહીને કટોકટી લાવ્યાં છે. વિનોબાજી તો મૌન રાખીને બેઠા હતા એટલે પવનારમાંથી કોઈ નવો પ્રકાશ અમને મળ્યો નહીં. અમે ચિંચણ મહારાજશ્રીને આ વાત કરી. તેમણે માર્ગદર્શન આપતાં કહ્યું કે, 'સંઘે તુરત મળવું જોઈએ અને કટોકટીનો ભલે વિરોધ ન કરીએ કારણ કે, તેનાં ઔચિત્ય બાબતમાં આપણે કંઈ નક્કી કરી શકતા નથી પરંતુ કટોકટી વહેલામાં વહેલી તકે ઊઠાવી લેવી જોઈએ તેવો પ્રચાર ગામેગામ જાહેર સભા કરી કરવો જોઈએ. અને શક્ય બને તો શુદ્ધિ-પ્રયોગ પણ કરવો જોઈએ.

અમે તરત ગુંદી આવ્યા ને મિત્રો સાથે આ અંગે વાતચીત કરી.

તા. ૧૯-૭-૭૫ના રોજ સંઘની મિટિંગમાં આ પ્રશ્નની ચર્ચા કરી અને મુનિશ્રીનું દષ્ટિબિંદુ સમજાવ્યું. બાર કલાકના ઉપવાસની તપોમય પ્રાર્થનાની સાંકળ ચાલુ કરવાનું પણ ઠરાવ્યું.

૧લી ઑગસ્ટ, ૧૯૭૫થી એક સો દિવસનો આ શુદ્ધિપ્રયોગ પણ ચાલ્યો. ગામડે ગામડે સભાઓ ભરી અને હજારો સહીઓ પણ લીધી.

તા. ૨૩-૮-૭૫ની ભાલ નળકાંઠા પ્રયોગની નૈતિક ગ્રામ સંગઠનોની ત્રણ સંસ્થાઓની સંયુક્ત મિટિંગમાં પણ ઠરાવ કરવામાં આવ્યો અને તેમાં કટોકટી ઊઠાવી દેશનેતાઓને મુક્ત કરવાની વાત કરવામાં આવી.

આટલું કહેવું પ્રસ્તુત ગણીને આ પુસ્તક જિજ્ઞાસુ વાચકો વાંચશે એવી અપેક્ષા સાથે પ્રકાશન સંસ્થા તરફથી શ્રી બલવંતભાઈ ખંડેરિયાને આવા સુંદર પુસ્તકની સામગ્રી પૂરી પાડવા માટે અને શ્રી ત્ર્યંબકલાલ ઉ. મહેતાનો આમુખ લખવા માટે આભાર માનીને વિરમું છું.

સર્વોદય આશ્રમ, ગુંદી **અંબુભાઈ શાહ**

## વાચકને સૂચના

**આ પુસ્તકમાં લેખકનું વક્તવ્ય અથવા લખાણ ચાલુ ટાઈપમાં છે, અને મુનિશ્રીનાં લખાણ ઘાડાં ટાઈપમાં મૂક્યાં છે.**

# આમુખ

પૂ. મહારાજશ્રી સંતબાલજીની પ્રેરણાથી શ્રી બલવંતભાઈએ તેમના રોજિંદા જીવનમાં બનતા અને અનુભવાતા બનાવો બાબતના તેમના પ્રત્યાઘાતો દર્શાવતી ડાયરી નોંધ લખવાની શરૂ કરી. આ નોંધો ૧૯૭૪ની સાલની શરૂઆતથી શરૂ કરી ૧૯૮૧ના લગભગ અંત સુધી એટલે લગભગ આઠ સાલ ચાલી. તે દરમ્યાન તેમના અંગત જીવનમાં ઊભા થતા તમામ પ્રકારના કૌટુંબિક, વ્યાવસાયિક અને માનસિક પ્રશ્નોથી શરૂ કરી રાજકીય, સામાજિક અને ચિંતનાત્મક પ્રશ્નો બાબત તેમણે મન મૂકીને આ ડાયરીઓમાં ચર્ચા કરી.

દરેક ડાયરીમાં અમુક અમુક અંતરે અમુક પાનાં કોરાં રાખ્યાં, અને મથાળે લખ્યું : "ગુરુદેવનું પાનું" ડાયરીનું લખાણ વાંચીને ગુરુદેવને જે માર્ગદર્શન આપવું હોય તે આપવા માટે આવાં કોરાં પાનાં રાખ્યાં. આવાં પાનાંઓ ઉપર જીવનમાં ઊઠતા વ્યક્તિગત અને સમૂહગત પ્રશ્નો ઉપર ગુરુદેવે પોતાનું માર્ગદર્શન આપ્યું છે.

મુનિશ્રી સંતબાલજી એક કર્મયોગી સંત હતા, અને દરેક પ્રકારના સમાજલક્ષી પ્રશ્નોમાં રસ લઈ તેમના અનુયાયીઓને માર્ગદર્શન આપતા, પરંતુ આ ડાયરીઓનું અસલ લખાણ વાંચતાં જણાય છે કે શ્રી બલવંતભાઈના કૌટુંબિક જીવનના અંગત પ્રશ્નોમાં પણ તેમના અત્યંત વ્યવસાયી જીવનમાંથી થોડીક ક્ષણો કાઢી તેમણે માર્ગદર્શન આપીને બલવંતભાઈ તથા તેમના કુટુંબ ઉપર અત્યંત નિષ્કામ અનુગ્રહ કર્યો છે. તેમના વિવિધ પ્રશ્નો ઉપરના અભિપ્રાયો જે તેમના પોતાના જ હાથથી લખાયેલા છે, તેમાંના મોટા ભાગના એવા છે કે જે તેમનાં બીજાં લખાણોમાંથી નહીં મળે.

૧૯૯૭ના વર્ષના મધ્ય ભાગે બલવંતભાઈ પૂનાથી મારે ત્યાં હવાફેર માટે અમદાવાદ રહેવા આવ્યા. તેમના વિદાયના સમયે તેમણે મને કહ્યું કે હવે તેમની

ઉંમરને કારણે તેઓ બધી સાંસારિક જાળમાંથી છૂટા થવા ઇચ્છે છે. પરંતુ તેમના ગુરુદેવ સંતબાલજીની એવી અમૂલ્ય ભેટો તેમની પાસે છે જે બીજા કોઈ પાસે હોવાનો સંભવ નથી. એવું તે શું છે ? તેમ મેં પૂછ્યું. ત્યારે આ ડાયરીઓ તથા તેમણે મુનિશ્રીની વખતોવખત વીડીઓ અને ઓડીઓ કેસેટ લીધી છે તેની વાત મને કરી. મને થયું કે મુનિશ્રીના અનુયાયીઓ માટે જ ફક્ત નહિ પરંતુ જૈન-જૈનેતર આમપ્રજા માટે પણ આ સાહિત્ય ઘણું અગત્યનું થાય તેમ છે. તેથી મેં તેમને કહ્યું કે આ ડાયરીઓમાં ઘણી અંગત હકીકતો આવતી હશે, એટલે સામાજિક ઉપયોગિતાની હકીકતો અને તે અંગે મુનિશ્રીના વિચારો તેમાંથી તારવીને છપાવો તો જાહેર હિતનું એક સુંદર કામ થશે. તે જ રીતે ઓડીઓ-વિડીઓ રેકર્ડનું યોગ્ય અનુબંધ થઈ શકે તો એક "મુવી"ની ઢબે મુનિશ્રીના વિચારોની રજૂઆત થાય. તેઓને આ વિચાર તો ગમ્યો પરંતુ મને કહે કે આઠ વર્ષની આઠ ડાયરીઓનું લખાણ એટલું વિસ્તૃત છે કે તેમાંથી સમાજ ઉપયોગી વાતોનું તારણ કાઢવું તેમના માટે અતિ મુશ્કેલ છે, અને હવે તે પ્રકારની તેમની શારીરિક શક્તિ પણ નથી, તેથી કોઈ બીજા કરી આપે તો થાય. અંગત ડાયરી કોઈ બીજાના હાથમાં જાય તે ઠીક નહિ. તેથી શું કરવું તે પ્રશ્ન ઊભો થયો. મારામાં તેમને વિશ્વાસ હશે, તેથી કહે મામા, તમો આ કામ હાથમાં લો, નહિ તો આ સાહિત્ય જે બીજે અલભ્ય છે, અને જેની અંદર આઠ વર્ષ દરમ્યાન ગુરુ-શિષ્યનાં ચિંતનો ભરાયેલાં છે તે નકામાં જશે.

મને દલીલ વાજબી લાગી અને તેથી ડાયરીમાંનાં જે લખાણો સામાજિક દૃષ્ટિએ બધાને ઉપયોગી જણાય તે જુદાં તારવવા માટે લાલ શાહીથી માર્ક કરવા હું કબૂલ થયો. તે કામ પૂરું થયું એટલે પ્રશ્ન આવ્યો કે આવા માર્ક કરેલ લખાણોને ડાયરીઓમાંથી કાઢી જુદાં લખવાં જોઈએ. તે કામ કોણ કરે ? તે કામ બલવંતભાઈએ અને મેં અર્ધું અર્ધું વહેંચી લીધું, જેને પરિણામે આ પુસ્તક બહાર પડી શક્યું.

મહારાજશ્રીને વધુ સારી રીતે કોઈ સમજી શક્યું હોય તો તે શ્રી અંબુભાઈ, જેમણે પોતાનું સારુંય જીવન સંતબાલજીના આદર્શોને મૂર્તિમંત કરવાના પ્રયત્નોમાં ગાળ્યું છે. તેમને અમારા આ પ્રયત્નોની જાણ કરી તેઓ તેનું મહત્ત્વ તુરત સમજી ગયા અને આ પુસ્તકના પ્રકાશનમાં પૂરો સાથ આપવાનું માથે લીધું. આઠે ડાયરીઓમાંથી તારવેલ લખાણ વિષયબદ્ધ ન હોય તો કયા વિષય ઉપર મુનિશ્રીએ શું કહ્યું છે તે જાણવું મુશ્કેલ થાય. આથી મારી આવડત મુજબ મેં વિષયો બાંધી આપ્યા અને શ્રી

અંબુભાઈએ બધું લખાણ આંખ હેઠળ કાઢી વિષયાનુબદ્ધ પણ કરી આપ્યું.

ડાયરીના સમગ્ર લખાણનું મધ્યબિંદુ જો કાંઈ હોય તો તે મુનિશ્રીના 'વિશ્વમયતા'ના સિદ્ધાંતનું છે. શ્રી બલવંતભાઈએ 'વિશ્વમયતા'ની દીક્ષા મુનિશ્રી પાસેથી લીધી અને તે દીક્ષાને અનુરૂપ તેમનું જીવન બને તે માટે અવારનવાર મુનિશ્રીએ તેમને માર્ગદર્શન આપ્યું. આ 'વિશ્વમયતા' શું છે તેની ચર્ચા આ ડાયરીઓમાં અવારનવાર જોવા મળે છે જે મુનિશ્રીના બીજા સાહિત્યમાં મળવા સંભવ નથી. આથી વિશ્વમયતાના સિદ્ધાંત માટે અહીં બે શબ્દો કહીએ તો અસ્થાને નહિ કહેવાય.

જૈન સિદ્ધાંત મુજબ આ સમગ્ર વિશ્વ (બ્રહ્માંડ) એક અત્યંત વ્યવસ્થિત તંત્ર છે અને ચરા-ચર સમગ્ર સૃષ્ટિ તે તંત્રના એક ભાગરૂપે જ તેના સ્વતઃ સંચાલિત નિયમો મુજબ જ ચાલે છે. માણસ આ તંત્રનો એક ભાગ છે. કોઈપણ તંત્રને જો વ્યવસ્થિત અને સરળ ચલાવવું હોય તો તે તંત્ર કે યંત્રના દરેક ભાગે પોતાનું કામ વ્યવસ્થિત અને સરળ રાખવું જોઈએ. દા.ત., ગમે તેવું વિશાળકાય યંત્ર હોય જેમાં મોટાં ચક્રો ગતિમાન થતાં હોય અને જેની યાંત્રિક રચના અટપટી હોય, પરંતુ તેનો એક નાનો સરખો ભાગ એક સ્ક્રૂ કે એક ચાકી વ્યવસ્થિત કામ ન કરે તો આખું યંત્ર અટકી પડવાનો સંભવ ઊભો થાય. તે જ રીતે આ વિશ્વયંત્રના એક નાના ભાગરૂપે આપણે યંત્રને અનુરૂપ વ્યવસ્થિત જીવન ન જીવીએ અને આપણી જાતને મહાયંત્રના ભાગરૂપે ન ગણીએ તો તેની વિપરીત અસર આખા યંત્ર ઉપર થવાની જ. મારી સમજ પ્રમાણે વિશ્વમયતા પાછળનો આ તર્ક છે. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય તે પાંચ સિદ્ધાંતો જે આ વિશ્વતંત્રના પાયા છે તે લક્ષમાં રાખી માનવજીવનનો વ્યવહાર ચાલે તો આ વિશ્વતંત્રની જે વિષમતાઓથી આપણે પીડાઈએ છીએ તે વિષમતાઓ દૂર થઈ જાય તેમાં કોઈ શંકા છે? આથી 'વિશ્વમયતા' શીખવે છે કે આપણે આપણી તમામ પ્રવૃત્તિઓમાં સમગ્ર વિશ્વને લક્ષમાં રાખીને વિશ્વયંત્રના એક હિસ્સા તરીકે વિશ્વમય થઈને વર્તન કે વ્યવહાર કરવો. વિશ્વયંત્રનો કોઈ એક ભાગ કે હિસ્સો બીજા ભાગ કે હિસ્સા કરતાં વધુ અગત્યનો છે તેવી માન્યતા જ ભૂલભરેલી છે તેવું એક વાર સમજાઈ જાય તો અહિંસા, સત્ય આપોઆપ પ્રગટે, અને વ્યક્તિગત જીવન સમાજગત બને આથી વિશ્વમયતાને મુનિશ્રીએ જે અગત્ય આપી છે તે તદ્દન યોગ્ય છે.

ડાયરીના લખાણોમાં ઘણી જ વ્યાપક કાપકૂપ કર્યા બાદ આ પુસ્તક વાચક સમક્ષ આવે છે. પરંતુ જે કાંઈ વાચક સમક્ષ આવે છે તેમાંથી એક હકીકત ઘણી

જ સ્પષ્ટ તરી આવે છે કે શ્રી ઇન્દિરાબહેનના શાસન દરમ્યાન પ્રજા જીવન ઉપર જે જ્યાદતી થઈ અને લોકશાહીના સિદ્ધાંતો ઉપર જ નહિ પરંતુ પ્રજાજીવનના જે મૂલ્યો ઉપર - ભારતીય પ્રજા ટકી રહે તે મૂલ્યો ઉપર - પણ ભયંકર કુઠારાઘાત રાજ્ય તરફથી થયા. આથી ડાયરી લેખકનું લોહી ઊકળી ઊઠે છે. અને મુનિશ્રી, જેમનો આ બાબતમાં અભિગમ જુદો હતો તેમને, ડાયરી લેખકના તીખા ચાબખા પસંદ પડ્યા નહિ જ હોય, (આ પુસ્તકમાં તો તે તીખા ચાબખાઓનો દશમો ભાગ પણ રજૂ થયો નહિ હોય) છતાં એક સદ્‌ગુરુની હેસિયતથી મુનિશ્રીએ ડાયરી લેખકને પોતાના વિચારો છૂટથી રજૂ કરવામાં જરાપણ અટકાયત કરી નથી. કટોકટીની વિષમતાઓ જ્યારે હદ વટાવી ગઈ ત્યારે મુનિશ્રીને પણ વ્યથા થયેલ છે અને તેની વ્યથાની અભિવ્યક્તિ પણ અમુક અમુક વખતે તેમની સૌમ્ય ભાષામાં કરેલ છે. મુનિશ્રીનું કટોકટી પરત્વેનું વલણ અને તે જ બાબતમાં સંત વિનોબાજીનું વલણ (શરૂઆતનું) ચિંતકોના મોટા વર્ગને રુચિકર નથી લાગ્યું. (આ લેખક તેમાંના એક છે) પરંતુ અહીં મુદ્દો તે વલણ સાચું હતું કે ખોટું તે નથી. મુદ્દો એક સદ્‌ગુરુ તરીકેની સહનશીલતાનો છે અને તેમાં સમાયેલ અનેકાંત દૃષ્ટિનો છે. ઇન્દિરાબહેનની કટોકટી તો હવે ઇતિહાસના પાનાઓમાં ગુમ થઈ છે પરંતુ મુનિશ્રીની દૃષ્ટિ-વિશાળતા કેવી હતી તેની જાણ કરવા કટોકટી અંગેનાં લખાણોને સ્થાન આપવાનું યોગ્ય ગણ્યું છે.

ડાયરીનો મોટો ભાગ તો ડાયરી લેખકના પોતાના ચિંતનનો છે. તે ચિંતનનો સારો એવો હિસ્સો જનહિતનો છે પરંતુ આ પુસ્તકનો હેતુ તો મુનિશ્રીના વિચારો અમુક ખૂણાના-વ્યક્તિગત અને સામૂહિક, પ્રશ્નો અંગે કેવા હતા તે જણાવવાનો હોઈને ડાયરી લેખનમાં લેખકના ચિંતનનો ફક્ત તે જ ભાગ લીધો છે કે જેના પ્રત્યાઘાતો મુનિશ્રીએ આપ્યા હોય. આમ કરવાથી પુસ્તકનું કદ પણ યોગ્ય મર્યાદામાં આવી શક્યું છે.

આશા છે કે મુનિશ્રીના અનુયાયીઓને તથા વાચકોને આ પુસ્તકમાંથી સારું માર્ગદર્શન મળશે.

**ત્ર્યંબકલાલ ઉ. મહેતા**
(ટી.યુ. મહેતા)

"સિદ્ધાર્થ"
૩, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

# સદ્‌ગુરુ પ્રસાદ

'વિશ્વમયતા'નો મંત્ર આપી, વર્ષો સુધી તેને ઘૂંટાવનાર, (આ ડાયરીઓ લખાવીને) સદ્‌ગુરુ પૂ. સંતબાલજી મહારાજનું મીઠું સ્મરણ આજના મંગલ પ્રભાતે થાય છે. તે સાથે આપણા મૂર્ધન્ય કવિ શ્રી મકરન્દ દવેની આ સાખી તાજી થાય છે,

**જ્ઞાન હથોડી કરગ્રહે, સદ્‌ગુરુ બને સુનાર,**
**તિનો અવગુણ મિટ ગયે, માર, ધાર, આકાર.**

કટાર અને કટોરી શીર્ષક નીચે કવિએ આ સાખી લખી છે, આગળ કહે છે, ગુરુ જ્ઞાન આપે પણ સદ્‌ગુરુ જ્ઞાન ઉપરાંત ઘાટ આપે. ગુરુ છાયા સ્પર્શ કરે પણ સદ્‌ગુરુ કાયા સ્પર્શ કરે."ગુરુ અને સદ્‌ગુરુ વચ્ચે આટલો ભેદ ! સદ્‌ગુરુએ ઉપરનો મંત્ર આપી, મારા તીખા તમતમતા સ્વભાવને (કટારને કટોરીમાં) ક્યારે પલટી નાખ્યો-રૂપાંતરિત કરી નાખ્યો તે ખબર ન પડી. દક્ષિણ આફ્રિકાથી આવી ભારત વસવાટ, અને અહીંના અઘરા-અટપટા વેપારી ક્ષેત્રમાં એકલા હાથે સફળતા મેળવી એટલે 'અહંકાર' આસમાને સ્વાભાવિક જ હતો. આને સદ્‌ગુરુ સંગે ક્રમે ક્રમે ઓગાળ્યો.

મંત્ર તો મળ્યો પણ એનો વહેવાર - Practice કેમ કરવી, તે પણ જ્ઞાની સદ્‌ગુરુએ સતત દોરવણી - ડાયરીમાં છે તેવી - આપ્યા કરી. પોતે પાકા વીસા, વિચક્ષણ વાણિયા એટલે કાયમ તાળો મળતો રહે - પ્રગતિના આ માર્ગનો - તે માટે, અમારા દાંપત્યજીવનની એકતા, પ્રથમ પગલા તરીકે મંગલાચરણમાં પૂજ્યશ્રીએ સૂચવ્યું. અને ડાયરી લખવાની વાત હળવેકથી મને કરી, આ મૂંઝવણનો આપોઆપ નિવારણનો માર્ગ ખુલ્લો કર્યો. પછીની વિગતો તો ડાયરીમાં છે. આજે અમારું દાંપત્ય કસાયેલા અને સમાનતાયુક્ત જીવનસાથીનું છે, દાંપત્ય આવું રૂડું બને એથી વિશેષ, સદ્‌ગુરુ પ્રસાદ બીજો શું હોઈ શકે ?

પચીસ વર્ષના સ્વાનુભવો પછી, આજે એક વસ્તુ સ્પષ્ટ છે કે, કોઈપણ ઊંચા આદર્શને આંબવા, જાતથી જ શરૂઆત થાય તો આગળ વધાય ધીમે ધીમે. સાથોસાથ યોગ્ય-માર્ગદર્શન જો મળી જાય તો, કામ ઘણું સરળ અને સાચી દિશામાં ચાલે. આદર્શ આપ્યો આભ ઊંચો ! **વિશ્વમયતાનો**, પણ તેના અમલીકરણ માટે,

દાંપત્યજીવનની એકતાની ધરતી - ભોંય પકડાવી, આ વિશ્વપંથની અમારી યાત્રા, સદ્‌ગુરુ પ્રતાપે સ્થિર ચાલી રહી છે, તેમાં એક નાનો પણ પ્રોત્સાહક અનુભવ, નોંધવા જેવો છે.

આદર્શ લક્ષે સદ્‌ગુરુ પ્રેરિત, ગુંદાની અમારી ભાલ નળકાંઠા પ્રા. સંઘ સંસ્થાએ, ૧૯૯૨માં ઉકરડી નામે ૧૨૦૦ની વસ્તીના, ઊંડાણના ગામડાને, તેના સમવિધ વિકાસ માટે, પાંચ વરસ માટે દત્તક લીધું. આ નવા પ્રયોગમાં આરંભથી જ હું સક્રિય હતો. ગ્રામજનોની ગરીબી વગેરે જોઈ વ્યથિત થતો - હૃદય પીગળી જતું. ધીમે ધીમે તેમની સાથે આત્મીયતા થઈ. દોઢ વરસ વિકાસ કામો સરસ ચાલ્યાં, દરમ્યાન ગામનાં ૨૧૫ ખોરડાં પગે ચાલીને બે વાર જોયાં; લોકોની દયનીય સ્થિતિ નજરે જોઈ મનઃ સંતાપ થતો. કોઈ કારણસર, દોઢ વરસે સંસ્થાના વિકાસ કામો ઓછાં થયાં. તદ્દન અજાણ ગ્રામજનો સાથે, ઘરોબો બાંધવાનો મારો આ પ્રથમ પ્રયોગ અને અનુભવ, નિષ્ફળ નથી ગયો અને વિશ્વમયતાની દિશામાં, ઠીક ગતિ થઈ છે તે સ્પષ્ટ દેખાશું. સદ્‌ગુરુ આજે સદેહે હોત તો, ઉકરડીના આ અનુભવ બદલ સંતોષ સાથે પ્રોત્સાહન આપ્યું હોત.

: ૨ :

મૂળ ડાયરીઓ વિષે થોડું. બધી ડાયરીનાં મળી બે હજારથી વધુ પાનાં છે. આ પાનાંઓના શબ્દેશબ્દ ઉપર ગુરુદેવની નજર અને હાથ ફર્યા છે, નાની ભૂલ કે જોડણી સુધારી છે. આથી ડાયરીઓ અમારા માટે તો પવિત્ર અને અણમોલ ખજાનો છે. આ પુસ્તકના કોચલામાં, બંધ બેસાડવા લખાણની વ્યાપક કાપકૂપ ગમી નથી, પણ દેશ, કાળ અને ખાસ તો વર્તમાન લોકરુચિનો વિચાર કરતાં સ્વીકારી લીધું છે. આ પુસ્તક અનંતની સદ્‌ગુરુ સંગે ચાલી રહેલી યાત્રાનું છે - વાર્તા કે વાતો નથી. સદ્‌ગુરુએ લખાવી, પ્રમાણિત કરેલી આ ડાયરીઓ જેમાં, વ્યક્તિથી માંડી વિશ્વ સુધીની ચર્ચા-વિચારણા સમાયેલાં છે, તે અમારા માટે 'વિશ્વરૂપ દર્શન' જેવાં છે.

સદ્‌ગુરુ ઘાટ ઘડે - આપે તે, સતત (પ્રહારો સીધા જ 'અહમ્' પર હોય) ટીપણું - ઘણના ઘા - સહેવા જરા પણ આસાન કે સહેલા નથી, સ્વાનુભવે કહું કે Next to impossible જેવી વાત છે, તે ઝીલવું. સદ્‌ગુરુ દુર્લભ છે - એક જ હોય - ગુરુ ઘણા થાય - મળે સુલભ છે. અનુભવે બતાવ્યું છે, 'વિશ્વમયતા'ના

મહામાર્ગમાં, ગુરુની અનિવાર્ય આવશ્યકતા અને અગત્ય છે, આપ મેળે આમાં ચાલવાથી, રઝળી પડવાની શક્યતા વધુ રહે છે. વિશ્વમયતાનો માર્ગ દેખાય છે તેટલો સુલભ-સહેલો નથી. શ્રેયનો તે માર્ગ છે.

અંતમાં, ભક્ત કવિ મીરાંએ ગાયું, 'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ' જેવું અમારું પણ છે, એમ પ્રસંગ ઉપસ્થિત થયો જ છે (આ જાહેરાત કરવી કડવી લાગે છે) તો કહીએ. સદ્‌ગુરુના અંતિમ શ્વાસ સમાધિ, અદ્‌ભુત દર્શને (હું હાજર હતો તેથી) જે ચોટ અંદર લાગી અને આ ડાયરીઓ તેમજ આજ સુધીની અનુભૂતિઓના આધાર, અધિકાર અને અજવાળે પૂરી નમ્રતા, સભાનતા અને સ્થિર ભાવપૂર્વક, એ કહેવું પ્રાપ્ત થાય છે કે, 'અમારે તો સન્મુદા સદ્‌ગુરુ સિવાય દૂસરો ન કોઈ'ની સ્થિતિ છે. આજના પ્રેરક વાયુમંડળના મંગલ પ્રભાતે કહીએ કે, આ જન્મમાં અને સંસારમાં જે મેળવવાનું હતું (સદ્‌ગુરુની ભેટ અને સમાગમ) તે, અત્યંત ઈશ્વર અનુગ્રહે અને માતપિતાએ આપેલી, સુસંસ્કાર સમૃદ્ધિથી મળી ગયું છે - મેળવી આપ્યું છે. તેના પાસે ઐહિક ઐશ્વર્યની કોઈ વિસાત નથી. તુલના જ ન થઈ શકે. મેળવવાનું હવે કાંઈ બાકી નથી. પ્રભુનું વાત્સલ્ય-કરુણા અમાપ છે. શેષ જીવનમાં એ, સદ્‌ગુરુ ભક્તિ, પ્રેમ અને પાદસેવન વૃદ્ધિ પામો એ જ અંતિમ અભિલાષા અમારી !! પ્રસ્તુત નછૂટકે કરવું પડેલું વિધાન, આધુનિક વિજ્ઞાનયુગના વાયરામાં - તર્ક, વિતર્કમાં ન અટવાતાં - સુજ્ઞ વાચકહૃદયથી સમજે એ ખાસ વિનંતી.

આ પુસ્તક શ્રી ટી.યુ. મહેતાનાં પરિશ્રમ, સહકાર, માર્ગદર્શન અને ચિંતન ન હોત તો, પ્રકાશિત થાત નહીં, બધા માટે અંતરથી તેમનો આભાર માનું છું. કવિમનીષી મકરન્દભાઈ દવે અને આત્માર્થી સાધિકા કુન્દનિકાબહેનનો શુભેચ્છાપત્ર આવ્યો તે બદલ બંનેનો અંતરથી આભાર માનું છું. અનંતના આરાધક આ દંપતીને મળવું, એ એક લહાવો ગણું છું. મિત્ર મનુભાઈ પંડિતે પણ પ્રૂફશોધન વગેરેમાં ઉઠાવેલી જહેમત અને ચીવટ માટે આભાર માનું છું. પ્રકાશક સંસ્થા અને શ્રી અંબુભાઈ શાહ બધા જ સંતબાલ પરિવાર અને સંઘના સભ્યો, તેમનો પણ આભાર માનીએ છીએ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

***B. N. Khanderia***
Mamuna Avenue, Hotel Parviz,
55/8/A-2, Salisbury Park Road,
**PUNE-411 037. PH. : 655855**

**મનોરમા બી. ખંડેરિયા**
(એમ.એ. અને સંગીત વિશારદ)
**બલવંતરાય નૌ. ખંડેરિયા**

# વિશ્વમયતા

શ્રી અરવિંદના આ જાતના શબ્દો છે :

આર્યત્વની પરાકાષ્ઠારૂપ અર્હત તત્ત્વ છે. એ અર્હત ભૂમિકાનાં ત્રણ લક્ષણો છે : (૧) વ્યક્તિત્વ (૨) વિશ્વમયતા અને (૩) સર્વોપરીપણું. વ્યક્તિત્વને નામે અહમ્‌તા પોષવાનો ભય છે, તો વિશ્વમયતાને નામે મમતા પોષાવાનો ભય ખરો. અને સર્વોપરીપણામાં તો અહમ્‌તાને છૂટો દોર મળી જવા જેવું લાગે. પરંતુ આ ત્રણેય લક્ષણોને જો એકીસાથે લઈએ તો અહમ્‌તા અને મમતા બંને રોગોનો છેદ ઊડી જાય, એટલું જ નહીં એ બંને - અહમ્‌તા અને મમતા - તત્ત્વોનો ઉપયોગ પણ સ્વપર કલ્યાણમાં અનાયાસે થઈ જાય !

ભારત ધર્મપ્રધાન અને આધ્યાત્મિક દેશ છે. પરંતુ છેલ્લા યુગનો એનો ઈતિહાસ જોઈએ તો આ દેશમાં એકાંગી અને વ્યક્તિગત સાધના ઉપર જેટલો ઝોક અપાયો છે, તેટલી જ સર્વાંગી અને સમાજગત સાધનામાં ઓટ આવી ગઈ છે. એટલે આ યુગે હવે વધુમાં વધુ ઝોક સર્વાંગી અને સમાજગત સાધના ઉપર આપવો અનિવાર્ય છે.

સદ્‌ભાગ્યે આ યુગે સર્વાંગી અને સમાજગત સાધનાની બાબતમાં વિશ્વવ્યાપી જો કોઈએ શરૂઆત કરી હોય, તો તેમાં ગાંધીજીનું નામ મોખરે આવે છે, એ અર્થના સંદર્ભમાં આ આખા યુગને જો આપણે ગાંધીયુગ કહીએ, તો પણ જરૂર કહી શકાય.....

'વિશ્વમયતા' એ આજનો મનોમન ઊઠતો સહજ વિચાર છે. જરાક દૃષ્ટિકોણ વિશાળ થયો કે અનાયાસે વિશ્વમયતા આવી જાય છે. આથી સહેજે સ્પષ્ટ થાય છે કે 'અહમ્‌તા' અને 'મમતા'ને આરાધવા માટે આ યુગમાં, જે જહેમત ઉઠાવવી પડે છે, તેના હજારમા ભાગની પણ જહેમત વ્યક્તિત્વ, વિશ્વમયતા અને સર્વોપરીપણાની ત્રિવેણી સાધવામાં ઉઠાવવી પડતી નથી. કારણ કે આખુંય વિશ્વ એક દૃષ્ટિએ જોઈએ તો આ ત્રિવેણીની તાલબદ્ધતા કાજે જ આજે કામમાં લાગી ગયું છે ! માત્ર આપણે સૌએ એ તાલબદ્ધતામાં આપણો તાલ મેળવવા માટે શરીરવ્યાપી અહંકાર અને શરીરથી માંડીને લોહીના સંબંધોની અને શરીરને લગતા બધા સંબંધીઓની મમતાને ઓગાળી નાખવી જોઈએ. એક અર્થમાં ગુણલક્ષી દૃષ્ટિકોણ એ જ વિશ્વમયતા. ગુણલક્ષી દૃષ્ટિકોણ આવ્યો કે અહમ્‌તા-મમતા પલાયન થઈ જ જવાનાં.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૪-૧૯૭૩ **સંતબાલ**

# વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન

**ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર :** ઈ/૧૦, ૪૨૯, અમદાવાદ. તા. ૭-૪-૯૫
**ઈન્કમટેક્ષ માફી સર્ટિફિકેટ નંબર :** ૮૦ જી (૫) નં. ૩/૩૩/૨૮૫/૯૫-૯૬, તા. ૨૫-૮-૯૫

## એવોર્ડની રૂપરેખા

દર્શક (મનુભાઈ પંચોળી) ફાઉન્ડેશને મુનિશ્રી સંતબાલજીના ભાલ નળકાંઠા પ્રયોગ કાર્યને એવોર્ડને પાત્ર ગણ્યું. ગ્રામોત્થાનનો રૂપિયા એક લાખનો એવોર્ડ ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘને આપ્યો. આ રકમનો ઉપયોગ શું કરવો ? તેનો ટ્રસ્ટી મંડળે પુખ્ત વિચાર કર્યો. અને "વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન" આ નામનું ટ્રસ્ટ અમદાવાદ ચેરીટી કમિશનરના ત્યાં નોંધાવ્યું. પ્રથમનું ટ્રસ્ટી મંડળ આઠ સભ્યોનું રચ્યું.

ભાલ નળકાંઠા - ગૂંદી અને વિશ્વવાત્સલ્ય સંઘ - મુંબઈ એમ બંને પ્રાયોગિક સંઘના માર્ગદર્શક મુનિશ્રી હતા અને બંને સંઘોએ ૪૦ વર્ષથી એકબીજાના પૂરકરૂપે નિકટની આત્મીયતાથી કામ કર્યું છે. તેથી બંને સંઘોનું પ્રતિનિધિત્વ આ ફાઉન્ડેશનમાં રાખ્યું છે.

ટ્રસ્ટી મંડળે અને બંને સંઘોએ વધુ વિચારણાના અંતે ભાલ નળકાંઠાને ધોરણે સર્વાંગી સમાજ પરિવર્તનની દૃષ્ટિએ ગ્રામોત્થાનનું સારું કામ જે કોઈ કરે તેને દર વર્ષે રૂપિયા એક લાખનો એવોર્ડ આપવાનું ઠરાવ્યું.

આ માટે બંને સંઘોએ પોતાના ફંડોમાંથી તેમજ જાહેર અપીલ કરી જાહેર ફંડ મેળવી રૂપિયા વીસ લાખ જેટલું ફંડ આ હેતુ માટે એકઠું કર્યું. એ રકમ થાપણ તરીકે સરકાર માન્ય વિવિધ કંપનીઓમાં ફાઉન્ડેશને મૂકી, તેના વ્યાજમાંથી દર વર્ષે એવોર્ડ અર્પણ કરવાની વિચારણા નક્કી થઈ.

એવોર્ડ કોને આપવો એ પસંદ કરવાનું નાજુક અને વિકટ કામ કરવા સંઘના સભ્ય ન હોય, તેમજ સમાજની આદરપાત્ર વિશ્વસનીય એવી તટસ્થ અને નિષ્પક્ષ હોય એવી પાંચ વ્યક્તિઓની એક પરામર્શ સમિતિ ફાઉન્ડેશને રચી.

૧૯૯૬ના વર્ષથી ફાઉન્ડેશને આ ઉપરાંત બીજા બે એવોર્ડ દર વર્ષે નીચે મુજબ આપવાનું ઠરાવ્યું છે :

**(૧) યુવા જાગૃતિ એવોર્ડ**

૧૮થી ૪૦ વર્ષ સુધીની વયના યુવા-યુવતીઓમાંથી રચનાત્મક અને બિનરાજકીય તેમજ રાજકારણના પ્રત્યક્ષ/પરોક્ષ વર્ચસ્વથી મુક્ત એવી યુવા જાગૃતિની પ્રવૃત્તિ ચલાવતી કોઈપણ **વ્યક્તિને દર વર્ષે રૂપિયા ૨૫,૦૦૦/-નો એવોર્ડ આપવો.**

**(૨) મહિલા જાગૃતિ એવૉર્ડ**

મહિલાઓની સર્વાંગી જાગૃતિ માટે રચનાત્મક અને બિનરાજકીય તેમજ રાજકારણના પ્રત્યક્ષ/પરોક્ષ વર્ચસ્વથી મુક્ત એવી કોઈપણ **સ્ત્રી સંસ્થા અથવા વ્યક્તિને દર વર્ષે રૂપિયા ૨૫,૦૦૦/-નો એવૉર્ડ આપવો.**

આમ, ૧૯૯૬ના વર્ષથી દર વર્ષે ત્રણ એવૉર્ડ આપવાનું ટ્રસ્ટી મંડળે ઠરાવ્યું છે.

# ઉદ્દેશો અને અભિગમ

**ઉદ્દેશો :**

૧. સત્તા અને ધનસંપત્તિના પ્રભાવમાં આવ્યા વગર આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોને આધારે સમાજની પુનર્રચના કરવી.

૨. ભારતમાં સૌ શુભ, આધ્યાત્મિક અને સામાજિક બળો વચ્ચે સંકલન, અનુબંધ અને સુમેળ સાધવો.

૩. વહીવટી સત્તા ઉપર આધાર રાખવા સિવાય લોકશક્તિ જાગ્રત કરવા માટે તથા તેનું સંગઠન સાધવા સારુ તમામ શક્ય પ્રયાસ કરવા.

૪. સંતબાલજી જે ગાંધીવાદી આદર્શોને આગળ ધપાવવા માટે મથતા હતા અને જેને જીવન સમર્પણ કર્યું તે માટે સંશોધન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવી. આ હેતુ સિદ્ધ કરવા માટે શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ સ્થાપવી, શિષ્યવૃત્તિઓ આપવી, જે વ્યક્તિએ કે સંસ્થાએ આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પર આધારિત સામાજિક વ્યવસ્થાની પુનર્રચના માટે અને/અથવા ગામડાંની અર્થવ્યવસ્થાની પુનર્રચના માટે અને/અથવા ભારતમાં સાંસ્કૃતિક અને સામાજિક બળો વચ્ચે અનુબંધ અને સુમેળ સાધવા માટે અને/અથવા ભારતના કોઈપણ ભાગમાં લોકશક્તિ જાગૃત કરવા અને સંગઠિત રીતે કામે લગાવવા માટે અમૂલ્ય સેવાઓ આપી હોય તેમને એવૉર્ડ આપવા.

## અભિગમ

ઉપરોક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા આ ટ્રસ્ટ પોતાની પ્રવૃત્તિઓ હાથ ધરતી વખતે નીચેનો અભિગમ અપનાવશે.

૧. ટ્રસ્ટ પોતાની કોઈપણ પ્રવૃત્તિમાં નાત, જાત, ધર્મ, લિંગનો કોઈ ભેદભાવ રાખશે નહિ.

૨. આ ટ્રસ્ટ એવી કોઈ પ્રવૃત્તિઓ હાથ ધરશે નહિ જેને કારણે કોમી કે ધાર્મિક દ્વેષભાવના પેદા થાય.

૩. આ ટ્રસ્ટ કોઈપણ પ્રકારના સત્તાના રાજકારણમાં પડશે નહીં, અને કોઈપણ જાહેર બાબતમાં માત્ર તેના ગુણદોષને આધારે જ નિર્ણય લેશે.

૪. આ ટ્રસ્ટ સમાજના નબળા વર્ગોના હિતોને નુકસાન કરે તેવી કોઈપણ આર્થિક પ્રવૃત્તિ હાથ ધરશે નહીં.

૫. આ ટ્રસ્ટ દાતાનું નામ અથવા બીજી કોઈ વ્યક્તિનું નામ જોડવાની શરતે મળતા દાનનો સ્વીકાર કરશે નહીં.

૬. આ ટ્રસ્ટ સંતબાલજી પ્રેરિત મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર (મુ. ચિંચણી, જિલ્લો થાણા, મહારાષ્ટ્ર)ને વિકસાવવા માટે તમામ પ્રયાસો કરશે. આ કેન્દ્રમાં સંતબાલજીની વિશ્વવાત્સલ્યની ભાવનાને અનુરૂપ એવું જૈન જીવનદર્શન તથા દુનિયાના તમામ ધર્મનું અધ્યયન કરવામાં આવશે તથા સંશોધન કાર્ય હાથ ધરવામાં આવશે.

૭. આ ટ્રસ્ટ પોતાના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે દુનિયાના કોઈપણ ભાગમાં તમામ જરૂરી પગલાં ભરશે તથા પ્રવૃત્તિઓ હાથ ધરશે.

તા. ૧૫-૮-૯૮

# અનુક્રમણિકા


શુભેચ્છા પત્ર .................... મકરન્દ દવે .............. ૩
પ્રકાશકના બે બોલ .............. અંબુભાઈ શાહ ............ ૪
આમુખ ........................ ત્ર્યંબકલાલ ઉ. મહેતા ..... ૬
સદ્‌ગુરુ પ્રસાદ .................. મનોરમાબહેન ખંડેરિયા .. ૧૦
.............................. બલવંતરાય ખંડેરિયા
વિશ્વમયતા ...................... સંતબાલ .............. ૧૩
વિશ્વવાત્સલ્ય અને સંતબાલ ઍવૉર્ડ ફાઉન્ડેશન ............ ૧૪
(એક પરિચય)

**ખંડ પહેલો :** વિશ્વમયતા .......................... ૧ થી ૪૮
**ખંડ બીજો :** વિશ્વમયતા અને રાષ્ટ્રીય કટોકટી ............ ૪૯ થી ૭૪
**ખંડ ત્રીજો :** વિશ્વમયતા અને લોકશાહી .................. ૭૫ થી ૮૭
**ખંડ ચોથો :** વિશ્વમયતા અને પ્રજા ઘડતર .............. ૮૮ થી ૧૧૭
**ખંડ પાંચમો :** વિશ્વમયતામાં જ વિકાસનો પંથ ........ ૧૧૮ થી ૧૪૮
**ખંડ છઠ્ઠો :** વિશ્વમયતા અને સમાજગત સાધના ....... ૧૪૯ થી ૧૭૨
**ખંડ સાતમો :** વિશ્વમયતામાં આવતા વિવિધ સંબંધ .... ૧૭૩ થી ૧૯૮
**ખંડ આઠમો :** વિશ્વમયતામાં માનવસંબંધો ........... ૧૯૯ થી ૨૧૪
**સૂચિ** ................................................ ૨૧૫

# ખંડ : પહેલો
# વિશ્વમયતા

આજથી બરાબર ચૌદ મહિના પહેલાં, ૧૯૭૩ના ડિસેમ્બરમાં જ્યારે અહીં આવેલો ત્યારે, ગુરુદેવે એક દિવસ સાંજે ફરવા જતાં, સ્કૂલ પાસે "વ્યક્તિત્વ, વિશ્વમયતા અને સર્વોપરિતા" એ ત્રણ શબ્દોની 'ત્રિપુટી' મને કહી સમજાવી. અને તે અંગે શ્રી અરવિંદની એક નાની અને નવી જ આવેલી પુસ્તિકામાં આ અંગે આવેલ લખાણ વગેરે વાંચી જવા સૂચવ્યું. જેમાં આર્યત્વની પરાકાષ્ઠાને તેઓ 'અર્હંત'ના ઉપર લખ્યા, ત્રણ ગુણો હોય છે એમ શ્રી અરવિંદે લખેલું છે. પ્રથમ તો ગુરુદેવની આ વાત ન સમજાણી, મારી સમજણ અને બૌદ્ધિક કક્ષાની બહાર છે એમ જ લાગ્યું.

આ બધું ગુરુદેવ જાણતા હતા, તે છતાં પણ તેમણે આ ત્રણે મહાશબ્દોના અર્થ અને વ્યાખ્યા વિવિધ રીતે અને દાખલાઓ આપી મને સમજાવવાનું ચાલુ રાખ્યું. થોડા જ સમયમાં આનું પરિણામ એ આવ્યું કે, "જીવનનું સમગ્ર દર્શન" કરવાની મારી મૂળ, ઊંડી અને વર્ષોથી સૂતેલી અભિલાષા થોડી જાગૃત થઈ; તેથી ખાસ કરીને આ વચલા 'વિશ્વમયતા' શબ્દે વધુ ખેંચ્યો, તેમાં વધુ રસ લાગ્યો; તો સાથોસાથ આત્મદર્શનની વર્ષોથી જે ઝંખના રહે છે, તેને પણ આનાથી ચાહના અને વેગ મળ્યાં..

આમાં 'મહાવીર અને ચંડકોશિનું' દૃષ્ટાંત જે ગુરુદેવે આપ્યું, તેણે મને ખૂબ અસર કરી અને વિચારતો કરી મૂક્યો. ટૂંકમાં મને ખબર ન હતી પણ ગુરુદેવની વિચક્ષણ દૃષ્ટિએ જોઈ લીધું કે આને (મને) આજ માર્ગમાં જતે દિવસે રસ ઉત્પન્ન થશે, અને ધીમે ધીમે વળશે. આજ ચૌદ માસ બાદ સાશ્ચર્યાનંદ થાય છે કે, ગુરુદેવની સૂક્ષ્મ દૃષ્ટિ અને કલ્પનાએ કાઢેલું તારણ સાચું પડ્યું; આજે 'વિશ્વમયતા'માં જ તેવા થવામાં જ - જીવનની ઇતિ સમાપ્તિ અગર જયવારો હવે લાગે છે..

એક બીજી વસ્તુ પણ કાંઈક સ્પષ્ટ થઈ. તે એ કે, જનસેવા કે લોકસેવામાં પડેલા 'વિશ્વમયતા'વાળા હોય અને ન પણ હોય. (આજના કાળમાં ભાગ્યે જ જોવા મળે છે.) એટલે કે જનમયતા કે લોકમયતા (આજના રાજપુરુષો કે કાર્યકરો) દ્વારા 'વિશ્વમયતા' આવે જ - જો લક્ષ સત્તા કે બીજા પર હોય તો - એમ માનવું

નહિ. આનાથી ઊલટું 'વિશ્વમયતા'વાળામાં જનમયતા - લોકમયતા તો હોવાની જ, ઉપરાંત (અત્રે વિશ્વ શબ્દ ખાસ યાદ રાખવા જેવો છે, કારણ આ લોકમયતા કે પ્રાણીમયતાની નહિ પણ, વિશ્વ એટલે કે વિરાટ જગત - બ્રહ્માંડ સાથે એકતા સાધવાની મહાન વાત આમાં છે.) પ્રાણી (હિંસક કે અહિંસક) વનસ્પતિ અને જડ. કે ચેતન 'સર્વ જીવો' સાથે તાદાત્મ્ય, તદાકારપણું અને એકતા સાધવાની જબરદસ્ત વાત અને સંકલનની વિરાટ ક્રિયાની આમાં વાત છે.

**21-2-74 7.00 P.M.**

તા.ક. : આ નોંધ ગુરુદેવને દરિયે ફરવા ગયા ત્યારે ફરી વાંચીને સંભળાવી. ગુરુદેવે નીચેનાં સૂચનો કર્યા :

**(૧) 'વિશ્વમયતા'માં સારું-નરસું (સારી અને ખરાબ વૃત્તિઓ) બંનેનો સમાવેશ થાય છે, તે 'ભયસ્થળ' ખાસ ધ્યાનમાં રાખવું. દા.ત., આપણને વાસના અને વિકારો આવે તો તે બધું કુદરતી માની સ્વચ્છંદપણે વરતવું તે ભૂલ છે, ભલે વાસનાવૃત્તિ કુદરતી હોય તો પણ તેને અંકુશમાં રાખ્યે જ ઉન્નતિ થાય. આમાં 'ઈશ્વરમય' થવાની ગાંધીજીની વાત છે, તે વધુ સારી લાગે છે. કારણ 'ઈશ્વરમય' થવામાં કેવળ શુભ વૃત્તિઓ અને તેના વેગને પ્રોત્સાહન મળે છે, વિકારો અને અશુભ વૃત્તિને તો કાબૂમાં રાખવાની જ આમાં વાત છે. આ રીતે જોતાં 'વિશ્વમયતા'નો બીજો શબ્દ 'ઈશ્વરમયતા' પણ કરી શકાય, અને એ રીતે વિશ્વમય બની શકાય. નરક એટલે અશુભનો સંચય. સ્વર્ગ એટલે શુભનો સંચય.**

**(૨) 'વિશ્વમયતા'માં અહમ્ અને મમતા ઓગળે એટલે, તેના ક્રિયાવાચક શબ્દો 'સમતા' અને 'કર્તવ્યભાવના' સક્રિયરૂપે કામ કરતી થઈ જાય છે. કેવળ નમ્ર અને નિરહંકારી થયે પાર ન આવે. તે સાથે 'કર્તવ્યાભિમુખ' પણ રહેવું જ જોઈએ. કર્તવ્યની વિમુખતા એટલે 'વિશ્વમયતા' નહિ જ. આ રીતે જોતાં 'વિશ્વમયતા'-'ઈશ્વરમયતા' વિશાળ માર્ગમાં, પગલે પગલે કર્તવ્ય ક્યાં અને કર્તવ્ય માટે માથાતૂટ પ્રયત્નો કર્યા બાદ, વિરમવું ક્યાં અને કુદરત પર શ્રદ્ધા રાખી, ધીરજ ધરવી ક્યાં સુધી વગેરે પ્રશ્નો ઉપસ્થિત થવાના જ: અનાસક્તિ આમાં ઘણી ઉપયોગી થવાની - બીજા શબ્દોમાં નિર્મમત્વ જરૂરી બનશે.**

(૩) 'વિશ્વમયતા'થી ભાવના અને દર્શનથી જતે દિવસે, 'જીવન એક, અખંડ અને સળંગ છે' તેનો અનુભવ થતો જશે. આ અનુભવથી દમ ઊપડે કે કોઈ સંકટ આવે અને છેવટે મૃત્યુ આવે ત્યારે પણ 'નિરાશા' નહિ

**થાય, એ જ છે મોટો લાભ, 'વિશ્વમયતા'માં દઢ શ્રદ્ધાથી. વિશ્વમયતાથી નિરાશા, નાહિંમત અને અધિરાઈ આવશે કે થશે નહીં, અને જીવનનું સળંગ દર્શન થતું આવશે. પછી તે જન્મજન્માંતરો કે પુનર્જીવનની વાત કાં ના હોય ? નર્ક કે સ્વર્ગ પણ અસ્વસ્થ નહિ કરે.**

**ચિંચણ** **- સંતબાલ**

❀

## "મૃત્યુ બાદનું જીવન"

દરિયે ફરતાં 'મૃત્યુ' સંબંધે ગુરુદેવને એક પ્રશ્ન મેં પૂછ્યો :

**પ્રશ્ન :** 'આપે એક વાર કહેલું કે, 'ચિર વિદાય બાદ - આપની - પણ તમે (રમા ને હું) મારી હાજરી અનુભવી શકશો, આ કેવી રીતે બને ?'

ગુરુદેવ બોલ્યા (ઉત્તર) : 'એવું બને કે કોઈ ને કોઈ નિમિત્તો દ્વારા એ અનુભવી શકાશે. જનારનો આત્મા બીજી વ્યક્તિ દ્વારા પણ પ્રગટ થાય, અને એ વ્યક્તિ મારી ભાષા બોલે અને એવું જ માર્ગદર્શન આપે એ પણ બની શકે છે; કારણ જીવન 'સળંગ', એક અને અખંડ છે તેથી આમ બનવું પણ અશક્ય નથી.

મેં બીજો પ્રશ્ન કર્યો : 'ગુરુદેવ આપને વિદાય બાદના જીવનનું દર્શન થાય છે, એથી આપ કહો છો કે ગયા - વિદાય - બાદ પણ તમારી વચ્ચે હું છું ! આપને આ રહસ્યમય વાતનું અનુભવજ્ઞાન થાય કે થયું છે ? મૃત્યુ બાદ માણસ ફરી ગમે તે યોનિમાં જન્મે કે માનવ યોનિમાં જ આવે ?'

ગુરુદેવ બોલ્યા : 'મૃત્યુ સંબંધમાં અનુભવની વાત મારા માટે પ્રછન્ન છે, આમાં ઘણી બાબતો કામ કરતી હોય છે. એટલે ચોક્કસ કહી શકાય એમ નથી. સામાન્ય નિયમ એવો છે કે ચાલુ જીવનમાં માણસ સારું જીવન જીવે તો ફરી તેનો જન્મ મનુષ્ય યોનિમાં થવાની શક્યતા વધારે રહે છે. આનું કારણ છે કે, માણસનું જે માનસિક development હોય તેને, એકેંદ્રિય કે બીજી નીચેની યોનિઓ ઝીલી શકતી નથી, એટલે તેણે - તે મૃત આત્માએ - મનુષ્ય યોનિમાં આવવું જોઈએ, કેવળ પંચેંદ્રિયમાં જ અવિકસિત મનવાળાને ઝીલવાની શક્તિ હોય છે. આ મનુષ્ય જન્મમાં અમુક માનસિક ભૂમિકા સાધી હોય તે નકામી જતી નથી. કારણ જીવન સળંગ છે. તેમાં મૃત્યુથી ખંડ પડતો નથી કે કોઈ વિભાજન થતું નથી. આ વાત બહુ સમજવા જેવી છે. યથાર્થ રીતે આ તત્ત્વ જો સમજાઈ જાય - ધીમે ધીમે પણ કેમ ના હોય - તો સ્વ કે પરનો મરણભય સાધકને સતાવશે નહિ, પણ વધુ વિચારશીલ કરશે. છેલ્લી ઘડીએ તે સાધક આનંદિત રહી દેહ છોડશે. તેથી નવા જન્મમાં પણ ધારો કે ઘોડો, કૂતરો કે

ગમે તે પ્રાણી થયો તો પણ તે શાંત અને આનંદિત હશે. આવી દશા ઘણાં જનાવરોની પણ આપણે જોઈએ છીએ. શ્રીમદ્‌ને તેમના બસો જન્મોનું દર્શન થયું અને છેલ્લા બે જન્મોનું જ્ઞાન થયું હતું એમ તેઓ કહેતા, તે વાત કાલ્પનિક નથી, સહજ અને શક્ય છે. એટલે આ જન્મે 'વિશ્વમયતા-ઈશ્વરમયતા' દ્વારા જે વિશાળ દર્શન સાધકને થાય છે, તે દૃષ્ટિ છેવટે તે સાધકને, જીવનનું 'સળંગ' દર્શન કરવાની શક્તિ આપે અને સાધક પોતાના પૂર્વજીવનને જોઈ કે જાણી શકે તેમાં આશ્ચર્ય કશું નથી, તે સહજ છે ભેટ 'વિશ્વમયતા'ની સાધનાની.

## જીવનનું સળંગ દર્શન

મહાવીર, બુદ્ધ અને ગાંધીજીએ 'વિશ્વમયતા'ની - ઈશ્વરમયતાની આરાધના પોતાના જીવનમાં કરી અને તેથી જ તેઓ જીવનનું સમગ્ર દર્શન કરી જીવનને 'સળંગ' જોઈ શક્યા, તે હકીકત યાદ રાખવા જેવી છે. મનુષ્યનું અહમ્ અને મમત્વ જ તેના જીવનને અનેક ખંડોમાં વહેંચી નાખવા અને ટુકડા ટુકડા કરવા પ્રેરે છે. હકીકતમાં જીવનના ભાગ કે ખંડ છે જ નહીં, તે સળંગ અને અખંડ છે. (એટલે જ કહેવાયું છે કે "See the life and see it whole" જીવનને એક પાસા કે ક્ષેત્રથી જોવામાં, 'આંધળો અને હાથી' માફક અધૂરું દર્શન જ થશે તેથી 'સાચું દર્શન' થશે નહિ) ગુરુદેવની આ બધી વાતો રહસ્યમય, ગહન અને ગૂઢ (અત્યારે) તો લાગે છે, તો પણ ધીમે ધીમે તે સમજાશે, સ્પષ્ટ થશે અને જેમ જેમ વધુ અનુભવો થશે તેમ તેમ દર્શન સ્પષ્ટ અને સચોટ થશે એવી શ્રદ્ધા અત્યારે તો બંધાય છે.

❀

**મુંબઈ en route પૂના : 22-2-74, 12.30 P.M.**

## પ્રતિકારનાં સ્વરૂપો અને ઉપયોગિતા

ગુરુદેવે ચિંચણ ઘણી વાતો કહી, તેમાં એક હતી પ્રતિકાર-અશુભ અને ખોટાં મૂલ્યોનો - અંગેની.

ગુરુદેવ બોલ્યા, પ્રતિકાર બે રીતે થઈ શકે, એક બાહ્યરૂપમાં અને બીજો સૂક્ષ્મરૂપમાં. બાહ્ય પ્રયત્નો અને ઈલાજ અજમાવ્યા બાદ પણ જો વ્યક્તિ કે પરિસ્થિતિમાં સુધારો ન થાય તો પછી, થોડો સમય બાહ્ય પ્રયત્નો મોકૂફ રાખી, આપણે સૂક્ષ્મ પ્રયત્નો દ્વારા પ્રતિકાર કરવાનું શરૂ કરવું જોઈએ. સૂક્ષ્મ પ્રતિકારમાં પ્રાર્થના ખાસ તો આવે અને સાથે 'જાપ' પણ કરી શકાય અને એ રીતે 'અવ્યક્ત' જગત અભિમુખ, બને તેટલા વધુ થઈ જવું તે જ સાચો અને અસરકારક માર્ગ છે. સૂક્ષ્મમાં આ રીતે જવાથી પરિણામ વહેલું મોડું આવે ત્યારે, 'નિસર્ગ નિર્ભરતા-

શ્રદ્ધાથી' ટકી રહેવું એ જ સાધક માટે અને જેના વાસ્તે આ ક્રિયા થાય છે તેના લાભમાં છે. આમ પ્રતિકાર તો જોઈએ જ કર્તવ્યપાલનમાં, પણ તેમાં આ રીતે આંતરબાહ્ય (પ્રત્યક્ષ ને સૂક્ષ્મ) બે ભાગો છે જે ખાસ ખ્યાલ રાખવા જરૂરી ગણાય. ઘણીવાર પરિસ્થિતિની એવી સ્ફોટકતા હોય છે કે, તત્ત્વને જાળવી રાખવાં માટે બાહ્ય રીતે પ્રતિકાર છોડવો તે જ યોગ્ય અને વ્યવહારુ હોય. પણ સૂક્ષ્મ કે જે આપણા હાથનું પણ બળવાન (પ્રાર્થના ખરેખર બળવાન શસ્ત્ર છે) શસ્ત્ર છે, અને જેમાં કેવળ આપણે જ સતત 'સહન' કરવાનું (વ્યક્તિત્ત્વ દષ્ટિએ લાગે પણ, વિશ્વમયતાની દૃષ્ટિએ આ 'સહન' કરવામાં તો સાધકને આનંદ સાથે પૂરો આત્માનંદ જ હોય, કારણ નિમિત્તને તે સાધક પોતાથી - પછી ભલે કોઈ સ્વજન હોય કે પરજન સહિત - જુદો ગણતો જ નથી.) હોય છે, અને અવ્યક્ત સાથે વધુ એક તાર થઈ આશ્વાસન મેળવવાનું હોય છે. એટલે અશુભ, અમંગલ કે ખરાબ થતું હોય તેનો 'પ્રતિકાર' તો કરવો જ, પણ દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ-સ્થળ, સમય, વ્યક્તિ અને ભાવ માપી, બાહ્ય કે સૂક્ષ્મ જે જરૂરી અને યોગ્ય લાગે તે મુજબ adjust કરતાં રહેવું.

❀

**પૂના, 23-2-74, 6.00 A.M.**

## "વિશ્વમયતાનાં સોપાનો"

હવે આવે છે એક મહત્ત્વની બાબત. 'વિશ્વમયતા'ની વ્યાખ્યાને આગળ લેતાં ચિંચણ ગુરુદેવે જે સમજૂતી અને ખ્યાલ આપ્યો હતો તે યાદ કરવો જરૂરી બને છે. અહમ્ ઓગળે અને મમતા મોળી પડે, આ છે પહેલું સોપાન 'વિશ્વમયતા'નું. ત્યારબાદ બીજા સોપાનમાં આવે છે કર્તવ્યભાવના- Sense of Duty - એટલે કે નિરહંકારી અને મમતારહિત થયા એટલે પતી જતું નથી, ત્યારબાદ જે જે ફરજો, કર્તવ્યો અને જવાબદારીઓ સહજ આવ્યાં હોય તે બજાવવામાં પાછી પાની કરાય નહિ, એમ પણ ગુરુદેવ બોલ્યા. કર્તવ્યની વાત આવી - to perform one's Duty - એટલે પુરુષાર્થ પાછળ આવ્યો જ, અને પ્રયત્નવાદી પૂરા બનવું રહ્યું, આ થયો ગીતાનો કર્મયોગ. પુરુષાર્થ - કર્મયોગ - આવ્યો એટલે સાથે અનાસક્તિ રાખવાની વાત પણ આવી જ. આમ 'કર્મ કરતાં કરતાં અનાસક્ત બનવું' એ વિધાન પણ ફલિત થયું.

❀

**તા. 28-4-74**

**'વિશ્વમયતા'નો માર્ગ ઠીક ઠીક રીતે ઉઘડતો જાય છે. આ વિકાસની જ વાત છે પણ એમાં જેમ એક બાજુ સરળતા વધશે તેમ બીજી બાજુ મુશ્કેલી પણ વધવાની. કારણ કે એક યા બીજા પ્રકારે 'અહમ્'ને જેટલો ધક્કો લાગશે તેટલે અંશે દ્વિધા પણ વધવાની. કોઈ વાર વધુ વધશે પરંતુ અંદરથી જ પાછું બળ મળ્યા કરશે, તે સારી વસ્તુ છે.'**

ચિંચણ, ૨૮-૪-૭૪ - **'સંતબાલ'**

ગુરુદેવે નીચેના શ્લોકો લખી આપ્યા :

(૧) **'બ્રહ્મચર્યં રક્ષતુ, વીર્યં રક્ષતુ પાર્શ્વં'** - ૨૧ વાર

(૨) **'ૐ કુરુ શાન્તિ ૐ કુરુ શાન્તિ**
**કુરુ કુરુ શાન્તિ કુરુ શાન્તિ'** - ૨૧ વાર

દરમ્યાન **'મૃત્યુ કાળનો અમૃત ખોળો'**ની છપાવવા ધારેલી પુસ્તિકા માટે ગુરુદેવે લખેલા લખાણની Fair Copy અને નકલો કરવાનું, આમ જોઈએ તો કંટાળાજનક કામ કરવાનું રહ્યું. લખાણ લખતો ગયો તેમ તેમ કંટાળો તો બાજુએ રહ્યો, પણ વધુ ને વધુ રસ આવતો ગયો. ને સાથે સાથે જ્ઞાન પણ મળવા લાગ્યું. કાર્યની વિશાળતાને લીધે, આ જાતનું પુસ્તક માટેનું લખાણ વર્ષો બાદ ગુરુદેવે લખ્યું - મારા માટે તો આ જાતનું આવું લખાણ પ્રથમ જ જોવાનું થયું. ઉપરાંત, વિષય પણ ગહન અને ગૂઢ - મૃત્યુનો - એટલે જીવનના સરવાળારૂપ. આ બાબતમાં ગુરુદેવનું દર્શન અને જ્ઞાન, કેટલાં સ્પષ્ટ અને તલસ્પર્શી છે, વગેરે Factors પણ લખાણમાં જોવા-જાણવા મળ્યાં. લખાણનું નિમિત્ત તો લીલાવતીબાઈ સાધ્વીજીના વૃદ્ધ પિતા માટે (આ લખાણ) પ્રયત્નપૂર્વક સમય કાઢી, ધ્યેય લક્ષે ગુરુદેવે થોડા સમયમાં જ લખી તૈયાર કર્યું છે. ટૂંકમાં બીજા ગમે તે માટે આ જીવન ઉપયોગી લખાણ હોય તો પણ મને તો તે લાભકર્તા થયું. કેટલાક વિશ્વલક્ષી પ્રશ્નોનો જવાબ પણ મને આ લખાણમાંથી મળી ગયો, કારણ ગુરુદેવની આજની આધ્યાત્મિક દૃષ્ટિ અને કક્ષા એટલાં વિશાળ, ઉચ્ચ અને ઊંડાં છે કે, જેને જે રુચિ હોય તે આ 'સાગર'માંથી મેળવી શકે તેવું છે.

આજ સાંજે દરિયાતટે બેઠા હતા. ત્યાં બીજી વાતોમાં શ્લોક ૨૧ (મૃત્યુ કાળનો અમૃત ખોળાનો) અંગે આત્મા-ચૈતન્યની વાત સહજ નીકળી. આમાં ભાવના દસમીમાં ગુરુદેવ લખે છે, "આખાયે વિશ્વનું ચિંતન તો કરવું જ પડે છે. કારણ

આત્મા માત્ર શરીરવ્યાપી નથી, તે વિશ્વવ્યાપી ઈશ્વરરૂપ મહાચેતના સાથે પણ સંબંધિત છે વગેરે."

આ વાંચી કુદરતી જ આત્મવિકાસ કેમ થાય, એનો વિચાર તત્ક્ષણ Strike થયો. આત્મા અને વિશ્વવ્યાપી મહાચેતનાનો સંબંધ બંધાય તો જ આ શક્ય બને એમ પણ સ્પષ્ટ દેખાયું. ગુરુદેવની હાજરીમાં, સમુદ્રકાંઠાના સુંદર અને સાફ વાતાવરણમાં. અસ્તાચળમાં જઈ રહેલા સૂર્યનારાયણનાં મોહક અને મુગ્ધ કરનારા દૃશ્ય વચ્ચે, દૃષ્ટિ એ વખતે અડધી ગુરુદેવના મુખારવિંદ પર અને અડધી ક્ષિતિજ પર બરાબર કેન્દ્રિત કુદરતી જ થઈ હતી. લખાણકામમાં ( Fair કોપી કરવાના) હતો તેથી મને થતું કે આ વખતે ડાયરીમાં લખવા જેવું ખાસ છે નહિ. પણ આજે તો અચાનક જ આ ગહન અને બરાબર ગેડ ન બેસતો મુદ્દો સમજાઈ ગયો. પછી તો ગુરુદેવ સાથે વાતો કરી વધુ સમજણ અને ઉન્નતિ માટે, વિશ્વમયતા-ઈશ્વરમયતા શા માટે આવશ્યક તે ઘણું વધુ ઉપરના લખાણથી સમજાયું.

❀

**તા. 9-5-74, પૂના**

## "વિચારએકતા" અને "જગત્યામ્ જગત્"નો અર્થ

'વિચારએકતા' અંગે કેટલાક ટેકનીકલ મુદ્દાઓ-આચરણને સમજણમાં આવતી મુશ્કેલીઓ અંગે - ગુરુદેવ પાસેથી વધુ સમજવા ઈચ્છું છું તે આ છે :

(૧) વિચારએકતા સહજ આવે કે પ્રયત્નપૂર્વક તે લાવતાં એમાં કૃત્રિમતા આવી ન જાય ?

(૨) દૃષ્ટાંત જરા મોટું છે, પણ સમજવા માટે લીધું છે. જાનકીજી સાથે વિચારએકતા પહેલેથી જ રામની હતી કે પાછળથી આવી, આ સૂક્ષ્મ મુદ્દાનો ઉલ્લેખ રામાયણમાં જણાતો નથી. જ્યારે હનુમાન, સુગ્રીવ જેવા વિચારપુત્રો રામને સહજ મળે છે. લક્ષ્મણ-ભરત જેવા ભાઈઓનો પણ વિનય, ભ્રાતૃપ્રેમ અને પૂજ્યભાવ બાદ કરતાં વિચાર એકતા કેટલી હતી તે પ્રશ્ન જ છે. ટૂંકમાં 'વિચાર એકતા' લોહીના સંબંધોમાં પ્રયત્નપૂર્વક લાવવાથી તેની Beauty ચાલી જતી નથી ?

(૩) સામાની હા એ હા કરવી હોય, અને એ રીતે સંઘર્ષ ટાળી જીવવાનું તો ઘણાંએ દંપતીઓ કરતાં હોય છે. તેમાં અન્યોન્ય તેજ વિકાસ નથી થતો. આંટી આવે છે 'વિચાર એકતા'ની વાતમાં જ્યાં one step forward જવાનું છે, સંઘર્ષની વાત ગૌણ બની જાય છે. આ કેમ થાય તે નથી સમજાતું. અહીં લેવું કે હા એ હા

કરી ચલાવી લેવાથી 'વિચાર એકતા' કે જે મુખ્યત્ત્વે અંતરમાંથી આવે છે, તે માર્ગે ગતિ થતી નથી.

(૪) સંભવ છે કે જેમ 'વિશ્વમયતા'ની વાતમાં, અમુક આવરણો હતાં ત્યાં સુધી ગેડ બેઠી નહિ અને ગતિ થઈ નહીં, તેમ 'વિચાર એકતા'ની આ વાતમાં કોઈ એવાં આવરણો દૂર કરવાથી ગેડ બેસે અને ગતિ સ્થિરપણે શરૂ થાય. જોકે આમાં પણ અહમ્‌નું આવરણ સામે જ દેખાય છે, તો પણ બીજાં કારણો હોવાં જોઈએ અવરોધો કરનારાં, જે અંગે ગુરુદેવ સાથે ચર્ચા કરવી જરૂરી છે. 'વિચાર એકતા'નો આ મુદ્દો ૨૯-૪-૭૪ના, સાંજે અમે બંને દરિયે ફરવા ગયા ત્યારે ગુરુદેવે કહેલો. બીજો મુદ્દો ગુરુદેવે ફરતાં ફરતાં (6.30 P.M.) , ઈશોપનિષદનો પહેલો શ્લોક અને તેનો અર્થ મારા પાસે બોલાવી "જગત્યામ્ જગત્"નો કહ્યો. આ જગતમાં પણ રહેલું જગત એટલે કે બાહ્ય અને અંદરનું - સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને વિશ્વના કર્તા ઈશ્વર જ છે તે યાદ રાખવા જેવું છે. માત્ર વ્યક્ત-સ્થૂળ જગત જ 'મહાચેતના'થી બનેલું છે એમ નથી, સૂક્ષ્મમાં પણ એ જ વિશ્વચેતના પૂરી વ્યાપ્ત છે જ.

આ અંગે મેં ગુરુદેવને પ્રશ્ન કર્યો : "તો શું જેમ બહાર કિનારા પર અત્યારે માણસો ચાલે છે તેમ આપણાં શરીરમાં પણ તે ચાલતાં હશે ?"

ગુરુદેવ બોલ્યા; "હાં, એટલે જ ગીતામાં અગિયારમા અધ્યાયમાં કૃષ્ણ અર્જુનને વિરાટ દર્શન કરાવે છે ને ?" આ વાત પર સમયના અભાવે વધુ ચર્ચા ન થઈ પણ મુદ્દો ઊંડાણથી સમજવા જેવો તો લાગે છે. કારણ શક્તિ વિકાસ દ્વારા આ સ્થૂળ દેહમાં - અલબત્ત શરીરની ચેતનાનાં સહારે - આવી અનંત અને વિરાટ તાકાત પડી હોય તો બહારથી કાંઈ લેવાનું રહેલુ નથી. એટલે સહેજેય ફલિત એ થાય છે કે અંદરની ચેતનાને વિકસાવવી એવાં Point પર લાવી મૂકવી કે જ્યાંથી તે - ચેતના - સીધી વિશ્વચેતનાના મહાપ્રવાહ સાથે આપોઆપ જોડાઈ જાય - અનુસંધાન રહેલું આવે. દા.ત., ઈલેક્ટ્રિક બલ્બ એકલો પ્રકાશ આપી નથી શકતો. અંદર પ્રકાશ આપવાનાં તત્ત્વો હોવા છતાં પણ જેવો તે બલ્બનો કોન્ટેક્ટ (સંપર્ક) મુખ્ય વીજળીપ્રવાહ સાથે થયો - કર્યો - કે તુરત પ્રકાશ આપવા લાગે છે. તેવું જ આ "જગત્યામ્ જગત્" માટે લાગે છે. આ અંગે પણ ગુરુદેવ પાસેથી વધુ સમજવા ઈચ્છા છે.

ત્રીજો મુદ્દો ગુરુદેવે એ કહ્યો કે, "દેવો બીજી અમુક કોટિ સુધી વાસનાતૃપ્તિ માટે સ્ત્રીઓને દેવલોકમાં બોલાવે છે." પાંચમી કોટિના દેવો પોતાના જ પીંડમાંથી (આ માટે ચિત્રલેખાના તાજા આવેલા અંકમાં "એક યુરોપીયન સ્ત્રી કેમ બની ગયો એ દાખલો ગુરુદેવે આપ્યો હતો. જેનો કથિતાશય એ હતો કે, "આ માનવ

શરીરમાં નર-નારી એમ બન્ને Sex રહેલાં છે, જેનું ચિંતન કરવાથી વાસના આપોઆપ શાંત થઈ જાય છે.) એવો ભાવ કાઢી મેરુદંડ વાસના તૃપ્તિ મેળવે છે. સાતમી કોટિના દેવો માત્ર ચિંતન-દર્શનથી તૃપ્તિ મેળવી વિચરે છે." મને આ વાતમાં કાંઈ બહુ ગમ ન પડી, પણ એક વસ્તુ સમજાણી અને વધુ સ્પષ્ટ થઈ તે "વાસના કે જે મોટેભાગે મનનો જ ખેલ છે" શરીરસુખ કેવળ સ્ખલન ક્ષણે જ - વીર્યની ગતિ થવાથી - મળ્યું ન મળ્યું ને તત્ક્ષણ વીર્યપાતથી અશક્તિનું મહાદુઃખ ઘેરી વળે છે. એટલે મનથી સમાધાન કેળવી-મેળવી શક્તિસંચય કરવો તે જ સાચો માર્ગ છે." આ બારામાં પણ ગુરુદેવ પાસેથી વધુ સમજવું છે કારણ વાસનાનું ઊર્ધ્વીકરણ કરવું ખૂબ જ જરૂરી છે. ગુરુદેવે વીર્યપાત અંગે વિવેકાનંદનો અભિપ્રાય પણ કહેલો જે બરાબર યાદ નથી રહ્યો પણ આવો હતો - જે ઉપર થોડું લખ્યું છે કે "સંભોગ સુખ સ્ખલનમાં નથી - થયા બાદ - પણ તે ક્ષણે જે ગતિશીલતા વીર્યમાં આવે છે તેમાં રહેલું છે. એટલે સ્ખલનને બદલે જો સંચય થાય તો સમાધાન કાયમી મળશે" આ સમજાતું નથી. 'સંચય'માં સુખ કેવી રીતે મેળવવું તે.

ચોથો મુદ્દો "MOOD આવે ત્યારે મને લખવાની તલપ લાગે તે અંગે હતો. ગુરુદેવ બોલ્યા, "હા એ તલપ કુદરતી જ છે." અને મોડી રાત સુધી અગર પરોઢીએ લખવા બેસી જવાય તે સહજ છે. ગુરુદેવને (મોટા ગુરુદેવે) તબિયત કારણે ઘણી વાર ચુનીલાલજી મહારાજ બોલતાં રોકતાં, "તો પણ ગુરુદેવને હૃદયોર્મિ એટલા જોરથી ઊઠતી કે તેઓ બોલ્યા વગર રહી શકતા જ નહીં. આમ થવું સ્વાભાવિક જ છે. ત્યારે દેહભાન ભૂલી જવાય એમ બને છે." મૂળ વાત એ હતી કે રસ પડે તે વિષયમાં freely વરતવાથી પણ વાસના ક્ષય અને મંદતા આવે છે. (પછીથી શક્તિનું ઊર્ધ્વીકરણ મેળે મેળે થવા લાગે છે), જે વિકાસ અને જાગૃતિ માટે અનિવાર્ય છે. ૨૯-૪-૭૪નાં સાંજે દરિયે ફરતાં ગુરુદેવે શરૂના બે મુખ્ય ને બીજા બે સમજવા માટે કહેલાં મુદ્દા વધુ ચિંતવવા જેવા છે.

## "મહાવીરની વિશ્વમયતા"

આ સિવાય ૨૪-૪-૭૪થી ૨૯-૪-૭૪ સુધી ચિંચણ રહ્યો. તે દરમિયાન પ્રાર્થના, પ્રવચનો અને વાતચીતમાં ગુરુદેવ બોલ્યા તે મુદ્દાઓ :

(૧) મહાવીર સ્વામીની 'વિશ્વમયતા' અંગે એક નાની પણ અગત્યની ઘટના યાદ રાખવા જેવી છે. રાજા શ્રેણિક અને રાણી ચેલણાનાં જીવનમાં બનેલો આ પ્રસંગ છે. બન્ને મહાવીરનાં પરમ ભક્ત. રાણી સ્વપ્નમાં એક રાત્રે બોલ્યાં, "બિચારો ઠંડીમાં કેવો ઠૂંઠવાઈને ધ્રૂજે છે." રાજાએ આ સાંભળ્યું. "રાણીને કોઈ

બીજો પ્રેમી લાગે છે.'' એમ પૂર્વગ્રહ બંધાતાં, રાણી તરફ રાજાનો અણગમો વધવા લાગ્યો. મહાવીરે જ્ઞાનથી આ વાત જાણી. એટલે બન્ને વચ્ચે - રાજા રાણી વચ્ચે - સુમેળ પાડવા શ્રેણિકની હાજરીમાં તેમણે ચેલણાને પૂછ્યું, ''તે દિવસે ઊંઘમાં તમે શું બોલતાં હતાં ? કોણ ઠંડીમાં ધ્રૂજતું હતું ?" રાણીએ તદ્દન નિખાલસ ભાવે જવાબ આપ્યો, ''પ્રભુ ! તે સ્વપ્નમાં એક સાધુને ઠંડીમાં ધ્રૂજતો જોઈને મને દયા ઊભરાઈ. આવી અને બોલેલી.'' બસ આટલાથી શ્રેણિકનું સમાધાન થઈ ગયું. અને પૂર્વવત્ જીવન ચાલવા લાગ્યું. કહેવાનો આશય એ કે, 'વિશ્વમયતા'માં નાનામાં નાની અગત્યની બાબતો તરફ પણ, સિદ્ધોનું લક્ષ્ય અને રસ બન્ને હોય છે. આ લક્ષ્ય અને રસ તેઓનાં વ્યક્તિત્વને વધુ વિકસાવી, તેજસ્વી બનાવી અને શોભાવે છે. એટલે જ તે લોકો વધુ ને વધુ (મનથી) વિરાટની સાધનામાં તન્મય બનતાં જાય છે.

## "ચિંતન અને ધ્યાન"

ચિંતન એ બુદ્ધિનો-મનનો વિષય છે. જ્ઞાન અને તે દ્વારા થતું દર્શન એ હૃદયનો વિષય છે. આમ બન્ને વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. ચિંતન તો માણસે સતત કરતા રહેવું જોઈએ. ''એ સાધના માટે આવશ્યક અને દૃઢતા લાવનારું છે. સતત ચિંતન એ ધ્યાનનો જ એક ભાગ છે.'' એટલે જ ધ્યાનના ચાર ભાગમાં એનો સમાવેશ કર્યો છે. આ સમાવેશ કેવી રીતે એ યાદ રહ્યું નથી પણ રૌદ્ર અને આર્તધ્યાન (એવું કાંઈક) ગુરુદેવે કહેલું. માટે ચિંતન એ ધ્યાનથી જૂદું નથી. બુદ્ધિની તેજસ્વિતા, ચિંતન પણ તેવું જ થાય છે. અને કાર્યો પણ એ રીતે થઈ પાર પડે છે. જ્ઞાન અને દર્શન એ જુદી વસ્તુઓ છે. આ થવા માટે ઘણી સાધના અને પરિશ્રમ જોઈએ, વિશેષ કરીને આત્મસાધના અને તે દ્વારા થતાં ચૈતન્ય વિકાસ સાથે એને નજીકનો અને અગત્યનો સંબંધ છે. સદાચાર રૂપી મૂળ ચારિત્ર્યનો પાયો મજબૂત હોય તો જ જ્ઞાન થાય અને પછીથી દર્શન. છેવટે તો જ્ઞાન-દર્શન બન્ને એક જ થઈ જાય છે. શરૂમાં અલગતા હોય છે. વિશ્વમયતા માટે ચિંતન પછી જ્ઞાન-દર્શન એમ ત્રણેય થવાં જરૂરી છે. ચિંતન - સાત્ત્વિક રીતે - જેમ વધુ ને વધુ થતું જશે તેમ માર્ગ મળતો આવશે, તાળો મળતો આવશે અને દૃષ્ટિવિકાસ સહજ થતો જશે. ચિંતન એ ચિંતા ન બની જાય અગર ચિંતાને ચિંતન માની ન લેવાય તે યાદ રાખવું જરૂરી છે. ચિંતન એ વિધાયક તત્ત્વ છે. જીવન વિકાસ માટે ''ચિંતા એ નિષેધાત્મક વસ્તુ છે''. જીવન વિકાસ માટે આ ન ભૂલવું જોઈએ.

તા 13-5-74

## નજીકના સાથે વિચારએકતાનું મહત્ત્વ

ૐ મૈયા

**નજીકમાં રહેલા સાથે વિચારએકતા સાધવામાં જે મુશ્કેલી આવે છે, તે મુશ્કેલી ધીરે ધીરે છેક દૂર થઈ જશે. એમાં કયું ચિંતન કરવું જરૂરી છે ? તે વાતો સહેજે સહેજે હમણાં જ થોડીવાર પહેલાં વિગતે થઈ ગઈ. એમ કરવાથી તાળો પણ સારી પેઠે મળી રહે છે. તાળો મેળવવાની કળા પણ એ માર્ગે સહેજે પ્રાપ્ત થાય છે અને પછી જ્યાં નમ્રતાને અને નિખાલસતાને સતત અને સહજ બનાવવામાં વાર પણ લાગતી નથી.**

**- 'સંતબાલ'**

## "બાળદીક્ષા"નાં દૂષણો

તા. ૧૫-૫-૭૪, બુધવારના પાંચ દેરાવાસી સાધુઓ આવ્યા. તેમાં એક ૧૨ વર્ષની ઉંમરના કુમારનો પણ સમાવેશ થતો હતો, જે જોઈ સૌનું દિલ દુભાયું. ગુરુદેવ આ સાધુઓને મળવા અને ચર્ચા કરવા ગયેલા ત્યારે બાળદીક્ષા ન આપવી સારી એમ વાતોમાં નિર્દેશ કરેલો. જે વાત ગુરુદેવે મને કહેલી. દરમિયાન સાથેના એક છોકરા સાથે આ બાળસાધુ રમતમાં કેવી અશુભ ચેષ્ટા વગેરે સામસામા કરતા તે નજરે જોયેલી વાત મેં ગુરુદેવને કહી. વિશ્વમયતાના મૂળ લક્ષ્યે ગુરુદેવે આ વાત સાંભળી ઘણા વ્યથિત અને ચિંતામગ્ન થયા, અને મહાવીરનગરમાં - અહીંના શુદ્ધ વાતાવરણમાં પણ - આવી કુબુદ્ધિ માણસને સૂઝે, તેમાં પોતાની - ગુરુદેવની - કચાશ તેમણે જણાવી અને પ્રાયશ્ચિતરૂપે અમુક જાપ પણ ગુરુદેવે કર્યા. આના અનુસંધાનમાં સંભવ છે કે, ૧૫-૫-૭૪ના રાત્રે પ્રતિક્રમણ સમયે ગુરુદેવની ધ્યાનસ્થ સ્થિતિની movie તે વખતે વાતાવરણની શુદ્ધિ માટે ગુરુદેવ મહાચૈતન સાથે તન્મય હોય અને કુદરતી જ તે દશામાં મારાથી થતી ડખલ વધુ ન થાય તે માટે fuse ગયો હોય !! ટૂંકમાં ૧૫-૫-૭૪ના 8.00 P.M. - એક કલાકના પ્રતિક્રમણ દરમિયાન રોજ કરતાં વધુ ગંભીરપણે વાતાવરણની શુદ્ધિ માટે ગુરુદેવ વધુ પ્રયત્નશીલ હશે તેમ લાગે છે.

❀

તા. 18-5-74

## "ચમત્કાર" તો "ચારિત્ર્ય"નો પડછાયો

"ફયુઝ" ગયો એને આ રીતે ઘટાડવામાં જે ચમત્કારને આપણે ચારિત્ર્યનો પડછાયો ગણીએ છીએ, તેને બદલે ચારિત્ર્ય પ્રધાનતા ગૌણ

બની જવાની અને ચમત્કાર મુખ્યપદે આવી જવાની ભીતિ ઊભી થવાનો ભય રહેલો છે એમ લાગે છે.

કુટુંબ એ પણ તમે ભાલ નળકાંઠા પ્રયોગના કાર્યકરોની વિચારનોંધ વાંચી એવું જ એક એકમ છે, એમાં વિચારભિન્નતા છતાં.મૂળ એકતા ન ચુકાય એ શરૂઆત જે તમે કહી છે તેમાં જરાય નિરાશા કે કંટાળો ન આવવા દેશો. આજે સવારે નિરપેક્ષ સત્ય એક જ છે. માત્ર સાપેક્ષ સત્યો જ અનેક (કક્ષાગત હોય તેથી તે) છે. તેમાંય ચારિત્ર્યના ધોરણને મુખ્ય રાખી આગળ વધવાની વાત સવારે સમુદ્રકિનારેથી અહીં આવતાં રસ્તામાં ભાઈ રાજીવ સાથે જે વાતો થઈ તે ફરી ફરી વિચારવા જેવી ગણાય.

- 'સંતબાલ'

❀

પુના, તા. 26-5-74

## અહમ્તા-મમતા ઓગળ્યા વિના વિશ્વમયતા અશક્ય

સહજ ઊંઘ ઊડી ગઈ ને વિચારો શરૂ થયા. આ તો એક સાદી-સીધી અને તર્કથી-બુદ્ધિથી સમજી શકાય એવી વાત છે કે પાણીનું એક બિન્દુ એકલું અટૂલું જો રહે તો કાળક્રમે સૂકાઈ હસ્તી ગુમાવે છે. પણ જો તે જ ટીપું સમુદ્રને જઈને મળે છે - તો ક્ષણમાં જ પોતાની હસ્તી IDENTITY બાહ્ય રીતે તો ગુમાવતું જણાય પણ બીજી તરફ તે સમુદ્રનું રૂપ સહેજે ધારણ કરી અને ચિરંજીવી બની જાય છે. આ સામાન્ય વ્યવહારથી સમજાય તેવી વાત છે. એક વાર આ બારામાં ગુરુદેવ બોલેલા, "આમ વાતો આત્માની કરવી છે, આત્માર્થી થવું છે પણ જીવનમાં તેનાં આગળ સ્વ લગાડો એટલે કે સ્વાર્થી માફક વર્તન થાય છે. ત્યાં પાટો ક્યાંથી ચડે ?" આ વાત ખરેખર વિચારવા જેવી છે. પાણીનાં બિંદુ માફક મારો આત્મા એક બિંદુ જો છે અને જેનામાં વિશાળ શક્તિઓ પડેલી છે એમ જ્ઞાનીઓ કહે છે, તો એવો શક્તિશાળી આત્મા - જીવ - વિશ્વની મહાચેતનાથી એકલો અટૂલો રહેતો કુંઠિત થઈ અણવિકસ્યો ન રહે - કષાયોથી સતત પીડાતો ન રહે - તો બીજું થાય શું ? પોતાનું અસ્તિત્વ કાયમ રાખવા પાણીના બિંદુએ કશાં પણ ધમપછાડા કર્યા વગર નમ્રતાથી જેમ સાગરમાં વિલીન થઈ ચિરંજીવીપણું મેળવ્યું - મેળવે છે તેમ વ્યક્તિએ પણ, બહાર વિલસી રહેલ મહાન વિશ્વચેતના સાથે તદ્રૂપ બની અને ચિરંજીવી પદ પ્રાપ્ત કરવું આવશ્યક બની જાય છે. આમ ચિરંજીવી થવા માટે વિશ્વમયતા - ઈશ્વરમયતા - સહેજે ફલિત થઈ અને સાચી વ્યવહારતા બની જાય છે. ઘડીભર

લાગે અહમ્‌ના ઓઠે કે જાત ભૂલી જવી એ અવ્યવહારુ અને પાગલ થવાની વાત છે. પણ નહીં, 'અંતમાં તો આ જ માર્ગ સાચી આત્મોન્નતિ અને દર્શનનો માર્ગ છે.' શરૂમાં ખોવાઈ જવું અને અંતમાં વિરાટ સ્વરૂપ મનથી ધારણ કરવું.

આ વિશ્વચૈતન્યનો અનુભવ આમ તો રોજ.ડગલે ને પગલે થાય છે: જડ-ચેતન એવી વસ્તુ પદાર્થ અને જીવોમાં પણ આ ચેતનાનું સચોટ દર્શન માનવીમાં કહો પ્રાણીમાત્રમાં - ક્ષણે ક્ષણે આપણને થાય છે. એટલે કે માનવ મહાસાગરમાં વિરાટ અને હાલતી ચાલતી ચેતના આપણે જોઈ - અનુભવી શકીએ છીએ. તો પણ અતિઆશ્ચર્યની વાત એ છે કે આની અસર મન પર ટકતી નથી. બીજી તરફ એ કેવી હાસ્યાસ્પદ અને જરા શરમજનક વાત છે કે, જાણવા છતાં, ચેતનાથી ધૂબવતા માનવ મહાસાગરમાં વિલીન થવાની મનથી તલભાર પણ તૈયારી નથી ? વિલીન થવું તે જ સાચો માર્ગ છે વ્યક્તિત્વને ચરમસીમાએ લઈ જવાનો. એમ વિચાર અને ચિંતનથી સતત લાગવા છતાં પણ વિલીન થવાનું ખરું ટાણું આવે છે ત્યારે તે થવાતું નથી. અત્રે ગુરુદેવના શબ્દો યાદ આવ્યા. ગુરુદેવ બોલ્યા, "અહમ્‌તા-મમતા ઓગાળ્યા વિના વિશ્વમયતાનો અનુભવ કરવાની આશા રાખવી તે આકાશકુસુમવત્ - અશક્ય છે."

❀

**ચિંચણ, 27-5-74**

## શ્રદ્ધા દૃઢાય તો નિર્ભયતા

**બધા માણસો જાતે ઊંડા પાણીમાં ભૂસકો નથી મારી શકતા. કારણ રખે ડૂબી જવાશે, એ બીક લાગે છે. એ બીક જ કહેવડાવે છે, 'આ સમજાતું નથી' શ્રદ્ધા દૃઢાય તો નિર્ભયતા આવે છે અને તેટલે અંશે ઊંડા પાણીમાં ભૂસકો મારવાની બીક દૂર થાય છે. જેમ વડીલ પાસે હોય તો બાળક આવું સાહસ કરતાં અચકાતું નથી કારણ કે તેને શ્રદ્ધા છે કે મને મારા વડીલો ડૂબવા નહીં દે.** ગીતામાં અર્જુનને શ્રદ્ધા નહોતી, ત્યાં લગી તર્કબાજીમાં પડેલો અને પરસ્પર વિરોધી વાતો ભગવાન કૃષ્ણ કહે છે, તેમ લાગતું, પણ શ્રદ્ધા દૃઢાઈ ગઈ ત્યારે, 'કરિષ્યે વચનં તવ' એમ સહેજે બોલી ગયો. પણ પછી તો ભગવાન કૃષ્ણે કહ્યું, 'બસ હવે તને ઇચ્છા થાય તેમ જ વર્ત' કારણ સ્વચ્છંદ છૂટી ગયો.

**- 'સંતબાલ'**

❀

તા. 29-5-74

## ગુરુદેવનો પ્રાણીમાત્ર પ્રત્યેનો સૂક્ષ્મ પ્રેમ અને ચિંતનશીલતા

(૧) સાંજે દરિયે ફરવા જઈએ ત્યારે, અણઆથમી માટે પીવાનું પાણી ગુરુદેવ સાથે લઈ લે છે. વધારાનું પાણી પીધા બાદ ફેંકી દે છે. ડોલમાં - રાત્રે બાકી રહે છે તે પાણી - પાણી ઓછું (જે મને ખબર ન હતી) પાણી ઓછું હશે તેથી એક દિવસ સાંજે દરિયે પીતાં વધેલું પાણી ગુરુદેવ પાછું લાવ્યા અને ડોલમાં રેડ્યું. નાની-ઝીણી વાતમાં પણ ગુરુદેવ કેટલા ચોક્કસ-જાગૃત છે !?

(૨) ફરી આવ્યા કે બહારથી આવ્યા પછી, ગુરુદેવના પગ ધોતો હોઉં ત્યારે કીડીઓ પણ ઘણીવાર આસપાસ ફરતી હોય. એક તરફથી ગુરુદેવ પગ ધોતાં ધોતાં મારી સાથે સંપૂર્ણ લક્ષપૂર્વક વાતો કરતા હોય, અને બીજી તરફ તેમનું પૂરું લક્ષ્ય એક પણ કીડી પાણીમાં - પગ ધોવાતા પાણીમાં - તણાય નહીં તે તરફ હોય જ, અને મારી સરતચૂકથી કોઈ કીડી જો પાણી તરફ આવે તો પોતાના હાથ વડે ગુરુદેવ તે કીડીને તરત એક બાજુ કરી બચાવી લે ! કેટલો સૂક્ષ્મ પ્રાણીમાત્ર પ્રત્યે ગુરુદેવનો પ્રેમ અને અહિંસક ભાવ ?

(૩) ઘણાં વર્ષો પહેલાં, ૧૯૬૭ આસપાસ (બરાબર યાદ નથી) શિયાળ ગુરુદેવનું ચોમાસું હતું ત્યારે દર્શને (૧૯૫૮ના ઘાટકોપર મોટા ગુરુદેવ સાથે, ચોમાસા બાદ પ્રથમ જ વાર) શિયાળ ગયેલો અને બે દિવસ રોકાયેલો. આમ તો અતિથિ માટેનું રસોડું શિયાળ ચોમાસે ચાલુ હતું, પણ સાથોસાથ રેશનિંગ હતું એટલે અનાજનો એક કણ પણ બગડે કે નકામો ન જાય તે માટે ગુરુદેવ ઘણા કડક હતા. રસોડાનો ચાર્જ મોટા ભાગે મીરાંબેન સંભાળતાં. કોઈ કારણસર રાંધેલું ધાન બગડ્યાની, આધારભૂત વાત ગુરુદેવના કાને આવી, એટલે મીરાંબહેન તે માટે જવાબદાર ગણાય એમ ગુરુદેવને લાગ્યું. આથી એક પ્રાતઃપ્રવચનમાં આ ભૂલ માટે ગુરુદેવે જવાબ માંગ્યો, અને તે માટે પ્રાયશ્ચિત્ત કર્યું-કરાવ્યું. આ પ્રસંગ તેમજ બીજા દિવસની ભાલ નળકાંઠાની મિટિંગ વખતે, કઠણ પ્રશ્નો જ્યારે ગુરુદેવ પાસે આવ્યા ત્યારે, ગુરુદેવના ભાલ પ્રદેશની રેખાઓ ખેંચાયેલી અને ચહેરા પર ચિંતાનો ભાવ તરી આવતો.

ગુરુદેવ એકવાર બોલેલા કે, "જુગતરામભાઈ કહે છે કે ગાંધીજીની રેખાઓ (કપાળની) સદાય ખેંચાયેલી રહેતી. વિશ્વમયતા-ઈશ્વરમયતાનો આદર્શ બાપુનો હતો તેથી." સારાંશ બાપુ સતત ચિંતનશીલ રહેતા એટલે કે વિશ્વમય થવા મથતા સાધકે ચિંતનશીલ કુદરતી જ રહેવું પડે છે, ચિંતામય નહીં. આ વાતને આજે વર્ષો વીતી ગયાં. તા. ૧૦-૫-૭૪ની ચિંચણમાં ભાલ નળકાંઠાની રાતની છેલ્લી અને

ગંભીરતાપૂર્ણ મિટિંગમાં, પેચીદા પ્રશ્નો જ્યારે આવ્યા અને સન્નિષ્ઠ તેમજ જાતવંત કાર્યકરોએ જ્યારે 'હોમાવાની' વાત અને આહ્‌વાન કર્યું ત્યારે, તેમજ બીજા ઘણા પ્રસંગોમાં ગંભીર અને ગૂંચ ભરપૂર - પહેલાં માફક ગુરુદેવના ભાલની રેખાઓ ખેંચાયેલી હવે રહેતી નથી. (૧૯૭૪)

મુખ પરના ભાવો લગભગ સ્થિર અને સસ્મિત રહે તે માટે આંગળીના વેઢા પર તુરત જ જાપ (મંત્રનો) ગુરુદેવ કરતા હોય છે. પ્રશ્નની જેવી ગંભીરતા કે ચીકણાપણું તે પ્રમાણે વધુ ઓછા આ જાપ મોટે ભાગે જમણી હથેળીના આંગળાનાં થતાં હોય છે. આ જાપ જે વેઢા પર ગણતા હોય છે, તેની ગણતરી માટે બીજા હાથનો અંગૂઠો અને આંગળી પર સ્વીચ માફક અંગૂઠો, ઘણીવાર દબાવતા પણ હોય છે. ગુરુદેવ, આમ દબાવવા પાછળ મનમાં ઊઠતા અસ્થિરતાના (પ્રશ્નો આવે એટલે મનમાં થતાં સ્પંદને થતી ઊર્મિશીલતાને) ભાવોને તુરત ઠીક કરી free mind કરવાની ગુરુદેવની આ રીત સારી લાગી. પોતાને ગમતું હોય યા નહીં, ગુરુદેવ તો બધાની જ કડવી-મીઠી વાતો અને ટીકાઓ સાંભળ્યા જ કરે. લાગે કે હવે સામી વ્યક્તિ, કોઈની અંગત કડવી અને ગેરવાજબી ટીકામાં ઊતરે છે, એટલે તે અગાઉથી જ સામાના કથનની પોતા પર અસર ના થાય તે માટે આંગળીના વેઢા પર ગુરુદેવ જાપ તરત શરૂ કરી દે છે. જાપ પૂરા થાય કે તરત સસ્મિત, સામાના ટીકાપ્રહારો એક નિર્મળ બાળક માફક હસતાં હસતાં તેઓ લગારે ડગ્યા વગર ઝીલતા - સાંભળતા હોય છે. આમ ગુરુદેવની માનસિક ભૂમિકા ઉત્તરોત્તર વિકાસ પામતી જોઈ મને ઘણીવાર પ્રેરણા મળે છે.

## વાતો સાંભળવાની કલા

બીજાની વાતો સાંભળવી એ પણ એક કલા જ છે; જે ગુરુદેવ પાસેથી શીખવા જેવું છે. મોટા ભાગે-શ્રવણ કરનાર જો જરા નમ્રતા અને ધીરજ રાખે તો સામી વ્યક્તિ જ પોતાના પ્રશ્નો અને ગૂંચનો ઉકેલ વાતો દરમ્યાન આપી દેતી હોય છે. આ માનવ સ્વભાવની ગુરુદેવને પૂરી જાણ છે. એટલે મોટે ભાગે ધીરજપૂર્વક સામાનું તેઓ સાંભળતા જ હોય છે. પોતાનો મત ભાગ્યે જ દર્શાવે છે. કેટલીક વાર વ્યક્તિઓ જો વધુ હોય તો સગવડ ઘણી રહે છે, અંદરોઅંદરથી જ એકબીજા જવાબ આપી દેતા હોય છે, ત્યાં ગુરુદેવ ભાગ્યે જ બોલે અને પોતાનો અભિપ્રાય આપે જ નહીં.

## ગુરુદેવ "ગુણાતીત"ની ભૂમિકાથી પણ આગળ

કહે છે કે રમણ મહર્ષિ પાસે માણસ જાય એટલે વગર પૂછ્યે તેનાં મનનું સમાધાન કે શંકાનિવારણ થઈ જતું. ગુરુદેવ પાસે આ વખતે (૧૦-૫-૭૪ થી

૧૯-૫-૭૪) ઉપર લખ્યો મહર્ષિ જેવો અનુભવ સારી રીતે થયો. મારા કેટલાક પ્રશ્નના ઉત્તર ગુરુદેવનાં સવાર-સાંજના પ્રવચનોમાંથી મળી રહેતા એને જો મહર્ષિ જેવો અનુભવ કહેવો હોય તો કહી શકાય. એક પ્રવચન તો જાણે મારા માટે જ - મારા પ્રશ્ન અને ગૂંચ - જાણ્યા વગર જ.- ગુરુદેવે કર્યું હોય તેમ લાગ્યું. આ આખુંય પ્રવચન વિશ્વમયતા, તેની મર્યાદા અને દંપતીજીવન સાથે તેના અનુબંધ અંગેનું હતું. એટલે ઉપરના અનુભવ અને ભાષા અને ભાવનાથી થોડા અણધારી અને ગુરુદેવની મહત્તા - મહર્ષિ માફક - બતાવવી હોય તો ખુશીથી થઈ શકે તેવું છે. નિરીક્ષણે એમ પણ લાગે છે કે, ગુરુદેવ જેવી ત્રિગુણાતીતની ભૂમિકાથી પણ આગળ વધેલી વિભૂતિ માટે, બીજાના મનની વાત જાણવી કે મૌન રહી સમાધાન કરવું તે આસાન છે. એ આશ્ચર્ય નથી કે નથી ચમત્કાર. ઉચ્ચ ભૂમિકાનું સહજ પરિણામ-ફલશ્રુતિ છે. અગાઉ પણ આવું છૂટક અનુભવ્યું છે.

❀

**પૂના, તા. 30-5-74   5.30 P.M.**

## ફંડ-ફાળા માટે ધક્કા ખાવાથી ધર્મક્રાંતિને ધક્કો પહોંચસે

ભાલ નળકાંઠાની છેલ્લા દિવસની (૧૦-૫-૭૪) શુક્રવારે મોડી રાત સુધીની મિટિંગે ગુરુદેવનું ઊંડું મંથન કરાવ્યું. તે દિવસે રાત્રે મિટિંગમાં ગુરુદેવને - ફંડફાળા કરી રાહતકાર્યોમાં, સંઘ બીજા માફક ધનની અસરમાં ખેંચાતો જણાતાં એક વાર તો આ શબ્દો બોલવા પડ્યા કે, "પાયાના કાર્યકરોએ ફંડ માટે પછી તે ચક્ષુદાનયજ્ઞ માટે પણ કાં ના હોય - વારંવાર લોકો પાસે જવું યોગ્ય નથી, તેથી તેઓનું - કાર્યકરોનું - તેજ ઘટતું જશે, પરિણામે વિચારક્રાંતિ કે ધર્મક્રાંતિના આપણા મૂળભૂત કામને ધક્કો પહોંચશે. હવે લોકો સંઘને ઇચ્છતા હોય તો વાંધો નથી. પછી "ૐ શાંતિ" (એટલે કે સંઘ સમેટી લેવો તે જ એક માર્ગ) કરવી એ જ માર્ગ બાકી રહે છે; આમ થશે તો મને દુઃખ નહીં થાય. બાકી સંઘની Silver Jubilee (રજત મહોત્સવ) ઉજવવા માટે કે બીજાં આવાં કારણોસર ફંડ-ફાળા માટે વારંવાર લોકો પાસે જવું ઇષ્ટ નથી." આ શબ્દો બોલવા પાછળ ગુરુદેવને કેટલી વ્યથા અને ઘેરાં મંથન હતાં તે મિટિંગમાં તો પૂરો ખ્યાલ ન આવ્યો પણ બીજે દિવસે ૧૧-૫-૭૪ના ગુરુદેવ કદી સૂવે નહિ અને 9.00 A.M. સૂઈ ગયા, તેનું કારણ મેં પૂછ્યું કે, ગઈ કાલે રાતે આપને-સંઘના બધા સભ્યો વહેલી સવારે 3.00 A.M. ઊઠીને રવાના થવાના હતા - બરાબર ઊંઘ થઈ ન થઈ કે શરીરમાં કાંઈ કસર લાગે છે ?

ગુરુદેવ બોલ્યાં, "ના, કસર તો નથી પણ ગઈ રાતે ફક્ત અર્ધા કલાકની ઊંઘ થઈ છે એટલે ઊંઘ પૂરી કરવા સવારે સૂતો." ત્યારબાદ મણિભાઈ તરફથી જાણ્યું કે, "ગુરુદેવે ગઈ રાતના અઢી વાગે ઊઠી અંબુભાઈ વગેરેને બોલાવી 'ફંડ-ફાળા નહીં કરવા' તે પર, વિગતે ફરીથી સમજાવ્યું હતું. અને ત્યારબાદ સંઘ સભ્યો રવાના થયા." તાળો મળી ગયો એ વાતનો કે, ૧૦-૫-૭૪ની મોડી રાતની, ગંભીર સ્વરૂપની સંઘની છેલ્લી જે મિટિંગ થઈ, અને જેમાં આંગળીનાં વેઢા પર લગભગ સતત જાપ ગુરુદેવને કરવા પડ્યા હતા. તેની ઊંડી પણ ઉપરથી ભાગ્યે જ દેખાય તેવી અસર ગુરુદેવને થઈ હતી. રાતના અર્ધો કલાક સૂતા તે જ મનોમંથનની ગહનતા અને અગત્ય કહી જાય છે. પણ એક દિવસ અહીં લાગઠ બેથી ત્રણ દિવસ ગુરુદેવ સવારે (9.00 A.M. આસપાસ) સૂતા એ પણ વિચાર કરતાં અત્યારે એમ લાગે છે કે, ૮ થી ૧૦-૫-૭૪ એમ ત્રણ દિવસ સંઘની જે મિટિંગ ચાલી તે ત્રણેય રાત - તેમાં ૧૦-૫-૭૪ની રાતે પરાકાષ્ઠા કરી ગુરુદેવને ઘેરું મંથન સતત ચાલ્યું હશે એટલે ત્રણ રાતની ઊંઘનો કોટા પૂરો કરવા ગુરુદેવને સતત ત્રણ દિવસ સવારે સૂવું પડ્યું. સહજ સ્વભાવ મુજબ ગુરુદેવને જેટલું પૂછીએ તેટલો જ જવાબ તે આપે, એટલે આગલી બે રાતના પણ ઉજાગરા છે કે કેમ એ ગુરુદેવને મેં પૂછેલું નહીં, એટલે ગુરુદેવ પણ તે ન બોલ્યા.

ગુરુદેવે મને પણ કહેલું કે, "સંઘની પહેલા દિવસે સવારની મિટિંગમાં એકલી નિરાશાનો સૂર હતો, એટલે કે વર્તમાન સંજોગોમાં ખાસ કરીને સંઘને જે આર્થિક અકળામણ સતત ભોગવવી પડે છે તે જોતાં સંઘ હવે આગળ કામ કરી શકે તેમ નથી વગેરે. અનુમાન એ થાય છે કે આરંભથી નિરાશાની વાતોને હવે કેમ પહોંચવું તેનું મંથન ગુરુદેવને થયું હશે, પરિણામે રાત્રિ નિદ્રાઓ આપોઆપ ઘટી ગઈ.

વિશ્વમયતાના તેમ જ સ્વકર્તવ્યના લક્ષ્યે ગુરુદેવ ક્યાં સુધી જાય છે અને નમ્રતા-ધીરજ રાખી, સ્વસ્થચિત્તે કેવું કૌશલ્યપૂર્ણ કામ લે છે, તે અગત્યના મુદ્દાને સરખી રીતે સમજવા, આટલો વિસ્તાર કર્યો છે. બાકી આમ જોઈએ તો નિદ્રાના મુદ્દાને આટલું મહત્ત્વ આપવાનું ન હોય કે ન તો નોંધ પણ લેવી જરૂરી છે. **'સંત એટલે સારાયે વિશ્વની કાળજી કરનાર વ્યક્તિ.'** એ સૂત્ર ગુરુદેવના જીવનમાં કેટલું ઓતપ્રોત થઈ ગયું છે તે આ ઘટના કહી જાય છે. મહત્ત્વ ઘટનાનું નથી તે પાછળ રહેલા તત્ત્વનું છે.

❀❀❀

ચિંચણ, 1-6-74

## વિશ્વમયતા માટે ચિંતા નહીં પણ ચિંતન

એક દૃષ્ટિએ ઊંઘ ન આવવી, એ ચિત્ત સ્વસ્થતાની નિશાની ન ગણાય અને ચિત્તની અસ્વસ્થતાનું મૂળ મોટે ભાગે આ આસક્તિમાં જ હોય !! પણ જ્યારે 'વિશ્વમયતા' અને 'સર્વોપરિતા'નો વિચાર વ્યક્તિત્વની સાથોસાથ કરીએ તો એવે વખતે ચિંતા નહીં, પણ ચિંતન અનિવાર્ય હોય છે. સમયને પોતાને મર્યાદા હોય છે. નહીં તો અવસર ચૂક્યા મેહુલા થાય છે એટલે ચિત્તને શીઘ્ર કરવા પડતા ચિંતનમાં અને દુન્યવી અસરોનાં પડઘારૂપે આવી સંવેદના થવી ઘણી વાર સ્વાભાવિક બને છે. આનો તાળો તો એ રીતે મળે કે 'જેનો અંત સારો, તેનું સૌ સારું.'

- **'સંતબાલ'**

: ૨ :

તમારા ગુરુદેવના વર્ણનમાં અતિશયોક્તિ આવવાનો ઘણો સંભવ છે. એટલે એ કાળજી રાખવી તે જરૂરી છે, બીજી રીતે પણ એ જરૂરી છે. કારણ કે આ નોંધ વાંચનારની એટલી શ્રદ્ધા ન હોય અને શરૂમાં જ જો એ વાંચનારના મન પર તમારા લખાણની અતિશયોક્તિની છાપ ઊઠે તો તેથી એમનું આ દિશામાં વળવું ઊલટું વધુ મુશ્કેલ પડી જાય !!

- **'સંતબાલ'**

❀

પૂના, તા. 9-6-74

## "જ્યોતિ"થી "જ્યોતિ" પ્રગટે - તે ક્યારે ?

ચિંચણની વાતોનો તંતુ હવે ફરી સાંધું. વાતચીતમાં ગુરુદેવ બોલ્યા,

"દીવાથી દીવો પ્રગટે છે. જ્યોતિથી જ્યોતિ જલે છે. માણસે સ્વલક્ષી સાધના કરતાં વિવેક રાખવો જોઈએ. પોતે દીવારૂપ થાય, બીજાને સહજ સહજ નિમિત્ત પૂરું પાડે અને એ રીતે બીજા પણ એ સાધનાથી લાભ પામે તેમ થવું જરૂરી છે." આ વિચારવા જેવું છે. ભક્ત નરસિંહ મહેતાએ ઠીક જ ગાયું છે, "તારા સંગનો રંગ ન લાગે, તો તું વૈષ્ણવ કાચો રે", આમાં નમ્રતાપૂર્ણ વિશ્વમયતા ભારોભાર તરી આવે છે. આનો અર્થ હરગિઝ એ નથી કે, હાથ પકડી પકડીને બીજાને સુધારવા સાધકે દોડ્યા કરવું, આ રીતની ખેંચ, તાણ વિશ્વમયતાને સાધક

નહીં ઘાતક છે. આને બદલે સાધક-વિશ્વમયતાના માર્ગનો જો અંતરથી અતિનમ્ર અને વિવેકી હોય તો, બીજાઓ તેના પ્રત્યે માન અને મમતાથી સહેજે જુએ છે. પરિણામ એ આવે છે કે બીજાઓ આવા સાધકના જીવન પ્રત્યે ખેંચાય છે. તેની માફક જીવવા પ્રવૃત્ત થાય છે. આનું નામ જ "દીવાથી દીવો·પ્રગટે" આ જ 'સંગનો રંગ લાગવો' અને આ જ સાધના માર્ગ વિશ્વમયતાનો.

★

અભિમુખતામાં માન અને મમતા ઓતપ્રોત છે, માન-મમતામાં અભિમુખતા હોય અને ના પણ હોય. માન, મમતા હોય તેની પ્રશંસા અને ગુણગાન થાય પણ તેને ભાગ્યે જ કોઈ અનુસરે. જ્યારે અભિમુખતા હોય તેને સહેજે સહેજે બીજા અનુસરે છે. અંગ્રેજી કહેવત યાદ આવી. "Men of Intelligence are praised, Men of heart (character) are followed." એટલે બુદ્ધિશાળીઓનાં વખાણ લોકો કરશે, પણ તેને અનુસરશે નહીં. જ્યારે ચારિત્ર્યશીલનાં વખાણ તો કરશે જ પણ સાથોસાથ સહજ રીતે અનુસરવાના પણ ખરા જ.

આમ "દીવે દીવો" ત્યારે જ પ્રગટે જ્યારે સ્વજીવન ઉન્નત તો સાધક બનાવે જ સાથોસાથ નમ્રતા પણ એટલી જ જો અંતરથી ધારણ કરે. બાકી સ્વઉન્નતિનો ઘમંડ પણ ક્ષમ્ય નથી. બીજાને આકર્ષી શકતો નથી. ત્યાં, 'દીવે દીવો' ક્યાંથી પ્રગટે ?? આ રીતે જોતાં વિશ્વમયતાની સંપૂર્ણ સાધના માટે સંપૂર્ણ નમ્રતા-અભિમાનનું પૂર્ણપણે ઓગળી જવું જરૂરી અને અનિવાર્ય શરત છે. તે સિવાય આ વિરાટ પંથની મુસાફરી થવી શક્ય નથી. ગાંધીજીના શબ્દોમાં, "માણસ શૂન્યવત્ ન થાય ત્યાં સુધી કાંઈ જ મળે નહીં - ન તો આત્મસાક્ષાત્કાર થાય કે ન ઈશ્વરદર્શન થાય."

"શૂન્યવત્ થવું" એટલે False Pride - મિથ્યાભિમાન છોડવું અને વ્યક્તિત્વ વિકસાવવું. આની સીધી સાદી વ્યાખ્યા એ કે, મિથ્યાભિમાની કષાયોથી ઘેરાયેલો હોય, જ્યારે વ્યક્તિત્વવાળો મુક્ત હોય યા તો મુક્ત.થવાના માર્ગે સતત પુરુષાર્થ કરતો હોય, આ જ છે પાયાનો ફેર બન્ને વચ્ચે. અંદરના અવિરત સગ્રામમાં રહેવાથી, વ્યક્તિત્વ વાળાની નમ્રતા કુદરતી જ દઢાતી હોય છે.

❀

**પૂના, તા. 9-6-74**

## વિશ્વમયતાની વ્યાપક સમજ - વાવીએ અહીં, ઊગે બીજે

એક વાર વિશ્વમયતાની વ્યાપક સમજ આપતાં ગુરુદેવ બોલ્યાં,

"ભૌતિક વ્યવહારમાં જ્યાં જે વસ્તુ વવાય છે - બી રોપવામાં આવે છે - ત્યાં જ તે ઊગી નીકળે છે, એટલે કે સ્થળ બદલાતું નથી. આ સહુના સામાન્ય અને રોજિંદા અનુભવની વાત છે. એટલે 'એટલે તે જ સ્થળે' ઊગવું જોઈએ એવી દૃઢ અને પરંપરાગત આપણી વ્યવહારુ માન્યતા બંધાણી છે. ભૌતિક વ્યવહારની આ 'થીયરી' વિશ્વમયતામાં પૂર્ણપણે લાગુ પડતી નથી, કારણ આ માર્ગ 'વિચારસૃષ્ટિ'નો છે, એટલે અદૃશ્ય જગતમાં પ્રત્યક્ષ સાધનો વગર અતિસૂક્ષ્મતાની સૂક્ષ્મ ક્રિયાનો છે. વાવીએ અહીં પણ તે ક્યાંક બીજે જ - દૂર દૂર - ઊગી નીકળે. એવું વિશ્વમયતામાં વારંવાર બનતું હોય છે. આમ દૂર દૂરનાં સ્થળે અહીં વાવેલો કે કરેલો વિચાર ફૂટે-ઊગે ત્યારે તો ફૂટેલો ફણગો ઓળખવા, સમજવા અને જાણવા માટે ખાસ દૃષ્ટિ જરૂરી છે. વિશ્વમયતાની-ઈશ્વરમયતાની આંખ આવવી જરૂરી છે. આ વાત બહુ ઝીણી છતાં સાધના માટે અગત્યની છે. વિશ્વમયતામાં સ્થળ-સમય બન્ને બજવે છે, દીર્ઘકાળ પછી-સ્મૃતિ શેષ થઈ ગઈ હોય ત્યારે-એનાં ફળ આવે છે, એટલે અનુસંધાન કરવું કે જાણવું મુશ્કેલ પડે છે. કર્મનો સિદ્ધાંત અને શ્રદ્ધા હોય અને વિશ્વમયતા સહેલી છે તે આ કારણે. 'પૂર્વે કરેલાં કે અનુમોદેલાં, કર્મનું જ આ ફળ છે.' એમ તર્કવાળો માની શકતો નથી, પણ શ્રદ્ધાળુ માને છે એટલે સ્વસ્થ અને શાંત માને છે. આથી ઘટનાનો તાળો છેવટે તો મળી જ રહે છે તેથી કર્મો ખપતાં આવે છે.

❀

**પૂના, તા. 14-6-74 6.00 A.M.**

## સંસ્થાના કાર્યકરો વિશેનું ઉદાર દૃષ્ટિબિંદુ રાખવાની જરૂર

"સંસ્થામાં કાર્યકરો આવે અને જાય તે સહજ છે - Natural છે. ગાંધીજીને આવા પ્રસંગો ઘણા આવતા અને અનુભવો થતા. એટલે કાર્યકરોનું આવવું-જવું નવી વસ્તુ નથી. સમજવાની વાત એ છે કે, સંસ્થા છોડી જનાર કાર્યકર બીજી રીતે પણ કેમ ઉપયોગી-સંસ્થા છોડ્યા પછી સંસ્થાને-થાય તે ઉદાર દૃષ્ટિબિંદુ અપનાવવું જોઈએ. કાર્યકર આપણને છોડે તેથી આપણે તેને મનથી ન છોડવો, તેની શક્તિઓનો સંસ્થા કાજે ક્યાંક આપણને ખપ લાગવાનો. આ તો જ બનશે જો વિશ્વમયતાને આપણે સમજતા થઈશું અને જીવનમાં લાવશું તો. પરદેશનાં અમુક કામો માટે

નવલભાઈનો આ જ દૃષ્ટિએ હું ઉપયોગ કરવા વિચારું છું. બીજી વાત એ છે કે, દેશ-કાળ બદલે તે અનુસાર આપણી માન્યતાઓનું બાહ્ય ક્લેવર પણ બદલવું જરૂરી છે, એટલે કે મૂળ તત્ત્વ જાળવીને બાહ્ય ક્રિયામાં - APPROACH - ફેરફાર કરવો આવશ્યક થઈ પડે છે. દા.ત., અંબુભાઈ જેવા ત્યાગી અને સાદાઈથી રહેનારા કાર્યકરો હવે ન મળે તેથી - આપણે અકળાઈ ઊઠવું ન જોઈએ. કોઈ ત્રણ હજાર પગારનો માણસ સેવાભાવ અને સચ્ચાઈથી આપણી સંસ્થામાં આવી ફક્ત ૬૦૦/-નો પગાર લઈ કામ કરે ત્યારે, અંબુભાઈ સાથે તેની સરખામણી કરવી તે યોગ્ય નથી. બલકે ત્રણ હજારનાં ફક્ત છસ્સોમાં પોતાનો જીવનનિર્વાહ કરવા તે માણસ તૈયાર થયો તે વસ્તુમાં ઘણો જ ત્યાગ છે તેની નોંધ જરૂરી છે. ઉપરાંત ત્રણ હજારના પગારથી રહેલાં તે વ્યક્તિની જીવવાની જે અમુક ટેવો પડી ગઈ હોય - ખાસ બાધક ન હોય તેવી સામાન્ય ટેવો - તેને પણ ઉદાર મનથી, નિભાવી લેતાં આપણે શીખવું જોઈએ.

આ રીતે જો ઉદારતા રખાય તો શક્તિશાળી માણસો સંસ્થામાં આવે તો સરવાળે લાભ થાય છે. મૂળમાં શક્તિ સાથે સચ્ચાઈ હોય તો અસ્વસ્થ થવા જેવું નથી, પણ બાહ્ય કેટલીક વસ્તુ અને ટેવો, Adjust કરી લેવી તે અંતે લાભકર્તા છે. અત્યારે પણ આવી વસ્તુ ક્યાં નથી ? અંબુભાઈ જે કરે છે તે સુરાભાઈ કરી શકતા નથી, હરિવલ્લભ પણ કરી શકતા નથી. કુરેશીભાઈ જે કરે તે બીજા કરી શકતા નથી. એટલે સંસ્થામાં આ બધું આવવાનું જ, રહેવાનું જ અને વખતોવખત થયા પણ કરવાનું, તેથી ઘડીભર બેચેન થઈ જવાય તો પણ નિસર્ગમાં શ્રદ્ધા રાખી કામ તો કર્યે જ જવું તે સાચો માર્ગ છે. પરિસ્થિતિ જોઈ વિચારીને, આ બધું પ્રસંગે-પ્રસંગે જે તે કિસ્સાઓ અને જરૂરિયાત પ્રમાણે ઠીક ઠીક કરતાં રહેવાનું હોય છે.”

આ વાત બહુ વિચારવા અને ચિંતન કરવા જેવી છે. હકીકતે ત્યાગ કે સેવાભાવ કોઈ પાસે પરાણે કરાવી શકાતો નથી, અને પરાણે કરાવ્યો તો તે સામામાં ટકતો જ નથી, આ ખાસ ગુણો, ખાસ વ્યક્તિઓમાં ચોક્કસ પ્રકારના સંસ્કાર હોય તો જ આવી અને વિકસે છે. જેમાં તે વ્યક્તિને આનંદ જ આવતો હોય છે. આ પરથી ફલિત એ થયું કે સંસ્કારી વ્યક્તિ જ્યારે ત્યાગી અને સેવાભાવી બને છે આપ સમજાશે, ત્યારે વિશિષ્ટ રીતે તેનાં કાર્ય-વ્યક્તિગત કે સંસ્થાગત-શોભી અને દીપી ઊઠે છે, જેની અસર અને છાપ તેની આસપાસનાં વર્તુળમાં પડવાની,

ત્યારે બીજા પણ માર્ગ ગ્રહણ કરશે સહેજે સહેજે આનું નામ જ 'દીવાથી દીવો પ્રગટે' તે છે. સંભવ છે કે દેશકાળનાં કઠણપણા, ટોચની ગણીગાંઠી વ્યક્તિઓ આવી હોય, બાકીનામાં એટલી ભૂમિકા અને સમજણ ના હોય તો પણ, બગડવા જેવું આમાં કશું જ નથી !! ઘેટાં-બકરાં માફક સિંહોનાં ટોળાં થોડાં જ હોય છે ? અહીંયાં પણ ખાસ વાંધાજનક ન હોય તો બાહ્યાચાર કે દેખાવથી ન માપતાં તેના અંદર કયો ઉપયોગ સદ્‌ગુણ છે તે પ્રથમ જોવું જોઈએ. એટલે કે ગુણદષ્ટિ હોય તો જ સામાને બરાબર ન્યાય આપી શકાય અન્યથા નહીં. સંભવ એવો પણ રહે છે કે, શરૂમાં બાહ્યાચારે બંધ ન બેસતો માણસ પછીથી આપણા જ રંગે સંપૂર્ણ-સંસ્થાની વિચારધારામાં-રંગાઈ જાય અને એ રીતે સંસ્થાને બહુ ઉપયોગી બની શકે, ઉદાર મનની જે વાત ગુરુદેવે કરી તે કેવળ, સંસ્થા તો શું જીવનમાં પણ વધુ ને વધુ અપનાવાય તો, પરસ્પર ફાયદો અને પ્રગતિ પણ કરાવે. આમ વિચારતાં ઉદાર મન માટે 'પૂર્વગ્રહ પરિત્યાગ' અનિવાર્ય બને છે. અને એ રીતે વિશ્વમયતા સક્રિય રીતે કામ કરી શકે છે. આ દષ્ટિએ જોતાં પૂર્વગ્રહ-ત્યાગ દ્વારા આવેલી જ્ઞાનપૂર્ણ ઉદારતા વિશ્વમયતાનું એક અગત્યનું અંગ ગણાય.

❀

**પૂના, તા. 10-6-74 9.30 A.M.**

## "મૃત્યુલોકનો અમૃતખોળો : ભાગ-૨

દુલેરાય માટલિયાભાઈની વિનંતીથી ગુરુદેવે ૭-૫-૭૪ થી ૧૦-૫-૭૪ દરમિયાન 'મૃત્યુકાળનો અમૃત ખોળો' ભાગ બીજો - મોક્ષની સ્થિતિ - લખી નાખ્યો. આ ભાગનાં ૩૬ શ્લોકો અને લખાણ ચાર પાનામાં છે. ગુરુદેવ આ લખાણ અને પછીથી શ્લોકો-કાવ્ય-છંદો કેમ લખે છે તે આ વખતે જોવા મળ્યું. હકીકતમાં આ આખુંય લખાણ ગુરુદેવ નિજાનુભવનાં જ્ઞાન અને દર્શનના આધારે જ લખે છે. શાસ્ત્રોમાં વાંચેલું કે સાંભળેલાંનાં સાર અગર પુનરાવર્તન માફક આ નથી લખાતું. પ્રથમ ગદ્ય-લખાણ લખાય છે, ત્યારબાદ પદ્ય-કાવ્યમય-શ્લોકો લખે છે. પદ્ય વખતે અંદરની સ્ફૂરણા માટે દિવસ દરમિયાન પણ ગુરુદેવ ધ્યાનમય જપની સાધના કરતા હોય તેમ લાગ્યું. ધ્યાન વખતે નયનો અર્ધ બીડેલાં અગર કોઈ વાર ખુલ્લાં પણ રહેતાં, જપ-આંગળીનાં વેઢા પર અગર બીજી રીતે સતત ચાલુ રહેતાં. આ રીતે ૩૬ શ્લોકો લખતાં off and on ગુરુદેવ ધ્યાનમય જપની સ્થિતિમાં ઠીક ઠીક વાર બેસતા. સ્ફૂરણા બાદ, શબ્દો દ્વારા પંક્તિઓ રચતા, ફરી ગદ્ય જોઈ

જતા હશે અગર યાદ કરી જતા હશે તે લખાણ એમ લાગ્યું. ફરી ધ્યાન અગર ચિંતન રચેલા શબ્દો પર કરી જરૂરી સુધારા વધારા શબ્દોમાં કરતા હશે એમ કેટલીક પંક્તિઓનાં છેકેલા શબ્દો પરથી લાગે છે.

❀

**ચિંચણ, તા. 6-8-74**

## પળેપળની જાગૃતિ - વિશ્વમયતાની જરૂરિયાત

**પળેપળની જાગૃતિ, વિનોદમાં પણ જેમ કોઈનું અપમાન ન થાય તે જોવાય છે, તેમ છીછરાપણું પણ વિનોદમાં પણ ન હોય તે જોવું જરૂરી છે. એમાં અસત્યની કે ખોટી મશ્કરીની તો છાંટ જ ન હોય !! વિનોદી વૃત્તિ અત્યંત જરૂરી છે, પણ એ વિનોદમાં સઘનપણું, સત્ય, પ્રેમ અને સામેની વ્યક્તિનો પણ આનંદ જામે તેવું વલણ રહેવું જોઈએ. ગાંધીજીનો વિનોદ એ દિશામાં માર્ગદર્શક ગણાય.**

હા, વિશ્વમયતામાં જેમ જેમ 'અહમ્'ને ઓગાળવાનું રસાયણ છે તેમ "મમત્વનું મારણ છે." પ્રથમ તો તમારા તરફથી બહેન રમાબહેનને અને રમાબહેન તરફથી તમોને જરા પણ ઘસાઈ છૂટવાના પ્રસંગો આવે તો પ્રસન્ન હૈયે - પ્રસન્ન મુખે શક્ય તે ઘસાઈ છૂટવા તત્પર રહેવું. કોઈ બનાવી ન જાય, તે માટે જાગતાં રહેવું, પણ આખરે તો તેમાં પણ આપણો જ પડઘો કેમ ન હોય ? આપણે ઘણાંને આપણી જિંદગીમાં બનાવી નાખ્યા હોય, તેનું પરિણામ આજે પ્રત્યક્ષ આવ્યું હોય !! એટલે એક બાજુ રાજી થવું અને બીજી બાજુ પેલા બનાવનારને ખ્યાલ આવી જાય કે, મેં આમને બનાવી નાખ્યા તે અયોગ્ય થયું. એમાં મીઠી ટકોર જરૂરી છે. 'ગુસ્સો કે કૂથલી નહીં' આમ વર્તવાથી વિશ્વમયતા જામે છે.

- **'સંતબાલ'**

❀

મુંબઈ, તા. 4-7-74

## શ્રદ્ધાથી લાભ કોને ?

આ વખતે છેલ્લો ચિંચણથી તા. ૨૦-૫-૭૪ના આવ્યો. ત્યારબાદ બે-ત્રણ સમજુ વ્યક્તિઓ સાથે નીચેના મુદ્દાની સહજ વાત થઈ, અને એ રીતે મનમાં સ્પષ્ટતા થતાં માન્યતા ઠીક દૃઢાણી. ગુરુદેવ વારંવાર કહેતાં હોય છે કે, 'શ્રદ્ધા (મારામાં) રાખો બધાં સારાં વાનાં થઈ જશે.' છેક હમણાં સુધી આનો અર્થ એમ કરતો - બીજા પણ આવો જ અર્થ મોટે ભાગે ધરાવતા હોય છે એટલે જ શ્રદ્ધા રાખી શકાતી નથી અને તર્કના રવાડે ચડી જાય છે - કે બુદ્ધિ ગુરુદેવને ઓછી ખપે છે, ગમે છે, એટલે શ્રદ્ધા રાખવાનું કહે છે વગેરે. બુદ્ધિતર્કમાં અહમ્‌નું પ્રાધાન્ય છે. શ્રદ્ધામાં તે ગૌણ બની જાય છે. કહો ગૌણ બનવું પડે છે. એટલે વાત ગળે ઊતરતી જ નથી. સાફ શબ્દમાં કહું તો, શ્રદ્ધામાં મારું હું પદ જળવાતું નથી. એટલે તે રુચતી નથી અને લાગે છે કે શ્રદ્ધા રાખવાની જે ગુરુદેવની વાત છે તે મારા માટે નથી તેમના માટે છે. સમજણ આવી એટલે આજે, "આ કેવું હાસ્યજનક મારું અજ્ઞાન છે ?' એમ થાય છે. હકીકતે હવે લાગે છે કે હું શ્રદ્ધા રાખું નહીં તેથી ગુરુદેવને શા લાભ-હાની થવાનાં હતાં. હું શ્રદ્ધા રાખું એટલે ગુરુદેવને મુક્તિ કે સિદ્ધાસનની કોટી થોડાં મળી જવાનાં હતાં. આમાંનું કશું જ ગુરુદેવને (મારી) શ્રદ્ધાથી મળવાનું નથી. તેઓની સાધના, સિદ્ધિ અને સફળતા તદ્દન નિરાળી બાબત છે. (મારી) શ્રદ્ધા-અશ્રદ્ધા સાથે તેને કશી લેવા દેવા નથી. આવું સાચું અને સ્પષ્ટ દર્શન મને હમણાં હમણાં થયું તે ઈશ્વરની કૃપા જ ગણું છું. હમણાં (મારું) આ દર્શન સાચું છે એમ હવે લાગે છે. શ્રદ્ધાનો પ્રથમ તાત્કાલિક અને મોટો લાભ રાખનાર વ્યક્તિને મળે છે. તેમાં શંકા રહી નથી.

❀

ચિંચણ, તા. 5-7-74

## લોહીના કે મિત્રતાના સંબંધો શુદ્ધ રાખવાનું "વિશ્વમયતા"માં મહત્ત્વ

જૂના સંબંધોને મઠારી ફરી ચાલુ કરવા, એ 'વિશ્વમયતા'ની સાધના અનિવાર્ય જરૂરી છે કારણ કે લોહીના અને મિત્રતાના સંબંધો જો મઠારીને શુદ્ધ નહીં બનાવી શકાય તો 'આત્મવત્ સર્વભૂતેષુ' કે 'વસુધૈવ કુટુંબકમ્' જે બન્ને મહાસૂત્રો આ સાધનામાં અનિવાર્ય ઉપયોગી છે, તે આશય બતાવવાનો શ્યે બનશે ? પરંતુ એક વાર સંબંધ બગડ્યો હોય તેને સુધારવામાં ઘણી

કાળજી રાખવી પડે છે. (૧) મનને પૂર્વગ્રહ રહિત બનાવવું. (૨) કશી અપેક્ષા વિના એક સરખા પ્રસંગોપાત ઘસાતા રહેવું. (૩) શંકા, કુશંકા, અવિશ્વાસ આવવા દેવાં નહીં. (૪) પત્રસંપર્ક સતત વધારવો. (૫) પ્રાયઃ મૌન અથવા બોલવું જરૂરી થાય ત્યાં સામેનાને બોલવાની વધુ તક આપવી. (૬) ડંફાસ ન આવી જાય તેની કાળજી રાખવી.

- **'સંતબાલ'**

❀

**પુના, તા. 4-7-74, 6.00 A.M.**

## કાર્યકરોનું યોગદાન

અંબુભાઈ આરામ માટે એકલા પુના તા. ૨૦-૬-૭૪ના આવી ૩૦-૬-૭૪ના મુંબઈ પાછા ગયા. તે દરમિયાન તેમની મને જે છાપ ઊઠી તેની નોંધ ગુરુદેવને લખી. ગઈ કાલે મુંબઈથી પાછો આવ્યો અને ગુરુદેવનો પત્ર તા. ૨૮-૬-૭૪નો વાંચ્યો. આ પત્રમાં અંબુભાઈ વિશે જે ગુરુદેવે લખ્યું છે તે અહીંયાં ટાંકું પત્રમાં ગુરુદેવ લખે છે :

**"તમને બન્નેને અંબુભાઈની નિર્બોજ અને સહજ દિનચર્યાથી પ્રસન્નતા વધી છે એ જાણી ઘણો આનંદ, કારણ કે આ 'સંતબાલ' નિમિત્તની અનુબંધ વિચારધારામાં તેઓએ જે એકધારો પાયાથી જ લગાતાર પ્રયત્ન કર્યો છે તે અદ્‌ભુત કહી શકાય તેવો છે અને સહકુટુંબ જે આપભોગ એમણે આપ્યો છે, તેની ફલજીભાઈ જેવા ખેડૂતમાં તથા કુરેશીભાઈ જેવા ગાંધીવિચાર-અનુબંધ વિચારના અનુસંધાનવાળા સર્વાંગી રચનાત્મક કાર્યકરોમાં અને આ બાજુ ગાંધી વિચાર સાથે જૈન પ્રયોગોનાં અનુસંધાનવાળા લલિતાબહેન જેવાં પાત્રોમાં જે તેમના વિશે અને કમળાબહેન વગેરે વિશે પણ જે અહોભાવયુક્ત મમતા છે તેનું મૂલ્ય અસામાન્ય છે. તે જોઈને મને પણ સંતોષ થાય છે. સારું થયું આ વખતે પ્રથમ કરતાં પણ તમો વધુ નિકટ આવીને એમનાં ઉદાત્ત જીવનને જોઈ શક્યા. એમની તબિયતમાં જેટલી સંગીનતા વધે છે, તેટલો સમાજને લાભ સહેજે મળે છે એમ માનતું આપણું આખું વર્તુળ અને કમળાબહેન વગેરે સૌ થશે, તેટલી વિશ્વવાત્સલ્ય ધ્યેયે ધર્મમય સમાજરચનાને વધુ ગતિ મળશે, એમ પણ દિને દિને ભાસતું જાય છે."**

અંબુભાઈ માટે ગુરુદેવની આ આશા, Reading અને અભિલાષા યથાર્થ જ છે. સમર્પણ તો અંબુભાઈએ કર્યું જ પણ તેમાં ત્યાગ અને નિઃસ્વાર્થતા ભળ્યાં અને રહ્યાં તેથી તે દીપી ઊઠ્યું.

ચિંચણ, તા. 5-8-74

સામાને દિલ ખોલવા દેવું, વચ્ચે જરૂર પડે તો કાંઈક બોલવું, અને તે પણ સામાનું પૂરેપૂરું માન સાચવીને. આ બાબતમાં કુરેશીભાઈ, અંબુભાઈ બન્ને ઠીક તૈયાર દેખાશે.

તમને ટચકિયું આવ્યું તે આમ તો હવા, પાણી તથા શરીરના બાંધા વગેરેને લગતો પ્રશ્ન છે. પણ જો એ ધારવા કરતાં વધુ લાંબું ચાલે તો ક્યાંક કશી શારીરિક, વાચિક કે માનસિક ભૂલ તો નથી થઈ ને ? તે ઝીણવટથી શોધી લેવાની અને નાની પણ ભૂલ થઈ હોય તો તે સુધારી લેવાની જરૂર છે.

આમ તો નજીકમાં તમારા ગુરુદેવ પુનામાં ભલે પ્રત્યક્ષ ન હોય પણ પરોક્ષ તો છે જ. અને મૂળે તો આ રમાબહેન અને તમો તમારા ગુરુદેવનાં પ્રતિનિધિ માની અને પછી જરૂર પડે રમાબહેન તમોને ગુરુદેવનાં પ્રતિનિધિ માને તે હવે જરૂરી બનશે.

- **'સંતબાલ'**

❀

તા. 22-7-74

## ગુરુદેવની વિચારધારા અને તેની વ્યવહારિકતા

વિચારધારાને વ્યવહારની ધરતી પર ગુરુદેવ કેમ લાવે છે તે અંગે અંબુભાઈ કહે છે :

"મહારાજશ્રીની કેટલીક વાતો પ્રથમ માત્ર કલ્પના જેવી લાગે આપણને. જ્યારે તેમણે તો તે તે કલ્પનાનો વિચાર દ્વારા પૂરો વ્યવહાર સાધી જ લીધો હોય છે. એટલે ન બનવા જેવું - સમય થોડો વધુ થાય તેટલું તેઓ ધારતા જ નથી. કલ્પના મુજબ કાર્ય શરૂ કરી અને પછીથી તેઓ બધું ગોઠવતા હોય છે. દા.ત., પ્રથમ મેં તેમના સૂચન મુજબ ૧૯૪૭માં જ્યારે કામ શરૂ કર્યું ત્યારે, ઊભા રહેવા નહીં છાપરું અને ભરણપોષણ માટે નહીં એક પાઈ સંસ્થા પાસે. આવી તદન અનિશ્ચિત સ્થિતિમાં માસિક રૂપિયા ૧૫૦/- ખર્ચ માટે લેવાનું મહારાજશ્રીએ મને કહેલું ત્યારે આશ્ચર્ય થતું હતું. પણ હકીકત એ રહી કે પૈસા આવતા ગયા અને કામ જામતું ગયું. આવું તો આજ સુધીમાં ઘણી બાબતોમાં થયું છે. ચિંચણનો તાજો જ દાખલો લઈએ, જમીન મળવી અને તે પણ આટલી ઓછી કિંમતમાં. સંસ્થા પાસે આટલું ફંડ જમીન ખરીદવા

હતું નહીં. ફંડ જલદી થયું નહીં, વચ્ચે અડધી રકમ થયાં બાદ અટક્યું, કાર્યકર્તાઓ નિરાશ થઈ ગયા. ફરી ફંડ ચાલુ કર્યું અને જરૂર કરતાં વધુ રકમ મળી વગેરે. હવે ધીમે ધીમે તે કેન્દ્ર જામતું આવે છે. જુઓને માનવમુનિ કેવું સરસ કામ કરે છે ! એમનો તો કોઈને જ પરિચય નહિ પણ કુદરતી જ આવી ગયા અને વિનોબાજીએ પણ આપણું કામ કરવાની તેમને રજા આપી. આ બધું બતાવી જાય છે કે જે જે પ્રથમ કલ્પના હોય છે તે તે બધાને વ્યવહારમાં લાવવાની પૂરી શક્તિ મહારાજશ્રી ધરાવે છે.

અંબુભાઈની આ વાત સાચી અને વિચારવા જેવી છે. ગુરુદેવ જો કેવળ ગગનવિહારી અને કલ્પનાતરંગી હોય તો આટલાં કામો થાત નહીં. એમ પણ જોવામાં આવે છે કે સંન્યાસી જીવન હોવાથી, ગુરુદેવ સંસારી જીવનની ઘણી બાબતોમાં અનુભવથી વંચિત હોવા છતાં તેમનું એક પણ સૂચન એવું ભાગ્યે જ હોય છે કે, જે સંસારીને - પ્રશ્નો હલ કરવામાં - ઊલટું યા તો પ્રતિકૂળ પરિણામ દેનારું હોય. ગુરુદેવને ન સમજી શકવાનાં કારણે સામાન્યે આવું ઘણી વાર લાગે છે તે પણ હકીકત છે.

❀

**ચિંચણ, તા. 8-5-74**

## વિનોબાજી અને સર્વ સેવા સંઘ

**સંત વિનોબાએ જો 'સર્વ સેવા સંઘ'ને નામે જો રચનાત્મક કાર્યકરોનું સંકલન ન કર્યું હોત તો એક તાજા ભવિષ્યમાં જે એક કડી આપણા માટે મહત્ત્વની ઉપયોગી બનવા સંભવ છે, તે ક્યાંથી મળત ?**

**એકંદરે સહજ અને પ્રમાણમાં ઠીક લખાયું છે. અંબુભાઈના નવ દિવસ વસવાટના તમો બન્નેને, કુટુંબને, ઉપયોગી થયા ગણાય.**

**- 'સંતબાલ'**

## ગુરુદેવ એક અચ્છા શિક્ષક

માણસો તૈયાર કરવાની ગુરુદેવની હથોટી વિચારણા સમજવા જેવી છે. અંબુભાઈ કહે : 'મહારાજશ્રી એક અચ્છા શિક્ષક છે. શરૂમાં તેઓ ક્રમવાર વર્ગો ચલાવતા અને એ રીતે અમને બધાને પાઠ શીખવ્યા છે, પોતાની વિચારધારાને સમજાવવા માટે બકરાણા વગેરે સ્થળે ભરાયેલા વર્ગો તો યાદગાર થયા છે. તે વખતે મહારાજશ્રી દરેક મુદ્દાની બહુ ઝીણવટથી અને વિગતે વાતો - છણાવટ - કરતા. આ બધો લાભ અમને મળ્યો અને વર્ષો બાદ તૈયાર કંઈક થઈ શક્યા. આજે તો હવે એટલો સમય - અવકાશ - પણ મહારાજશ્રીને નથી અને બીજી રીતે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તૈયારી અને ઘડતરની દૃષ્ટિ અને ભૂતકાળના એ દિવસો અને એ વર્ગો આજે પણ મને એટલા જ જરૂરી અને ઉપયોગી લાગે છે પણ હવે તે શક્ય નથી.

## મનુષ્ય સ્વભાવને હલ કરવાની ગુરુદેવની રીત

મનુષ્ય સ્વભાવને કેટલી સરસ રીતે ગુરુદેવ હલ કરે છે તે અંગે વાત નીકળતાં અંબુભાઈ કહે : 'સામાની નબળાઈઓ કે દુર્ગુણને ન સ્પર્શતાં, સદ્‌ગુણ વધુ ને વધુ ઉપસાવી તેને કેમ વધારવા તે માટે મહારાજશ્રી સતત ચિંતન અને પ્રયત્નો કરતા હોય છે. સામાની ખામીઓ બરાબર જાણવા છતાં પણ તે તરફ મહારાજશ્રી દુર્લક્ષ્ય કરે છે અને એ રીતે સામાને સહાયભૂત થઈ પોતાનો કરી લે છે. 'સકળ જગતની બની જનેતા' એ આદર્શ આ રીતે ગુરુદેવના જીવનમાં-પિંડમાં-સ્વભાવમાં પૂરેપૂરો મૂર્તિમંત-ચરિતાર્થ-થયો જણાય છે તે સિવાય આવો વાત્સલ્યભાવ સંભવે જ નહીં.

❀

**ચિંચણ, તા. 5-8-74**

## ખરી ગુરુશ્રદ્ધા કેવી હોય ?

**'ગુરુ' એ ખરી રીતે બહાર નથી અંદર છે. હા, બહાર કોઈ યોગ્ય શ્રદ્ધાપાત્ર મળે તો તેવી વ્યક્તિને ગુરુ સ્વીકારવામાં કે ધારી રાખવામાં વાંધો નથી. પ્રત્યક્ષ અનુભવ મેળવવા આમ કરવું જરૂરી પણ છે. પરંતુ કોઈ વ્યક્તિમાં બંધાઈ એ રૂપે કદી ન જવાય કે પોતાના હાથ બીજે ન નમે કે પોતાનું હૈયું કે મગજ બીજેથી કશું મેળવે જ નહીં !! આમ થાય તો તે તો ગુરુશ્રદ્ધા નથી વિપરીત શ્રદ્ધા અને સાંપ્રદાયિક કટ્ટરતા જ છે.**

**'એકાસણા'ના અભિગ્રહ અંગે સંકલ્પ-વિકલ્પ ન ઉપજાવવા કે ન કોઈ વ્યક્તિ પર આરોપણ જેવું કરવું.**

**- 'સંતબાલ'**

❀

**ચિંચણ, તા. 5-8-74**

## વિચારોની રજૂઆતમાં સમતુલા જરૂરી

આપણા પ્રિય કે શ્રદ્ધેય પાત્રોનું વર્ણન કરવામાં અતિશયોક્તિ ન થાય તેની કાળજી રાખવી અને છતાં કાળજી ન જ રહે (અતિશય ભાવુકતાને લીધે) તોયે બીજાઓની અવહેલના ન થઈ જાય તે ખાસ કાળજી રાખવી. જુદા વિચારો કોઈ માટે જરૂર રજૂ થાય, પણ ત્યાં સમતોલપણું જાળવવું જરૂરી ગણાય.

**- 'સંતબાલ'**

ચિંતન, તા. 5-8-74

## જૈન ધર્મની વિશેષતા - ગુણપૂજા

ગુણપૂજાનું લક્ષ્ય એ જૈનધર્મની ખાસ વિશેષતા છે. સાથોસાથ બીજાઓની ખામીઓને પોતાની ખામીઓ ગણી, તેને મીઠા સ્નેહ વાત્સલ્ય સાથે સુધારવામાં મદદગાર બનવું, તે 'વિશ્વમયતા'માં અનિવાર્ય છે. આથી સ્વચ્છંદ (પોતે જ સાચો) અને પ્રતિબંધ (પરિગ્રહ લોલુપતા) અથવા અહંતા અને મમતા ઓગળવા માંડે છે.

- **'સંતબાલ'**

❀

ચિંતન, તા. 6-8-74

પહેલાથી સારું કેમ દેખાય તેવી વૃત્તિ આવી જવાની જ, પણ તેથી ગભરાવાની કે કંટાળવાની જરૂર નથી.

નોંધપોથી હંમેશાં સ્વસ્થ, પ્રસન્ન મન હોય ત્યારે લખવી અને મનને પૂર્વગ્રહ સદંતર મુક્ત બનાવીને મર્યાદાઓ સાચવીને જ લખવું.

- **'સંતબાલ'**

❀

ચિંતન, તા. 6-8-74

## ૬. આફ્રિકામાં ભાલ નળકાંઠાનો પ્રયોગ દૃષ્ટિએ પ્રચારની જરૂર

શ્રી રજનીશના વિચારોની રજૂઆત નવેક વર્ષ પહેલાં જોઈ - સાંભળી એમને કોઈ અનુભવી માર્ગદર્શકની જરૂર છે એમ લાગેલું. રજૂઆતની ઢબ મોહક છે પણ શ્રીમદ્‌જી કહે છે તેમ અનુભવી માર્ગદર્શકને, અભાવે જ કાયમ રહે અથવા અતિશય નમ્રતા અનાયાસે ન પ્રાપ્ત થાય તો, 'જાતીય' વિષયમાં આટલી હદ લગી ઊંડે જઈ, બીજાંઓને દોરવા તે મહાજોખમી માર્ગ ગણાય.

હા, પણ નમ્રતા પૂરેપૂરી સાથે દક્ષિણ આફ્રિકામાં રજૂઆત થવી જોઈએ. ભાલ નળકાંઠા પ્રયોગની દૃષ્ટિએ પ્રચાર જરૂરી છે. પણ ઉતાવળ ન થાય વિશ્વમયતાના માર્ગમાં અનાયાસે સંપર્ક થાય તે જોવું જોઈએ. સંપર્ક વધે તે તક ગુમાવવી નહીં, એમ છતાં એ બધાનો પૂરો અને સંયમલક્ષી અભ્યાસ

કરવો અને વચ્ચે વચ્ચે પણ જેટલી નિકટતા આવે, તેટલી ટકોર પણ મીઠી રીતે કરતાં જ રહેવું જોઈએ.

પ્રચારયાત્રા વિશાળ થાય, ત્યાં અનેક સારાં, માઠાં માણસો મળવાનાં. પરીક્ષાઓ પણ સંકટો-લાલચો વગેરેની થવાની. જ ત્યાં સમતા અને શુદ્ધ વાત્સલ્ય જળવાઈ રહે, હર પ્રસંગે તે જોવું.

- 'સંતબાલ'

ચિંચણ, તા. 6-8-74

## પૂર્વગ્રહો ખંખેરવા વિશે

સમજણ લખાણમાં બરાબર થતી જાય છે. દોષદર્શનની પડેલી પ્રથમની ટેવ (કે કુટેવ ?) આમાં આવરણરૂપ ન બની જાય તે સતત જોતાં રહેવું પડશે. પૂર્વગ્રહો તદ્દન ખંખેરવા પ્રયત્નશીલ રહેવું. ધીરજ રાખવી. રોષ-ગુસ્સો આવવા ન દેવો. આખરે માનવી તો નિમિત્ત છે એટલે પ્રબળ રીતે પ્રયત્નો કરવા. યશ પ્રાયઃ બીજા સાથી ભાઈ-બહેનોને મળે કે ઘરની વાત હોય તો ધર્મપત્ની કે બાળકોને યશ પ્રાયઃ મળે તે માટે પ્રયત્નો કરવા. પોતે પ્રાયઃ પાછળ રહેવું.

- 'સંતબાલ'

ચિંચણી, તા. 26-12-74

## જૈનધર્મની વિશેષતા - સ્યાદ્વાદ

જૈન ધર્મની વિશેષતા જે સ્યાદ્વાદ-અનેકાંતવાદમાં છે, તે આજના યુગે સર્વપ્રિય બને તેવી છે. આજે સવારે આ જ વાત ઉપર સારું વિવેચન થયું. અત્યાર સુધી જે વટલ્યા કે વટલાવ્યા, તે વાત જતી કરવી. હવેથી કોઈને વટલાવવા નહીં અને જાતે વટલાવું નહીં. આ એક વસ્તુ જૈન ધર્મ સિવાય કોઈ આપી શકે તેમ નથી. આ બાબતમાં સંત વિનોબાને આ વાત (જૈન ધર્મની) ખૂબ ગમી છે અને કાકા કાલેલકર તો એની પાછળ આ વયે મિશન લઈને બેસી ગયા છે.

હા ! ગીત અને સરળ ભાષા માનવને વધુ ગમે, પરંતુ તેમાં પણ, આપણી વ્યક્તિત્ત્વ, વિશ્વમયતા અને સર્વોપરિતાની વાતો જરૂર વણી શકાય.

માનવતા અને માર્ગાનુસારિતા એ પ્રથમ જરૂરી છે, માટે તો આપણે (૧) નૈતિક ગ્રામ સંગઠન અને (૨) જનસેવક સંસ્થારૂપી ગ્રામ પ્રાયોગિક સંઘો અને ગ્રામ પૂરક એવા શહેરોમાંના (વિ.વા.પ્રા. સંઘ સંચાલિત) સંઘોની શાખાઓ ખોલીએ છીએ.

- 'સંતબાલ'

❀

**પ્રિટોરિયા, તા. 6-9-74**

## પૂર્વગ્રહ પરિહાર એ વિશ્વવાત્સલ્ય ધ્યેયે જવામાં પ્રથમ જરૂરી છે

આ દેશમાં આવી ગયા. ૧૯૭૧ના છેલ્લા પ્રવાસમાં આવ્યો ત્યારે, આ જ ઘેરથી મને જાકારો મળેલો જે અનુભવ ગુરુદેવને કહેલો. આ વખતે આ જ યજમાને, જો-બર્ગ પોતાની કાર મને ખાસ લેવા માટે મોકલી, તેમને ત્યાં ૧૪-૯-૭૪નાં રોજ આવ્યો અને તેમના જ ઘરમાંથી આ ડાયરી લખવાનો સુભગ યોગ થયો છે. આ સાથે ગુરુદેવનું કાવ્ય પણ યાદ આવ્યું, "નાતજાતના ભેદ અમોને લેશ નથી કંઈ આભડતાં : દેશ, વેશના, શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા." આમ બધા સાથે આત્મીયતાનાં નાતે સંબંધ રાખવામાં મુશ્કેલી જણાતી નથી બરાબર જમાવટ થાય છે. વાંચનમાં આજે શ્રીમદ્ રાજચન્દ્રનું આ વાક્ય વાંચવામાં આવ્યું, "દેહધારીને વિટમ્બના એ તો એક ધર્મ છે, ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું ?" બોધપ્રદ આ વાક્ય ચિંતવવા જેવું છે.

❀

**ચિંચણ, તા. 26-12-74**

"નાત જાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા -
દેશ, વેશના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા."

એ કડીઓ આ લખાણ જોતાં તમારે માટે 'કલ્યાણભાઈ' જેવાના કુટુંબને નિમિત્તે સહજ બની ગઈ છે. આ એક દૃષ્ટિએ વિશ્વમયતાનો જ ક્રિયામય વ્યવહાર છે. માનવ એ જ ક્રમે ધીરે ધીરે આગળ વધતો હોય છે.

શ્રીમદ્ રાજચન્દ્રનું જે વાક્ય તમે નોંધ્યું છે તે વાક્ય તો એક પાસું રજૂ કરે છે. "ખેદ ન કરવો" એ પાસું જ ગણાય પણ પૂર્વગ્રહ જૂનો ભરી રાખતાં પ્રસંગ આવ્યે પ્રેમ કરવો એ બીજું અને વિધેયાત્મક છે. જે તમે કલ્યાણભાઈના કુટુંબમાં મહેમાન (ઘર જેવા મહેમાન) બનીને આચરી બતાવ્યું. જો મનમાં પૂર્વગ્રહ રાખી મૂક્યો હોત તો આ આનંદ ક્યાંથી મેળવી શકત ? એ જ

બતાવી આપે છે કે પૂર્વગ્રહ પરિહાર એ વિશ્વવાત્સલ્ય ધ્યેયે જવામાં પ્રથમ જરૂરી છે. ધર્મમય સમાજરચના અંગેની વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગમાળા જે બકરાણાના વર્ગમાં શરૂ થયેલી, તેમાં પહેલું પ્રવચન પૂર્વગ્રહ પરિહારનું હતું તે ગુજરાતીમાં લખાયેલાં ધર્મમય સમાજરચના પુસ્તકમાં છે જ.

- 'સંતબાલ'

❀

તા. 26-12-74

## ગુજરાતની આર્યભાવના

આર્યભાવનાના પ્રસંગોથી એ કવિ ખબરદારની પંક્તિ સાર્થક થાય છે, "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" ભારતમાની આર્યભાવના ગુજરાતમાં સૌથી વિશેષ જણાય છે કારણ કે ત્યાં જૈન વૈષ્ણવોનું અહિંસા ખેડાણ વધુ છે. સંત વિનોબાજી તો તેથી જ માને છે કે ગાંધીજીનું જન્મવું ગુજરાતમાં થયું.

અપમાન ન સહન કરવાની કળા પણ એ ગુજરાતના ગાંધીજીએ જ શીખવી.

- 'સંતબાલ'

❀

સ્ટીમર ASIA , તા. 2-10-74

## "જે થાય છે તે સારા માટે" તેમ માનવાથી જે સમાધાન મળે છે તે શ્રદ્ધાને મજબૂત કરશે

આઠ દિવસ પહેલાં મુંબઈ પહોંચવાની ઘણી અધિરાઈ હતી. આજે 'મુંબઈ જલદી આવે તો સારું' એ ભાવ શમી ગયો છે. પ્રભુનો પાડ કે તેણે જ સ્ટીમરમાં સમયે સમયે હતી તેમાંથી જે ઔષધો સુજાડી તેથી સ્વાસ્થ્ય ધીમે ધીમે ફરી મળ્યું. ડોક્ટરી દવા-ઇન્જેક્શન વગેરે લેવાનાં ન હતાં. ઉપલબ્ધ દેશી દવાઓથી જ સારું થવાનું હતું. આમાં પ્રશ્ન નડે છે દુઃખથી ભાગવાની (મારી) નબળી મનોદશાનો. આ કેમ જાય તે ગુરુદેવ કહેશે.

ચિંચણ, તા. 26-12-74

આમ જ રફતે રફતે દુઃખથી ભાગવાની નબળી મનોદશા અનાયાસે દૂર થશે.

એવું જ સંયમની દિશાનું પણ છે. અહંકાર ઓગળવાથી, તે પણ સહેજે સધાવા લાગશે.

હા, નીતિ-ન્યાયના માર્ગે ચાલીને જ પછી પ્રભુકૃપા-ગુરુકૃપા ઉમેરવાની છે.

'જે થાય છે તે સારા માટે એમ માનવાથી જે સમાધાન મળે છે તે જ સમાધાન શ્રદ્ધાને વધુ મજબૂત કરશે.

જે કાંઈ થાય છે, તે સારા માટે એમાં ઘણું ઘણું તથ્ય છે. તે સૂત્રનો ફરી ફરી વિચાર કરવો.

- **સંતબાલ**

❀

ચિંચણ, તા. 26-12-74

## પુરુષાર્થ જરૂર કરવો પરંતુ અહંકાર રહિત

સમૌન એકાંતવાસ સેવ્યા પછીનાં દિવસોમાં નીચેનો શ્લોક કુદરતી રીતે લખાયેલો :

"નિસર્ગ ધાર્યું ફળતું સહુ કાંઈ,
નિસર્ગ ધાર્યું બનતું સહુ કંઈ,
પ્રયત્નનું તો પરિણામ માત્ર,
છે વિશ્વપ્રેમી બનવાનું વા'લા.'

મતલબ પુરુષાર્થ જરૂર કરવો, પરંતુ અહંકાર સહિતપણે નહિ, 'કિંતુ અહંકાર રહિતપણે. તે તો જ બને જો વિશ્વમયતાની દિશા લેવાય.' વિશ્વમયતાની શરૂઆત ઘરથી સુંદર રીતે શરૂ થઈ ગઈ, તે પણ ઘણું સારું અને સાચું થયું ગણાય. બાળકો પોતાનાં પૂ. માતાજીનું ગૌરવ તમારી જેમ સાચવે, તેમ પણ થવું જોઈએ.

- **'સંતબાલ'**

❀

ચિંચણ, તા. 28-12-74

## સામાનો ખોટો વળાંક હોય તોયે ઉદાસીનતા રાખવી

(૧) સામા પ્રત્યે એનો જો ખોટો વળાંક હોય તોયે ઉદાસીનતા રાખવી, તે સંબંધ વધારવામાં ઉપયોગી થાય છે. પરંતુ 'સત્ય', 'પ્રેમ' અને 'ન્યાય' એ ત્રણેયને સાચવવાનું તો પળેપળ ખરું જ. ન્યાય માર્યો ન જાય અને સત્ય પ્રેમયુક્ત બને તેમાં જ સાર્થકતા છે, સાધનાની પ્રગતિ છે.

(૨) દક્ષિણ આફ્રિકામાં દાન મળ્યું, ભલે થોડું પણ સહેજે મળ્યું તે ઘણું સારું થયું. વિ.વા.ના ગ્રાહકો પણ બન્યા અને જરાય ઠોકી બેસાડવા જેવું ન લાગે છતાં સહજ સહજ રીતે વાતોમાં પ્રચાર થઈ જાય, તે ઘણું ઉત્તમ થયું.

(૩) સંબંધો વધ્યા તે પણ 'વિશ્વમયતા'ની દિશામાં મળેલી કુદરતી સહાય છે. એ સંબંધો વધુ ને વધુ કાર્યક્ષમ બને, તેવું થવું જોઈએ.

(૪) દક્ષિણ આફ્રિકાના પ્રવાસની ફલશ્રુતિ સારી લાગે છે.

(૫) અનુબંધવાનું (સંબંધ જોડાણનું) કામ બન્યું તે ભવિષ્યમાં કદાચ ઉપયોગી બનશે.

- 'સંતબાલ'

❀

## માંદગી એ મૂળે તો આપણી કૃતિ છે

(૧) શ્રીમદ્જીએ સ્વચ્છંદ અને પ્રતિબંધ; આદ્ય જગદ્ગુરુ શંકરાચાર્યે અહમતા અને મમતા તથા સામાન્ય રીતે રાગ-દ્વેષને કેમ દૂર કરવાં એ માટે મોહ અને પ્રેમ વચ્ચેનું તત્ત્વ જેમ સમજવા જેવું છે તેમ મોહ સંબંધ અને કર્તવ્ય સંબંધ વચ્ચેનું તારતમ્ય પણ સમજવા જેવું જ છે.

(૨) માંદગી એ મૂળે તો આપણી જ કૃતિ છે. જે સંયમ યુવાનીમાં સહેજે ન પળાય, ત્યાં આવું પરિણામ આવે જ. એમ ધારી પ્રભુ-ગુરુકૃપા યાચવી અને પ્રસન્ન મન રાખવું જરૂરી છે.

(૩) "આદર્શ ગૃહસ્થાશ્રમની આખાયે જગતમાં જે અનિવાર્યતા છે" તે વાત સાચી છે.

(૪) ઉપર (૨)માં કહ્યું તેમ સ્વકૃતિ માનીએ તો આ આવેલી કે ઘડી ઘડી આવી પડતી કસોટી 'માંદગી'ની વખતે કંટાળી ન જવાય અને પ્રભુ-ગુરુકૃપા યાચી ધૈર્યથી તેને ઝીલી લઈને પ્રસન્નતા લાવી શકાય. આ રીતે પણ પ્રભુ વાસનાના વંટોળમાંથી બચાવવા ઈચ્છે છે. એમ માનવું ખોટું નથી.

(૫) શ્રીમદ્ રાજચંદ્ર સાહિત્યમાં અને તુલસી રામાયણ બંનેમાં સત્સંગ મહિમા અતિશય વર્ણવાયો છે તે યથાર્થ છે.

- 'સંતબાલ'

❀

તા. 29-12-74

## આપણી પાસે જે કંઈ આવે છે તે ઈશ્વર પ્રેરિત જ હોય છે

જનકલ્યાણ ઓક્ટોબર ૧૯૭૪નાં અંકમાં નીચેનું લખાણ છે :

(૧) આપણી પાસે જે કોઈ આવે છે એ ઈશ્વર પ્રેરિત જ હોય છે એમ માનવું. આ વાત વારંવાર યાદ કરવાથી અન્યને ઉપયોગી થવાની તત્પરતા પ્રગટશે. આ માટે જોઈતી સુવિધા ઈશ્વર આપશે જ.

(૨) શંકાની વિનાશક શક્તિને એક પળ માટે પણ તમારી અંદર ટકવા ન દેશો. શ્રદ્ધા જેટલી સબળ હશે તેટલું ઈશ્વરને વધારે ફાવશે. "ઈશ્વરને વધારે ફાવશે" આ શબ્દો ખૂબ પ્રેરક અને સૂચક જ છે. આ જ પ્રમાણે ગુરુદેવમાં મારી શ્રદ્ધા-ભક્તિ જો સબળ થાય તો જ ગુરુદેવને વધારે ફાવે ને - મને ઉપર ઉઠાવવો તેઓશ્રીને સુગમ થાય. પણ મારું આવું સંપૂર્ણ સમર્પણ ગુરુ ચરણે ક્યાં છે ?

(૩) અહમ્તાને ઓછી કરો. ગુરુતાવાળી લાગતી અહમ્તા ખરેખર લઘુતા પ્રેરે છે. સાચા અર્થમાં લઘુ બનો, 'વામન બનો' શૂન્ય બની વિરાટના સ્પર્શે તમે સ્વયંમ્ વિરાટ બની રહેશો.

❀

તા. 29-12-74

(૧) સુખમાં અને દુ:ખમાં, હર્ષમાં અને વિષાદ્માં, જયમાં અને પરાજયમાં માત્ર સમભાવી રહીને ટકવું અને એ બધામાં પણ ઈશ્વરની દયા સ્વીકારી લેવી. એથીજ (૨) બીજા મુદ્દામાં બતાવેલી સ્થિતિ આવશે.

(૨) સમર્પણ જેમ જેમ વધે છે, તેમ-તેમ ઈશ્વરને કાર્ય કરવાની સારી તક સાંપડે છે. મૂળે તો આપણું સમર્પણ એ જ આપણી પરમ શક્તિ બની રહે છે.

સંતબાલ

તા. 29-12-74

(૧) "ગળાનો છેદ નારો યે" બૂરું જે રિપુ ના કરે" તેથી યે વધુ બૂરું આ મનની દુષ્ટતા કરે" તે સાચું જ છે.

(૨) "જાગ્યા ત્યાંથી સવાર ગણી પ્રયત્ન કરવો."

(૩) અપાર સુપ્રયત્નો કર્યા પછી પણ તત્કાળ પરિણામ તો શૂન્યમાં આવે - એવુય બની શકે. પછી ત્યાં બીજા (પાંચ) કારણોનો સમૂહ જામ્યો નથી" એમ માની વિચારપૂર્વકની ધીરજ રાખવી.

(૪) માંદગીના લાભોનું પણ પૃથક્કરણ કરવું જરૂરી" તમે તે કર્યું એ ગમ્યું છે.

**સંતબાલ**

❀

તા. 30-12-74

(૧) આપણામાં ભરપૂર નમ્રતા અને સ્ફટિક શી નિખાલસતા હોય તો અહમ્તા - મમતા બંનેના છેદ ઉડાડનારા પ્રસંગો કુદરત આપોઆપ યોજે છે. કારણ કે પાત્રતા નમ્રતામાંથી ઊગે છે. અને નિખાલસતા એ તો આંતરિક શુદ્ધિનું જ પ્રગટ સ્વરૂપ છે. જૈન આગમો કહે છે : "સરળ અને શુદ્ધ છે જેનું ચિત્ત ત્યાં ધર્મની સ્થિતિ." જ્યાં નિખાલસતા - સરળતા આવી ત્યાં ધર્મ આવે જ. અને ધર્મ આવે ત્યાં શુદ્ધિ તો પાયામાં હોય જ. આ ધર્મને લીધે અંતરનાદ આપોઆપ સાચો રસ્તો દાખવી દે છે. આમ આ રીતે ને શ્રદ્ધા "બુદ્ધિ" અને શુદ્ધિની ત્રિવેણી વાત બીજી બાજુથી સમજાવી.

(૨) જ્યારે આપણે આમ તો વ્યક્તિ છીએ "એટલે આપણે જેવા સામી વ્યક્તિમય બન્યા કે તરત સામી વ્યક્તિ પણ આપણામય બનવા પ્રેરાય છે. એટલે કુદરતી રીતે જ માર્ગદર્શન મેળવવામાં નાનપ નહીં અનુભવે. ઊલટું પોતાનું ગૌરવ અનુભવશે. જેમ સંતો આગળ માર્ગદર્શન મેળવવામાં ગૌરવ અનુભવે છે તેમ.

**સંતબાલ**

❀

પૂના, તા. 24-12-74

## મરજિયાત સાદાઈ - શ્રીમંતાઈ હોવા છતાં કેમ રાખવી ?

શ્રીમંતાઈનાં દૂષણોથી બચવું હોય તો ગરીબી માફક સાદું જીવન "શ્રીમંત હોવા છતાં પણ જીવવું. મરજિયાત સાદાઈ - દરેક રીતે - શ્રીમંતાઈ હોવા છતાં કેમ રાખવી અને વધારવી" આ અગત્યનો મુદ્દો ગુરુદેવ પાસે સમજશું.

❀

તા. 30-12-74

**(૧) "સબમેં સમાન તૂહી" એ આ અગત્યના મુદ્દામાંથી એટલે કે ગરીબીમાં અમીરી વેદવી અને અમીરી છતાં ગરીબી વેદવી "એમાંથી આપોઆપ ફલિત થાય છે.**

**(૨) દુર્જન અને સજ્જનનો દાખલો અલગ છે એ ખરું. પરંતુ માણસ દુર્જન જ્યાં જન્મથી નથી હોતો છતાં દુર્જન થઈ જાય છે "ત્યાં સમાજની પરિસ્થિતિનો પણ વિચાર કરવો પડે છે. આ વાત પેલી ટૉલ્સ્ટૉયની કાલ્પનિક વાર્તા જે "સહકાર ઝાંખી"માં આવી છે તે પરથી સમજાઈ જશે. આપણે એ ઠેકાણે ભલે સકારણ પણ આકળા થયા એટલે આપણી અકળામણ ન ઝીલી શકનાર દંભ કરવા પ્રેરાય છે. અને જો દંભ કરશે તો વળી દંભથી ઠગાયેલો માણસ બીજે ઠેકાણે દંભનો પ્રતિકાર કરવામાં હિંસક બનવાનો. અને એમ હિંસા અને સત્ય હંમેશા બેવડાતું જ પાછું પ્રથમના માનવી આગળ નડવાનું.**

**આ દાખલો જેમ-જેમ ઊંડાણથી વિચારશો 'તેમ તેમ છેવટે મૂડીવાદ તરફ અભાવ થઈને સ્વૈચ્છિક ગરીબી તરફ આપણને દોરી જશે.**

**સંતબાલ**

❀

ચિંચણ, તા. 2-1-75

## નિજાનુભવોની યુવાન પેઢીને લહાણ

"ચિંચણ તા. ૨૫-૧૨-૭૪થી તા. ૬-૧-૭૫ સોમવાર સુધી રસોડું ખોલી રહ્યા. તે દરમિયાન કેટલોક વાર્તાલાપ અને પ્રવચનો ગુરુદેવનાં ટેપ કર્યા છે. દરમિયાન આઠ દિવસમાં ગુરુદેવ સાથે છૂટક વાતો નીચે મુજબ થઈ છે.

(૧) ગુરુદેવ બોલ્યા, "કોઈપણ કારણસર - માંદગી અથવા અવસ્થા, શરીરથી જ્યારે અટકી જવું પડે ત્યારે "મનને અસ્વસ્થ કરવું નહીં કે પ્રસન્નતા

છોડવી નહીં. ભિન્ન અનુભવોનો લાભ યુવાન પેઢીને આપી એ રીતે પોતાની શરીર શક્તિ-યુવાન શક્તિ દ્વારા - કામ કરી રહી છે એમ સમજી "પૂર્ણ સમાધાન માનવું - રાખવું. આમ કરવાથી તરુણ પેઢી સાથે નિજાનુભવોની લહાણ કરતાં ઓત-પ્રોત થવાશે' એટલે મારું શરીર હવે નથી ચાલતું" તે વિચાર ભાગ્યેજ આવશે તો આનંદ રહેશે. (ગુરૂદેવનું આ સૂચન ઘણું વ્યવહારુ ને નવીન દિશાસૂચક છે.)

(૨) "સંસાર કે વિપરીત દશાથી "ભાગવું તે નિર્બળતા જ છે. જવાબદારીઓ પ્રત્યે ઉદાસીન થવું અગર ત્યાગ અને અનાસક્તિના નામે દુર્લક્ષ કરવું તે બરાબર નથી. સંઘર્ષ ક્લેશ કરવો કે આરાટોરી કરવી તે સાધના બાધક જ છે. અંતે તો પરિસ્થિતિ અનેક ગણા જોરથી એક યા બીજે રૂપે સામી આવે જ છે. ચાલી જતી નથી. એટલે છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમવાનો - ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ - જુસ્સો-તાકાત અને સ્વસ્થતા માણસે ટકાવી રાખવાં જોઈએ." (ગુરુદેવની આ વાત પણ મારામાં રહેલી અશક્તિ - નબળાઈ દૂર કરવા ઉપયોગી છે. ગુરુદેવના ઉપરના સૂચનના અનુસંધાનમાં મને વિનોબાજીનો દાખલો યાદ આવ્યો. "પ્રતિકાર" શબ્દજ તેમની કાર્યવાહીમાં નથી છેવટે આ જે સ્થિતિ એ આવી કે "મૂંગા સાક્ષી બની તેમણે બધું જોવું પડે છે અતિ ખિન્ન અને વ્યથિત મનથી. અસત્ય સામે પ્રતિકાર કરવાનો જુસ્સો અને તાકાત ગાંધીજીમાં વિપુલ પ્રમાણમાં હતાં. તેઓ છેવટ સુધી અસત્ય અને અન્યાય સામે ઝઝૂમતા રહ્યા "ને હે રામ કરતા - કહેતા પ્રાણ છોડ્યા.)

❀

**ચિંચણ, તા. 4-1-75**

## વિનોબા-ગાંધીજીનું ધાર્મિક અંગ

**સંત વિનોબાનો મૌન વિષયનો તમારો અભિપ્રાય જોયો. એમ માનવામાં વાંધો નથી. સાથો સાથ ગાંધીજી કરતાં "વિનોબામાં એટલી ઊણપ માનવા કરતાં ગાંધીજીનું તે સામાજિક અંગ છે. (જેમ પંડિત જવાહરલાલ રાજકીય અંગ બનેલું તેમ, પરંતુ ગાંધીજીનું કોઈ ધાર્મિક અંગ પણ બનવું જોઈએ) કે જે આ બંનેને સાંધવાનું નિમિત્ત આપવા ઉપરાંત બીજી પણ અહિંસક સમાજરચનાની વાત આગળ લંબાવે! જે કુદરતી રીતે ભાલ નળકાંઠા પ્રયોગમાં ફલિત થાય છે.**

**સંતબાલ**

તા. 5-1-75

## "હું કહું તેમ પ્રભુએ વર્તવું જોઈએ" તેવી માન્યતામાં પ્રભુશ્રદ્ધા કાચી પડે છે

(૧) આમ તો પ્રભુકૃપાની વાત શ્રદ્ધાળુ માનવી અવશ્ય કરતો હોય છે. પરંતુ સાથોસાથ "હું કહું એમ પ્રભુએ વર્તવું જોઈએ" એમ પણ માને છે. અથવા "મારી આશા પૂરી કરો" એવી અપેક્ષા રાખી-રાખીને ચાલે છે. જેથી પ્રભુશ્રદ્ધા મૂળમાંથી કાચી રહી જાય છે. ખરી રીતે તો "પ્રભુ કરે (તે જ સાચું) એમ માનીને તેમાં પોતાની જાતને ગોઠવી દેવી જોઈએ. "હે પ્રભુ ! મારું નહીં પણ તારું ધાર્યું જ થાઓ." એમ કહેવું ઘટે.

(૨) તેવું જ "ગુરુકૃપા" અથવા ગુરુશ્રદ્ધા વિશે પણ સમજવું જરૂરી છે. ખરી રીતે તો "રમા" પ્રત્યે "ગુરુભાવ"ની દશા રાખવી. (એ "વિશ્વમયતા"ની દ્રષ્ટિએ જરૂરી વધુ લાગે છે. કારણ કે બંનેની (તમારી) એકતા બાળકોને અસર કરી છે અને કરી જશે.

(૩) સાદાઈની વાત અને અમીરીમાં ગરીબી માણવાની વાત બધીજ રીતે ઉપયોગી થશે.

દસમો ગુરુ નિર્વાણદિન ૪-૧-૭૫ **સંતબાલ**

❀

## નિખાલસતા અને પુખ્તતા એકબીજાનાં વિરોધી નથી

ગુરુદેવ બોલ્યા : "નિખાલસતા અને પુખ્તતા પરસ્પર વિરોધી નથી (બલ્કે પુખ્તતાના પાયામાંજ જો નિખાલસતા હશે તો જ તે - પુખ્તતા દૃઢ થવાની (ટકવાની અને વિકસવાની હા ! નિખાલસતામાં જાગૃતિ રાખવી જરૂરી છે) એથી જાગૃતિથી પુખ્તતા ઘનિષ્ઠ થશે અને વિકસી શકશે. આમ છતાં પણ જાગૃતિ નહીં હોય વધુ ઓછું બોલાઈ જાય તો પણ તે જોખમ ખેડી નિખાલસતા છોડાય નહીં (કારણ નિખાલસતા જ છેવટે વિશ્વમયતાના માર્ગમાં ખૂબ ખૂબ ઉપયોગી થવાની. એટલે પુખ્તતા જો પૂરી સાધવી હોય તો જાગૃતિ પૂર્ણ (નિખાલસતા પ્રથમ આવશ્યક અને ઉપયોગી છે.)

## પ્રાણને આરામ મૃત્યુથી જ મળે છે

(૨) "દેહાધ્યાસ" ઓછો કરવા "મૃત્યુકાળનો અમૃત ખોવો" એ લખાણનો ઊંડો અભ્યાસ અને ચિંતન કરવાની જરૂર છે. વિનોબાજીની ભાષામાં કહીએ તો "પ્રાણને આરામ તો મૃત્યુથી જ મળે છે" એ આરામ જરૂરી પણ છે જ, તો પછી શા માટે મૃત્યુની ભીતિ રાખવી ?" ગુરુદેવનું આ કથન ચિંતનીય છે.

"ગુરુદેવના એકાસણાને " આજે અઢી વર્ષ થયાં. (૨૫-૧-૭૫) અભિગ્રહ પૂરો થતો નથી. ગુરુદેવ કહે "સમય થશે ત્યારે બધું થઈ રહેશે (કાળ પાક્યો નથી)" આ અંગે બધાની ચિંતાની - એકાસણા અંગે વાત ગુરુદેવને કહી. વાતો પરથી એવી છાપ પડે છે કે પ્રભાબેન જો ચિંચણ રહેવા આવે તો કદાચ ગુરુદેવનો અભિગ્રહ પૂરો થાય.

❀

**ચિંચણ, તા. 6-1-75**

## નરનારી એકતા - અનાગ્રહ અને અભિગ્રહ

(૧) સ્ત્રીના ગુણો પૈકી એ ગુણ પુરુષ પોતામાં વધારે અને પુરુષ ગુણો પૈકી એવા ગુણો સ્ત્રી પોતાનામાં વિકસાવે એમાં વાંધો નથી, કારણ કે છેવટે તો બંનેએ એકરૂપ (સર્વાંગી રીતે) થવું છે ને ? તો જ મોક્ષમાર્ગે સફળ થઈ શકે. પરંતુ સ્ત્રી પોતાના સહજ ગુણોને તિલાંજલિ આપી અથવા પોતાના સહજ ગુણોને હરકત આવે એ રીતે પુરુષ સમોવડી બનવા પ્રેરાય અને એ જ રીતે પુરુષ 'સ્ત્રી, સમોવડો બનવા પ્રેરાય તે બરાબર નથી એથી દંભ આવે છે અથવા વિકૃતિ પેદા થવાનો ભય રહે છે.

(૨) સત્યગ્રાહી અને સત્યાગ્રહી વિશે કુદરતી રીતે સંત વિનોબાનું લખાણ આવવાથી ઠીક કહેવાઈ ગયું "અને તેમને સમજાઈ પણ ગયું." અત્યાર સુધી આગ્રહો બહુ રહ્યા છે તો હવે અનાગ્રહી વૃત્તિ પણ કેળવવાની ઠીક-ઠીક જરૂર રહેશે.

(૩) અભિગ્રહ જલ્દી પૂરો થાય તે દિશાનો પણ જો વધુ પડતો ઝોક થશે તો "કાચું કપાયું" જેવું થવા ભય રહે છે. સહજ સહજ પ્રયત્નો થાય તે જુદી વાત છે. મોટે ભાગે તો આવાં કાર્યો પ્રભુ પ્રાર્થના કે કુદરત મૈયાની પ્રાર્થનાથી સરળ થતાં હોય છે. બહેન "P"ને તપ અને ત્યાગ પરત્વે પ્રેમ છે, તેમાં ખોટું નથી.

(૪) દેહાધ્યાસ છોડવાના પ્રયત્નોમાં "અહમતા-મમતા વાળો" લેખ પણ વારંવાર વિચારવાથી થોડીક મદદ મળવા લાગે તો નવાઈ નહી.

**તા. 6-1-75, પ્રભાત** **સંતબાલ**

❀

**તા. 23-3-75, ચિંચણ**

## વ્યક્તિત્વને ઓગાળવાની જરૂર

હા ! "અહ્‌મ" પણ મૂળે તો મૌલિક ગુણ જ છે. (માત્ર વિશ્વમયતાની સાધના વ્યક્તિત્વને ઓગાળવાની કે વ્યક્તિત્વને વિસ્તારવાની નથી થતી (ત્યાં લગી) તે અભિમાન યુક્ત "અહ્‌મ" રહેતાં "વિશ્વમયતાને બદલે અહંકાર"માં પરિણમી જાય છે. વિવેક ચુડામણિમાં આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્યે આ જ વ્યાખ્યા "અહંકાર"ની આપી છે. ફલાકાંક્ષા રાખવામાં "ઉતાવળ" રૂપી "હિંસા", તરત આવી જાય છે. (માટે ફલાકાંક્ષા અને શાંતિ વિરોધી બને છે. બાકી ફલાકાંક્ષા ગુરુ (પરમાત્મા) કિંવા "વિશ્વમયતા"માં ઓગાળી શકાય તો પછી ધીરજ, સમતા અને શાંતિ ત્રણેય રહેવા સરળ બની શકે છે.

**સંતબાલ**

❀

**તા. 25-12-74થી 6-1-75**

## નિઃશંસય બનવા ગુરુની જરૂર

(૧) ગુરુદેવ બોલ્યા, "ગુરુની જરૂર એટલા માટે છે કે તેથી - ગુરુથી સાધક શિષ્યની દ્વિધા ઘટતી જાય છે. પરિણામે સાધકનું મન અને વિચારો ચોખ્ખુ અને સ્પષ્ટ થાય છે, આથી કાર્યદિશા અને દ્રષ્ટિ સારાં રહે છે" ગુરુદેવની વાત મુદ્દાની છે. મોટે ભાગે ગડમથલ, સઃશંક મન, આ સાચું કે તે સાચું, આ જાતની મનોદશામાંજ માનવી જીવન વિતાવે છે. આ બધી અનિશ્ચનીય સ્થિતિમાંથી ઉગરવાં ગુરુ - Guide સાંનિધ્ય અને દોરવણી જરૂરી બને છે. ગુરુ સહારે ઘણા બિન જરૂરી કલેશ અને દુઃખોમાંથી બચી જવાનો આજ સુધીનો સ્વાનુભવ છે.

❀

## નિખાલસતામાં જાગૃતિની જરૂર

(૨) ગુરુદેવ બોલ્યા : "નિખાલસતા રાખવી જોઈએ. સાથે, જાગૃતિ પણ જોઈએ. એટલે કે નિખાલસતામાં જાગૃતિ જરૂરી છે." ગુરુદેવની આ વાત વિચારવા જેવી છે. કેવળ અધૂરી નિખાલસતા (ભોળપણમાં પરિણમે તેથી કશો લાભ કે પ્રગતિ થતી નથી.) નિખાલસતામાં કાળ પ્રત્યે અને ક્ષેત્રનો સ્થળ સમય અને વ્યક્તિનો વિચાર પ્રથમ થવો - રાખવો જરૂરી છે.

## છેતરપીંડીના પ્રકાર

(૩) ગુરુદેવ બોલ્યા : "કોઈને ન છેતરે પણ પોતે છેતરાય તે સારું છે એ જાતનું ગાંધીજીએ કહેલું. આના ચાર ભાગ છે. ૧. બીજાને ન છેતરે અને પોતે ન છેતરાય આ વર્ગના ઉત્તમ. (૨) બીજાને ન છેતરે અને પોતે છેતરાય. આ વર્ગના મધ્યમ. (૩) બીજાને છેતરે અને પોતે ન છેતરાય (સામાન્ય દુનિયાદારીમાં બને છે તેમ તે નીચલા વર્ગના કહેવાય.) આ સિવાય એક ચોથો અલ્પવર્ગ છે. જે (કલ્યાણભાવનાથી જ્ઞાનપૂર્વક - સમજવા છતાં - બીજાથી છેતરાતા હોય) પણ અંતે તો છેતરનારજ પસ્તાય એવી સ્થિતિ સર્જે.

(૪) ગુરુદેવ બોલ્યા, "કોઈની શ્રદ્ધા કદી ડગાવવા પ્રયત્ન સુધ્ધાં કરવો નહીં. જે જ્યાં હોય ત્યાંથી જ તેને આગળ લેવો (જે વ્યક્તિ પર શ્રદ્ધા હોય તેમાંજ તેને પ્રોત્સાહન આપવું.)

❀

**તા. 26-3-75**

## અહમ્તા-મમતાનો ત્યાગ

**માણસનું તન નબળું હોય, એમાં આ જિંદગી ઉપરાંત પૂર્વકાળના કર્મો પણ કારણરૂપ જરૂર હોઈ શકે. કિશોરલાલ મશરૂવાળાની કાયા (દમિમલ રહેતી તે) ઉદાહરણ રૂપ છે.**

ઉપરાંત શરૂઆતમાં માણસનું મન પણ નબળું હોય અથવા પ્રમાણમાં સબળ બનવા છતાં નિમિત્ત તો પ્રબળ મળે પાછું નિર્બળ બનતું જણાય. પરંતુ જો અહમતા-મમતાનો ત્યાગ અને વ્યક્તિત્ત્વને વિશ્વમયતા તરફ લઈ જવા માટેની ગુરુશ્રદ્ધા કે પરમાત્માશ્રદ્ધા જાગૃતિપૂર્વક ટકી રહે તો પણ (તેમાં પણ) સફળતા ધીરે-ધીરે વધતી જવાની શક્યતા રહેલી છે. ગીતામાંની અર્જુન-હાલત વિચારણીય એ દ્રષ્ટિએ પણ છે.

શ્રદ્ધાની વાત એક તરફી નથી; બંને તરફી છે. મને લાગે છે કે નિઃસ્વાર્થ પ્રેમ થતો જાય તેમ-તેમ પ્રથમ-પ્રથમ વિશ્વાસ વધતો જતો હોય છે અને પછી શ્રદ્ધા પણ વધવા માંડતી હોય છે.

તા. 23-3-75 'સંતબાલ'

❀

## વહેતા જગતના પ્રવાહો સાથે અનુસંધાન જોડવાથી થતું સમાધાન
## "એક પ્રસંગ"

હરિઈચ્છા બહેને પોતાનું શરીર સેવા-ક્ષમ રહ્યું નથી, એની ચિંતા તેઓ એકથી વધુ વાર કહેતાં હતાં. તે પરથી તેમને આપણે "વિશ્વમયતા"ની દ્રષ્ટિએ વહેતા જગતના પ્રવાહો સાથે અનુસંધાન જોડી રાખવા પૂરેપૂરું સમાધાન મળશે એમ કહેવું. આ વાત જરાય નવી નથી. જૈન ગ્રંથોમાંની પેલી બાહુબલિ મુનિવાળી વાતો વારંવાર આપણે ઉચ્ચારીએ જ છીએ. બ્રાહ્મી-સુંદરી સાધ્વીઓએ

"વીરા મોરા ગજ થકી હેઠા ઊતરો"
ગજે ચઢ્યા કેવળ ન હોય વીરા મોરા રે ગજ થતી હેઠા ઉતરો"

એ કાવ્યપંક્તિ લલકારી અને મુનિ બાહુબલિ તરત ચેતી ગયા, અને પગલું ઉપાડ્યું કે તત્કાલ "કેવળજ્ઞાન" થઈ ગયું હતું. પગલું ઉપાડ્યું, એનું જ નામ છે, તે વખતનાં પ્રથમ તીર્થંકર ભગવાન વૃષભનાથનાં ચતુર્વિધ સંઘ વાળા (સમાજગત સાધના અથવા વિશ્વમયતાની દ્રષ્ટિએ વહેતા) જગતનાં પ્રવાહો સાથેનું અનુસંધાન ! એ અનુસંધાન રાખીને બાવીસમા (જૈન આગમમાંના) નેમિનાથ તીર્થંકરના ચતુર્વિધ સંઘવાળા જગતનાં પ્રવાહો સાથેનું અનુસંધાન જ ગણાય. તે રાખીને તેમના જમાનામાં ગજસુકુમાર નામના મુનિ એકલા સ્મશાનમાં સાધના કરવા ગયેલા, જરૂર કેવળજ્ઞાન પણ પામી ગયા. અને પારાવાર કષ્ટો છતાં ધીરજ, સમતા અને શાંતિ રાખી કષ્ટો આપનારે પોતાને મોક્ષ પાઘડી બંધાવી છે, તેવો અર્થ તારવીને સુખે કષ્ટ સહી શકેલા."

"સંતબાલ"

❀

પૂના, 6-2-75

## ઘડપણે ગુરુદેવનું સ્વાસ્થ્ય

એક દિવસ તેઓનાં પગના દુઃખાવાની વાત નીકળતાં ગુરુદેવ બોલ્યા : "પગે આમ ઠીક ચાલે છે, હરવા-ફરવામાં એકંદર હરકત નથી આવતી એટલે બીજો વાંધો નથી. બાકી જે થોડો દુઃખાવો અને પગ વળે છે, તે હવે પૂરું સારું થાય એમ લાગતું નથી. બીજું નવું લોહી પણ આ ઉંમરે આવે નહિ, એટલે પગ અત્યારે જેટલું કામ આપે છે તેટલું સમાધાન છે. વચ્ચે વાનગાંવ એકવાર ગયેલો ત્યારે પગનો ખ્યાલ વધુ આવ્યો; થોડો પ્રવાસ કરવો હોય તો થાય બાકી લાંબા પ્રવાસો ન થાય."

ગુરુદેવની માનસિક સ્થિતિ અને જાગૃતિ એટલાં જબ્બર છે કે, આમ અનાયાસે વાત નીકળે ત્યારે યાદ-ખ્યાલ આવે કે "ગુરુદેવને શરીર દૃષ્ટિએ ઘડપણે હવે ગઢ ઘેર્યો છે. બેથી ત્રણ ઓપરેશન અગાઉ થયેલાં અને ઘેર-ઘેર માધુકરી-જાત જાતનો ખોરાક અને રાંધવાની રીત હોય ત્યાંનું ભોજન જીવનભર લેવાનું. બધાનો ખ્યાલ તેમજ સખત તપશ્ચર્યા અને કઠણ પાદવિહાર પ્રવાસો સમગ્ર રીતે કરતા, જે સ્વાસ્થ્ય ગુરુદેવ આજે ધરાવે છે તે ખરે જ સુંદર છે, બીજા સાધુ કે યોગીની સરખામણીમાં જોકે આવા સુંદર સ્વાસ્થ્યનું બીજું પ્રદાન કહી શકાય તેવું કારણ છે, "સદાય પ્રસન્ન રહેતું ગુરુદેવનું મન અને સ્મિત સભર રહેતું તેમનું મુખારવિંદ જોકે આવી શરીર મનની પ્રફુલ્લતા અને સ્ફૂર્તિ, મહાપરિશ્રમ દીર્ઘકાળનો માને છે. આમ, છતાં પણ એક એવું પ્રેમ તત્ત્વ ગુરુદેવની સાધનામાં સ્વશરીર અને જીવન માટે અસ્તિત્વમાં જોવા મળે છે. અત્યારની તંદુરસ્તી પર વિચાર કરતાં કે, લોનાવલા સ્વામી દિગંબર માફક સાધના અને તપશ્ચર્યામાં, ગુરુદેવે શરીરને સૂકવી કે કરમાવી કૃષ કરી નાંખ્યું નથી કે નથી બીજા યોગીઓ માફક હઠયોગનાં સખત અને કંઈક તામસી પ્રયોગો અને ક્રિયાઓ કરી કે શરીર પર સંયમ અને તપશ્ચર્યાનાં નામે ખોટો જુલમ કે ત્રાસ વરતાવ્યો. ટૂંકમાં, મનરૂપી માંકડાને કાબૂમાં રાખવા, જરૂર હોય તેટલી જ સખતાઈ-યમ, નિયમ સાથે સપ્રમાણ તપશ્ચર્યા શરીર પર ગુરુદેવે રાખી વિવેક જાળવ્યો છે તેવું લાગે.

❀

તા. 23-3-75

જેમને ફાળે જેટલું કામ નિસર્ગ મૈયાએ લેવું હોય તેટલું તેમનું મન-તન, સાધક-સાધિકાનો પોતાનો એ માર્ગમાં શ્રદ્ધા ભર્યો પુરુષાર્થ ખરેખરો હોય તો નિસર્ગમૈયા પણ રાખતી જ હોય છે. જૈન શાસ્ત્રોમાં વ્રજ, વૃષભ રૂપે

આ વાત તીર્થંકરો માટે કરી જ છે, ભ. મહાવીરને અનેક અને અસીમ સંકટો (જૈન પરિભાષામાં જેમને ઉપસર્ગ અને પરિષહો કહેવાય છે તે) આવ્યા છતાં શરીર સારી પેડે ટકી રહેલું. અલબત્ત છેલ્લે-છેલ્લે લોહીખંડવાળો થોડા વખત પૂરતો થઈ આવેલો, એ ખરું.

અભિગ્રહની વાત પણ પ્રેરણાપાય તેવી જૈન ગ્રંથોમાં આવે છે. ભગવાન વૃષભનાથને ભિક્ષા મળતી નહોતી. જોકે તેમાં તે કાળના લોકો સાધુપુરુષને શું અપાય તેજ સમજતા ન હતા. એવી વાત સાથોસાથ આવે છે, એટલે હાથી, પાલખી અને બીજી એવી સામગ્રીઓ ધરતા, પણ ખોરાક ધરતા જ નહીં. ખોરાકમાં શેરડીનો રસ એમના પૌત્ર શ્રેયાંસકુમારે ધરી પારણું લાંબા સમયે કરાવેલું. તે નિમિત્તે વર્ષીતપ (સવિતાબેનના વર્ષીતપ)ના પારણામાં કહેલું તેમ "એકાન્તરા વગેરે ઉપવાસાદિનો વર્ષીતપ થાય છે.

ભગવાન મહાવીરનો અભિગ્રહ તો કેટલો બધો આકરો હતો, છતાં કુદરતમૈયાની મદદે અને લોકોમાં વિચારો "સહેજેગતિશીલપણે" આવવાને કારણે તે પૂરો થયો જ હતો; એટલે કદાચ જિંદગી હોતા પણ પૂરો થઈ જાય, તો કશી નવાઈ નથી. મૂળે તો આવો વિચાર કરનારે પણ ધીરજ ખૂબ જ રાખવી જોઈએ. (પૂજ્ય ગુરુદેવના એકાસણાં અંત સુધી પૂરા થયાં ન હતાં.)

**परस्परो उपग्रहो जीवानाम** એ પણ જો આત્માનું લક્ષણ જ છે અને "વિભુત્વ" પણ આત્માનો જ્ઞાન જેવો જ ગુણ છે. તેમ માનીએ તો એક-મેકની સેવા કરવી તે સહજ જ બને છે.

**"સંતબાલ"**

ચિંચણ, તા. 23-3-75

## અહંકારનું વિધાયક પાસું

જેમ "અહંત્વ" કેવળ નકારવા જેવી ચીજ નથી પણ વ્યક્તિત્ત્વને વિશ્વમયતામાં ઓગાળવા જેવી ચીજ છે. મતલબ "અહંકાર"નું પાસું માત્ર નિષેધાત્મક રીતે જ ન વિચારતાં એની વિધાયક બાજુ વિકસાવવા પ્રયત્ન કરવો વધુ નક્કર અને સરળ બની જાય છે, તેમ "બ્રહ્મચર્યનાં નવાં મૂલ્યો" એ પુસ્તકમાં નેમિ મુનિએ "વાસના ક્ષય" માટે વિધાયક બાજુ વિકસાવવાની પણ ઠીક પ્રેરણા આપી છે.

**"સંતબાલ"**

ચિંચણ, તા. 23-3-75

## નર-નારીની ઓતપ્રોતતામાં વાસનાક્ષયનું મહત્ત્વ

નારીની ઓતપ્રોતતા નરમાં જેટલી વધે, તેટલે તેટલે અંશે દેહે નર રહેવા છતાં, "સકળ જગતની બની જનેતા" ભાવ લાવી જે "વિશ્વવાત્સલ્ય"ના ધ્યેયમાં અને ધર્મમય સમાજરચનાના કાર્યમાં ગતિશીલતા લાવી શકાતી હોય છે. અને નારીની ઓતપ્રોતતા નરમાં તો જ પૂરેપૂરી રીતે ટકી શકે છે કે જો નરની શક્તિ દિને-દિને વધતી જાય અને છતાં વાસનાક્ષય માટે વીર્યવ્યય વધતો અટકાવી ક્રમેક્રમે સંયમમાં વૃદ્ધિ થતી જાય. આમ ઉપલક રીતે જોતાં રામ સીતામાં લટ્ટુ બની ગયેલા લાગે, પણ "વાસના ક્ષય"ની દિશા કેટલી મજબૂત હતી કે જેથી સીતાનો પ્રત્યક્ષ દેહવિયોગ ખરેખરા ભોગના ટાણેજ સહી શક્યા. એથી રામથી સવાયા લવ-કુશ જન્મી શક્યા હતા. જમનાલાલ બજાજ અને જાનકીદેવીની દામ્પત્યજીવનની વાત પણ સમજવા જેવી છે.

"સંતબાલ"

પુના, તા. 16-2-75

## ઈન્દિરાબેન અને જયપ્રકાશજી એક બીજાના પૂરક થાય

ગુરુદેવ ૩૦-૧-૭૫ના પત્રમાં લખે છે : "રશિયા-ભારત કરારો થયા. તેમાં પણ ઈન્દિરાબહેનનું નિમિત્ત ઝળકી ઊઠ્યું અને છતાં અમેરિકા-ચીનથી અલગ પાડીને પાકિસ્તાન સાથે કરાર થવામાં ઈન્દિરાબહેન જ સોળે કળાએ ઝળકી ઊઠ્યાં. ઈન્દિરાબહેન અને જયપ્રકાશજી એકબીજાના પરસ્પર પૂરક થાય એ રીતે મળવાની વાત જરૂરી છે. જેથી ઈન્દિરાબહેન ડાબેરી કોંગ્રેસીઓ તથા જમણેરી સામ્યવાદીઓથી ઊગરી જાય. છેવટે કોંગ્રેસના વિભાજન એક થવાની ભૂમિકા સર્જી શકે અને શ્રી જયપ્રકાશજી મૂડીવાદી-કોમવાદી તથા ડાબેરી સામ્યવાદીઓ વગેરે રાષ્ટ્ર પ્રત્યાઘાતી તત્વોથી અળગા પડી જાય"

આમ તો ગુરુદેવની આ વાત ઠીક લાગે છે. પણ રાષ્ટ્રહિતના સ્તરે વિચારતાં ઈન્દિરાજીએ સરવાળે રાષ્ટ્રને નૈતિક અને આર્થિક રીતે લાભ કર્યો છે કે વધુ ગેરલાભ તેનો ન્યાય ભાવિ ઈતિહાસકાર અને આવનાર પેઢીઓ કરશે. બંગલાદેશની વિજયની હજુ એટલી બધી અસર આજ ચાર વર્ષે પણ આપણા મન પર તરફેણ કરનાર પણ દ્રઢ છે કે છેલ્લા ચાર વર્ષમાં જે Draw Backs રાષ્ટ્રના આવ્યા તે સર્વ

દોષોનો ટોપલો તે વ્યક્તિ કે સંજોગો ચાહે તો રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય પર ઢોળીને, ઈન્દિરાજીના અજોડ નેતૃત્વની છાશવારે તારીફ કરવામાંથી આપણે નવરા થતા નથી. અત્રે એ ન ભૂલવું જોઈએ કે કોંગ્રેસના સિદ્ધાંતો અને તત્ત્વોની તારીફ ફરી તેને ટકાવવી એ એક વાત છે અને તે સંસ્થાના નેતા હોવા છતાં ઈન્દિરાજીની તારીફ કરવી તેમાં "આમાં ગુણ-અવગુણ બંને હોય છે." ગુણ કરતાં શક્તિ તારીફ કરવા જેવું થાય છે. તે બીજી વાત છે. ઈન્દિરાજી સામ્યવાદીઓથી ઘેરાણાં છે. એ હકીકત આ પત્રમાં ગુરુદેવ પણ કહે જ છે. એટલે રશિયા-ભારત કરારો, કેટલા સારા થયા તે સમજી શકાય તેવું છે. સિમલા કરાર બાદ પાક સાથે મૈત્રી વધી ગઈ અને આ Sub continent પર શાંતિ પથરાઈ ગઈ તેવું દેખાતું નથી. એક તરફથી ગુણપૂજા અને ધર્મમય સમાજ રચના માટે આપણે પ્રતિજ્ઞાબદ્ધ છીએ - "ગાંધીજી સાથે વ્યક્તિગત વિભૂતિયુગ આથમ્યો - હવે સમાજગત વિભૂતિયુગનો યુગ છે." એમ કહીએ છીએ. બીજી તરફ રાષ્ટ્રસ્તરે નૈતિક મૂલ્યોનું સ્વ-સ્વાર્થ કાજે - સત્તા અને ખુરશી માટે ખુલ્લેઆમ ખંડન કરવામાં "જેને નથી આંચકો લાગતો કે દુઃખ થતું એવા ઈન્દિરાજીની" જાહેરમાં આપણે તારીફ કરતા રહીએ - ગાંધીજી સાથે વિભૂતિ યુગ ગયાનું કહીએ અને બીજી તરફથી ઈન્દિરાજી એક અને અજોડ વર્તમાન નેતા, પછી તે ગમે તેમ વર્તે કે બોલે તો પણ બરાબર જ કરે છે. એમ પ્રતિપાદન કરીએ, તે જશે તો "દેશ ઊંધો ચત્તો થઈ જશે (જો કે ઈન્દિરાજીએ પોતાની આપખુદી અને સત્તા લાલસામાં દેશની આજે આવી અસહાય સ્થિતિ જ કરી છે.) એમ સમજવું તેમાં કુદરત પરની શ્રદ્ધાની કમતરતા જ છે નહેરુ પછી કોણ અને શું થશે એ પ્રશ્ન જેમ કુદરતે જ Solve કરી, 'શાસ્ત્રી જેવા નાના માણસને મોટા બનાવ્યા તેમ ઈન્દિરા પછી કોણ એ દેશનું શું થશે તે શંકામાં તથ્ય નથી. "બહુરત્ના વસુંધરા" એમ દેશમાં "માટી" પાકે જ છે.

J. P. પણ એક રીતે જોઈએ તો ઈન્દિરાજીના આપખુદ વર્તનની જ આડપેદાશ છે. નહેરુ માફક પ્રતિસ્પર્ધીઓ તરફ માન અને કુણી લાગણી - લોકસભા પ્રત્યે આદર અને જનતા પ્રત્યે દિલનો પ્રેમ ઈન્દિરાજીને નથી તે વાત હવે કાંઈ છૂપી નથી.

❀

**ચિંચણ, તા. 24-3-75**

## નાના માણસો મારફત મોટાં કામો

મધ્યમરૂપે નાના માણસો મારફત મોટાં કામો મહાપુરુષો કરાવી શકે છે. કારણ કે નાના-માણસોમાં જે લાઘવ ગ્રંથી હોય છે તે મહાપુરુષોની છાયામા રહેવાથી દૂર થાય છે. અને નાના માણસોમાં ગૌરવગ્રંથીનો સંભવ ભાગ્યે જ રહેતો હોય છે.

એટલે એમની નિખાલસતા અને આંખો મિંચીને આદરેલી શ્રદ્ધા, સારી પેઠે ફળી જાય છે. રામાયણમાં હનુમાન "બટુક થઈને ગયા હતા - પણ સૌથી મોટામાં મોટું કામ એમના દ્વારા જ રામનું થયું, તે જાણીતી વાત છે. ત્રિજટા રાક્ષસી નાનું માણસ હતી, પણ સીતાની રામગમનના વિલંબે જે ધીરજ ખૂટી ત્યાં ત્રિજટાએ પૂર્તિ કરી હતી.

## શંકા કે સંશયનું મહત્ત્વ અને મર્યાદા

સંશય કે શંકા તો બુદ્ધિ છે ત્યાં લગી થવાનાં જ. પરંતુ બુદ્ધિના સમાધાન માટે જ તે શંકા કે સંશય હોવાં જોઈએ. બુદ્ધિને બહેકાવવા માટે નહીં. ઈન્દ્રભૂતિ ગૌતમ વારેવારે ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછી થકવતા, પણ મહાવીરે સમાધાન આપ્યું, એટલે બસ મહોર છાપ મારી અનુસરતા. તો જ આનંદ શ્રાવક પાસે માફી માંગવા પહોંચી ગયેલા તે નહીં તો શ્રાવક પાસે આવા મહાજ્ઞાની તરત તરત માફી માંગવા પહોંચે ખરા ?

## ગાંધીજી ગયા બાદ ગામડાને નૈતિક રીતે સંગઠિત કરવાની જરૂર હતી

**બહુ સારું થયું તમે "ઈન્દિરાબહેનને નિમિત્તે આ વાત ચર્ચી. આજે દેશ અને આખુંય જગત "સંક્રાન્તિ" ની પરિસ્થિતિમાં હોઈ "ભારત દ્વારા" જગતનું કલ્યાણ" અને "ગુજરાત દ્વારા ભારતનું કલ્યાણ" આપણે માનતા હોઈએ તો ગાંધીજી ગયા બાદ સંત વિનોબા અને પંડિત જવાહરલાલ એટલે કે કૉંગ્રેસ અને રચનાત્મક કાર્યકર સંસ્થાનું સંકલન કરીને આમ જનતા, ખાસ કરીને ગામડાને નૈતિક રીતે સંગઠિત કરવાની જરૂર હતી તે ન થયું, તેને લીધે આજની પરિસ્થિતિ છે. આમાં વ્યક્તિનો દોષ ન કાઢીએ. પણ પરિસ્થિતિનો દોષ કાઢીએ. સદ્‌ભાગ્યે ભાલ નળકાંઠા પ્રયોગે સમૂળગો દોર ભલે નાના ક્ષેત્રમાં પણ સાચવી રાખ્યો છે. માટે જ જેમ સંત વિનોબા આવી ગયા એ પ્રદેશમાં પંડિત જવાહરલાલ આવી ગયા, તેમ ઈન્દિરાબેન આવે તે જરૂરી છે. જેથી ઈન્દિરાબહેન અને J.P. નું મિલન સફળ થઈ શકે.**

**"સંતબાલ"**

❀ ❀ ❀

## ખંડ : બીજો
# વિશ્વમયતા અને રાષ્ટ્રીય કટોકટી

તા. 24-3-75

### ડાયરી લખવામાં શું સાવધાની રાખવી જોઈએ ?

નોંધસૂચિ રાખવાનો વિચાર આવ્યો તે સારો છે. વ્યક્તિગત નામો વિશે ડાયરી (નોંધપોથી)માં સાવધાની રાખી છે. હજુ પણ વિશેષ રાખવી કારણ કે આપણે સામા માનવીનું એક પાસું જોઈને ઊણપ વર્ણવીએ અને કેટલીક વાર બીજું પાસું એવું સુંદર હોય કે તે ઊણપ પણ એમને ભવિષ્યે શોભારૂપ બની જાય અથવા અનાયાસે નીકળી પણ જાય ! એટલે વિશ્લેષણ જરૂર કરી શકાય. પણ બે બાબતો ત્યાં ખાસ ધ્યાનમાં રાખવી : (૧) "મને આ પાસાંથી જોતાં આમ લાગ્યું છે - એવો ઉલ્લેખ ભૂલાઈ ન જાય." તે સતત જોતાં રહેવું અને (૨) મોટે ભાગે ગુણલક્ષી જ દૃષ્ટિ રાખવી. સંભવ છે કે આપણે ગુણવર્ણનમાં અત્યુક્તિ કરી બેસીએ 'પણ જેની સાથે ઓછામાં ઓછો સંબંધ હોય' ત્યાં ગુણોની અત્યુક્તિમાં હરકત નથી. નજીકનો અને પૂર્વગ્રહરહિત સંબંધ હોય ત્યાં અત્યુક્તિ થાય તો કદાચ હરકત આવે !

- સંતબાલ

### પતિ-પત્નીના પારસ્પરિક સમર્પણથી દેહ-મૂર્છા ઓછી થાય છે

કેટલીક વાર એવું બને છે કે "આશા-અપેક્ષા ખરેખર ઐહિક અને ભૌતિક છે કે જીવનના વિકાસલક્ષી અથવા આધ્યાત્મિક છે" તે કળવું કઠણ છે. આથી જ કોઈ ભક્ત કવિ જેવાએ કહ્યું છે કે, "મારે તો મોક્ષે જવાની આશા-અપેક્ષાય રાખવી-જવાની નથી." ટૂંકમાં પ્રથમ તો બધા જ પ્રકારની આશા-અપેક્ષા પ્રભુ અને ગુરુમાં સમર્પિ જ દેવી સારી. જોકે આ કામ નારી શરીરને સુલભ હોય છે એટલું પુરુષ શરીરને સુલભ નથી. કારણ કે નારી શ્રદ્ધાપ્રધાન અને વિશેષ હૃદયપ્રધાન હોય છે, જ્યારે નર તર્કપ્રધાન અને વિશેષ બુદ્ધિપ્રધાન હોય છે. જોકે જરૂર તો હૃદય અને બુદ્ધિ બન્નેયની છે. જેથી ગૃહસ્થાશ્રમી પતિ પોતાની પત્નીમાં સમર્પિત થઈ જાય અને ગૃહસ્થાશ્રમી

પત્ની પોતાના પતિમાં સમર્પિત થઈ જાય. આમાં જો કોઈ સંતજનની માર્ગદર્શક મધ્યસ્થી હોય તો આવા પતિ-પત્નીના પારસ્પરિક સમર્પણોમાં પ્રથમ જે દેહમૂર્છા વધુ પડતી થવા સંભવ છે તે આપોઆપ ઓછી થઈ બન્નેના વ્યક્તિત્વ વિશ્વમયતાને પંથે વહેવા માંડે છે.

તા. 25-3-75 - સંતબાલ

❀

ચિંચણ, તા. 25-3-75

## સ્ત્રીસ્વભાવ - પુરુષનો અહમ્ ઓગાળવાની શરૂઆત ઘરથી જ કરવી જોઈએ

આયુર્વેદમાં વાત, પિત્ત અને કફ કહ્યા છે. ગીતા અને વેદાંતની પરિભાષામાં સત્ત્વ, રજ, તમ કહેલ છે પરંતુ સરવાળે તો એ ત્રણેયનું મૂળ એક જ છે. તેમ લાલસા અને વાસનાનું મૂળ પણ એક કામના જ છે. કહેવાય છે કે 'સ્ત્રીઓમાં કામ ઘણો' આવું શાસ્ત્રો કહે છે, પરંતુ વ્યવહારમાં સ્ત્રીઓમાં ભોળપણું પાર વિનાનું હશે. અકારણ ઈર્ષ્યા પજવતી હશે. ક્યારેક મિથ્યાભિમાન અને ઊંડે ઊંડે રહેલી કીર્તિલાલસા પણ કામ કરી જતાં હશે. લાઘવગ્રંથિ પણ કામ કરી જતી હશે, પરંતુ મોટે ભાગે સ્ત્રીઓમાં કામવાસનાની પીડા પ્રમાણમાં ઓછી હશે એ આજના યુગની વાસ્તવિકતા કહી જાય છે. હા, એને (સ્ત્રીને) હૈયું ખાલી કરવાની હૂંફાતી મદદ સતત જોઈતી હોય છે કારણ કે નાની દેખાતી વાતમાં પણ નારી સધ્ય વ્યથિત થઈ ઊઠે છે. એટલે જ એનો પતિ જો એનું ગૌરવ સાચા અર્થમાં કરતો થાય, એની નાની પણ વ્યથામાં પોતાની નાની છતાં સક્રિય સહાનુભૂતિ પુરાવતો હોય, તો એ નારી એવા પોતાના પતિમાં પ્રભુપદ આરોપી દેતાં જરાપણ ખચકાટ અનુભવતી નથી.

વડીલો આગળ, ગુરુજનો આગળ 'અહમ્' ઓગાળવો સહેલો છે પણ શરૂઆત તો ઘરથી જ, નારીથી જ કરવાની હોય છે. ઘરથી જ શરૂઆત તે આનું નામ. પરંતુ ત્યાં જ કઠિનતા પારાવાર નડે છે. નારીને આપણા શાસ્ત્રોમાં પણ ઠીક ઠીક ઉતારી પાડી છે. જોકે શાસ્ત્રકાર મહાપુરુષોએ તો વાસના વિજય માટે 'નારી'ને ઉતારી પાડી કે માનવી એનાથી અળગો રહે, ચેતતો રહે, પરંતુ એક વાર અળગો રહ્યા પછી પાછું ઓતપ્રોત થવાનું છે. તે વાત અધૂરી રહી ગઈ અથવા ભુલાઈ ગઈ ! આજે એથીય એ ભુલાયેલી વાતને પ્રાથમિકતા આપવી પડે છે.

- સંતબાલ

## અહંકારના પ્રકાર

'અહંકાર' વિશે સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતીનું લખાણ નોંધવા જેવું છે. "અહંકારના ત્રણ પ્રકાર છે : (૧) અજ્ઞાનીનો અહંકાર, ભક્તોનો અહંકાર અને જ્ઞાનીનો અહંકાર. અજ્ઞાનીનો અહંકાર પથ્થર પર કોતરેલી લીટી જેવો છે, તે કદાપિ દૂર થતો નથી. (આનું કારણ એ કે અજ્ઞાની પૂર્વગ્રહો છોડી શકતો નથી.) ભક્તનો અહંકાર રેતીમાં દોરેલી લીટી જેવો છે. પવન ફૂંકાય એટલે રેતીમાં દોરેલી લીટી આપમેળે ભૂંસાઈ જાય છે. ભક્ત હૃદયમાં શરણાગતિની ભાવનાનો પવન ફૂંકાય એટલે, અહંકાર આપમેળે અળગો થઈ જાય છે. અને જ્ઞાનીનો અહંકાર પાણીમાં દોરેલી લીટી જેવો હોય છે. એ લીટી દોરાતી જાય તેમ તેમ પાછળ તે ક્ષણે ભૂંસાતી જાય. એ રીતે જ્ઞાનીના વાણી-વ્યવહારમાં 'અહમ્'નો ઉપયોગ થતો હોય પણ તે ક્ષણે જ એનાં જીવનમાં તો નિરહંકાર ભાવ જ વ્યાપેલો હોય. (આમ થવાનું કારણ 'પૂર્વગ્રહ પરિહાર' જ્ઞાનીઓ માટે સહજ હોય છે તે છે.) અહંકાર ઓગળશે તો જ મમત્વ મટશે. મમત્વ મટશે તો જ પ્રભુતા પમાશે.

હૃદયમાં જો 'હું પ્રભુનો છું' એ ભાવના દૃઢ બને અને સતત નમ્રતા જ ઘૂંટાયા કરે, તો અહંકાર આપોઆપ ઓગળે અને કૃતજ્ઞતાનો ભાવ વધુ ને વધુ ઘેરો બનતો જાય."

સ્વામી કૃષ્ણાનંદના ઉપરના વિધાન સામે - સાચોસાચ - ગુરુદેવના ડાયરી પા. ૨૭૯ ઉપર લખાણ છે કે આમ તો પ્રભુકૃપાની વાત શ્રદ્ધાળુ માનવી અવશ્ય કરતો હોય છે, પરંતુ સાથોસાથ "હું કહું, તેમ પ્રભુએ વર્તવું જોઈએ" એમ પણ માને છે અથવા "મારી આશા પૂરી કરો" એવી અપેક્ષા રાખીને ચાલે છે. જેથી પ્રભુ શ્રદ્ધા મૂળમાંથી કાચી રહી જાય છે. ખરી રીતે તો "પ્રભુ કરે તે જ સાચું" એમ માનીને તેમાં પોતાની જાતને ગોઠવી દેવી જોઈએ. "હે પ્રભુ મારું નહીં પણ તારું જ ધાર્યું થાઓ" એમ કહેવું ઘટે. પાના ૨૮૭ ઉપર ગુરુદેવ સ્પષ્ટ કહે છે કે "અત્યાર સુધી આગ્રહો વધુ રહ્યા છે તો હવે અનાગ્રહી વૃત્તિ પણ કેળવવાની ઠીક ઠીક જરૂર રહેશે."

❀

તા. 29-3-75

## સામેના પૂર્વગ્રહ સામે જોયા વિના નિખાલસ વર્તન રાખવું તે વિશ્વમયતા માટે જરૂરનું છે

પૂર્વગ્રહ ઘણી વાર દ્વિતરફી હોય છે ! જાણે-અજાણે આપણામાંય પૂર્વગ્રહ આબાદ રીતે રહીને ઉપરનો વિવેક-વિનય જળવાવે છે; પણ તે આપણને જોઈએ તેટલો સંતોષ આપતો નથી. આ એક વાત થઈ. પણ

સામેનો પૂર્વગ્રહ હોય ત્યારે; આપણા પૂર્વગ્રહ રહિતતાની અસર ઘણે લાંબે ગાળે સામાનાને થાય; તો ત્યાં ધીરજ રાખવા માટે પૂર્વના ઋણનુબંધની રહી ગયેલી કચાશ જોવા પર મહાપુરુષો ભાર આપે છે. ટૂંકમાં પૂર્વના ઋણાનુબંધ ખામીભર્યા ન હોય અને એકાંતપણે સામેનાનો પૂર્વગ્રહ હોય જ; તો એ સામેનાના પૂર્વગ્રહ સામે જોયા વિના નિખાલસ વર્તન રાખવું, "વિશ્વમયતા"ના માર્ગમાં અનિવાર્ય જરૂરી છે. આ વાત તમારા સ્વજનો બારામાં વિચારશો તો; કદાચ ઠીક ચિંતનનો મસાલો મળી રહેશે.

આ વખતમાં દક્ષિણ આફ્રિકાનાં પ્રવાસની ફલશ્રુતિ પરત્વે જે સાત મુદ્દાઓ તારવ્યા તે સારા છે.

❀

## નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિની જરૂર

મોક્ષ માર્ગમાં નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિ એમ બંને માર્ગો સાથોસાથ જરૂરી છે. તો જ વ્યક્તિગત અને સમાજગત સાધનાની સમતુલાનો વ્યક્તિવિકાસ અને સમાજવિકાસ (ખરા અર્થમાં તો સમાજશુદ્ધિ) થઈ શકે. જૈન ધર્મમાં આ માટે અરિહંત અને સિદ્ધ બંને કોટિઓ સરખી રીતે ઉપયોગી ગણી છે. એમ છતાં પૃથક્કરણ કરવામાં આવે ત્યાં અરિહંત (એટલે કે તરીને તારવાવાળા) ઉત્તમ છે એમ કહી શકાય. તે જ રીતે શ્રાવક જીવનમાં ય મોક્ષ તો મળી જ શકે છે પણ વ્યક્તિગત અને સમાજગત સાધનાની સમતુલાના વ્યક્તિગત વિકાસ અને સમાજશુદ્ધિ માટે ઉત્તમ જીવન તે સાધુપુરુષો એટલે કે સંન્યાસગત સાધુજનોનું ગણાય. તે પુરુષો નિવૃત્ત દેખાય, તો ય તેઓ પ્રવૃત્તિલક્ષી જ નિવૃત્તિ સેવનારા જ ગણાય. ગાંધીજી આમ ગૃહસ્થ હતા અને રહ્યા. પરંતુ આંતરિક અને બાહ્ય બંને પ્રકારનો સંન્યાસ તો તેઓમાં હતો, એમ કહી શકાય ખરું.

તા. 29-3-75 - **સંતબાલ**

❀

**પૂના, તા. 16-3-75**

## વ્યક્તિ તથા સમષ્ટિમાં રહેલ ચેતનાની એકરૂપતાથી પ્રેમ માર્ગે બહિરાત્મ દશા દૂર થઈ શકે

ગુરુદેવ કહે છે, "આમ બહિરાત્મ દશાને સમૂળગી દૂર કરવી હોય તો (વ્યષ્ટિના) કે વ્યક્તિના શરીરમાં રહેલી ચેતનાના અને સમષ્ટિના શરીરમાં રહેલી ચેતના બન્નેની મૂળ દૃષ્ટિએ એકરૂપતાનો જીવંત અનુભવ થાય છે." આટલું ઉચ્ચ દર્શન, જ્ઞાન કે

અનુભવ મને નથી, તો પણ જે થોડો અનુભવ છે તે પરથી એટલું તો લાગે કે પ્રેમ વિના આવી જ્ઞાનદૃષ્ટિ અને જીવંત અનુભવ થવો શક્ય નથી. "પ્રેમ માર્ગે જવાથી જે એક પ્રકારનું મોકળાપણું-મુક્તતા લાગે છે તે કેવળ અનુભવગમ્ય છે. 'પ્રેમ'થી વિરુદ્ધનું વર્તન અંદર રહેલી ચેતનાને રુંધે છે, કુંઠિત કરે છે. એમ જાણ્યે અજાણ્યે અનુભવ થાય છે. 'પ્રેમ'માર્ગ એટલે ઢીલાપણું, તે વ્યાખ્યા કે વાતને અત્રે સ્થાન નથી. ગુરુઆજ્ઞા મુજબ પ્રેમ સાથે જરૂર પડે ત્યાં સંઘર્ષ પ્રતિકારની વાત તો સાથે આવે છે કારણ સમષ્ઠિ સાથે રહીને જીવવાનું છે. એટલે કેટલીક વાર પ્રેમના નામે નમતું જોખી કાયરતા પોષી શકાય નહીં. પ્રેમમાં પણ શૌર્ય, માધુર્ય અને વીરતાને સ્થાન છે જ. પણ તે આવેશપૂર્વકનું નહીં સત્યલક્ષી, ધીરજપૂર્વક ઠંડી તાકાત સાથેનું છે.

❀

**ચિંચણ, તા. 25-3-75**

## નારીગૌરવને પ્રેમપૂર્વક અપનાવવાની જરૂર

**ભારત ધર્મપ્રધાન ભૂમિ હોવાથી એ જ રીતે એ જગતને પીરસે એ જરૂરી છે અને ભારત એટલે તો ભારતનો સમજુ નાગરિક જ ને ? એટલે ભારતમાં સમજુ નાગરિક તરીકે આપણે એ દિશામાં સારી એવી પહેલ કરવી જોઈએ, જેમ ગાંધીજીએ કરી. નારીગૌરવ યુગના બાપુ તો પુરસ્કર્તા જ ગણાય. એટલે ગુજરાતનાં અને પછી વિદેશ જઈ આવેલા બેવડી જવાબદારીવાળા તમારા જેવાએ તો નારીગૌરવને પ્રેમપૂર્વક આવકારવું એ ખૂબ ગમશે.**

**ગાંધીજી અહિંસક સમાજરચના ચાહતા. આપણે એ સંદર્ભમાં ચાલેલા ભાલ નળકાંઠા પ્રયોગમાં, વિશ્વવાત્સલ્યના ધ્યેયે, "ધર્મમય સમાજરચના" શબ્દ વાપરીએ છીએ. વિનોબાએ પણ ગાંધીજીના સંત અનુગામી તરીકે નારીજાગૃતિનો સારો કાર્યક્રમ ઉપાડ્યો છે.**

**- સંતબાલ**

❀

ચિંચણ, તા. 29-3-75

## મૃત્યુ વખતની માનસિક સ્થિતિની અગત્ય

મહાવીરના અનાર્યક્ષેત્રના પ્રવાસની વાત કેવળજ્ઞાન થયું તે પહેલાંની છે. તે ઐતિહાસિક ઘટના સમજવામાં ભૂલ ન થવી જોઈએ. નરસિંહ, દયાનંદ

સરસ્વતીનું દૂધમાં કાચ આપી ખૂન કર્યું, ઈશુને ક્રોસ પર જડી દીધાં, ગાંધીજીને નથ્થુરામ ગોડસેએ ગોળી મારી એવા દેશ-પરદેશમાં અનેક દાખલાઓ બન્યા છે, અને બને છે. તેમાં મૃત્યુ વખતે તેમની માનસિક સ્થિતિ કેવી હતી ? તે જ મુખ્યપણે જોવાવું જોઈએ, તો શંકા નહીં થાય કારણ કે પોતે વધુ પડતો ભલે શુદ્ધ હોય પણ ખૂન કરાવનારી ટોળી કે વ્યક્તિ પોતે અશુદ્ધ હોય (પછી કારણ ગમે તે હોય) તો એ ખૂનના બનાવો આવા મહાયોગીઓ ઉપર થઈ શકે જ છે કારણ કે એક આખું વર્તુળ ખરાબ વાતાવરણની અસર નીચે આવી જાય અને એવું વાતાવરણ કરનારું સમયસર પરિબળ ન જાગે, તો આવું બનવાનો સંભવ રહે છે.

ગાંધીજી અને સંત વિનોબાનો ફેર દેખીતો જ છે. શ્રીકૃષ્ણનું મૃત્યુ કરનારે ઈરાદાપૂર્વક નહીં પણ અકસ્માતે તેમ થયું છે.

**- સંતબાલ**

❀

**ચિંચણ, તા. 28-3-75**

## રાજકારણ 'વિશ્વમયતા'માં લેવાનું છે. મહાચેતના સાથે વ્યક્તિગત ચેતનાનો અનુબંધ સતત ચાલુ રાખવો

ગઈ કાલે બપોરે વાતચીતમાં ગુરુદેવે કહ્યું, “અત્યારે mood છે ? હોય તો પેલી ઈન્દિરાબેનવાળી વાત સમજાવું.” આ તે કેવી નમ્રતા કેવો પ્રેમ ? મારો mood જોઈને ગુરુદેવ વાત કરે કે, મારે ગુરુદેવનું જોવું જોઈએ ? ત્યાર બાદ ગુરુદેવે બધું સમજાવ્યું. મને આ વાતોએ બહુ અપીલ ના કરી. “કૉંગ્રેસ છાંપાવાળો J.P. વિરોધી લખે તેથી ઈન્દિરાજી સાચું કરે છે બધું જ, અગર સાચા માર્ગે ચાલે છે તે ફલિત થતું નથી. સાચો તાળો તો ઈન્દિરાનો કટ્ટર વિરોધી (ગાંધી-નહેરુનું બોલતાં તેમ) તેની પ્રશંસા કરે અને ફૂલ વેરે ત્યારે મળ્યો ગણાય. અને આવું ગાંધીજી-નહેરુજી અને માથાભારે સરદાર એમ ત્રણેય મહાપુરુષોનાં જીવનમાં આપણે નજરોનજર જોયું જ છે કે, તેઓનાં કટ્ટર વિરોધી પણ અમુક બાબતોમાં તેઓના મુક્ત કંઠે વખાણ કરતા. ઈન્દિરાજીમાં “VENGENCE” વેર, ડંખ સિવાય વિરોધી માટે, પાશ્ચાત્ય દેશોમાં થાય છે તેમ લગારે સ્નેહની છાંટ પણ નથી આવતી.

વાત નીકળતાં આજ સવારે ગુરુદેવ કહે : “રાજકારણ વિશ્વમયતામાં લેવાનું જ છે, મહાચેતના સાથે વ્યક્તિગત ચેતનાનો અનુબંધ-સંબંધ સતત ચાલુ રાખવા માટે આ જરૂરી પણ છે જ.” આમાં મારો લગારેય વિરોધ કે મતભેદ નથી. ગંદવાડ

જ્યાં વધારે ત્યાં શુદ્ધિ એટલી જ ઉચ્ચ પ્રકારની થાય. જાગૃતિ શુદ્ધિ, સમભાવ અને આદર્શનું લક્ષ રાખવું જ પડે, તે ક્ષેત્ર મહાઉપકારી અને સાધક નીવડે છે એમાં કોઈ શંકા નથી. 'ભાગેડુ' વૃત્તિથી કોઈ આદર્શ કે સાધના સફળ થતાં નથી. તે રોજિંદા સાંસારિક જીવનમાં રોજ જોવા મળે છે. મુક્તિ કે મોક્ષ ભાગેડુ વૃત્તિથી કે કાયરતાથી પ્રાપ્ત ન થાય.

❀

**ચિંચણ, તા. 31-3-75**

## તર્કસમાધાન સાથેની શ્રદ્ધા, શરણાગતિ અને નમ્રતાનું મહત્ત્વ

**અંબુભાઈમાં તર્કસમાધાન સાથેની શ્રદ્ધા હોવાથી તેઓ ગાંધી-પ્રયોગોના અનુસંધાનમાં શરૂ થયેલ ભાલ નળકાંઠા પ્રયોગની અનુબંધ વિચારધારાને સુંદર ઢબે રજૂ કરી શકે છે. એમણે જાણે તન, મન અને સાધન સમજપૂર્વક સમર્પ્યાં હોય. તમે જોઈ શકશો કે અનાયાસે જ ઉચિત સમયે કુદરત મૈયા એમને મદદ કરી દે છે અને એમની શ્રદ્ધા પરિપક્વ બનાવે છે.**

**સુરાભાઈ પણ ગઈ તા. ૮ થી ૧૦ મે લગી અહીં જે કાર્યકર શિબિર થયો, ત્યારે શરણાગતિ તેમણે સ્વીકારી પોતે હળવા થયા છે. આમ હોઈને કદાચ ચિંતનનો સમય ઓછો લે તોયે પ્રવૃત્તિ વીરતા સાથે નિવૃત્તિધીરતાનો તાળો મળી રહેલો જણાશે. આનું કારણ શ્રદ્ધામાં જ એ શક્તિ છે. કોમે ભરવાડ હોઈ સમર્પણ તેમને વણિકજન્મ કરતાં સહેલું ગણાય.**

**ગાંધીજી આધ્યાત્મિક પુરુષ છતાં રાજકારણીય ક્ષેત્રમાં સ્વંયસેવકની હદે નમ્ર બનીને ઘૂસ્યા, તેની પાછળનું રહસ્ય અને શ્રીમદ્‌નો તેમનામાં તથા અમારા સદ્‌ગત પૂજ્ય ગુરુદેવમાં થયેલો વિચારપાત વિચારતાં આજે ઈન્દિરાબહેનની વિદેશનીતિ તમોને તેમનાં પ્રત્યે ઘણાં માનની દૃષ્ટિએ જોવા પ્રેરશે. બાકી ભ્રષ્ટાચાર વગેરે દૂષણો તો સંયુક્ત કોંગ્રેસ વખતનાં, "સત્તા દ્વારા સમાજ પરિવર્તનની દિશામાં પેદા થયાં છે."**

**- સંતબાલ**

❀

ચિંચણ, તા. 31-3-75

## વિશ્વમાનવ બનવું હોય તો રાજકારણને ગ્રામાભિમુખ બનાવવા સક્રિય પુરુષાર્થ કરવો પડશે

રાજકારણની વાતની જ્યાં લગી ગડ નહીં બેસે ત્યાં લગી 'વિશ્વમયતા'ની સાધનામાં પરિપૂર્ણ રસની જમાવટ નહીં થાય. એટલે 'વિશ્વમયતા'ની સાધનામાં જાતે જો 'વિશ્વમાનવ' બનવું હોય તો જાતે આ બધું સમજી રાજકારણને શુદ્ધ, સંગીન અને ગ્રામાભિમુખ બનાવવા સક્રિય પુરુષાર્થ હવે કરવો પડશે. પણ જાતે 'વિશ્વમાનવ' ન બનાય તો પછી જે કાંઈ વિશ્વવાત્સલ્યના ધ્યેયે ધર્મમય સમાજ રચવાનો પ્રયોગ, ગાંધી-પ્રયોગનાં અનુસંધાનમાં ચાલ્યો છે તેમાં આજે પરિપૂર્ણ શ્રદ્ધાના વિચારથી અને પછી સક્રિય પ્રયત્નોના ખ્યાલથી ખૂંપી જવું પડશે. એ સારું છે કે મારી હયાતીમાં જ તમને એકલાને જ નહીં બલ્કે હવે તો તમો બન્નેને વિશ્વમયતાની સાધનામાં ઊંડો રસ અને અચળ શ્રદ્ધા બેઠી હોય એમ નોંધપોથી પરથી જણાય છે.

જેમ ભગવાન મહાવીરમાં રસ હતો પણ ભગવાન મહાવીર પ્રત્યે પ્રશસ્ત રાગ હતો તો ભગવાન મહાવીરના મિશનનાં મુખ્ય કર્તાહર્તા હતા છતાં ઈન્દ્રભૂતિ ગૌતમનો મોક્ષ ભગવાન મહાવીરની હયાતી લગી અટકી ગયેલો. આથી નિર્વાણ સમયે ભગવાન મહાવીરે જાણી જોઈને તેમને અળગા કરેલા જે ભગવાન મહાવીરની હાજરીમાં નહોતું થયું તે કેવળ (સંપૂર્ણ આત્માનું) જ્ઞાન તેમની ગેરહાજરીમાં થઈ ગયું.

આ પ્રસંગ વારંવાર ચિંતનીય છે. એટલે જેમ મનોરમાબહેન અને તમારા વચ્ચેની હાર્દિક એકતા જરૂરી છે તેમ ભાલ નળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિઓમાં ધીરે ધીરે વધુ સક્રિય બનવું અનિવાર્ય જરૂરી હવે દિને દિને બનતું જાય છે તેમ લાગે છે.

- **સંતબાલ**

❀

ચિંચણ, તા. 31-3-75

## સમૌન એકાંતવાસ દરમિયાન ગુરુદેવને સ્ફૂરેલ કાવ્ય

નીચેનો 'અજંપા જાપ' મંત્ર ગુરુદેવે મને આપ્યાને આજે બરાબર એક વર્ષ થયું. નિયમિત આ જાપ પ્રાર્થના સાથે કરું છું. ગુરુઆજ્ઞા મુજબ એક વર્ષથી આ જાપ આજે ગુરુદેવે ડાયરીમાં લખી આપ્યો.

ૐ મૈયા

*અજંપાજાપ તૂં હી, તંદ્રા મેં ખ્વાબ તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૧)*
*સ્વર તૂં હી, રસ તૂં હી, ગાન તૂં હી, તાન તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૨)*
*જાન તૂં હી, ભાન તૂં હી, જ્ઞાન તૂં હી, ધ્યાન તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૩)*
*દામ તૂં હી, ધામ તૂં હી, શ્યામ તૂં હી, રામ તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૪)*
*નિયમોં કી નેમ તૂં હી, ધર્મોં કા ક્ષેમ તૂં હી, યોગોં કા પ્રેમ એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૫)*
*સંતોં કા સત તૂં હી, ભક્તોં કી ગત તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૬)*
*શક્તિ કા સાર તૂં હી, સૃષ્ટિ આધાર તૂં હી, હૃદય કા તાર એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૭)*
*નદીપ્રવાહ તૂં હી, વન્હીકા દાહ તૂં હી, ઉર્વિકા રાહુ, એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૮)*
*વાયુ કા સ્પર્શ તૂં હી, પર્ણોપર્ણોં કા સ્પંદ તૂં હી,*
*ગુલોં કી ગંધ એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૯)*
*ગગનઉદ્યોત પે તૂં હી, જીવન કી જ્યોત તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૧૦)*
*દેહી મેં પ્રાણ તૂં હી, સ્નેહી મેં સ્થાન તૂં હી,*
*સબમેં સમાન એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૧૧)*
*બાલક કી માત તૂં હી, સાધક કા શ્વાસ તૂં હી,*
***સન્મુદાનાથ** એક તૂં હી,*
*તૂં હી તૂં હી મૈયા તૂં હી તૂં હી (૧૨)*

તા.ક. : આ કાવ્ય 'સમૌન એકાંતવાસ' દરમિયાન ગુરુદેવને સ્ફૂરેલું. વિનંતી કરી એટલે સ્વહસ્તે આજે લખી આપ્યું.

તા. 26-5-75

## ભાલ નળકાંઠા પ્રયોગમાં ખેડૂતો અને સંતો જ સ્થિર રહી શકશે. કાર્યકરોનું ડામાડોળપણું થાય ત્યારે શું કરવું ? તેની સમજણ

આપણો ભાલ નળકાંઠા પ્રયોગ એવી ચીજ છે કે એમાં એકલા કાર્યકરો તો મુત્સદ્દીપણામાં ફસાવાના જ. સંકટો અને પ્રલોભનો પણ તેવા કાર્યકરોને પજવવાના જ. એટલે આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પણ આવું તો બનવાનું. આથી જો સમગ્ર વિશ્વમાનવોથી કામ લેવું હોય તો અખૂટ ધીરજ રાખીએ જ.

ખેડૂતો અને સંતો બે જ અહીં વધુ સ્થિર રહી શકશે. કાર્યકરોનું ડામાડોળપણું થાય ત્યાં કંટાળ્યા વગર એક બાજુ કાર્યકરોને ઊગારી લેવા અને બીજી બાજુ એમના પરનો વિશ્વાસ જાતે ટકાવવો અને સંસ્થાના ઇતર સભ્યોનો પણ કાર્યકરો ઉપરનો વિશ્વાસ ટકાવવા પ્રયત્ન કરવો જ રહ્યો. આમાં કશું અસ્વાભાવિક નથી.

- સંતબાલ

❀

ચિંચણ, તા. 28-5-75

## ખોટી રુઢિઓને કાઢવા ગુરુદેવના ઉપવાસ

તા. ૨૭-૩-૭૫ના હોળી હતી. પાછલી રાતે ઘેરૈયાઓએ મહાવીરનગરનો વર્ષો જૂનો કલાત્મક અસલ સાગનો આખો દરવાજો કાઢી અને હોળીમાં બાળી નાખ્યો. ગુરુદેવને આ વાતની ખબર પડી, એટલે થોડીવાર ગંભીર થઈ ગયા અને પછી પ્રસન્નતાપૂર્વક આ ઘટના માટે પોતે પાંચ ઉપવાસનો નિર્ણય જાહેર કર્યો. આ જાતના કાર્યમાં અમ સંતોએ તપ કર્યા વિના બીજો માર્ગ પણ શું હોય અમારી પાસે? આ મુખ્ય સૂર ગુરુદેવની વાતનો હતો. ઉપવાસ અંગે કેટલીક નોંધપાત્ર વિગતો : (૧) ઉપવાસ શરૂ કર્યાનો પ્રચાર ઓછો અને ધીમો થાય; કુદરતી રીતે એકબીજા જાણે તે અટકાવવું નહિ એમ ગુરુદેવે સૂચના આપી. (૨) દરવાજો જે લોકોએ બાળ્યો, તેમના પર કોઈ ખોટું દબાણ કરે કે તિરસ્કાર બતાવે નહીં તેની ગુરુદેવે પૂરી કાળજી લીધી. (૩) ઉપવાસ દરમિયાન જૈનો વધુ આવ્યા, મરાઠી ઓછા આવ્યા. (૪) ઉપવાસ દરમિયાન બહેનો વધુ આવી અને ઉપવાસ માટે દુઃખ વધુ પ્રદર્શિત કર્યું. (૫) પુરુષો અને બહેનો પાસે, ઉપવાસ અંગે ગુરુદેવ દિલ ખોલી

વાત કરતા, પ્રસન્ન વદને, 'ખોટી રૂઢિઓને કાઢવા સંતો જો તપ ન કરે તો બીજું કોણ કરે. કાયમ સારું સારું ખાવાનું. પાતરાં ભરીને સંતોએ આરોગવું અને તપ-ત્યાગનો આવો પ્રસંગ આવે ત્યારે પાછા હઠી જવું એ તો કાયરતા કહેવાય.' આમ ઘણી-ઘણી રીતે ગુરુદેવ ભાવિક આગંતુકોને સમજાવતા. (૬) ખૂબ ઇચ્છા છતાં તબિયતના કારણે પારણાના દિવસે મારાથી ચિંચણ રોકાઈ શકાયું નહીં તેનું દુઃખ છે. આમ તો લગભગ ત્રણ વર્ષથી ગુરુદેવ એકાસણાં ખેંચે છે. તેમાં આ ઉપવાસ ઉમેરાણા તેથી મનને સંતોષ થયો. તોફાનીઓ છેવટ સુધી ભૂલની કબૂલાત કરવા ન જ આવ્યા પણ નિશ્ચય મુજબ ગુરુદેવે તો પાંચ ઉપવાસ પૂરા જ કર્યા. શ્વાસની તકલીફ હવે ગુરુદેવને શરૂ થઈ, આ વસ્તુ પણ બતાવે છે કે આ એકાસણા અને આવા ઉપવાસોથી ગુરુદેવની શરીરશક્તિ ઘટતી જાય છે. ઉપવાસ દરમિયાન ગુરુદેવનો બધાને મળવા તથા પત્રલેખન વગેરે દૈનિક ક્રમ કશો બદલાયો નહિ.

❀

**તા. 27-5-75**

## તત્ત્વમાં અને વ્યવહારમાં મૌલિક સત્ય જાળવવાની જરૂર

(૧) સત્યમાં કાંઈક વ્યવહાર અંગે કચાશ રહે પણ મૂળ સત્ય જળવાતું હોય તો તેને જૈન ધર્મ ગૃહસ્થાશ્રમી સાધક માટે ક્ષમ્ય ગણ્યું છે. એમ છતાં આ કાળે તત્ત્વમાં અને વ્યવહારમાં બંનેય રીતે મૌલિક સત્ય જળવાઈ રહે એ જરૂરી છે. તેટલા માટે 'બુવા'ના પત્ર વિશે ટકોર કરેલી તે તમો સમજી ગયા તે સારું થયું.

(૨) અંબુભાઈ તો અંબુભાઈ જ છે, પરંતુ તેમની શરીરસ્થિતિ તથા ગુજરાતવ્યાપી, રાષ્ટ્રવ્યાપી અને વિશાળ અર્થમાં વિશ્વવ્યાપી કામનું દબાણ જોતાં એમને એવા જ મજબૂત સાથીઓ નાના-મોટા હોવા જોઈએ. તેમાં ટાંચ હોય, તે બધું જોવું જરૂરી છે.

(૩) મનોરમાબહેન એ પણ એક તમોને સાંપડેલી કુદરતની બક્ષિસ છે. એ વાત ધીરે ધીરે પણ સમજાતી જાય છે, તે શુભ લક્ષણ છે.

(૪) ઉપવાસો, એકટાણાં, ત્રણેક વર્ષથી ચાલુ હોવા છતાં આવી પડ્યા; જે અનિવાર્ય હતા એમ થોડે અંશે પણ સમજાયું તો વધુ અંશે સમજાતાં વિશેષ સમાધાન તમોને થશે જ.

**- સંતબાલ**

તા. 27-5-75

## નારી તો નારાયણી જ છે, ગુરુકૃપા કરતાં નારીકૃપા આગળના નંબરે આવે છે

વાસનાધીનતાનું નિમિત્ત જ્યારે નારીને માની, ત્યારે નર નારીને આધીન તો બન્યો પણ પછી એ તો વીર્યનાશ વારંવાર થવા લાગ્યો. એટલે એણે બધો રોશ નારી ઉપર જ ઉતાર્યો અને નારીને રાક્ષસી કહી નાખી. નારીને નાગણ પણ કહી નાખી. પરંતુ જો નારી રાક્ષસી અને નાગણ હોય જ તો એની કૂખે દેવ ક્યાંથી જન્મે ? એમાંથી તો રાક્ષસ અને નાગ જ જન્મે, છતાં અનુભવ ઊલટો કદાચ વધુ થાય છે. એ નારીમાંથી જ રામ, કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ પાક્યા. ઋષિમુનિઓ પાક્યા, એટલે કહેવું પડ્યું કે નારી તો નારાયણી જ છે. એટલે ગુરુકૃપા કરતાં એનાથીયે આગળને નંબરે નારીકૃપા આવે છે, તે સ્વીકારવી જ રહી. તો એનાથી ગુરુકૃપા-પ્રભુકૃપાની આજે જે લહેર માણી શકાય છે તેના કરતાં અનેક ગણીમાં જ આપોઆપ માણવા મળશે.

- સંતબાલ

❀

તા. 28-5-75

## કેટલીક વાર સંસ્થાના નાના માણસની કિંમત મોટા દેખાતા સભ્ય કરતાં વિશેષ હોય છે. દૂરનાને નજીક લાવવાનો પ્રયત્ન જરૂરી છે પ્રેમનો માર્ગ

(૧) મહાયંત્રમાં જેમ અનેક ભાગો હોય છે, અને તેમાં જેટલી કિંમત મોટા ભાગની છે તેટલી જ કિંમત અને કેટલીક વાર તો મોટા ભાગ કરતાં પણ નાના ભાગની કિંમત સવિશેષ બને છે. તેમ સંસ્થામાં નાના-મોટા સૌની કિંમત હોય છે અને કેટલીક વાર તો નાના ગણાતા સંસ્થા સભ્યની કિંમત મોટા દેખાતા સંસ્થાસભ્ય કરતાંય વધારે હોઈ શકે છે, આ વાત ન ભૂલવી જોઈએ.

(૨) હા નજીકના કરતાં દૂર હોય, તેને નજીક લાવવાનો પ્રયત્ન જરૂરી છે. નજીક આવ્યા પછી જ તેવા માનવી પર આત્મીયતાનાં નાતે આકરા ગણાય તેવા પ્રયોગો જરૂર થઈ શકે.

(૩) ધન અને સત્તાના મહત્ત્વવાળા આજના યુગમાંથી ધર્મ અને

સત્ય, શ્રમ અને સેવાના યુગમાં માનવતાને લઈ જવી છે, તો તેની શરૂઆત તો પોતાના અંગત વર્તનથી અને નજીકમાં રહેલા સાથી બહેનોના કવન અને જીવનથી તે સહેલાઈથી લાવી શકાય છે.

(૪) પ્રેમનો માર્ગ મુસીબતનો છે માટે તો ભક્તકવિએ કહ્યું છે :

"પ્રેમ પંથ પાવકની જ્વાળા
ભાળી પાછા ભાગે જન,
તીરે ઊભા જુએ તમાશો,
તે પામે નવ કોડી જોને."

(૫) જડ, ચેતનાનું જુદાપણું ન અનુભવાય ત્યાં લગી સાચો પ્રેમ અશક્ય છે.

- સંતબાલ

❀

તા. 28-5-75

## 'સેવા' કરતાં 'વાત્સલ્ય' શબ્દ વધુ યોગ્ય છે

(૧) "સમાજસેવા" શબ્દ ગાંધીજી જાહેર ક્ષેત્રમાં આવ્યા પછી વધુ પ્રચલિત થયો છે, પણ 'સેવા' શબ્દ વાપરવા કરતાં જૈન પરિભાષામાં તો મોટે ભાગે વાત્સલ્ય શબ્દ જ વપરાય છે. આપણે પણ 'વિશ્વવાત્સલ્ય'ના ધ્યેયે ધર્મમય સમાજરચનામાંના કાર્યકર્તા શબ્દ વાપરીએ છીએ.

## 'વિશ્વમયતા'ના માર્ગે થતો 'વ્યક્તિત્વ'નો વિકાસ

(૨) 'વિશ્વમયતા'નો માર્ગ જો સાધ્યા વિના છૂટકો નથી, તો વ્યક્તિત્વ વિકસે એટલે આ વસ્તુ જીવનમાં આપોઆપ આવે જ છે. મોહનલાલ ખંડેરિયા ભલે સેવાક્ષેત્ર શોધવા નહોતા ગયા અને વાંકાનેરથી આફ્રિકા કમાવા માટે ગયા હતા. પણ કમાતાં કમાતાં પણ આવું અનાયાસે આવી જ પડ્યું હતું ? તેમ જે સાચા વિકાસના માર્ગે છે, તેમના જીવનમાં આયાસે કે અનાયાસે આ આવી જ પડવાનું.

(૩) હા, શક્ય તેટલી ચારિત્ર્યપ્રીતિ સાધ્યા બાદ સમાજ સાથે ભેળવાવું સારું. પરંતુ કેટલીક વાર અનાયાસે પણ સંપર્ક એવો ગાઢ થઈ જાય છે કે નજીકનાને નજીક સહેજે આવવું જ પડે છે.

(૪) ટૂંકમાં, બહેનોના સંપર્કમાં કે બાળકોના પ્રશ્નઉકેલમાં એમ ડગલે ને પગલે મનોરમાબહેનની તમોને જરૂર પડવાની જ. મેં અગાઉ કહ્યું છે તેમ મનોરમાબહેન એ કુદરતે આપેલી એક બક્ષિસ જ છે. તો પછી 'વિશ્વમયતા'ની સાધના ઘરથી શરૂ કરી. તે વાતમાં અને સેવાક્ષેત્ર લીધું, તે વાતમાં, તત્વતઃ કોઈ ફેર ક્યાં પડે છે ?

(૫) ગાંધીયુગ એ સમાજગત સાધનાનો જ યુગ છે. એટલે ઈચ્છાએ કે અનિચ્છાએ અમુક વય પછી તો વ્યાપક ક્ષેત્રમાં પડે જ છૂટકો.

(૬) હા. સૌ પોતે કદાચ સમાજગત સાધનામાં સીધે-સીધા નહીં ઝડપે પણ જ્યાં એવું મિશન ચાલુ હોય ત્યાં આજના વિકાસશીલ માનવમાત્રે કંઈક ને કંઈક અનુસંધાન તો રાખવું જ પડશે.

**- સંતબાલ**

❀

તા. 28-5-75

## જીવન અને જગતનો સમન્વય શોધતા રહેવાની જરૂર

(૧) નોંધ ઘણી વાર ઊંડાણથી લખાય છે. પ્રસંગને ઘટાવવાની પદ્ધતિ દ્વારા પણ કોઈ વાર ઉત્તમ રીતે ઝળકે છે. આમ જીવનનો અને જગતનો સતત સમન્વય શોધ્યા કરવો અને એ તાળો મેળવતાં મેળવતાં આગળ વધવું એમાં 'વિશ્વમયતા'ની સાધના સહજ સહજ આગળ વધવા પામે છે.

## ચૂંટણીના અનિષ્ટોનો પાયો

(૨) ચૂંટણીમાંના અનિષ્ટોનો પાયો તો સત્તા દ્વારા પરિવર્તન - સમાજપરિવર્તન - કરી નાખવાની તમન્નામાં પડ્યો છે. સત્તાના હાથમાં મર્યાદિત સાધનો કરી નાખો, એટલે ધારાસભામાં અને લોકસભામાં જવાનું આકર્ષણ આપણને ઘટી જ જવાનું.

## રાજકારણની શુદ્ધિ ઉપરાંત સંગીનતાની જરૂર

(૨) પરંતુ રાજકારણ છેલ્લે નંબરે ન આવે ત્યાં લગી આ જ સ્થિતિમાંથી પસાર થવું જ પડવાનું, એટલે ગાંધીજીએ જેમ રાજકારણની શુદ્ધિ માટે સતત પ્રયત્ન કર્યા તેમ હવે રાજકારણની શુદ્ધિ ઉપરાંત સંગીનતા માટે પણ પ્રયત્નો કરવા જ પડશે. આજે સવારના ફરતાં ફરતાં આપણે કોંગ્રેસને અને

વ્યક્તિને જુદી પાડી સમજ કેળવી હતી. કોંગ્રેસમાં બંધારણીય રીતે સત્ય-અહિંસા, દાખલ કરવા ગાંધીજીએ કેટકેટલો પ્રયાસ કર્યો હતો ? અને સ્વરાજ બાદ પણ કોંગ્રેસ લોકસેવક સંઘમાં પલ્ટી જાય એ એમની કેટલી બધી ઈચ્છા હતી, છતાં ન બન્યું તો પણ છેવટ સુધી કોંગ્રેસને સાચવી જ રાખવી હતી. ગાંધીજીનું રાજકારણમાં પડવું અને નીકળી જવા છતાં કોંગ્રેસ કારોબારી છેવટ સુધી ગાંધીજીને જ અનુસરી એ પ્રસંગ જો આપણે ગાંધીપ્રયોગોના અનુસંધાનમાં જ ભાલ નળકાંઠાનો પ્રયોગ લીધો છે, તે સમજતા થઈશું તો તરત સમજાશે. એટલે ગાંધીજીના પરિબળોને સંસ્થાકીય રીતે લેવાં હશે તો તે અનિવાર્યપણે કોંગ્રેસરૂપી રાજકીય સંસ્થા આવવાની જ.

(૪) હા, વિજ્ઞાનની સિદ્ધિને માર્ગે ભારત પણ સાવ પાછળ નથી, તે હકીકત રાષ્ટ્રના પરિપૂર્ણ ગૌરવની જ છે. પરંતુ રાજકારણની પકડમાંથી પણ વિજ્ઞાનને છોડાવવાનું કામ કરવું પડશે. નહીં તો મૂડીવાદના સકંજા પછી સત્તાનો સકંજો પણ વિજ્ઞાનને ખોટે માર્ગે લઈ જશે.

**- સંતબાલ**

❀

ચિંચણ, તા. 11-10-75

## ભારતની ગરીબી અભિશાપ છે કે આશીર્વાદ છે ?

(૧) તમને મારો સમય લૂંટાઈ જવાની તમારી ખાતર બીક લાગે છે પણ તમે સાથોસાથ એ પણ વિચારો કે તમારા જેવા પોતાને સામાન્ય લેખતા જિજ્ઞાસુ, વિશ્વમયતાને માર્ગે પોતાના નિખાલસ અનુભવો દર્શાવે છે. તે અનુભવ અનાયાસે મને આમાં મળી જાય છે, તે લાભ શું નાનો સૂનો છે ? તો તમોને મારો વધુ સમય લૂંટાઈ જવાની ભીતિ નહીં રહે.

(૨) શમીમના પતિએ અમેરિકન ભાઈએ વિચિત્ર સવાલ પૂછેલો કે, ભારત માતાની ગરીબી અભિશાપરૂપ છે કે આશીર્વાદરૂપ છે એ નથી સમજાતું !! જો સંપત્તિને માત્ર પુણ્યનું પરિણામ માનવામાં આવે તો સંપત્તિ એ અભિશાપ જરૂર લાગે, પણ ધાડ તો ધર્મીને ત્યાં જ શોભે કારણ કે ધર્મી જ સુવિચારના બળથી તેવે વખતે ધીરજ રાખીને વર્તે, જેથી ધર્મ નક્કર બની શકે. કસોટી તો સોનાની જ હોય ને ?! એ દૃષ્ટિએ ગરીબો પર પ્રભુના આશીર્વાદ છે. હા, જેમ ગરીબોએ ગરીબીને ઈશ્વરના આશીર્વાદ રૂપ લેખવી

તેમ સંપન્ન વર્ગ સ્વસંપત્તિનો સદુપયોગ કરવો તે જ પાપ-ભારના માર્ગેથી પુણ્યમાર્ગે જવાનું સાધન છે તેવું માનવું. તે આજે નથી મનાતું. તેમાં ભૌતિકવાદનો પ્રભાવ દેખાય છે, તે દૂર કરવા માટે નૈતિક ગ્રામસંગઠનની જરૂર છે.

(૩) દરેક પ્રવાહમાં રહેવું અને કર્તવ્ય નિશાન ચૂકવું નહીં તે જરૂર છે. આમ કરવાથી વિશ્વમયતાના માર્ગનો આનંદ વધુ મળશે.

- સંતબાલ

❀

પૂના, તા. 26-6-75

## અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો, ઇન્દિરાજીનો પ્રત્યાઘાત - વિનોબાજી, જયપ્રકાશજી, મોરારજીભાઈ વ. બાબત

અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા મુજબ જો ઇન્દિરાએ વડાપ્રધાનપદનું રાજીનામું માનભેર આપ્યું હોત તો આજની કટોકટી ઊભી થાત નહીં. પણ સત્તા કોણ છોડે અને તે પણ ઇન્દિરા ગાંધી ? ગઈ કાલે લખેલા ઉપરના હેડિંગનું લખાણ, આજે Over night બદલેલી રાષ્ટ્રની પરિસ્થિતિ, જે ચિંતા ઉપજાવે તેવી છે તેની નોંધ અત્રે લીધા વિના ચાલે તેમ નથી. ભારત સરકારે સારાએ ભારત પર આજે, State of Emergency આંતરિક કારણોસર જાહેર કરી છે. આ અંગે રાષ્ટ્રજોગ વાયુ પ્રવચન આજે સવારે વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કર્યું. જેમાં ઘણી વાહિયાત વાતો ફરી ફરી કરી. વિરોધ પક્ષના બધા જ નેતાઓને (જે.પી. અને મોરારજી દેસાઈ સહિત) પકડીને, MISA નીચે જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. આઝાદીનાં ૨૭ વર્ષમાં આવું અયોગ્ય પગલું ઇન્દિરા સિવાય કોઈ વડાપ્રધાને ભર્યું નથી. નાલાયક વ્યક્તિ સત્તા પર આવે તો, રાષ્ટ્રને કેટલી હાનિ કરે તેનો હૂબહૂ નમૂનો ઇન્દિરાએ પૂરો પાડ્યો છે, જે ભારતના ઇતિહાસમાં 'ભારતનું કમભાગ્ય' એ રીતે ભાવિ ઇતિહાસકાર નોંધશે.

ઇન્દિરાએ પોતાની ભ્રષ્ટાચારી રીતિ-નીતિને બમણાં જોરથી અમલમાં મૂકી, અને એ રીતે પોતાનો ડોળ-દંભ ઢાંકવા કમર કસી જણાય છે. આ બાઈ દેશને પાયમાલીની કેટલી ઊંડી ગરતામાં લઈ જશે તે કલ્પી શકાતું નથી.

એક વાત તો પાકે પાયે સમજાય છે કે આ બાઈ સત્તાસ્થાને રહેવાલાયક નથી. કારણ તેના વ્યક્તિગત જીવનથી માંડી જાહેરજીવન સુધીમાં નૈતિકતા કે ધર્મને કોઈ જ સ્થાન નથી, તે ભારતીય સંસ્કૃતિને તદ્દન પ્રતિકૂળ છે. વર્તમાન

રાજકારણ પર આજે ઘણું લખી શકાય તેમ છે, પણ સમતા છોડી શાંત સાધનાને ધક્કો લાગે તેવું લખવું યોગ્ય નથી.

વ્યક્તિગત રીતે કાંઈ કરી શકું તેમ નથી તે છતાં પણ રાષ્ટ્રના ભવિષ્ય અને સલામતીનાં વિચારો સતત આવ્યા કરે છે. આ અંગે ગુરુદેવને પત્ર લખવાનો વિચાર આવી જાય છે. પણ તેમનો પક્ષપાત ઇન્દિરા તરફ છે એટલે શું લખું. કોંગ્રેસના નામે એક યા બીજી રીતે, ઇન્દિરાની જ મહત્તા ગાતા રહે ત્યાં બીજી વાત ક્યાં થાય ? દેશને ખાડામાં નાખનાર ઇન્દિરા તરફી ગુરુદેવનો STAND કોઈ રીતે Justified અને યોગ્ય પહેલેથી જ મને લાગતો નથી. આજની સ્થિતિ રાષ્ટ્રમાં કરવામાં ઇન્દિરા જ મહદ્ અંશે જવાબદાર છે તેમાં હવે કોઈ શંકા રહી નથી. પોતે સરમુખત્યાર બનવાનું ષડયંત્ર ઇન્દિરાએ યોજનાપૂર્વક ગોઠવ્યું છે. તેને પ્રભુ ભાંગીને ભૂક્કો કરી રાષ્ટ્રને બચાવે તે જ પ્રાર્થના. આજે ગુરુદેવને આ અંગે આંતરદેશીય લખી પોસ્ટ કર્યું. ઇન્દિરાની હત્યા થાય તો હવે આશ્ચર્ય નથી. એકહથ્થુ સત્તાનો આ જ અંજામ આવશે.

❀

તા. 11-10-75

**(૧) ઘણી વાર તાત્કાલિક જે પરિસ્થિતિ હોય, તેટલા જ દર્શનથી તમો કહો છો, લખો છો તેમ જ લાગે એમાં કશી નવાઈ નથી. પરંતુ જેમ શરૂઆતથી સતત ખાવા-પીવામાં, રહન-સહનમાં કાળજી ન રહે તો રોગનો ભોગ બનવું જ પડે તેમ વ્યક્તિગત કર્તવ્યો, સમાજગત કર્તવ્યો અને સમષ્ટિગત કર્તવ્યો આ ત્રણેય કર્તવ્યો જો માનવી (જે પ્રાણીમાત્રનો વાલી છે, તે) ન બજાવે તો માનવકૃત અને કુદરત સર્જિત એવી બન્ને પ્રકારની આફતો આવે, તે બહુ સ્વાભાવિક છે. આને માટે જ મહાપુરુષો કહે છે 'ધરતી માગે છે ભોગ' ને તેનો ઉપાય કરવો તે એવો કરવો કે જેથી કર્મબંધન થાય નહીં અને બંને પક્ષો ઊંચા આવે !!! સીધી રીતે કહીએ તો ઇન્દિરાબહેન અને પ્રિય મોરારજીભાઈ તથા જે.પી.નું મિલન થઈ ત્રણેય ઐક્યના પોતપોતાની કક્ષા મુજબ પૂરક બની જાય !! ભાલ નળકાંઠા પ્રયોગની સંસ્થાઓ આ દૃષ્ટિએ સક્રિય પોતાની રીતે બને છે તે સમજવા જેવી બાબત છે.**

(૨) સંત વિનોબાએ જો ગાંધીપ્રયોગોને અક્ષરસઃ પકડી લીધા હોત તો પહેલાં શ્રી જયપ્રકાશજીને ખૂબ ચડાવી દીધા. તે ધીરે ધીરે ચડાવત અને તેમની પાસે કોંગ્રેસની શુદ્ધિ ને સંગીનતાની આશા રાખત. કારણ કે જે.પી.

પ્રથમથી જ રાજકારણના જીવ હતા અને રહ્યા. તેઓ જો એ સત્તાકાંક્ષીપણાનો ત્યાગ તેમનામાં છે, તે વારસો કોંગ્રેસમાં રહી કોંગ્રેસમેનોને આપી શક્યા હોત તો સામ્યવાદી (ભલે જમણેરી હોય) તરફ જે કૂણી લાગણી ઈન્દિરાબહેનને રાખવાની પરિસ્થિતિ કોંગ્રેસની થઈ તે ન જ થઈ હોત. ટૂંકમાં અન્યાય પ્રતિકાર માટે સામુદાયિક અહિંસક (પ્રયોગોની) કોંગ્રેસની શુદ્ધિ અને સંગીનતાની તથા ગ્રામસંગઠન સંસ્થાઓ ઊભી કરવાની જે સંત વિનોબામાં કમી રહી ગઈ તેને લીધે ઈન્દિરાજીને આંતરરાષ્ટ્રીએ જોતાં (સંત વિનોબા પાસે) ટેકાની જ વાત રહી ગઈ. બાકી એ પોતે 'હા એ હા' કરે તેવા નથી જ. સંત તે સાચા સંત છે પણ ગાંધી-પ્રયોગોનું અક્ષરશઃ અનુસંધાન રાખવાથી આ દશા થઈ છે. જ્યારે ભાલ નળકાંઠા પ્રયોગમાં અક્ષરશઃ અનુસંધાન છે ખરું પણ ક્ષેત્ર ટૂંકું અને સંઘર્ષોમાં શક્તિ વધુ વપરાઈ ગઈ આ વાત છે.

**- સંતબાલ**

❀

તા. 9-7-75

## કટોકટીના ભ્રષ્ટ વાતાવરણમાં 'વિશ્વમયતા'ના ભાવાવેશમાં તણાઈ પડવું યોગ્ય છે ?

કટોકટીને ૧૫ દિવસ થશે, દૈનમદિનનો પ્રજાજીવન વ્યવહાર તદ્દન Normal છે. સર્વત્ર શાંતિ જ પ્રવર્તે છે. નેતાઓ જેલમાં છે તેની ચિંતા કે વિચાર પ્રજામાં ભાગ્યે જ દેખાય છે.

અત્રે એક પ્રશ્ન થાય છે કે આવી નમાલી નિશ્ચેતન પ્રજાની સેવા કરીને પણ છેવટે પરિણામ જો આ જ આવતું હોય તો ગાંધી જેવા યુગપુરુષે પણ જેની સેવા કરી છતાં પરિણામ આજે શૂન્ય - તો આ આખાય સંદર્ભમાં ઊંડો વિચાર જનસેવા અંગે કરવાનો મારા જેવા માટે જરૂરી બને છે. સામાન્ય માણસ તરીકે મારી મર્યાદાઓ અને અશક્તિઓ છે જ. આ બધું સાથે લઈ જનસેવા કાર્યમાં આજના આ કઠણ અને શ્વાસ રુંધનારા કાળમાં જવાથી મને કે બીજાને શું લાભ થવાનો હતો ? બાકી આજના આસુરી વાતાવરણમાં પોતાની મર્યાદા સમજ્યા વગર (વિનાદર્શન) વિશ્વમયતાના ભાવાવેશમાં તણાઈ મરવું અને તે પણ આવા ભ્રષ્ટોનાં હાથે કમોતે, એમાં કોઈ અક્કલમંદી કે આત્મવિકાસ લાગતો નથી.

❀

તા. 12-10-75

## વિશ્વમયતામાં કડવા-મીઠા અનુભવો અનિવાર્ય છે, છેતરવા કરતાં છેતરાવું ઉત્તમ છે

(૧) વિશ્વમયતાના માર્ગમાં કડવા તથા મીઠા અનુભવો તો થવાના જ. કડવાને પણ મીઠા ગણી જીરવવા અને બીજાઓને એ મીઠા પીરસવા, એ જ વિશ્વમયતાને માર્ગે જનારનો ધર્મ બની રહે છે. એક વાત વિચારવા જેવી છે. તે એ કે આપણી મીઠાશનો દુરુપયોગ સામેની વ્યક્તિ કરે તો શું થવા દેવો ? આનો જવાબ એ છે કે આખરે દુરુપયોગ કરનારને જ પસ્તાવું પડવાનું છે. તો જાગૃતિપૂર્વક એ દુરુપયોગ જતો કરવો) એ જ આગળ વધવાનો રાજમાર્ગ છે. જો દરેક માનવી પ્રત્યે અવિશ્વાસની નજરે જોતા થઈશું તો બીજાઓ માટે કશું ઘસાવાનું મન જ નહીં થાય. અને તો પહેલું આત્માનું જે વિકાસલક્ષી લક્ષણ છે તે ખોઈને આપણે એકલા અટૂલા બની જઈશું જે વિશ્વમયતાને માર્ગે જતા રોકી દેશે. એટલે કોઈને છેતરવા તેના કરતાં છેતરાવું ઉત્તમ છે. અને પછી જ બીજા કોઈ આપણને ન છેતરી જાય તે જોવાનું રહે છે. જ્યાં લગી આપણે જ બીજાને, પછી ભલે આપણે સાવ નજીકના સાથીજન હોય, તેને છેતરતા હોઈશું તો ત્યાં લગી આપણે જ બરાબર નથી. અને જ્યાં લગી આપણે જ બરાબર ન હોઈએ ત્યાં લગી બીજા પર અવિશ્વાસ રાખવાનો આપણો કોઈ અધિકાર નથી. એટલે કે સૌથી પહેલાં આપણે નિર્દંભ અને નિરમાન થઈએ પછી જ બીજા પાસે એવી અપેક્ષા રાખવાનો આપણને અધિકાર પ્રાપ્ત થશે. અને તો જ જાગૃતિપૂર્વક બીજાથી ન છેતરાવાની પણ સાવધાની પ્રાપ્ત થવાની. બાકી જાતને ન સુધારી બીજાઓ પ્રત્યે વિશ્વાસ ગુમાવીશું તો વિકાસને માર્ગે કદી આગળ વધી શકીશું નહીં.

(૨) જેમ સંત વિનોબા વિશે અગાઉ આપણે જોઈ ગયા, એવું જ ગાંધીવિચારવાળા વિશે કહી શકાય. આજની પરિસ્થિતિએ બંને પક્ષે દોષો છે. પછી એ ઈન્દિરા પક્ષ હોય કે જે.પી.-મોરારજી પક્ષ હોય - એટલે જ બંને મળીને પરસ્પર પૂરક કેમ બને ? તે વિશે જ મુખ્યત્વે વિચારવું જરૂરી છે.

- સંતબાલ

❀

તા. 12-10-75

## 'અહમ્' અને 'સ્વચ્છંદ' શુભને આડે આવે ત્યારે ગજબ થઈ જતો હોય છે

(૧) 'અહમ્' અને 'સ્વચ્છંદ' એવા ઊંડા દુર્ગુણ છે કે જે કોઈ ને કોઈ પ્રકારે પ્રચ્છન્નપણે આવીને પણ માથું કાઢે છે. જ્યારે શુભને ઓઠે તે આવે ત્યારે તો ગજબ થઈ જતો હોય છે. એટલે સતત અને અજબ પ્રકારે અખંડપણે એનાથી ચેતતા રહેવાનું છે.

(૨) આ નારી-ગૌરવ વર્ષ અને અહિંસાનું પણ ભગવાન મહાવીરનિર્વાણનું સર્વોચ્ચ યાદગાર વર્ષ છે. તો આ દિવસોમાં ભગવાન મહાવીરના માર્ગને આજના જગતમાં પ્રસ્તુત કરનાર શ્રીમદ્ અને પછીથી વ્યાપકતાની દૃષ્ટિએ ગાંધીજી અને ઊંડાણની દૃષ્ટિએ અમારા સદ્ગુરુ છે.

(૩) એટલે સંતબાલમાં કાંઈયે દેખાતું હોય તો આ બધો સંદર્ભ છે. તે સાથે જોઈને લેવાનો છે. બીજી બાજુ નારીગૌરવના આ વર્ષે શક્ય તેટલા નારીગુણો જોવાના અને પ્રશંસવાના રહે છે.

- સંતબાલ

❀

તા. 12-10-75

## અહંકાર કે સ્વચ્છંદ ગુરુભાવનો નાશ કેવી રીતે કરે છે તેની સ્પષ્ટતા

જ્યાં જરા પણ 'અહમ્' કે 'સ્વચ્છંદ'નો ઝપાટો આવ્યો કે ત્યાં ગુરુભાવ ગમે તેવો હોય તો ય 'પાટિયાડૂલ' થઈ જવાના. ટૂંકમાં આ તો વેળુના કોળિયા છે. એ કાંઈ ખાંડના કોળિયા થોડા જ છે ! કેટલીક વાર તો સ્વચ્છંદી કે અહંકારી બનેલા શિષ્ય કે શિષ્યા ગુરુને નામે એક બાજુ જાણે પરમ-પરમ ભક્તિ શ્રદ્ધા દાખવે છે (પણ બીજી બાજુ) ગુરુ નામને બજારમાં દુનિયાના ચોગાનમાં વેચવા પણ નીકળી પડે છે. અને જો ડાહી દુનિયા આવા અહંકારી કે સ્વચ્છંદી શિષ્ય કે શિષ્યાને રેવડી દાણાદાર કરી નાખે તો પાછો એ દોષ પણ ગુરુને જ નામે ખતવવા તૈયાર થઈ જાય છે. કહે છે : જુઓને ગુરુનામમાં ક્યાં દુનિયાને શ્રદ્ધા છે ? માટે તો ગુરુનામમાં કાંઈ દમ નથી અથવા ગુરુમાં પોતાનામાં કાંઈ દમ નથી. નહી તો આવું કેમ થાય ? પણ એવા શિષ્ય કે શિષ્યાને કદાચ જિંદગીના છેડા લગી એ સમજ પડતી નથી કે આ વાંક પોતાના અહંકાર અથવા સ્વચ્છંદનો છે નહીં કે ગુરુના નામનો (ગુરુનો) કે ડાહી દુનિયાનો ખેર !

આથી શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યક્ષ ગુરુના યોગ પર વજન ખૂબ આપે છે પણ તેમાં શિષ્ય-શિષ્યાની પણ જવાબદારીનો વિચાર સાથોસાથ સમજવો પડે છે. ઘણી વાર પોતાના અહંકારને, સ્વચ્છંદને વધુ ને વધુ પોષવા ખાતર પણ ગુરુનો અથવા ગુરુ-પ્રયત્નનો સહારો લેવાય છે. શરૂઆતમાં સ્વચ્છંદી કે અહંકારી શિષ્ય-શિષ્યાનો આ તૂત કે દંભ પ્રત્યક્ષ ગુરુ ઉદાર દૃષ્ટિકોણથી ચલાવી લે છે કે ભલે શરૂઆતમાં જૂની ટેવો શિષ્યા કે શિષ્ય ન ભૂલે પણ પાછળથી ભૂલશે જ. પરંતુ નિખાલસતા અને વિશ્વમયતાની કસોટીમાં નાપાસ જ વારંવાર થયા કરે તો ત્યાં એકલો ગુરુપ્રયત્ન સફળ શી રીતે થાય ?

- સંતબાલ

❀

તા. 12-10-75

## વિશ્વમયતાને માર્ગે જવામાં એક ખૂબી એ છે કે માનવીમાં બિલકુલ ન હોય તેવા ગુણો પણ દેખાય છે

(૧) એ સારું છે કે તમો તમારા ગુરુદેવના ગુણકીર્તનમાં મસ્ત બનો છો. પરંતુ વિશ્વમયતાને માર્ગે જવામાં એક બીજી વિશિષ્ટ ખૂબી એ છે કે માનવીમાં કેટલીક વાર બિલકુલ ન હોય અથવા અલ્પપ્રમાણમાં હોય તે ગુણો પણ શ્રદ્ધાળુ શિષ્યતાને લીધે દેખાય છે. આમાં ગુરુને તો અતિશયોક્તિ લાગે જ કારણ કે વ્યક્તિની દૃષ્ટિમાં અતિશયોક્તિ હોય જ. પણ વિશ્વમયતાને માર્ગે જનારને બીજાઓના ગુણોનો નિધિ સહેજે મળે જ છે. (પછી એમાં અતિશયોક્તિ માત્ર શિષ્યની દૃષ્ટિએ જ થવાની છે) તે વાજબી ઠરે છે.

(૨) આવી વિશાળ દૃષ્ટિએ જોતાં આપણી નજીક પણ ગુરુનજર ફરી રહી છે. તે જોઈ સાચો શિષ્ય નબળું કામ કરતાં તરત ડરીને પાછો ફરી જાય છે.

(૩) ગુરુને જ બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ આવી વિશાળ દૃષ્ટિએ કહ્યા છે. મતલબ કે ગુરુને રાજી રાખવા હોય તો આખરે પ્રાણીમાત્રને રાજી રાખવાનો રાજમાર્ગ લેવો પડે છે.

- સંતબાલ

તા.ક. : હા ! પ્રશંસા અને સ્તુતિનો વ્યાખ્યાફેર ગણ્યો છે, તે ગણવા જેવો છે.

❀

તા. 12-10-75

## ગુરુકૃપામાં ગુરુને પણ શિષ્યની શ્રદ્ધામય ભક્તિની મદદ મળે છે

(૧) ગુરુકૃપામાં જેમ ગુરુની મદદ મળે છે તેમ શિષ્યની મદદ પણ મળે જ છે. અને તે મદદ છે શિષ્યની પોતાની શ્રદ્ધામય ભક્તિની. શ્રદ્ધાભક્તિમાં કેટલું મોટું બળ છે તે એકલવ્યનું ઉદાહરણ દર્શાવી આપે છે. ઉપરાંત પણ ત્રીજું એક નિસર્ગ તત્ત્વ છે, તે પણ આવે સ્થળે મદદગાર બની જાય છે.

(૨) મુજીબર રહેમાન અને તેમના કુટુંબની કતલ એ ન ભૂલી શકાય તેવી મહાક્રૂર ઘટના છે. મૂળે તો ઉપરથી લોકશાહી દેખાવવાળી અને મૂળે વિશ્વપ્રજાઓના શોષણ પર નભતી એવી પાશ્ચિમાત્ય પ્રજા આમાં મુખ્ય કારણ જાણે-અજાણે બની જતી જણાય છે. ખરી રીતે તો લોકશાહી એ તો લોકલક્ષી પણ પુરવાર કરે છે. તેને બદલે ઉપલક રીતે જ જોવાય તો લોકનિયુક્તપણું જે દર્શાવે છે તે રીતે હજુ આજની લોકશાહીઓમાં લોકલક્ષીપણું આવ્યું નથી. એટલા માટે તો આપણે આ વખતની દિવાળીમાં એ ખાસ પ્રભુપ્રાર્થના અથવા અંતરની ઊંડી શુભેચ્છા રજૂ કરી છે.

- **સંતબાલ**

❀

તા. 12-10-75

## ગૌરવગ્રંથીની જેમ જરૂર નથી તેમ લાઘવગ્રંથીની પણ જરૂર નથી

(૧) દમની વ્યાસપીઠ લઈ તમોએ તો થયેલો કે દેખાયેલો બધો જ ફાયદો, ગુરુકૃપાને ફાળે મુખ્યત્વે ચડાવી દીધો ખરું ને ? એ ભારતની સુસંસ્કૃતિ છે કે લાભ થાય તે વડીલોના પુણ્યોને ખાતે ખતવે અને હાનિ થાય તે પોતાના પાપોને ખાતે ખતવે.

(૨) આ ઘણી સારી વાત છે. પણ એમાં પરાવલંબન વૃત્તિ ન પેસી જાય તે જોવું પણ જરૂરી છે. કારણ કે આખરે તો પોતાનું સહઃજાત્મ સ્વરૂપ પણ ગુરુતત્ત્વ સાથેજ ઓતપ્રોત છે, તે સમજવું ખાસ જરૂરી છે. કારણ કે જેમ લાઘવગ્રંથિ જરૂરી નથી તેમ ગૌરવગ્રંથિ પણ જરૂરી નથી. લાઘવગ્રંથિમાં પોતે હીન જ છે તેમાં કશું નથી, એ ભાવ આ ભાવ આવે છે તે પણ જવો જરૂરી છે. તેમ પોતે પામ્યો છે, પોતે સમજી શકે છે, "પોતાને ગુરુકૃપા મળી છે", આ બધી ગૌરવગ્રંથિ નીકળી જાય તે પણ જરૂરી છે. કેટલીક વાર

પહેલાં જ લાઘવગ્રંથિ આવે છે અને કેટલીક વાર લાઘવગ્રંથિ પછીથી આવે છે. મતલબ કે પહેલાં આવે, કે ગુરુપ્રયોગો પછી આવે, પણ ગૌરવગ્રંથિ જેમ જરૂરી નથી તેમ લાઘવગ્રંથી પણ જરૂરી નથી.

- **સંતબાલ**

❀

## વિશ્વમયતામાં એક ઠેકાણે વાવેલું બીજે ફળતું હોય છે માટે ઘસાવાની સુટેવને વિસ્તારવી

ઘણી વાત તો એવી હોય છે કે શરૂઆતમાં એમ લાગવાનું કે આપણને મૂર્ખ બનાવી ખોટો લાભ લેવા માગે છે. અમુક અંશે હોય પણ ખરું, પરંતુ વિશ્વમયતામાં જેમ એક ઠેકાણે વાવેલું બીજે ફળતું હોય છે તેમ સામાનો સ્વાર્થ સ્વભાવ જાણવા છતાં પણ ઘસાઈએ તો આપણને અનાયાસે એવો લાભ બીજે ઠેકાણેથી મળી જતો હોય છે. અને ઘણી વાર આપણા સદ્‌ગુણોનો રંગ પહેલા સ્વાર્થી સ્વભાવના માનવીને પણ લાગી જતો હોય છે. એટલે લાભ મોહના ટૂંકા આંકડા ન નોંધતાં દુર્ગામી અને વિશ્વલક્ષી ચોમેરના વિચારો કરી ઘસાવવાની સુટેવને વિસ્તારવી જોઈએ.

- **સંતબાલ**

❀

તા. 12-10-75

## વિશ્વમયતામાં જેમ 'વાત્સલ્ય' ઊભરાય છે તેમ 'વાસના' પણ ઊભરાય તે અસંભવિત નથી

(૧) સારું છે કે ગુરુભક્તિમાં ઘણી ઘણી ઓટ આવે એવા સંયોગોમાં પણ એમાં આખરે તો ભરતી આવી છે.

(૨) બ્રહ્મચર્યની દિશામાં શ્રીમદ્, ગાંધીજી, ટૉલ્સ્ટૉય વગેરેની ટીકા યોગ્ય નથી. આંતરિક રીતે તેઓ બધા ઈશ્વરાભિમુખ હોવાથી બ્રહ્મચર્યની શિથિલતા જરા પણ ઘૃણાલાયક નથી. બીજી રીતે પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે. જેઓ વિશ્વમય બને છે, તેઓ બીજાઓની વ્યાધિનું દુઃખ પોતા પર ઓઢે છે. આધિ-ઉપાધિનું દુઃખ પણ પોતા પર ઓઢતા હોય. જગતભરનું તેમને જેમ 'વાત્સલ્ય' ઊભરાય છે તેમ જગતભરની 'વાસના' પણ ઊભરાય

છે તે અસંભવિત નથી. હા ! એટલું ખરું કે તે વાસના તેમના પોતાના કાબૂ બહાર જઈ શકતી નથી. શ્રીમદ્‌માં, ગાંધીજીમાં વગેરે વિભૂતિઓમાં આ વિશેષતા હતી જ.

- સંતબાલ

❀

પૂના, તા. 14-10-75

## અહમ્ અને સ્વચ્છંદ વચ્ચે શું ફેર ?

અહમ્ અને સ્વચ્છંદ વચ્ચે ક્યાં ફેર તે વિગતે ગુરુદેવ પાસેથી સમજવું પડશે. આજના યુગનો મોટો રોગ તે વ્યક્તિવાદ (Individualism) અને તેનું ઉદ્‌ભવસ્થાન અહમ્‌નું અતિરેક. એટલે આ રોગમાંથી મારે જો મુક્તિ મેળવી સુખી થવું હોય તો પ્રથમ નમ્રતાને હૃદયથી આરાધી-આચરી અને સ્વજનોથી માંડી પરજન સૌ સાથે જીવતાં શીખવું પડશે એમ લાગ્યા કરશે. અને આમ જીવતાં વિશ્વમયતા-પ્રભુમયતા તરફ સહેજે જવાશે.

❀

તા. 15-12-75

## સ્વચ્છંદ એટલે પોતાના મત ઉપર જ મદાર

ગુરુદેવ પ્રત્યેનાં તમારાં સ્તુતિ વચનો ઉત્કૃષ્ટ છે, તે જરૂરી પણ ખરાં. પરંતુ હવે અત્યારે જે જાતનો વળાંક તમોને (B.N.K.) આપવાનો છે તેમાં તે સ્તુતિવચનો જરૂરી નથી જણાતાં. બહેન રમાના ગુણો તરફ એ પ્રવાહ વહેશે તો વર્ષોથી એમના પ્રત્યેના નિરીક્ષણમાં જે સ્વ વર્ચસ્વ સ્થાપવાનો ખોટો માર્ગ લેવાયેલો તેનું સાટું વળવા માંડશે. વિશ્વમયતાને માર્ગે તે સાટું વળ્યા વિના છૂટકો પણ નથી. પણ એમાં ઉતાવળ કરવાની પણ જરૂર નથી. અત્યારે તો રમાબહેનને રુચિ અથવા એમની પસંદગીની ચીજોને પ્રશંસવી એટલું જ બસ છે. ઘણી વાર સાધક માનવી આખું જગત ખૂંદી વળે છે પણ નજીકનાં પાત્રમાંની પાત્રતા પારખવામાં કાચો પડે છે. આમાં અહંકાર કરતાં સ્વચ્છંદ કદાચ વધુ પડતો ભાગ ભજવે છે. સ્વચ્છંદનો એક અર્થ એ કે પોતાના મત ઉપર જ મદાર બાંધીને તે મુજબ ચાલવાની વૃત્તિ. એ સ્વચ્છંદ ઉપર શ્રીમદ્ કહે છે તેમ પ્રત્યક્ષ ગુરુતત્વ જ અસરકારક ભાગ ભજવી શકે

છે. તમો તમોને જે લાગે તે જરૂર કહેતા જજો જેથી સીઝતું જ અપાય. કેટલીક વાર સીઝતું ન અપાય તો સારી વસ્તુ હોવા છતાં અનર્થકારી નીવડવાનો ભય ઊભો થાય છે. એ શુભ લક્ષણ છે કે તમો કહેતા રહો છો લખીને પણ.

(૨) શ્રી જે.પી. છૂટ્યા અને હવે સંપૂર્ણપણે મુક્ત થયા તે જરૂરી જ હતું. મારા નમ્ર મતે પ્રિય મોરારજીભાઈ તેમના પહેલા છૂટવા જોઈતા હતા. મતલબ હવે આ બધી શક્તિઓ વહેલામાં વહેલી તકે પરસ્પર પૂરક બને તે જરૂરી છે. ઈન્દિરાબહેનનું મૂલ્યાંકન અત્યારે કરવું કદાચ અકાળે થઈ જવા સંભવ છે, એટલે ત્રણેય વ્યક્તિઓ પર પરસ્પર પૂરક બને ત્યાર બાદ જ ઈન્દિરાબહેનનું મૂલ્યાંકન કરવું ઠીક થશે. જે પગલાં ઝડપથી લેવાયાં તે વિશે બેમત છે અને રહેવાના. કારણ આખુંય જગત આજે તોફાની વંટોળમાં ચઢી ગયું છે, એના છાંટા ભારતને પણ ઊડે તે દેખીતું છે. આવે વખતે આ ધર્મપ્રધાન દેશમાં ધાર્મિક વિચારો તરફ વળવું જરૂરી છે. પ્રિય મોરારજીભાઈ વિશેની વાત સાંભળી આનંદ થયો તે જ સાચો માર્ગ છે.

(૩) અહમ્‌નું મૂળ વિશ્વને ન ઓળખવું તે છે. જો બધા મારા છે એમ સમજાય તો અહમ્‌તા અને મમતા બંને ઉપર કાબૂ આવવા મંડી જાય. આ અંગે ભર્તૃહરીનો શ્લોક વિચારવા જેવો છે. "જ્યારે કદી નહોતો જાણતો ત્યારે દરિયા જેવો કે મદોન્મત્ત હાથી જેવો ગુમાની હતો. હવે સત્સંગથી કંઈક સમજવા લાગ્યા કે અહંકારનો તાવ છેક ઊતરવા લાગી ગયો છે. અને મારી અપાર મૂર્ખતાનું ભાન થવા માંડ્યું છે."

- **સંતબાલ**

❀

તા. 25-11-75

## અહમ સાથે સતત જાગૃતિ આવશ્યક

ગુરુશક્તિ અનુસંધાનમાં જે ભયસ્થળ છે તે પણ ધ્યાનમાં લેવું પડશે. કષાયો અને પૂર્વગ્રહોએ ઘેરાયેલા મનમાં ગુરુશક્તિનો પ્રકાશ આવવા દેવો, ગુરુશક્તિને કામ કરવા દેવી, તે લખવા કે બોલવા જેટલું સહેલું નથી વહેવાર પ્રક્રિયાનું મોટું નડતર અહંકાર આવે છે એટલે સમર્પણ દ્વારા શ્રદ્ધા અને ભક્તિ દૃઢાય નહીં. તે દીર્ઘ સાધના કાળ દરમિયાન અહમ્ સાથે સતત

જાગૃતિ આવશ્યક બની જાય છે. ગુરુશક્તિના થોડા પણ સંચારથી બાહ્યાચાર-વેશ, વાણી અને વર્તન (ઔપચારિક બાહ્ય મનથી) બદલવાં નહીં નહીંતર દંભ થશે અને પાડશે. - **સંતબાલ**

❀

ચિંચણ, તા. 15-12-75

પ્રિય મોરારજીભાઈ જેમ જે સ્થિતિ આવે તે સ્થિતિ પ્રેમથી સ્વીકારી, તે સ્થિતિનો અને સમયનો સદુપયોગ કરી લે છે, તે ગુણ તેમનો ખરેખર લેવા જેવો છે. એક રીતે દેશનું દુર્ભાગ્ય ગણાય કે આવી વિભૂતિને અટકાયતમાં રાખવાની પરિસ્થિતિ આવી પહોંચી !

- **સંતબાલ**

❀

ચિંચણ, તા. 16-12-75

## ભાલ નળકાંઠા પ્રયોગની વિચારધારા

એક કસોટી ચાલુ છે, તે જોકે તેને તમે ગૌણ ગણીને ચાલ્યા છો અને ચાલો છો પરંતુ ધીરે ધીરે તે મુખ્ય બને એવી સંભાવના છે. તે કસોટી છે રાજકીય ક્ષેત્રના વિચારની. તમારે વિશ્વમયતાને માર્ગે ઊંડા પાણીમાં ઊતરવું છે. જોકે ઊતર્યા સિવાય હવે છૂટકો પણ નથી. તો આ પ્રકરણ આવ્યા વિના રહેવાનું નથી. હા, તેટલાં સદ્ભાગ્ય છે ખરાં કે મનોરમાબહેન પણ રાજકારણીય અત્યારના પ્રવાહમાં મોટેભાગે તમારી સાથે છે. અત્યારના છીંછરા પ્રવાહમાં સ્પષ્ટપણે બે ફાંટા પડી ગયેલા આપણી પ્રાર્થના-પ્રવચન પછીની નાની મંડળીમાં થતી વાતો પરથી પણ તે સ્પષ્ટ દેખાઈ રહે છે. ઘણા મહિનાઓ પહેલાં અંબુભાઈએ લખેલું 'ગુજરાતમાં મુખ્યત્વે બે જ પ્રવાહો છે : (૧) ઈન્દિરા રાગી. (૨) ઈન્દિરા દ્વેષી. હવે ધીરે ધીરે એ પ્રવાહ વિસ્તરતો જાય છે. ભાલ નળકાંઠા પ્રયોગની વિચારધારા એ બંનેથી પર છે. વિશ્વમયતાના ઊંડા પાણીમાં ઊતરતા એને સમજવાની તમોને હવે કાંઈક વિશાળ તક મળશે. સંભવ છે એ કસોટીમાંથી પાર ઊતરી જવાય.

- **સંતબાલ**

❀ ❀ ❀

# ખંડ : ત્રીજો
# વિશ્વમયતા અને લોકશાહી

તા. 21-5-76

## બાળકોની સંસ્કારવૃદ્ધિ

(૧) મા-બાપ બાળકોની સંસ્કારવૃદ્ધિ પર વધુ ધ્યાન આપે તે સારું જ છે. પહેલાં ખાન-પાન, રહન-સહન વગેરે સાદાં હોવાથી આવી બધી અનુકૂળતા ઠીક હતી. હજુ પણ મુસીબત છતાં, તે લક્ષમાં રાખે તો તે મા-બાપ માટે ઘણું મોટું ફળ મેળવી જશે.

## રાજકારણમાં જનતા આધીન બને

(૨) આજની લોકશાહીઓ અધૂરી છે. એમને ભારત જ પૂરી કરી શકશે. પણ તે પહેલાં આજના રાજકારણને જનતાધીન બનાવવા સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ત્રણેય બળોએ એકત્રિત થવું પડશે. આ શક્તિઓ જાગતાં અને વિસ્તરતાં વાર લાગે ત્યાં લગી સરહદના ગાંધી જેવાઓ મહામના માનવીઓને સહેવાનું આવવાનું.

- સંતબાલ

❀

પૂના, તા. 31-3-76

## ઇન્દિરાબેન બાબત ગુરુદેવનાં લખાણો

આજે તા. ૧૭-૬-૭૬નાં પત્રમાં ગુરુદેવ લખે છે :

"કદાચ ઈન્દિરાબહેનને આમંત્રણ આપવા જવાનું થાય. જોકે ગુજરાતની પાટલીબદલુ પ્રક્રિયા ગુજરાત શાસકકોંગ્રેસ તરફથી હદ વગરની થયા પછી અને એ અંગે અને પ્રિય છોટુભાઈની તબિયત અંગે જાપ સાથે મારે ત્રણ ઉપવાસ થયા. બા.જ. પટેલની સરકારને પાટલીબદલુ પ્રક્રિયાને પ્રવેગ આપી પાડી નાખી તેથી દુ:ખભરી અસર થઈ છે. ઉપરાંત તા. ૧૬-૩-૭૬નાં વિ.વા.માં અગ્રલેખ "ઈન્દિરાબહેનને ગાંધીને માર્ગે કોણ વાળી શકે ?" એ લખાણમાં ગુરુદેવે ઘણી વિગતો લખી છે. "કાકાસાહેબ કાલેલકર અને વિનોબાજી, ઈન્દિરાબહેનને વાળી

શકે” વગેરે પણ લખ્યું છે. પહેલી વાત એ છે કે ગુરુદેવ અગર વિનોબાજી જાગ્યા પણ ઘણા મોડા, અહિંસા પર મોટા પાયે હિંસાનો વિજય થયા બાદ.

(૨) ગાંધીવાદી આજે એક યા બીજી રીતે સુખ, સગવડ અને વધતી ઓછી સાહેબીમાં પડી ગયા લાગે છે.

(૩) ત્રીજી વાત છે પાટલીબદલુ વૃત્તિની. જેણે બા.જ. પટેલની સરકાર ઉથલાવી પાડી ખોટો ચીલો પાડ્યો. આ પ્રસંગથી ગુરુદેવને અતિદુ-ખ થયું અને ઉપવાસ કર્યા તે સાચું જ થયું. પણ આટલેથી વાત અટકતી નથી. આઠ મહિનાથી જે સરકાર અમાનુષી બની છે અને સાચાં ખોટાં બહાનાં આપી લોકોને ભરમાવી લોકશાહીને આ દેશમાં જેણે લગભગ દફનાવી દીધી છે, તે બધું આજ સુધી જાહેરમાં સહેજ પણ વખોડી ન કાઢતાં (ભલે શબ્દો સૌમ્ય પણ દૃઢ હોવા જોઈએ) ઊલટાનું ઇન્દિરાબહેનના હાથ મજબૂત કરો તો જ તેઓ સામ્યવાદી પકડમાંથી નીકળી શકશે વગેરે, કહી આ ઘાતકી હૃદયની બાઈને ટેકો જ આપ્યા કર્યો તે વાજબી લાગતું નથી.

(૪) ચોથી વાત છે યુવાપેઢી પર દૃઢપણે હિંસામાં શ્રદ્ધા અને આકર્ષણ વધતાં જાય છે. કટોકટીએ હિંસક ભયનું અને અવિશ્વાસનું સારાય દેશમાં વાતાવરણ વધારી દીધું.

(૫) પાંચમી વાત ઇન્દિરાજીને ગાંધીમાર્ગે કોણ વાળે તે: હયાત છે તે ટોચની ગાંધીવાદી વ્યક્તિઓમાં આ તાકાત દેખાતી નથી. ને સ્વીકારે તો પણ દમનના દોર પાસે અહિંસક ગાંધીવાદી ઝૂકી અગર બહાના કાઢી છટકી જાય છે. આ અગ્રલેખ આજથી છ મહિના પહેલાં ગુરુદેવે લખ્યો હોત તો કેવું સારું થાત ? અહિંસાના નામ નીચે કાયરતા પોસાઈ રહી છે. પરિસ્થિતિ આટલી હદ સુધી વણસે તો પણ અહિંસક માડીજાયો જાગે કે વિરોધી સૂર ન કાઢે એ કેવી અહિંસા ?

## ઇન્દિરાબહેન વિશે વિનોબાજીનો અભિગમ

જે.પી. વગેરેને ના પાડેલી તે જ સત્યાગ્રહ કરવાની વિનોબાજી પોતે હવે વાત કરે છે ત્યારે ઇન્દિરાથી ન ભરમાતાં જે.પી. વગેરેની વાત વિનોબાજીએ સ્વીકારી હોત તો આ દિવસ ન આવત. આનો અર્થ એ થાય કે આધ્યાત્મિક માણસો જ આગાહી કરી શકે છે એવું નથી. ગાંધીજી કરતાં વિનોબા 'નકરા' અધ્યાત્મમાં કદાચ આગળ હશે પણ ભાવિની આગાહી ગાંધીજી કરતાં અડધા ભાગની વિનોબા કરી શકતા નથી. તેના બધા આ તાજાં દાખલા છે.

તા. 21-5-76

## સંગઠિતપણે વિચારવું પડશે

તમે સારી પેઠે દિલ ખોલી નાખ્યું છે પણ ત્યાર બાદ તો ગયે વખતે તો સારી પેઠે આ અંગે ચર્ચા થઈ ગઈ છે.

સંત વિનોબા શ્રી જે.પી. કરતાં શી રીતે આગળ છે ? તે વિશે હવે ચર્ચીશું.

ગાંધીજી એક અસાધારણ વિભૂતિ થઈ ગઈ ગણાય. ભારત દ્વારા જગતને માર્ગદર્શન મળવાનું હતું તે શ્રીમદ્ પ્રતાપે વિભૂતિ મળી ગઈ. હવે વ્યક્તિગત વિભૂતિનો કાળ ગયો એટલે સંગઠિતપણે અને સંકલિતપણે વિચારવું પડશે.

**- સંતબાલ**

તા. 21-5-76

## નોંધપોથીમાં વધુ કે ઓછું લખાયું તે અગત્યનું નથી, વ્યક્તિ અને વિશ્વનો તાળો કેટલો મળે છે તે અગત્યનું છે

નોંધપોથીમાં વધુ લખાય છે એ સાચું પણ વધુ કે ઓછું લખાય એ લખાણની વિશિષ્ટતા નથી. મૂળ તો એ લખાણમાં વ્યક્તિ અને વિશ્વનો તાળો મેળવવાનું મંથન અને ચિંતન કેટલું વધે છે, તેના ઉપર જ લખાણ ઓછું કે વધુ તેનો ફલિતાર્થ નક્કી થઈ શકે.

ફરી ફરીને ભારતનો ઇતિહાસ, ભારતની સંસ્કૃતિ, ભારતનું રાજકારણ, ભારતની પ્રજા અને ભારતીય પ્રજા સાથે વ્યાપક ધર્મભાવના જે તાણાવાણાની જેમ વણાયેલી છે, તેનો વિચાર ઊંડાણથી થશે તેમ તેમ હજુ મૌલિકતા ઊઘડતી જશે. બાકી નિખાલસપણે જે લાગે તે લખવું એ સારી ચીજ છે. પરંતુ લખતા પહેલાં એ વિચારના મૂળ બિંદુનો સંબંધ ક્યાં છે ? તે તપાસવાથી વિશ્વમયતા અને વ્યક્તિત્વનો તાળો મેળવવામાં ઘણી મોટી મદદ મળશે એમ લાગે છે.

**- સંતબાલ**

ચિંચણ, તા. 24-12-75

## અહમ્ મિશ્રિત આગ્રહ હશે તો તર્કયુક્ત વાત પણ સામાને ગળે ઊતરશે નહિ

(૧) હમણાં હમણાં પોતાનો વિચાર બની જાય, તે માટે ધીરજની આ વિશ્વમય સાધનામાં અપાર જરૂર છે, તે વાતો વિગતથી સમજાવાય છે. અને તેમની પણ ગેડ બેસે છે.

(૨) મૂળ તો 'અહમ્' મિશ્રિત આગ્રહ હશે તો ગમે તેવી દલીલયુક્ત વાત હશે, તોય સામાને ગળે તે વાત ઊતરશે જ નહિ. અને આપણો અહમ્ અને તેમનો અહમ્ ટકરાશે. એટલે માત્ર સંઘર્ષ જ જન્મશે. અહીંયાં આપણે દુ:ખી-દુ:ખી થઈ જવાના કે 'આ બે અને બે ચાર' જેવી વાત હોવા છતાં કેમ સમજતો નથી એવું લાગવાનું. પરંતુ આપણા અહમ્ મિશ્રિત આગ્રહને છોડી દઈશું તો સામેના માણસને તેનો સાનુકૂળ પડઘો પાડવાનું કાં તો જાતે મન થઈ જશે અથવા કુદરત મૈયા (એટલે કે આપણાં પુરુષાર્થ) સિવાયના બીજા જે ચાર કારણો છે તે અનાયાસે મદદગાર થવાના.

(૩) હા અહીં એક વાત યાદ રાખવવાની. તે એ કે આપણાં અહમ્ મિશ્રિત આગ્રહોને આપણે છોડી દઈએ અને સામેના અહમ્ મિશ્રિત આગ્રહોને ટેકો મળે તેમાંય કોઈ વાર ઘણી વાર તો સામાના અહમ્‌ને ટેકો મળે ઉપરાંત ઘણાંને અન્યાય થતો લાગે તો શું કરવું ? ત્યાં જપ, ત્યાગ કે તપ કાંઈક કરવા, જેથી અન્યાયના પ્રતિકારનું કર્તવ્ય પણ પૂરેપૂરું બજાવ્યું લેખાય. આ વાત સામાને કહેવી નહીં, સહેજે સહેજે પ્રગટ થઈ જાય તો જુદી વાત છે.

(૪) મતલબ વિશ્વમયતાનો માર્ગ માત્ર આપણા એકલાના હાથની વાત નથી અને છતાં પુરુષાર્થનું ક્ષેત્ર પોતાના જ હાથની વાત હોય તે વારંવાર વિચાર વિવેકથી ગળીને ખેડ્યા કરવું ઘટે.

- **સંતબાલ**

❀

તા. 26-12-75

## જૂની ટેવોને પાયાથી હલબલાવી મૂકો

(૧) ગુરુદેવનું સાંનિધ્ય ગમે છે. પરંતુ સ્વચ્છંદ, અહંકાર, રાગ-દ્વેષ અને મમતા ક્યાં ક્યાં પજવે છે તે અંગેનું ઊંડું નિરીક્ષણ થવામાં મુશ્કેલી પડતી લાગે છે. તે અંગે વારંવાર ઊંડાણથી વ્યાપકતાથી વિચારવું પડશે.

(૨) સાધક અને સાધિકાને જૂની ટેવો પજવે એ સમજી શકાય છે પણ એ જૂની ટેવોને હવે એકી સાથે પાયાથી હલબલાવી મૂકવાના સંયોગો ઊભા થયા છે. જરા હિંમત કરશો તો જ ટકાશે નહીં તો આટલે દૂર આવીને પણ કકડભૂસ કરતી સાધના તૂટી પડવાની ભીતિ. ઊભી થશે.

**- સંતબાલ**

❀

તા. 30-12-75

## 'અંધશ્રદ્ધા' સારી કે 'અશ્રદ્ધા' ? બન્નેમાં નિખાલસતા હોય તો સાચી શ્રદ્ધા પ્રગટે

ગુરુદેવ પ્રત્યેની તમારી શ્રદ્ધાભક્તિની પણ સારી પેઠે કસોટી 'મયુર પ્રશ્ન'માં થઈ ચૂકી. અલબત્ત, શરૂ શરૂમાં તો મારા જોશીલા વક્તવ્યથી પ્રભાવિત થઈ જતાં જણાઓ છો. તેને બદલે વિરોધી દલીલો કરતા થાઓ. તો તે ચડિયાતો માર્ગ મને લાગે. અલબત્ત, વિરોધ ખાતર પણ વિરોધ કરવાની શુદ્ધ આનાથી ટેવ પડી જવાની ભીતિ ખરી, પણ એકે એક વસ્તુને સાચી જ માનીને તરત સ્વીકારી લેવાની ટેવ શરૂઆતમાં ગુરુદેવની શ્રદ્ધાભક્તિની દૃષ્ટિએ ગમે ખરી પરંતુ તેમાં સ્વતંત્ર વ્યક્તિત્વ ભેળવવાની જે મૌલિક વસ્તુ છે તેની કદાચ ઉણપ રહી જવા પામે છે, જે ઇચ્છનીય નથી. અહીં જ અંધશ્રદ્ધા સારી કે અશ્રદ્ધા સારી ? તે મુદ્દો ઊભો થાય છે. એક રીતે અંધશ્રદ્ધા કરતાં અશ્રદ્ધા સારી ગણી શકાય કારણ કે અંધશ્રદ્ધા કરતાં અશ્રદ્ધામાં બુદ્ધિ વધુ જોર કરતી હોય છે. જો તેમાં નિખાલસતા પાયામાં પડી હોય તો તેવી અશ્રદ્ધા પણ આખરે સુશ્રદ્ધામાં પરિણમી જઈ શકે છે ? હા, અંધશ્રદ્ધામાં પણ જો નિખાલસતા ભારોભાર હોય તો તેવી અંધશ્રદ્ધામાંથી પણ સીધો કૂદકો મારીને સુશ્રદ્ધાનો ગઢ સીધેસીધો જીતી શકાય છે જ. મૂળ મતલબ નિખાલસતા અને ચિતની શુદ્ધિ સાથે છે. નહીં તો દંભી પણામાં પાંગરવાનો ભય રહેલો છે. જોકે ગુરુમાં નિખાલસતા અને વિશ્વવાત્સલ્યની દૃષ્ટિ ખીલી હોય તો દંભનો પડદો કોઈ ને કોઈ વખત ચીરાયા વગર રહેતો નથી. આ તમારી વિશ્વમયતા-સાધનાની દિશામાં આવો પણ તમોને અનુભવ થયો જ હશે.

**- સંતબાલ**

❀

## ફક્ત મૈત્રીથી જ નહીં પરંતુ આત્મીયતાથી ઓતપ્રોત થવું

મૂળે તો સૌમાં મૈત્રીથી જ નહીં બલકે આત્મીયતાથી ઓતપ્રોત થવાનું છે. એટલો ખ્યાલ રહે તો સામાના ગુણો અનાયાસે સ્પષ્ટ રીતે પ્રથમ પ્રથમ તકે પણ દેખાવા માંડશે. નહીં તો પ્રથમ પ્રથમ તકે તો આપણાં અહમ્ મિશ્રિત આગ્રહોની સામે પક્ષે જે કાંઈ દલીલો આવશે તે આપણને સામા પક્ષના દોષો જોવા અને દોષો જોવાના માર્ગે જ ઊંડે જવા પ્રેરશે.

- **સંતબાલ**

❀

## નિખાલસતા અને સમજણ બંને શા માટે જોઈએ ?

આજે અને ગઈકાલે સવારે નિખાલસતા અને સમજણ બન્ને શા માટે જોઈએ ? એકથી કેમ ન ચાલે ? તે ઉદાહરણપૂર્વક આપેલી વાત નોંધમાં તો યથાર્થપણે લખાઈ છે. ધીરે ધીરે હવે તે જીવનની વિશ્વમયતાની સાધના સાથે વણાશે, એટલે અત્યારે કુદરતની જે સહાયતા કોઈ વાર અનાયાસે મળી જાય છે તેમાં સંગીન ઉમેરો થવાનો.

## વિશ્વમયતામાં સંબંધો અનાયાસે વધે તેટલી વ્યાપકતા વધે

(૨) વિશ્વમયતાની સાધનામાં જેમ પરાણે સંબંધો વધારવાની વાત નથી તેમ અનાયાસે સંબંધ વધી જતા હોય તો સંબંધો વધી જવાથી વ્યાપકતા આવવાથી રખે ઊંડાણની વાત વિસરી જવાશે, એવી નાહકની ભીતિ રાખવાની વાત પણ નથી. આ તો જેમ અપરંપાર સમુદ્રમાં ઝુકાવ્યું છે તો ડૂબાડે કે તારે એ પણ ૐ હરિ રૂપ સમાજગત સાધનાવાળા અવ્યક્ત તત્વ ઉપર પરિપક્વ વિશ્વાસની પણ વાત છે. તેમ તર્કોથી વિચારતાં પણ 'બે અને બે ચાર' જેવી ચોખ્ખી ને ચટ વાત પણ છે. આજે તો આડેધડ ઝુકાવ્યું જ છે ને ? આ માનવજન્મ મળ્યો છે, પણ એનો વિકાસ માર્ગમાં ઉપયોગ કરવાને બદલે જુવાનીનું માખણ ખાવા-પીવા અને ભોગ ભોગવવામાં વેડફી નંખાય છે, એનાં કરતાં આ વિશ્વમયતાની સાધનામાં ઈશ્વરનિષ્ઠા અને ગુરુનિષ્ઠામાં સમર્પિત કરી આગળ વધ્યે જવામાં તો માનવજન્મની સાર્થકતા જ છે ને ?

- **સંતબાલ**

❀

ચિંચણ, તા. 19-4-76

## મેદાન છોડાય જ નહીં. દરેક આફત આપણી સાથે સંકળાયેલ કારણથી જ આવે છે

"મેદાન છોડાય જ નહીં" એ બ્રહ્મવાક્ય ગણવું. હા, વારંવાર પ્રેરણા પીયૂષ પીવા એકાંતમાં અથવા શ્રદ્ધેયજન પાસે જવાની જરૂરિયાત પૂરી પાડતાં રહેવું.

હા, જે રોગ, જે આફત કે જે લાલચ કે જે પરિસ્થિતિ અંગત જીવનમાં કે કૌટુંબિક જીવનમાં અથવા રાષ્ટ્રજીવનમાં કે વિશ્વજીવનમાં આવે છે તે કોઈ ને કોઈ આપણી સાથે સંકળાયેલ કારણથી આવે છે. માટે તેને સહજ ગણી ધૈર્ય અને સહનશીલતા રાખવાં.

**- સંતબાલ**

❀

તા. 19-4-76

(૧) સ્વસ્થતા અને પ્રસન્નતા હોય તો જ નોંધ લખવી ઠીક રહેશે. નોંધ માટે બહુ રાત્રિનો ઉજાગરો કરવો પડે તેવું ભાગ્યે જ કરવું સારું.

## નાની શ્રદ્ધા પણ શ્રેયની સાથે પ્રેયમાં મદદગાર થાય છે

શ્રેયને મુખ્ય રાખવું. શ્રેય સાથે પ્રેય સુધરે તો ખરું જ. કેટલીક વાર નિરંહકારી ન બની હોય, તો ય નાની પણ અથવા અછડતી શ્રદ્ધા પણ શ્રેયની સાથે પ્રેયમાં પણ મદદગાર બની શકતી હોય છે. જો આપણે શ્રેયને ગૌણ ગણી પ્રેયને જ વખાણતાં થઈએ તો જ શ્રેયના લાભથી તો વંચિત રહીએ પણ સાથોસાથ પ્રેયના લાભો પણ ગુમાવવાં જેવું બને ખરું !!

**- સંતબાલ**

❀

## મોહ અને ઘૃણાથી પર રહીને કર્તવ્યભાવનો વિકાસ થાય તો તટસ્થતા અને તાદાત્મ્યતા આવે

જૈન આગમ આચારાંગ સૂત્રમાં 'મોહસંબંધ' અને 'કર્તવ્યસંબંધ'ની સુંદર વાતો આવે છે. જ્યાં લોહી સંબંધ આવ્યો ત્યાં 'મોહ' આવવાની પૂરી શક્યતા ઊભી થાય છે અથવા 'મોહ'ની સામી બાજુ 'ઘૃણા' પણ ઊભી થઈ જતી હોય છે. પરંતુ મોહ અને ઘૃણાથી પર રહીને કર્તવ્ય ભાવનો વિકાસ થતો જાય તો કુદરતી રીતે જ તટસ્થતા અને તાદાત્મ્યતા બન્ને એકી સાથે

આવીને જીવનમાં સદ્‌ગુણ રીતે ઓતપ્રોત થાય છે. ગાંધીજીએ પોતાના વિશાળ ગાંધી-કુટુંબમાં આ સદ્‌ગુણો સારી પેઠે વિકસાવ્યા, જેથી ઘણો મોટો લાભ થયો.

**- સંતબાલ**

❀

તા. 21-4-76

## ઉતાવળ એ હિંસા છે

નોંધપોથીમાં કોઈ વાર તો ચિંતન ઘણું સારું થાય છે, જે 'વિશ્વમયતા'ની દિશામાં ઠીક ઉપયોગી થવાનું.

ધીરજના નામે કોઈ વાર ઢીલાશ આવવાનો સંભવ રહે ખરો. ઉતાવળ એ હિંસા છે. એ પણ ગાંધીજીનું વાક્ય ઊંડાણથી વિચારવા જેવું છે.

અત્યાર સુધી મુક્તપણે આપણને નારીપાત્ર સૂચવી શકે એટલું જ નહીં, ટકોરી ટપારી પણ શકે. એ એમને છૂટ ન આપેલ હોવાથી અત્યાર સુધીની આપણી ટેવ પ્રમાણે નારીને બળવા જેવું જ હતું.

નરમ રહેવું, પ્રકૃતિને શાંત રાખવી, વગેરે ચીજો વિશ્વમયતામાં ખૂબ ઉપયોગી થાય છે. અલબત્ત, નબળાઈવાળી નમ્રતાનો કોઈ ખાસ અર્થ નથી. પણ નબળાઈ છે કે વિચારપૂર્વક જતું કરવાની ટેવ છે, તેનો નિર્ણય કરવો ઘટે.

**- સંતબાલ**

❀

## સુખ કરતાં દુ:ખ સારું કે જે પ્રભુની યાદી સતત તાજી કરાવે

મુશ્કેલીના આવા પ્રસંગો આખા ઘરની એકતાને મજબૂત બનાવે છે, એ સાચું છે કદાચ એટલા જ માટે કહ્યું હશે ગોસ્વામી તુલસીદાસજીએ કે :

"સુખ કે માટે શિર પડો,
બિસર જાવે રામ,
બલિહારી હો દુ:ખ કી,
પળ પળ સુમરે રામ."

અર્થાત્ સુખ કરતાં દુ:ખ જ સારું કે જે પ્રભુની યાદી સતત તાજી રખાવી શકે છે.

સામા પક્ષે ગુણ જોવાની ટેવ પાડવી તેનો અર્થ એ નહીં કે સામાની ભૂલો ચલાવી લેવી.

## બીજાની ભૂલોમાં આપણી ભૂલ જોવાની દૃષ્ટિની વિશ્વમયતામાં જરૂર

કેટલીક વાર બે બાજુની વાત સાંભળવી જરૂરી નથી પણ હોતી. જ્યાં વિશ્વમયતાની દિશા પકડી ત્યાં હંમેશા સામા પક્ષે ગુણ જોવાની ટેવ પાડવી સારી. એનો અર્થ એ નહીં કે સામાની ભૂલો ચલાવી લેવી. આનો અર્થ એ કે કદાચ આપણે સામાને પૂરો ન પણ પારખીએ, ઉપરાંત છેવટે તો સામેનાની ભૂલમાં પણ આપણી જ ભૂલ જોવાની છે. બીજાની ભૂલોમાં જો આપણી ભૂલ જોવાની દૃષ્ટિ કેળવાય તો 'વિશ્વમયતા'ના માર્ગમાં ઘણી સરળતા મળે.

કુદરતની સવિશેષ કૃપાની એમાં આશા રહે છે.

- સંતબાલ

❀

પૂના, તા. 17-2-76

## જો ભારતમાં જ લોકશાહી નહીં હોય તો વિશ્વમાં પ્રજાતંત્રની અને શોષણરહિત સમાજરચનાની વાત ભારત ક્યા મોઢે કરશે ?

જર્મનીના હિટલરે અને ઇટાલીના મુસોલિનીએ તેમના દેશના શા હાલ કર્યા? એટલે ઇન્દિરાગાંધીની સરમુખત્યારશાહી લાંબે ગાળે રાષ્ટ્રને ઉપર લખી તેવી પરિસ્થિતિમાં ધકેલવાની. જગતમાં સૌથી મોટી લોકશાહી ભારતમાં. સ્વાભાવિક છે કે આની અસર દુનિય ના નાના મોટા રાષ્ટ્રો ઉપર પડે અને એ રીતે લોકશાહીનો ફેલાવો બીજા રાષ્ટ્રનાં થાય. મેળ લાગે તો પણ વર્તમાન સ્થિતિ જોતાં બીજાને ઘડો દાખલો બેસાડી શકે એવો નમૂનો ઓર ચીજ ભારત પાસે આજે રહી નથી. વાસ્તવિકતા આમ હોવાથી વિશ્વમાં લોકશાહી થવાં ઇચ્છતાં અન્ય રાષ્ટ્રો પાસે લોકશાહી સિવાયના અન્ય માર્ગો ખુલ્લા થતા જાય છે. તે free world માટે એક આઘાતજનક ઘટના છે.

પોતાના ઘરનાં ઠેકાણાં ન હોય, પોતાને ત્યાં જ લોકશાહી જ્યાં ન હોય ત્યાં વિશ્વમાં પ્રજાતંત્ર ન્યાયી રાજ્ય અને શોષણરહિત સમાજરચનાની વાત ભારત કયા મોઢે કરી શકે ? ધારો કે કરે તો પણ કોણ સાંભળે કે વજન પડે ?

❀

તા. 21-4-76

## ઇન્દિરાને વ્યક્તિ તરીકે નહીં, પણ ધર્મપ્રધાન રાષ્ટ્રના અંગ તરીકે જુઓ

ભારતની પ્રજા ખમીરવંતી છે, એનું કારણ એને મળેલી ઋષિમુનિઓની માનવ સમાજરચના માટેની જીવન સાથે સંકળાયેલી ધર્મભાવના છે. એ ધર્મભાવના તત્કાળ નહીં દેખાય તો તેથી એવી છાપ પડે ખરી કે ભારતની

પ્રજા માંયકાંગલી છે. હા, નેતાગીરી યોગ્ય જોઈએ એ ખરું પરંતુ યોગ્ય સમયે નેતાગીરી મળે છે ખરી એ પણ જણાયા વગર નહીં રહે.

આ રીતે જોતાં ઈન્દિરાબહેનને વ્યક્તિ તરીકે જ જોવાની રીત પરિપૂર્ણ નહીં ગણાય કારણ કે આ દેશમાં વ્યક્તિ માત્ર વ્યક્તિ જ નથી, ધર્મપ્રધાન રાષ્ટ્રનું એ એક અંગ છે. એ રીતે નિહાળી પછી સાથોસાથ એનું વ્યક્તિત્વ પણ જોવું ખરું, પરંતુ એને બીજો નંબર આપવો. આમ કરવાથી ઘણું ખરું સમાધાન મળી જશે.

લોકશાહી આ દેશ માટે નવી નથી. અલબત્ત, એ મર્યાદિત હતી પણ અદ્‌ભુતતા એ મર્યાદામાં હતી. દાખલા તરીકે ધોબીનું વચન રામાયણમાં બતાવી આપે છે એવું જ મધ્યયુગમાં ક્ષત્રિય વર્ગમાંથી ચૂંટાઈ આવતા હતા. આજે હવે વર્ણો જૂના કાળના રહ્યા નથી. એટલે બધા વર્ણને સાથે રહીને લોકશાહી ખીલવવાની છે, જેને આપણે લોકલક્ષી લોકશાહી કહીએ છીએ. આ અંગે ભાલ નળકાંઠા પ્રયોગ અને વિશ્વવાત્સલ્યના પરિચયે દિને દિને વધુ સમજાતું જ જશે.

- **સંતબાલ**

❀

પૂના, તા. 19-2-76

## એકહથ્થુ સત્તાને નાથવાને 'આચાર્યોના અનુશાસન'ની વાત જે ગુરુદેવે કહેલ છે તેની જરૂર છે

વર્તમાન આપખુદ અને એકહથ્થુ સત્તાને નાથવાની અનિવાર્યતા વિશે બે મત આજે ક્યાંય નથી. Even ગુરુદેવ પણ આમાં પૂરા સહમત છે જ. પણ આ અંકુશ લાવવો કેમ તેની રીતમાં મતભેદ રહે છે. જેનો ઉકેલ ગુરુદેવની રાજ્ય ઉપર જનતા, સેવકો અને છેવટે ક્રાંતિપ્રિય સાચા સંતોનો અંકુશ રાખવાની જે વાત છે તે સાકાર થાય, સંયોગો આવતાં જણાય છે. વિનોબા તો છેક આજે હવે કહે છે, 'આચાર્યોના અનુશાસનની વાત'. આટલી વિષમ પરિસ્થિતિ થયા બાદ વિચાર કરતાં જણાય છે કે બે પ્રકારનાં પ્રવાહ દેખાય છે. વર્તમાન પાશ્ચાત્ય ઢબની લોકશાહી ટકાવવા વિરોધ પક્ષની ભારતમાં જરૂર લાગે છે તો બીજી તરફ રાજ્ય ઉપર અંકુશ રહે તે માટે સંતોનું માર્ગદર્શન અનિવાર્ય લાગે છે. આમ આ બન્ને બાબતો એક સાથે બનવી, આજની સ્થિતિ અને માળખામાં શક્ય દેખાતી નથી. એટલે આજનાં પરિવર્તનને ઝીલવા અને ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ સાથે જોડાયેલી, કલ્પનાને સમજવા

પૂર્વગ્રહો છોડી જૂનો ઢાંચો ન પકડી રાખતાં નવી હવા અને વાસ્તવિકતા સ્વીકારવી અને સમયાનુસાર વર્તવું તે જ ખરું અને વ્યવહારુ છે. એક વાત હવે સ્પષ્ટ છે કે, જો ભારતીય ઢબની અને આબોહવાને અનુકૂળ આવે એ જાતની લોકશાહી આ દેશમાં જો લાવવી હશે તો અત્યારથી પાશ્ચાત્ય ઢબની અધૂરી લોકશાહીમાં સુધારા વધારા કરવાં પડશે.

❀

**તા. 22-4-76**

## ઇન્દિરાબહેનનો વિચાર ભારત, કૉંગ્રેસ અને ઘર, ગામડું વગેરેના સંદર્ભમાં કરવો જોઈએ

આમ તો વ્યક્તિ પરત્વે જે નોંધપોથીમાં કહેવાય છે તે અંગે આ નોંધની મારી નોંધમાં તથા રૂબરૂ ઠીક ઠીક પણ કહેવાયું છે. ખાસ કરીને ઈન્દિરાબહેનને માટે જે નોંધમાં કહેવાયું અને કહેવાય છે તે વિશાળ દૃષ્ટિએ તમો લખતા થયા છો એ સુચિહ્ન જ છે. પરંતુ હજુ વ્યક્તિગત કહેવાને બદલે ભારત, કૉંગ્રેસ અને ઘર, ગામડું વગેરેની ભારતીય પ્રજાએ ત્રણનાં સંદર્ભમાં જો ઈન્દિરાબહેનનો વિચાર થશે તો અનિવાર્યપણે કેટલુંક (રાજકીય ક્ષેત્રે પોતે મર્યાદિત હોવાથી) બને છે તે પણ ધીમે ધીમે સ્પષ્ટપણે સમજાશે.

પક્ષો જોઈએ તે વાત મૂળે તો આજની જાગતિક લોકશાહી જે પ્રચલિત છે તે પરથી આવી છે. આપણા દેશમાં ભલે પુખ્ત ઉંમરના એક એક મતદારને મત આપવાનો અધિકારવાળી લોકશાહી ન હતી એમ છતાં લોકલક્ષી લોકશાહીનાં બીજ રામકાળથી ચાલુ હતાં. એટલે આ યુગે જ્યારે દરેક દેશમાં ચાલુ લોકશાહી સંપૂર્ણ સફળ નથી થઈ ત્યારે આજન સંજોગો જોઈ દેશમાં અને જગતમાં પૂરક, પ્રેરક અને માર્ગદર્શક પરિબળોવાળી લોકલક્ષી લોકશાહીનો વિચાર અનિવાર્ય જરૂરી છે. આ પરત્વે તમારી નોંધ સુંદર લખાઈ જ છે. અને હજુ વધુ વિચારશો તો ભાલ નળકાંઠા પ્રયોગની વાત તરત ગળે ઊતરી જશે.

**- સંતબાલ**

❀

તા. 2-4-76

## રાજકીય સત્તા દ્વારા પરિવર્તનની વાત નહેરુને લીધે આપણે સ્વીકારી છે તેને લઈને જ મુસીબતો આવી છે. ગ્રામસંગઠન દ્વારા શાસક કોંગ્રેસ પર કાબૂ મેળવી શકાશે.

ગુંદી ઈન્દિરાજીને હેતુપૂર્વક બોલાવાય છે તે હવે તમારા લક્ષ્યમાં બરોબર આવી ગયું જણાય છે તે જાણી આનંદ. આપણા દેશે રાજકીય ક્ષેત્ર દ્વારા એટલે કે રાજકીય સત્તા દ્વારા, સમાજ પરિવર્તનની જે વાત ખાસ તો નહેરુને લીધે સ્વીકારી છે તેને લઈને જ મુસીબતો આવી છે એટલે એ દૃષ્ટિએ જોઈએ તો કાર્યક્રમમાં શાસક કોંગ્રેસ કરતાં સંસ્થા કોંગ્રેસ પાછળ ગણાય. જો સંસ્થા કોંગ્રેસ ગુજરાતમાં પણ આપણા નૈતિક ગ્રામસંગઠનવાળા કાર્યક્રમો સ્વીકારી લે તો જરૂર તે ગામડાને પ્રતાપે શાસક કોંગ્રેસ પર કાબૂ મેળવી શકશે, જે અનિવાર્ય પણ છે.

આપણી સક્રિય અને નિર્લેપ તટસ્થ નીતિમાં બીજી રીતે ફેર નથી જ પડ્યો. દેશે દેશે કોંગ્રેસની શાખા ન હોવાથી અને રાજ્ય સત્તા દ્વારા રાજ્ય પરિવર્તનની વાત સ્વીકારેલી હોવાથી નબળાઈ જણાઈ એટલે શક્ય તેટલી જાગૃતિ રાખીને રશિયાની મૈત્રી સાધી છે, પરંતુ જાગૃતિ રાખવી જરૂરી છે જ.

**- સંતબાલ**

❀

તા. 25-4-76

## પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા એ ત્રણે હોમવા તૈયાર રહેવું પડશે

હા, પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા ત્રણેય હોમવા છેવટે તો તૈયાર થવું જ રહ્યું છે. પણ જેમ અહમ્ત્વ અને મમતા વિશ્વમયતાનો માર્ગે આપોઆપ ઓગળે છે તેમ વિશ્વમયતાને માર્ગે જતાં પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા હોમવાની શક્તિ પણ સહેજે પ્રગટી જાય છે.

**- સંતબાલ**

❀

## વિશ્વમયતાને માર્ગે આવતા વિઘ્નોમાંથી જ સુપરિણામ આવશે

વિશ્વમયતાને માર્ગે જતાં વિઘ્નો તો આવવાનાં. કસોટીઓ તો પારાવાર થવાની પણ અંતે એમાંથી જ સુપરિણામ નીપજવાનું અને કુદરતની દયા

પણ ઊતરવાની અનાયાસે. જેથી દિનેદિને એ માર્ગે વધુ ને વધુ શ્રદ્ધા થશે.

- સંતબાલ

## કાર્યકર્તાઓના વ્યવહારમાં તત્ત્વની પૂર્તિ મારે કરવાની રહે છે

આપણાં કાર્યોમાં તત્ત્વો-થિયરી- મારે લેવી પડે છે - મારે સમજણ અને વિચાર આપવો પડે છે - જ્યારે વ્યવહાર-આચાર આ લોકો (કાર્યકર્તાઓ) પાસે છે. તત્ત્વની ખામી GAP મારે પૂરવી પડે છે. તત્ત્વ અને વ્યવહાર થિયરી અને પ્રેક્ટીકલ બન્ને આમની પાસે નથી એટલે અન્યોન્ય પૂર્તિ કરીને કામ ચાલે છે.

- સંતબાલ

❀

તા. 25-4-76

## માત્ર કર્મકાંડમાં રાચવાનું વિશ્વલક્ષી સાધુને ન પોષાય

ભૂતકાળમાં કે પૂર્વજન્મમાં જેમણે જૈન સાધુ વેશની એકાંગી ક્રિયા કરી હોય અને હજુ પણ એવું એકાંગીપણું જેમાં છે, એવાં જ સાધુ-સાધ્વીઓનો વધુ સંયોગ રહેતો હોય, ઉપરાંત શ્રીમદ્ વિચાર પણ ભક્તિ અને જ્ઞાન જ લેવાય, કર્મયોગ ન લેવાય તો માત્ર કર્મકાંડમાં રાચવાનું ગમે અને ઈતિસમાપ્તિ માની લેવાય તેવું બને જ. થાક્યા વિના વિશ્વલક્ષી સાધુપુરુષે તો પોતાના શ્રદ્ધાળુજનોનો સાથ લઈ આ માર્ગ ખેડવો જ રહ્યો.

- સંતબાલજી

❀ ❀ ❀

# ખંડ : ચોથો
# વિશ્વમયતા અને પ્રજા-ઘડતર

## શિષ્યની તીવ્રતાને હળવી કરવાની ગુરુદેવની રીત

ગુરુ તે ગુરુ. માતાના વાત્સલ્યથી કે કોઈ વાર પિતાની કડકાઈથી આજે તો મને ઘડે છે. 'પત્રમૌન' જેવી સજા કરી થોડું રડાવે પણ ખરા. ફરી વહાલ કરી છાતીએ ચાંપે અને હેત કરે ! રાજકારણમાં અને વ્યક્તિગત રીતે ઇન્દિરાજી સામે મારો કેટલો તીવ્ર વિરોધ, છતાં આ બધું સાગરપેટા થઈ ઉદારતાથી ગુરુદેવ નિભાવી લે. કોઈ વાર હળવી ટકોર (બહુ થાય ત્યારે) કરીને કહે કે, "આપણે અહીંયાં (ચિંચણ કેન્દ્રમાં) ઝાઝા વાદવિવાદમાં ઊતરીએ, અંદરોઅંદર તે આશ્રમને અનુરૂપ ન કહેવાય." આ વિષય પરત્વે અગાઉ તીખા તમતમતા પત્રો લખેલા તો, એ બધા જ પત્રો એમ ને એમ પાછા મોકલ્યા, પણ તે પત્રો પર પોતાનો અભિપ્રાય કે કશું ન લખ્યું. આમ મારી તીવ્રતાને પોતે મૌન રહી હળવી કરવા પરોક્ષ સૂચવે, અને એ રીતે આત્મીયતા ગુરુદેવ તૂટવા દેતા નથી. આ બધું સાચા સદ્‌ગુરુની પૂરી યોગ્યતા ગુરુદેવમાં બતાવી-કહી શકાય.

❀

**તા. 18-4-76**

## નોંધ લેખનરૂપી – ક્રિયારૂપ ન બનવું જોઈએ

**(૧) નોંધપોથી (અને તે પણ નિખાલસતાપૂર્વક લખાય તેથી) વિવિધ જાતના ઘણા આંતરિક અને છેવટે આધ્યાત્મિક લાભો થાય છે, પરંતુ જો તેમાં પણ અડચણ આવી મનની પ્રસન્નતા ખોવાઈ જતી લાગે ત્યારે થોડો વખત ન લખાય પણ મનઃસ્વાસ્થ્ય પ્રાપ્ત થયા પછી લખાય તો વધું સારુ ગણાય. મતલબ નોંધલેખન પણ રૂઢિ ક્રિયારૂપ ન બની જાય તે જોતા રહેવું પડે.**

## શ્રેય મુખ્ય બને અને પ્રેય ગૌણ થાય તો શ્રેય-પ્રેયનો તાળો મળી રહે

(૨) "ભૌતિક સમૃદ્ધિ અને નૈતિક અથવા આધ્યાત્મિક વિકાસ સાથે રહેતાં નથી." એ જેમ ખરું છે, તેમ નૈતિક આધ્યાત્મિક વિકાસવાળાની મસ્તી ભૌતિક સમૃદ્ધિ મળે તે કરતાં વધુ તેજસ્વી બનતી જાય છે. એટલું જ

**નહીં એ બન્નેનો નૈતિક, આધ્યાત્મિક અને ભૌતિક સંપન્નતાનો તાળો પણ મળવા લાગે છે. શરૂઆતમાં કસોટીઓ રૂપે જરૂર કષ્ટો અણધાર્યાં અને એક સામટાં (જોકે કુદરત જે કષ્ટ મોકલે છે તે સહી શકવા જેટલાં મોકલતી હોય છે, એ દષ્ટિએ શક્તિ વધે ત્યારે કષ્ટો વધારાનાં અને એક સામટાં) આવે છે, પણ ધીરે ધીરે ખામોશી પણ વધે છે અને કુદરતી (અણધારી) મદદ પણ વધતી જાય છે. જેથી કષ્ટો ચાલે જ નહિ. મતલબ, શ્રેય મુખ્ય હોય અને પ્રેય ગૌણ સહેજે બની જાય તો શ્રેય સાથે પ્રેયનો તાળો એક યા બીજી રીતે મળે જ છે !**

**- સંતબાલ**

## સાધુતા એટલે વિચારમય જીવન - વિચાર કરવો એટલે સત્ય શોધવા પ્રયત્ન કરવો

આજે આવેલા 'પ્રબુદ્ધ જીવન'માં ચીમનભાઈ ચકુભાઈ શાહ લખે છે :

"સાધના એટલે - ધ્યાન, યોગ, ગુરુમંત્ર - એવી કોઈ મેં સાધના કરી નથી. સાધના એટલે વિચારમય જીવન જીવવાનું અને તેમ થવાનો મેં પ્રયત્ન કર્યો છે. વિચારમય જીવન કેટલેક દરજ્જે કષ્ટદાયી છે. વિચાર કરવો એટલે સત્ય શોધવા પ્રયત્ન કરવો તે પ્રમાણે વર્તન કરવું એથી પણ અઘરું છે. સ્વતંત્ર વિચાર કરવાની અથવા જીવનશોધન કરવાની વૃત્તિ એ શક્તિ બહુ થોડી વ્યક્તિઓમાં હોય છે. તે પ્રમાણે વર્તવાની હિંમત એથી પણ થોડી વ્યક્તિમાં હોય છે. વિચાર કરીએ ત્યારે જીવનના બધા પ્રશ્નોનો જવાબ મળતો નથી. માણસ આ સવાલ પૂછતો રહ્યો છે. આ બધા પ્રશ્નો વિશે દરેકની આછી પાતળી માન્યતા હોય છે. એ જ પ્રમાણે સુખની વ્યાખ્યા અથવા સમજણ દરેકની જુદી હોય છે. આ બાબતમાં મારું વલણ એવું રહ્યું છે કે, સ્વતંત્ર બુદ્ધિથી વિચારીએ તો પણ આવા અંતિમ પ્રશ્નો વિશે જેમણે અનુભવ મેળવ્યો છે, એવા સંતપુરુષનાં વચનોમાં શ્રદ્ધા રાખવી. (ચીમનભાઈએ વાત લાખ રૂપિયાની કરી !! પણ સ્વતંત્ર બુદ્ધિએ જગાડેલો અહમ્ પછીથી શ્યે જંપવા અને સંતશરણ લેવા દે ?) મહાન ગ્રંથો પર ચિંતન-મનન કરવું, જીવનમાં અંતિમ મૂલ્યો પ્રેમ અને કરુણા છે, આ ઝરણું અંતરમાં સદા વહેતું રહે તો જીવન સાર્થક છે, બીજું બધું મિથ્યા છે." ચીમનભાઈનું ચિંતન અને દર્શન ઊંડું છે.

તા. 21-4-76

## સાધુ શોધવાનું મન હોય તો સમયસર એવા સાધુઓ મળી રહે છે

પ્રિય ચીમનભાઈમાં નમ્રતા છે અને સાલસપણું પણ વિકસતું જાય છે. એટલે શ્રીમદ્ જે વસ્તુની અનિવાર્ય આવશ્યકતા બતાવે છે, તે પ્રત્યક્ષ સદ્‌ગુરુની ઝંખના પણ ક્રમે ક્રમે વધવી અશક્ય નથી. શ્રી ડાહ્યાભાઈ નિવૃત્ત ન્યાયાધીશ છે. તેઓની આગળ શ્રી ચીમનભાઈને ઘણી વાતો થયેલી સાધુ-સાધ્વીઓ સંબંધી. ડાહ્યાભાઈએ ચીમનભાઈને પૂછ્યું હશે, "આટલા બધા જૈન સાધુ-સાધ્વીઓમાં ક્યાંય તમને સાધુપણું દેખાયું ?" ડાહ્યાભાઈનું કહેવું એમ થયું કે ચીમનભાઈ એનો જવાબ ન આપી શક્યા. ત્યારે ડાહ્યાભાઈએ પોતે જ કહ્યું, "તો પછી આ કાનજીસ્વામી શું ખોટા ? કારણ કે તેઓ સ્પષ્ટ કહે છે, 'હું સાધુ નથી' ખેર, પણ આ વાતોનો એક અર્થ એ પણ થાય કે સાધુ-સાધ્વીઓ પૈકીનાં સાધુતાવાળા શોધવાનું ડાહ્યાભાઈની જેમ પ્રિય ચીમનભાઈને પણ મન છે." આવું જો મન થશે તો સમયસર એવાં સાધુતાવાળા સાધુ-સાધ્વી ભેટી જ રહે છે !!

## વસ્તી નિયંત્રણ માટેના કૃત્રિમ ઉપાયો જોખમી છે. સ્વેચ્છાએ સંયમનો માર્ગ લેવો હિતકર છે

(૨) કૃત્રિમ સાધનો દ્વારા વસ્તીનિયંત્રણનો માર્ગ ભારતે દુનિયાના કેટલાક દેશોની જેમ લીધો છે. મહારાષ્ટ્ર જેવાં રાજ્યો તો ફરજિયાત વંધ્યીકરણની દિશામાં આગળ પણ વધવા માંગે છે. પણ અંતે એ રસ્તો જોખમી અને ભયાવહ સિદ્ધ થવા પૂરી વકી છે. આનો એક અર્થ એ થયો કે સમજદાર ભારતીય નર-નારી સ્વેચ્છાએ સંયમનો માર્ગ આ યુગે પકડી લે. સંત વિનોબાએ મૈન પૂર્ણાહૂતિ ટાણે આ મુદ્દો પણ ચર્ચ્યો છે.

**- સંતબાલ**

❀

પૂના, તા. 8-4-76

## સ્વચ્છંદ આદિ રોકવા પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના બીજો ઉપાય ભાગ્યે જ કારગત થાય છે

ગુરુદેવે તા. ૧-૩-૭૬ના 'વિશ્વવાત્સલ્ય'માં ઠીક જ કીધું છે કે જેમ ઉપાદાનની જાગૃતિ અને ઉપાદાનનો પુરુષાર્થ અનિવાર્ય છે, તેમ નિમિત્ત રૂપી પ્રત્યક્ષ સદ્‌ગુરુ પણ

અનિવાર્ય છે જ. તે વિના અહમ્‌તા, મમતા, રાગ, દ્વેષ, સ્વચ્છંદ, પ્રતિબંધ દૂર થવાં લગભગ અશક્ય છે. તપ કરો, જપ કરો, સંન્યાસ લો કે ચાહે તે ઉપાય કરો, પણ સ્વચ્છંદ આદિ રોકવાનો પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના બીજો કોઈ ઉપાય ભાગ્યે જ કારગત થાય છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તો શ્રીમદ્ ત્યાં લગી ચોખ્ખે ચોખ્ખું કહી દે છે :

**"પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય,**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય."**

ગુરુદેવની વાત ખૂબ જ મનનીય અને સ્વાનુભવની છે. પૂજ્ય મોટા ગુરુદેવ પ્રત્યે (પૂ. નાનચંદ્રજી પ્રત્યે) કેટલો અહોભાવ ગુરુદેવને છે ? પાયાના અને વૈચારિક કેટલાક મતભેદોને લીધે, ગુરુથી ગુરુદેવ ભલે છૂટા પડ્યાં તો પણ ગુરુનું ઋણ તો આજ સુધી તેઓ કદી જ નથી ભૂલ્યા. 'મારું આજનું સ્થાન ગુરુદેવનો જ પ્રતાપ છે' એમ વારંવાર પૂરા કૃતજ્ઞભાવથી જાહેરમાં ગુરુદેવ કહેતા જ હોય છે.

મને પહેલાં ફોટાનો પ્રસંગ યાદ રહી ગયો છે. બે વર્ષ પહેલાં ચિંચણ કેન્દ્રની ખોલીમાં વસવાટ કરવા, ઉનાળાની રજામાં અમે ગયા ત્યારે સાયલાથી લાવ્યા છીએ તે પૂજ્ય મોટા ગુરુદેવનો ફોટો ખોલીમાં ટીંગાડેલો. ગોચરીએ આવ્યા ત્યારે એકીટસે આ ફોટો ગુરુદેવ જોતા રહ્યા. ખોલી બંધ કરી અમે પૂના આવવાના હતા ત્યારે "ફોટો તમારા કબાટમાં જાળવીને મૂકી દેજો: અહીં બહાર કોઈ ફોડી નાખશે તે ઠીક નહીં," ગુરુદેવની આ સૂચના વખતે તેમનાં ચહેરાનાં ભાવ "ફોટામાં જાણે જીવંત વ્યક્તિના તેમને દર્શન થતાં હતાં." એટલે 'જાળવજો' એ સૂચક શબ્દો તેઓશ્રીનાં મુખેથી સહજ સરી પડ્યા, ગુરુ સાથે તેમની હયાતી બાદ આજે પણ ગુરુદેવની કેટલી આત્મીયતા છે ?

❀

**પૂના, તા. 5-4-76**

## ન્યાયસંપન્ન આજીવિકાથી સદાચાર અને પૈસાનો મેળ બેસે

વિશ્વવાત્સલ્ય તા. ૧૬-૩-૭૬ના અંકમાં એક પ્રશ્નના ઉત્તરમાં ગુરુદેવ કહે છે : 'આજે પૈસા અને સદાચારનો મેળ લગભગ તૂટી ગયો છે. નીતિ અને સદાચાર જાળવીને શ્રીમંત થયાના દાખલા અપવાદરૂપ છે. હું પૈસાને એકાંતે પુણ્યનું પરિણામ નથી માનતો." આ છેલ્લા વાક્યની કાંઈ બરાબર ગડ બેઠી નહીં. સંભવ છે સદાચાર અને નીતિ નેવે મૂકી ગમે તેવાં અશુદ્ધ સાધનોથી મણસ આજે શ્રીમંત બની શકે છે. એટલે ધન એ પુણ્યથી નથી આવતું એમ કહેવાનો ગુરુદેવનો આશય હોય !! આ અંગે તો ગુરુદેવ જે અભિપ્રાય આપે તે પર વધુ વિચારાશે.

❀

સામાન્ય રીતે સંપત્તિ મળવી એ પુણ્યનું પરિણામ ગણાતું હોય છે પરંતુ આજની સંપત્તિ વધવાથી શી દશા થાય છે ? આના ઉપર એક નાની પુસ્તિકા "આપણી ભૂલ ક્યાં છે ?" એ લખાઈ છે. એમાં આ જાતનો એક દોહરો-શ્લોક છે :

"મદ વધે વિકારો વધે, ઘટે ગુણ ને જ્ઞાન,
તે ધન પુણ્યતણું કહો, બને કેમ પરિણામ ?"

મૂળ એ તો જગદ્‌ગુરુ પદે જે ભારતે ભાગ ભજવવાનો છે; જો એમ હોય તો પહેલાં એણે 'મૂડીવાદ પ્રાધાન્ય, કોમવાદ પ્રાધાન્ય અને સંકીર્ણતાવાદ ત્યાગ તથા અશુદ્ધ સાધનવાદનો ત્યાગ આ પ્રાપ્ત કરવું જોઈએ અને પછી જગતમાં પ્રચારવું છે." આ કામ એવું મોટું છે કે કોઈ એક જ ક્ષેત્રથી એ કામ પરિપૂર્ણ પાર પડી જ ન શકે, એટલે જ આપણે ગાંધીપ્રયોગનું અનુસંધાન લઈને આ જ વાત આગળ ધપાવી છે. આમ તો 'મોક્ષની વાત' મનુષ્યજન્મ માટે જરૂરી છે, એમ વેદાંત અને જૈનો કહેતા. તેમાં કાનજીમુનિએ 'સમક્તિ'નો પાયો નહીં હોય તો મોક્ષ માત્ર વાતોમાં રહે છે એમ માની પહેલ કરી. પણ સમક્તિ પણ વાતોમાં રહી જાય એવું બને ! શ્રીમદ્‌ની વિશેષતા અહીં વ્યવહારથી છે. એમણે ન્યાયસંપન્ન આજીવિકા ઉપર ભાર વધુ આપ્યો. આપણા (અમારા) ગુરુદેવ એથીએ આગળ ગયા અને માનવતાનો પાયો લીધો. જ્યારે ભાલ નળકાંઠા પ્રયોગે એને અમલી બનાવી, બે સંસ્થા રચી :

(૧) નૈતિક ગ્રામ સંગઠન (માનવતા માટે) અને
(૨) ગ્રામ પ્રાયોગિક સંઘ (માર્ગાનુસારીપણા માટે)

- **સંતબાલ**

❀

## વિચાર પ્રવર્તક તરીકેની ગુરુદેવની અનોખી રીત - પ્રતિકૂળ કે અણગમતું તેમને કાંઈ જ નથી - 'અવ્યક્ત' પર પૂર્ણ શ્રદ્ધા

આમ તો આ વાત દીર્ઘકાળથી મનમાં ઘોળાયા કરે છે, તેથી લખવાની ઈચ્છા છતાં બીજી બાબતો આડે રહી જાય છે લખવાની. ગુરુદેવના વ્યક્તિત્વનું આ એક તેજસ્વી અને ખૂબ ચિંતન-મનન કરવા જેવું પાસું છે. સમાજમાં નવા વિચાર મૂકવા, ક્રાંતિકારી છતાં અહિંસક ઢબે નવા મૂલ્યો સ્થાપવાં, અખંડપમે પુરુષાર્થ કર્યા કરવો, વિપરીત અને તદન પ્રતિકૂળ સંજોગોમાં લગારે અસ્વસ્થ કે ખંડનાત્મક વલણ ન રાખતાં, પોતાના વિચારોનો વિસ્તાર કરવાની આ સુવર્ણસંધિ છે. પ્રતિકૂળ

કે અણગમતું કંઈ જ નથી. આ જાતનો સતત જાગૃત મનોભાવ રાખવો. આ બધું કૌશલ્ય ગુરુદેવમાં ખીલ્યું છે. દુનિયા આખીને જ્યારે અંધકાર, નિરાશા ઘેરી વળે છે ત્યારે આ અઠંગ કર્મયોગીને અવ્યક્ત પર પૂર્ણ શ્રદ્ધા-નિષ્ઠાના કારણે પ્રકાશ અને આશા જ દેખાતા હોય છે. અટપટી વાત કે મડાગાંઠ, ચાહે તો વ્યક્તિના જીવનની હોય કે સંસ્થાની હોય, ગુજરાત રાજ્યની હોય, રાષ્ટ્રની હોય કે વિશ્વની, ગુરુદેવ આ બધાથી હલબલે નહીં. પોતાના આસનેથી (અધિષ્ઠાસનેથી) ભાગ્યે જ ચલિત થાય. એક તરફથી રાષ્ટ્રસ્તરે માર્ગદર્શન આપશે - પોતાના વિચારો ઉકેલ માટે જણાવશે - તો બીજી તરફથી પોતાની અને સ્થાપેલા સંઘોની મર્યાદા બરાબર ધ્યાનમાં રાખી, નાનપનો ભાવ મનમાં જરાકે લાવ્યા વગર સામાથી પ્રભાવિત થયા વિના હળવી ટકોર ધીમેથી કરી દે છે કે, 'અમે અને અમારી શક્તિ હજી નાની પડે. થોડો ખર્ચ અમે ઉપાડશું, બાકીનો બીજો મોટો ખર્ચ તમે-સર્વ એવા સંઘ- સમાવી લેજો, બાકી તો સંત-સેવક સમુદ્યમમાં પરિષદનું કામ સાથે મળીને આપણે કરવાનું છે. સંમેલન ભરાય તે સારું છે, આમાં ક્યાંય બાંધછોડ નહીં. નાના-મોટાનો ભાવ, કોઈની શેહમાં તણાવવાની વાત નહીં, તેમ કોઈથી ખોટી રીતે અતડા રહેવા ઇચ્છા નહીં. કેવો સમન્વયલક્ષી સ્વભાવ-એપ્રોચ ?!

❀

**તા. 21-4-76**

## પરિગ્રહનું અસલી મૂળ તો વિશ્વના પ્રાણીમાત્રમાં વાત્સલ્ય રેડી શકાય તેવું વિશાળ મન બનાવવાનું જે વિશાળ ચેતનાની નજીક જવાથી આવે

**મન સ્વાભાવિક રીતે એવું છે કે એક વાર એને પરિગ્રહ તરફ વાળો તો ચક્રવર્તીપણું છ ખંડનું મળે તોય તે ઓછું પડવાનું ! એટલે પરિગ્રહનું જે અસલી મૂળ છે, તેનો વિચાર કરવો ! પરિગ્રહનું અસલી મૂળ તો વિશ્વનાં પ્રાણીમાત્રમાં વાત્સલ્યરસ રેડી શકાય તેવું વિશાળ મન બનાવી મૂકવું. વિશાળ** મન હંમેશાં વિશાળ ચેતનાની નજીક જવાથી આવે છે. આખરે વિશ્વમયતા એ બીજું શું છે ? ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં કમાવા જ ગયા હતા ને ! અને કેવો મોટો પરિગ્રહ વધારી લાવ્યા ? કારણ કે એમને તે માટે વિશ્વપાત્ર નાનકડું પડી ગયું અને લાગ્યું કે મારી શક્તિ જરાક બીજા ભાઈઓ સાથે જોડી કે તરત એ અનંતગણી બનવા લાગી ગઈ ! ગોખલેજીએ આ અનંત શક્તિને પિછાણી લીધી. ગાંધીજી ભારતમાં આવ્યા અને ભારતમાં ફરીને ભારતમય બની ગયા. ભારતીય પ્રજાને યોગ્ય નેતાગીરી મળી ગઈ અને

ત્યારથી ભારતનું જગદ્‌ગુરુપદ શરૂ થઈ ગયું. ગાંધીજી સાવ નાના હતા ત્યારે વ્યક્તિગત પરિગ્રહમાં પડ્યા હતા. તેમાંથી ગાંધીજી મોટા થઈ ગયા. સામૂહિક સાધનામાં મગ્ન બન્યા અને મહાત્મા બની ગયા. આના ઉપર જેમ જેમ વિચાર કરશો તેમ તેમ પરિગ્રહ વધારવાની તમારી મૂળ ઈચ્છાને વિશ્વમયતાની દિશામાં પારાવાર વળાંક મળતો જશે.

અંબુભાઈ એમ જ આગળ વધ્યા છે ને ? એટલે ચિંચણ વસવાનાં સ્વપ્નને આ રીતે સાકારપણું કેમ ન મળે ? લલિતાબહેનની ભાવના પણ આ દિશામાં અતિથિસેવામાં આ રીતે જ ક્રમશઃ આગળ વધી છે.

- **સંતબાલ**

❀

**પૂના, તા. 11-4-76**

## કટોકટી દરમ્યાન ન્યાયતંત્રમાં ડખલગીરીના પ્રયાસ સામેનો વિરોધ

ગઈ કાલે રાત્રે અમદાવાદથી ત્ર્યંબકમામાનો (T. U. Mehta) નો ફોન આવ્યો. હિમાચલ હાઈકોર્ટના જજ તરીકે તેમની બદલી સિમલા થઈ છે અને ૧૫ દિવસમાં ત્યાં ચાર્જ લેવાનો ઑર્ડર છે. આમ તો આ વાત સરકારી નિયમાનુસાર છે, એટલે તેની નોંધ ડાયરીમાં લેવા જેટલી અગત્યની નથી પણ દૂર અને ખૂણાના એક સ્થળે, નિવૃત્ત થવાને ફક્ત ચાર વર્ષ બાકી છે ત્યાં સરકારે આવું પગલું કેમ લીધું તેના કારણો જાણવા જેવા અને વર્તમાન રાજકારણ સાથે સીધો સંબંધ ધરાવે છે તેથી future reference માટે અહીં નોંધવું જરૂરી લાગે છે. હાલ માસીબા (દૂધીબહેન) આપણે ત્યાં ફરવા આવ્યાં છે. તેઓ કહેતાં હતાં કે, 'ઈન્દિરાએ જ્યારથી ન્યાયતંત્રમાં માથું મારી આખા દેશના ન્યાયતંત્રને તોડવાનું આ કટોકટીની સ્થિતિમાં શરૂ કર્યું ત્યારથી ભાઈ (ત્ર્યંબકભાઈ) બહુ અસ્વસ્થ અને બેચેન છે. આમ તો એ પણ ઈન્દિરાનો પ્રશંસક જ હતો પણ જ્યારે ન્યાયાલયની સત્તા પર કાપ અને અંકુશ શરૂ કર્યા, ત્યારથી વિરોધી બની ગયો છે. એક જજ તરીકે, દેશપ્રેમી તરીકે, ન્યાયની આવી મજાક અટકાવવા થોડા મહિના પહેલાં ભાઈ (ત્ર્યંબકભાઈ) અને જસ્ટીસ એચ.એસ. શેઠ (ભૂમિપુત્રની તરફેણમાં ચુકાદો આપ્યો તે ન્યાયમૂર્તિ) બન્ને ભેગા મળી પોતાની સહીઓ સાથે એક સરક્યુલર વડાપ્રધાનની ડખલગીરી ખોટી છે, તેનો પ્રતિકાર કરવો જોઈએ. સંગઠિત થઈને આપણે વગેરે - દેશના તમામ હાઈકોર્ટ જજોને મોકલ્યો હતો. મૂળ યોજના એવી હતી કે, આખા દેશમાં બધા જજોને રૂબરૂ મળવું અને એ રીતે કરીને સંગઠન કરવું, પણ સંગઠન કરતા પહેલાં

પત્રો દ્વારા સરક્યુલર મોકલી પ્રથમ બધાનો મૂડ જાણી પછી પર્યટન શરૂ કરવું. સરક્યુલર બધે મોકલ્યા. સમ ખાવા પણ એક જજનો જવાબ આવ્યો નહીં. સામેથી કેટલાકે તો સલાહ આપી નકામો વિરોધ કરો છો, અત્યારે નમતા છાબડે બેસવામાં સાર છે વગેરે. કોઈ response ન મળ્યો એટલે સંગઠન અને વિરોધ કરવાની વાત પડતી મૂકી.

❀

તા. 21-4-76

## ભારત દેશ અને સંતોની દોરવણીથી ઘડાયેલ પ્રજા તે બન્ને હજુ સાબૂત છે તેથી ભારતનું ભાવિ ઉજ્જવળ છે. ખામી નેતાગીરીની છે જે ક્રમે ક્રમે મળી જશે

તમારા મામાશ્રીની બાબતમાં દૂધીબહેને જે વાત લીધી છે તે વાત હોય તો એવા મામા માટે પોરસાવા જેવું છે. ખરેખર ખુન્નસ રાખીને બદલી થઈ હોય, તો એ દુઃખી થવા જેવું નથી આ થઈ વ્યક્તિગત વાત.

સામુદાયિક વાતમાં મુખ્ય વાત ભારત દેશ અને ભારતની ગૃહસ્થ સંસ્થાથી સંતો-ભક્તોની દોરવણી પડે ઘડાયેલી પ્રજાની. આ બન્ને સારા એવા સબૂત છે. એટલે જ ભારતનું ભાવિ ઉજ્જવળ છે. ખામી માત્ર નેતાગીરીની છે અને તે પણ ક્રમે ક્રમે મળી રહેતી હોય છે. છતાં વિશિષ્ટ નેતાની જરૂર હતી, માટે તો ગાંધીજી આ દેશમાં આવ્યા.

અલબત્ત, ગાંધીજીની નેતાગીરી પહેલાં પણ સંત ઋષિમુનિઓ વગેરેની સાધના તો એમાં ખરી જ. આ દૃષ્ટિએ જોશો તો ભારત, કૉંગ્રેસ અને જગત એ ત્રણેયનો વિચાર કર્યા પછી જ ઈન્દિરાબહેનનો વિચાર કરવો જોઈએ આ એક વાત. બીજી વાત છે ભારતથી પાંચેય મહાસત્તાઓ વિરોધની દિશામાં છે. એ બધામાંથી અલગ રહીને આગળ વધવું છે. સાથોસાથ ગરીબી અને ધનિકતા વચ્ચેની ખાઈ દૂર કરવી છે, તો રાજકીય રીતે કાંઈ આ કામ થઈ શકે નહિ, છતાં બીજા પરિબળો કામ કરવા માટે વ્યવસ્થિત રીતે તૈયાર ન થાય ત્યાં લગી એકલા રાજકીય ક્ષેત્રમાંથી તો આવી દશા આવે તે સ્વાભાવિક છે. છતાં જેટલા પ્રમાણમાં લોકશાહી ટકે તેટલી કુદરતી વિશેષતા માનીને આપણા પ્રયોગની રીતે આગળ વધવું જોઈએ.

- **સંતબાલ**

તા. 22-4-76

## શુભ અને સત્ય તરફ આગળ વધવામાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ અગત્યનો ભાગ ભજવે છે

આખરે નિમિત્ત તો જીવનમાં અને જગતમાં ઘણો મહત્ત્વનો અને અગત્યનો ફાળો આપે છે એમાં શંકા નથી. પરંતુ શુભ અને સત્ય તરફ આગળ વધવામાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ કે પ્રત્યક્ષ સત્સંગ જે મહાનિમિત્ત આત્મવિકાસ માટે ભાગ ભજવી શકે છે, તેટલું ગમે તેવાં ખરાબ નિમિત્તો હોય તોય અશુભ અને અસત્ માર્ગે દોરવામાં કારગત થતા નથી ! જો જાગૃતિ રખાય તો.

## કામવાસના પ્રત્યે ઘૃણાનો માર્ગ અધૂરો છે. કામ વિજય બન્નેની હાર્દિક ઇચ્છાથી આવે તોજ પરિપૂર્ણ અને આચરવાયોગ્ય છે

કામવિજય માટેની તાલાવેલી ખૂબ જ જામતી જાય છે એટલે ધીરે ધીરે પણ નિમિત્તો એવાં મળતાં જશે કે કામવાસના પ્રત્યે ઘૃણા નીપજે !! પરંતુ કામવાસના પ્રત્યે ઘૃણાનો માર્ગ અધૂરો છે. ખરી રીતે કામવિજય બન્નેની હાર્દિક ઇચ્છાથી આવે તે જ પરિપૂર્ણ છે. અને ખાસ સાચવવા જેવો છે. માટે તો સીધેસીધા એ માર્ગે જ જવાય તે જાતની. તમને વિશ્વમયતાનો માર્ગ ગમી ગયો છે. પછી થોડું થોડું થાય તો હરકત નથી.

## સંતબાલ પછી શું ?

હા, ઘણાને એમ લાગે ખરું કે સંતબાલ પછી શું ? પરંતુ શ્રીમદ્‌નું આ યુગનું કાર્ય કરનાર જો મહાત્મા ગાંધીજી અને વિશ્વસંત નાનચંદ્રજી મહારાજ જેવા પૂજ્ય કવિવર્ય સાધુઓ પાક્યા તો પછી એ જ સંદર્ભમાં ભારત દ્વારા જગકલ્યાણ થવાનું હોય તો નિર્વંશ કશું જવાનું નથી જ. આપણે તો એક ચીલો પાડવાના જ અધિકારી છીએ, એ વાત સમુદ્રકાંઠે આ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર શરૂ નહોતું થયું ત્યારે આપણી નથી થઈ ? થઈ છે જ.

- **સંતબાલ**

❀

તા. 21-5-76

## કટોકટીમાં પણ ધીરજ અને સહનશીલતા ટકી રહે તેવા સંયોગો આવી મળવાના

(૧) એક પછી એક કસોટી તો આવવાની જ. સાથોસાથ એ કસોટીમાં પણ ધીરજ અને સહનશીલતા ટકી રહે તેવા સંયોગો પણ આવી મળવાના. બસ આટલું સમજાય તો વિશ્વમયતાનો માર્ગ ઘણો ઘણો સરળ બનશે.

## પ્રિય મોરારજીભાઈ જો એમ વિચારે કે રાજ્યસત્તા દ્વારા થનાર પરિવર્તન અહિંસક સમાજરચનાને અનુરૂપ નહિ થાય તો તે ઘણું સુંદર બને

(૨) સામાન્ય રીતે આપણે વ્યક્તિની ચર્ચામાં જતા નથી છતાં આવી પડે તો એમના વિચારો અંગે બોલીએ છીએ. એ રીતે પ્રિય મોરારજીભાઈની ચાલુ સાધના વ્યક્તિ નિષ્ઠા પૂરતી ઘણી જ સુંદર અને અનુકરણીય હોય છે. પરંતુ ગાંધીજી જીવનના પ્રત્યક્ષ ક્ષેત્રમાં ગજ લગાડતા. દા.ત., રાજકારણમાં પણ. એ રીતે પ્રિય મોરારજીભાઈ જો વિશ્વમયતાના વિચારે રાજ્યસત્તા દ્વારા થનારું પરિવર્તન સત્ય, અહિંસક સમાજરચનાને અનુરૂપ ન થાય, તેમ વિચારે તો ઘણું સુંદર બની રહે.

(૩) વિશ્વમયતાના માર્ગે શક્તિ ઘટે જ નહિ, હા, તરત વધતી ન દેખાય તેવું બને ખરું. પણ ત્યાં જીવનને ચારેય બાજુ તપાસવું અને ધીરજ રાખવી.

બાકી રહેલી તે આજે પૂરી કરી.

**- સંતબાલ**

❀

તા. 22-4-76

## વિશ્વમયતાનો અનુભવ લેવડાવવા પણ કોઈ વાર પરિણામ શૂન્ય આવે છે માટે તેથી હિંમત હારવી નહીં

જેમને માટે સારી પેઠે શ્રમ કર્યો હોય, ત્યાં જ પરિણામ શૂન્ય જેવું આવીને ઊભું રહે. પરંતુ આપણે કદી હિંમત હારવી નહીં, કારણ કે કેટલીક વાર આપણને જગાડવા અને વિશ્વમયતાનો અનુભવ લેવડાવવા પણ આવાં નિમિત્તો આવે ! અને તમોને આ નિમિત્તથી બુઆ સાથે વધુ નિકટમાં આવી જવાનું નિમિત્ત અનાયાસે સાંપડ્યું. 'ધીરજનાં ફળ મીઠાં છે' જાગૃતિ જરૂર રાખવી પણ મગજ કાબૂમાં રાખવું. સરવાળે એ માર્ગે જવાથી લાભ જ છે.

## જગત પરસ્પર સંકળાયેલ છે તેથી એક ઠેકાણે વાવેલું બીજે ઠેકાણે ફળે

(૨) ઘણી વાર એક ઠેકાણે વાવેલું બીજે ઠેકાણે ફળે તેવું પણ બનતું હોય છે. કારણ કે જગત પરસ્પર સંકળાયેલું છે ને. તમે હમણાં જ વિજ્ઞાનની મણિભાઈ સાથે વિશિષ્ટ દિશાની વાત કરતાં કરતાં સદ્ગતનાં અવાજો પણ

સંભળાય તે માટે પ્રયત્નો થવાના. આ માત્ર ગપ નથી. જૈન સૂત્રો કહે છે કે 'આપણો અવાજ મૂળે નષ્ટ થતો નથી, તે ચૌદ રાજલોકમાં ફરી વળી કાયમી બની જાય છે.''

## ધર્મ એક અને જીવન બીજું તેવા ભાગલા ભારતની સંસ્કૃતિમાં નથી

(૩) શંકા પરિચય વધારવાથી ઘણું વ્યક્તિગત અને સમાજગત જાણવાનું મળશે. આ યુગ જ સમાજસાધના યુગ છે. વિશ્વમયતાનો માર્ગ વધુમાં વધુ કાર્યસાધક અને યુગાનુરૂપ છે. આપણા દેશની વિશેષતા પણ છે. આપણે ત્યાંનો ધર્મ એક અને જીવન બીજું એમ ભાગલા છે જ નહિ. તેથી જ ગાંધીજીએ આ વાત આપણને પોતાના કાર્યોથી અને સમાજના સંસ્થાકીય કાર્યોથી તાજી કરી આપી છે. તે તરફ જોઈને ચાલવું એ સાચો રાજમાર્ગ છે.

- સંતબાલ

❀

પૂના, તા. 17-4-76

## રાષ્ટ્રની ગુંગળાવનારી પરિસ્થિતિ

જે કાયદા અને શાસકીય સુધારા-ફેરફાર થઈ રહ્યાં છે તે જોતાં અડધા ઉપર કૉમ્યુનિઝમ આ દેશમાં આવી ગયો છે તેમ લાગે. સરમુખત્યારશાહી જેમ વધુ સજ્જડ થશે તેમ પૂરા સામ્યવાદ તરફ દેશ ઝડપી ગતિ કરશે. રાષ્ટ્રની ગુંગળાવનારી વર્તમાન પરિસ્થિતિમાંથી ફરી પરદેશ વસવાનો વિચાર હવે થાય છે.

❀

તા. 22-4-76

## આ દેશ સામ્યવાદી, મૂડીવાદી કે કોમવાદી બની શકે તેમ નથી

આ દેશ નથી સામ્યવાદી બની શકે તેમ કે નથી મૂડીવાદી. કોમવાદી અથવા સંકુચિતતાવાદી બની શકે તેમ પણ નથી કારણ કે આ દેશે 'વસુધૈવ કુટુમ્બકમ્' અને 'આત્મવત્ સર્વભૂતેષુ' આ સૂત્રોથી ઘડાયેલો (વર્ષોથી ઋષિમુનિઓ દ્વારા ઘડાયેલો) સમાજ છે.

પરદેશ જવાની વાત કરતાં વિશ્વમયતાની દિશાનો જો રંગ લાગ્યો જ છે, તો ચિંચણ કાયમી વસવાટ કરવાની વાત જ બાળકો બોજો ઉપાડી લે, ત્યારબાદ ઘટિત થશે. મનોરમાબહેનની શક્તિઓ અને તમારી શક્તિઓ સ્વ-પર શ્રેયના કામમાં અહીં ઘણી જ બંધ બેસતી રીતે વાપરવી સંભવિત

બનશે. આ તો વિચારવા પૂરતું જેમ મ્હોંએ એકથી વધુવાર કહ્યું છે, તેમ કેનેડાનો વિચાર આવતાં અને નોંધપોથીમાં તે નોંધાતા આ ઈશારો કરું છું.

કસોતી તો દરેક સ્થળે જીવ માટે વિકાસને માર્ગે જતાં આવવાની જ. જે જેટલા વિકસિત તેટલી હદે તેની કસોટી વધુ ને વધુ થવાની જ પણ ખૂબીની અને ખુશીની પણ વાત એ છે કે આ મહામાર્ગમાં કુદરત મૈયા પણ મદદગાર બને જ છે.

## વિશ્વમયતાનો માર્ગ બીજાના કલ્યાણ માટે વિચારાય છે તેવી માન્યતા એકાન્તિક છે. આપણા કલ્યાણ માટે પણ તે અનિવાર્ય છે

વિશ્વમયતાનો માર્ગ બીજાના કલ્યાણ માટે વિચારાય છે. એમ એકાંતિક ન લેતાં આપણા અંગત અને કૌટુંબિક વર્તુળના કલ્યાણ માટે પણ અનિવાર્ય છે એમ માનવું જોઈએ. અને રાંકાજી પણ પૂનામાં આવી એકાંત ગાળે છે, તો તેમને પણ આ આપણી વિશ્વમયતાનો ચેપ કેમ નહીં લાગે ? જુઓને શુદ્ધિ પ્રયોગ માટે તો એમને લગની લાગી જ છે ને ? એટલે જ વિચારવું જોઈએ કે કુદરત મૈયા પાંચીકો ભલે લઈ લે પણ તેના બદલામાં હીરો આપી દે છે.

- સંતબાલ

❀

આપણે આ વખતે વધુમાં વધુ વાત રાજકારણ અંગે કરી છે. ભારત, કૉંગ્રેસ અને ભારતની ઘર અને ગામડાંની પ્રજાનું ઘડતર. એ જો શક્તિ છે, તે ગળે ઊતરી જશે તો આજની પરિસ્થિતિ વિશ્વ પરિસ્થિતિના સંબંધમાં અનાયાસે આવી પડી છે. કદાચ આમાંથી જ ભાલ નળકાંઠા પ્રયોગની વાતને અનાયાસે મોટો વેગ મળી જાય.

- સંતબાલ

❀

## મૂડીથી નફરત ન કરતાં તેને ટ્રસ્ટીપણાનો લેપ લગાડો

ઘનશ્યામદાસ બીરલાને ગાંધીજીનો સંપર્ક થયો. ગાઢ રીતે થયો એ એક મોટી વાત છે. મૂડીદારનો આટલો આ સંપર્ક (અને લોકટીકાને પાત્ર પણ ગાંધીજીને આથી થવું પડેલું) તે એમ નથી સૂચવી જતો કે મૂડીથી નફરત ન કરતાં એમાં ટ્રસ્ટીપણાનો લેપ લગાડવો. એ જ રીતે સામ્યવાદી દેશના ગાઢ સંપર્ક પછી ભારત પોતાની સંસ્કૃતિ અને સ્વાયત્તતામાં રહી

સામ્યવાદી દેશોને આપણો ધર્મપ્રધાન ભારત દેશની સંસ્કૃતિનો લેપ લગાડવો. સૌરાષ્ટ્રની ચુસ્ત સમાજવાદી કાર્યકર પર ફલજીભાઈએ એવી ઊંડી અસર આ પ્રયોગની લગાડી કે સામ્યવાદમાંની ઉણપનું એ કાર્યકરને ભાન થયું. વાર્તાલાપ ફલજીભાઈના પુસ્તકમાં તમે જોયો હશે જ.

- સંતબાલ

❀

## ભારોભાર નમ્રતા આવ્યા વિના અહમ્ અને દંભ જાય નહીં

દંભનું મૂળ મોટે ભાગે અહમ્ હોય છે. જે નથી તેવું દેખાવું છે એથી દંભ અનાયાસે થવાનો જ. એટલે નમ્રતા ભારોભાર આવ્યા વિના અહમ્ કદી જાય જ નહિ. આવા દંભને અહમ્ ને સમજ્યા પછી જ ઓળખવો અને કાઢવો સહેલો પડે તેમ છે.

- સંતબાલ

❀

## ઇન્દિરાબેનને હું વ્યક્તિ તરીકે જોતો નથી. કોંગ્રેસે જનતા દ્વારા ક્રાંતિની વાત છોડી સત્તા દ્વારા ક્રાંતિની વાત સ્વીકારી તે ખોટું થયું છે

બેન ઇન્દિરાબેનને હું માત્ર વ્યક્તિ તરીકે જોતો નથી. આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે તેઓ પં. જવાહરલાલનાં પુત્રી અને કમલા નહેરુનાં દીકરી છે. વર્ષો સુધી લગ્ન બાદ પણ અને લગ્ન પહેલા પણ પંડિતજી સાથે ફર્યાં છે. એટલે વ્યક્તિગત ગણો તો એ તે વ્યક્તિ ઉપલા સંદર્ભમાં છે. બીજી બાજુ તેઓ પણ છેલ્લે છેલ્લે જ દીપી ઊઠ્યાં છે. બાકી આ શક્તિ જણાતી જ નહોતી (એટલે જ લાગે છે કે મૂળ તો કોંગ્રેસે જનતા દ્વારા ક્રાંતિની વાત છોડી સત્તા દ્વારા ક્રાંતિની વાત સ્વીકારી તે ખોટું થયું છે.) એટલે થોડી ઘણી નવી વાતને અપનાવવાની અને ગળે ઊતરે તો પૂરી સાહસ વૃત્તિ હોવાથી જ આપણે આપણી વાતને સમજાવવા ભાલ નળકાંઠા પ્રદેશમાં બોલાવવા ઇચ્છતા હતા અને ઇચ્છીએ છીએ. સંત વિનોબા પ્રત્યે સદ્ભાવ ખરો પણ સંત વિનોબા આવું બતાવી શકે તેમ નથી. જ્યારે ભાલ નળકાંઠા પ્રયોગમાં તેઓએ જોઈ શકે તેવું છે માટે એ જરૂરી છે.

(૨) વિશ્વમયતાના માર્ગે જતા રાજકારણ વચ્ચે આવ્યા વિના રહે જ નહિ અને એ કુદરતી આવ્યું છે. તો એને ઊંડાણથી પકડીને જ ચાલવું

જોઈએ. આ વાત તમને હૈયે વસી છે તે સારું અને જરૂરી છે.

- સંતબાલ

❀

## આ કાળે યોગ અને ધ્યાન કરતાં સમાજગત સાધના પર ઝોક આપવાની જરૂર છે

યોગ અને ધ્યાનની એક કાળે જરૂર હતી. આ કાળે તો સમાજગત સાધના પર ઝોક આપવાની જરૂર છે. વિજ્ઞાન એમાં મદદ કરી રહ્યું છે તે ઉમદા વાત છે. તેથી હઠયોગ તો ભૂલી જ જવાનો પણ રાજયોગની એ તેટલી બધી જરૂરિયાત આજે નથી.

- સંતબાલ

❀

તા. 24-5-76

## સરખામણીની ટેવ પણ કોઈ વાર કુટેવ બને છે

વિકાસમાર્ગે જાતની અને સાથીની જાગૃતિ માટે તો સાવધાન સતત રહેવું જ જોઈએ.

જેમ અહંકાર ત્યજવા યોગ્ય છે તેમ સરખામણીની ટેવ પણ કોઈ વાર કુટેવ બને છે. અથવા સ્વચ્છંદના દોષને અજાણતાં ટેકો આપી દે તે સંભવિત જ છે. સ્વચ્છંદ એટલે પોતાનો અભિપ્રાય જ સાચો એ જાતની પડેલી કુટેવ તે ખરેખર ત્યજવા જેવી છે.

## "તારા સંગનો રંગ ન લાગે તો તું વૈષ્ણવ કાચો" ઉપાસ્યે પણ આ યાદ રાખવું જોઈએ

બાપુ સેવકોને સહભાગી જ ગણતા કારણ કે સમાજગત સાધનાનો આ યુગે એવા લોકોને સીધો જોગ મળી ગયો. જેમ સેવકોએ પોતાના ઉપાસ્ય જેવું બનવાનું છે તેમ ઉપાસ્યે પણ "તારા સંગનો રંગ ન લાગે તો તું વૈષ્ણવ કાચો" એ વચન યાદ રાખવા જેવું છે.

- સંતબાલ

❀

## શ્રદ્ધાર્થીની ગુરુશ્રદ્ધા ડામાડોળ થાય ત્યારે થોડી વાર અસફળતાને સહન કરી લેવાય તો સફળતા - સફળતા જ છે

(૧) તમારી મુશ્કેલી સાચી છે. જ્યારે ચોમેર વાતાવરણ ધૂંધળું હોય ત્યારે તાત્કાલિક વ્યવહારમાં સફળતા ન સાંપડે ઊલટું અસફળતા જ વ્યવહારમાં નજરે ચડે છે. જે કારણે સત્યાર્થીની ગુરુશ્રદ્ધા ડામાડોળ થવા માંડે; પરંતુ થોડી વાર વ્યવહારમાં સાંપડતી અસફળતાને પણ સહન કરી લેવાય તો પછી તો સફળતા સફળતા જ છે. પરંતુ આથી જ કહ્યું છે "દેર હૈ લેકિન અંધેર નહીં". પરંતુ વ્યવહાર અસફળતાથી મોટે ભાગે સાધક-સાધ્વી, સેવક કે સેવિકા હારી બેસે છે ત્યારે અત્યાર સુધી રાખેલી શ્રદ્ધાના ફળ ઉપર પાણી ફરવા જેવી દશા ઊભી થાય છે.

## નિમિત્ત નાનું હોય કે મોટું બન્ને એકસરખો ભાગ ભજવે છે

(૨) નાનો લાગતો માણસ પણ અગ્નિકસોટીનો નિમિત્ત બની શકે અને વધુ ખૂબી બીજી પણ ત્યાં છે, તે એ કે નાનો લાગતો માનવી આવું ન જ કરે, એ ખુમારી આપણા મનમાં હોય છે. કુદરત તે ખુમારી પણ કાઢી નાંખવા માગતી હોય છે. માપ નાનું કે મોટાનું સામાન્ય રીતે આપણું હોય છે, તે યથાર્થ હોતું નથી. નિમિત્ત તો સામાન્ય હોય કે વિશેષ હોય પણ તે એક સરખો ભાગ ભજવી શકે.

## સામી વ્યક્તિ મારા સંગથી અસામાન્ય બની તેવું વિચારવાની રીત બરાબર નથી

"સામો માણસ સામાન્ય હતો અને મારે ત્યાં આવી અસામાન્ય બન્યો" એવી વિચારવાની રીત ન હોવી જોઈએ. ઊલટું અમારા બંનેના સંબંધો હતા એને લાભ મળ્યો, તો ભલે મળ્યો. એનું કલ્યાણ થાઓ ! મારે મારી સૌજન્યવૃત્તિ છોડવી નહીં. એ છોડે તો ભલે છોડે. તે પણ મારા નિમિત્તે દુર્જનતા આવી હોય તો છોડી દે, એવી જ મારી તો પ્રભુપ્રાર્થના હોય ! એમ જ વિચારવું ઘટે.

- સંતબાલ

❀

## સાધકે શરીરની સુદૃઢતા રાખવી જરૂરી છે. મને (ગુરુદેવને) ચાહનારાઓએ અંબુભાઈ જેવા ટોચના કાર્યકરોની તબીયતની સતત કાળજી રાખવી જરૂરી છે

સાધકે અને સેવકે આ સમાજગત સાધનાના યુગમાં વ્યક્તિગત સાધનાની સાથે સાથે સમાજગત સાધનાના કાર્યોમાં સક્રિય રીતે કોઈને કોઈ રીતે ભળવાનું હોવાથી શરીરની સુદૃઢતા પણ મનની શક્તિઓ વધારવાની સાથોસાથ વધારવાની છે જ. જૈન આગમોમાં જે તરવાનો અને તારવાનો માર્ગ એકીસાથે આચરે છે તેવા પ્રથમ પદે રહેલા અર્હંત તીર્થંકરોના શરીરનું બંધારણ બળક, વજ્ર વગેરે જેવું મજબૂત હોય છે એમ આવે છે. આ પરથી એટલું સિદ્ધ થાય છે કે એ માર્ગે જે વીરો જાય છે, તેમને શરીર પણ સ્વસ્થ રાખવું અનિવાર્ય છે. એ દૃષ્ટિએ ભાલ નળકાંઠા પ્રયોગના પાયાના કાર્યકર તરીકે અંબુભાઈ માટે શરીર સ્વસ્થતાની કાળજી અનિવાર્ય છે. એમ છતાં ગાંધીજીને મળેલા કિશોરલાલ મશરુવાળાનું શરીર દમગ્રસ્ત હતું જ. જોકે એમણે પોતે પોતાનું શરીર બરાબર જાળવ્યું હતું જ. એ રીતે ભાલ નળકાંઠા પ્રયોગના માર્ગદર્શક સંતનું શરીર ભલે કાર્યક્ષમ સતત રહ્યું, પણ જેમ બાપુ કિશોરલાલ મશરૂવાળાની કાળજી રાખતા હતા તેમ મારે પણ અંબુભાઈની કાળજી રાખવી જ જોઈએ. જૈન મુનિની આચારમર્યાદા પ્રમાણે ભલે કેટલીક મર્યાદા રહે ! તો પછી મને ચાહનારાઓએ મીરાંબહેનની જેમ અંબુભાઈની પણ તબિયતની સતત કાળજી રાખવી જોઈએ. જોકે બીમારી વખતે અને બીમારી પછી હંમેશા અંબુભાઈને સંઘે અને સંઘચાહકોએ બરાબર સાચવ્યાં જ છે. લલિતાબહેને તો ઑપરેશન વખતે વર્ષો પહેલાં અને આજ લગી ઘણી રીતે વ્યક્તિગત મમતા દર્શાવી છે. સંઘના એ ટોચના કાર્યકર્તા છે, પરંતુ હજુ પણ વધુ ધ્યાન અંબુભાઈએ જાતે અને સંઘે (બન્નેએ) આપવું જોઈએ અને આપણી કુદરતી ઠોકરો પછી હવે એ જળવાઈ રહે એમ લાગે છે.

**- સંતબાલ**

❀

પૂના, તા. 24-5-76

## ન્યાયતંત્ર રાષ્ટ્રના કરોડરજ્જુ સમાન છે. તેને તોડવા ઇન્દિરાબેન ગમે તેટલું કરે પણ ભારતવાસી તે સાંખી લેશે નહીં.

જજ મોટા મામા (ટી.યુ. મહેતા) અમદાવાદથી આવ્યા છે. આમ તો રજનીશની શિબિર માટે દસ દિવસ રહેવા આવ્યા છે. સરકારે તેમની બદલી સીમલા કરી તે અંગે

વાતો થઈ. આ બદલી પાછળ કેવળ કિન્નાખોરી છે, એમ સાબિતી પુરાવા સાથે ટી.યુ.એ વાત કરી. સુપ્રિમ કોર્ટના વડા જજ 'રે'ને ટી.યુ.એ આઠ પાનાનો કડક પત્ર લખ્યો છે. આ પછી ટી.યુ.એ પોતાના future plan ની વાત કરી. સીમલા પણ જો મારી બદલી કરશે તો નિવૃત્ત થવાના હવે ચાર વર્ષ બાકી છે. થોડો સમય ત્યાં રહી અને રાજીનામું આપવાનો છું અને દિલ્હી રહી અને વકીલાત શરૂ કરવાનો મારો વિચાર છે. સુપ્રિમ કોર્ટના કેસ ત્યાં લડવાનો અને આ બેશરમ સરકારને મારી નાની રીતે કાયદાથી હંફાવવા વિચારું છું. રાજીનામા પછી વકીલાત કરીશ પણ આ સરકારનો હાથો તો નહીં જ બનું. ન્યાયતંત્ર જેવા, રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન અગત્યના અંગમાં, રાષ્ટ્રપ્રેમી સપૂતો જ્યાં સુધી છે ત્યાં સુધી ઈન્દિરા ગમે તેટલું કરે તો પણ અંદરથી લોકશાહીનો પ્રેમ અને આકર્ષણ ભારતવાસીમાંથી તે કાઢી નહીં શકે.

❀

## કાયદાના શાબ્દિક ચોકઠામાં રહીને ન્યાય તોળવાની હાલની પ્રથા બદલી સમાજલક્ષી લોકશાહીની દિશા પકડે તેવા ન્યાયતંત્રની જરૂર છે

**મૂળે ન્યાયતંત્ર જે રામરાજ્યની પરંપરામાં હતું, તે તો પંચપ્રથાનું હતું. સંત વિનોબાજી કહે છે તેમ આજની માફકનું ૩ + ૨ = ૫ નું નહીં પણ પાંચેયનું સંયુક્ત ન્યાયતંત્ર હતું. એ વસ્તુ ધીરે ધીરે ઘસાતી ગઈ અને તેમાંથી પરદેશી ન્યાયની આંધળી દેવીનું ન્યાયતંત્ર આવ્યું. એટલે કે કાયદાનાં શાબ્દિક ચોકઠામાં રહીને જ ન્યાય આપવાની પ્રથા રહી. હવે ફરી પાછી ભારત સ્વતંત્રતા પછી પંચપ્રથાનું ન્યાયતંત્ર આવે તે માટે મથવાનું આવશે. આ કામમાં ગામડાંને મુખ્ય બનાવીને ચાલવું જોઈએ. તો જ ન્યાયનો આત્મા જળવાશે અને સમાજ પરિવર્તનને સાનુકૂળ ન્યાય બનશે. આ કામ ભાલ નળકાંઠા પ્રયોગે મુખ્ય બનીને કરવાનું આવે તો નવાઈ નથી. એમાં ફલજીભાઈ જેવા જગતાત ખેડૂતની દિશા પકડનારા સ્મારકરૂપે થતું કામ નમૂનેદાર બનશે એટલે ન્યાયની નવી દિશા સમાજાભિમુખ આવવાની છે. તે અને જૂની પરંપરા છે તે બે વચ્ચેના સંઘર્ષનો આ સમય છે. તેવે વખતે લોકલક્ષી લોકશાહીની દિશાને અનુરૂપ ન્યાયની વાતમાં જેટલે અંશે ઉપયોગી થવાય તેટલે અંશે ન્યાયાધીશ માટે થવું જોઈએ. એ દૃષ્ટિએ ચકાસતાં ટી.યુ. મહેતા આવી શકે તો એ માટે ગૌરવ લેવા જેવું ખરું.**

## લોકલક્ષી લોકશાહી ભારતમાં શક્ય છે

લોકલક્ષી લોકશાહી આજે નથી. પરંતુ એ ભારતમાં સહેજે આવી શકે તેવું જરૂર છે. કારણ કે ગણસત્તાક પદ્ધતિ અહીં જૂના કાળથી છે અને

સાથોસાથ ન્યાય અને સલામતી એ તો બે મૂળ તત્ત્વો તો રાજાશાહી પ્રણાલિકામાં પણ પ્રથમથી જ છે. એટલે લોકલક્ષીપણું તો ઠેઠ આજ સુધીનાં બ્રિટિશ રાજતંત્ર હતું, તોય રાજાઓમાં જળવાઈ રહેલું. ગાંધીજીએ સૌરાષ્ટ્રમાંનો આવો દાખલો ક્યાંક રજૂ કર્યો પણ છે. આ પ્રકારનો તે પ્રસંગ છે :

"એક ખેડૂત ખળામાંથી ગાડું ભરી ઠાકોરનો (ભાગ આપ્યા વિના) અનાજ વગેરે માલ ખેતરમાંથી લઈ જતો હતો. રસ્તામાં બળદ ગળિયો થઈ બેસી ગયો. ધૂંસરી તૂટી પડેલી ત્યારે પેલા રાત્રે ગુપ્તચર તરીકે ફરતા ઠાકોરે પોતાને ગળે ધૂંસરી વહી એ માલ ખેડૂતના ઘર લગી વહ્યો હતો. કોઈક વખત ઠાકોરથી રીસાઈ તે જ ખેડૂત હિજરત કરવા તૈયાર થયો ત્યારે ઠાકોરે આટલું જ કહ્યું :

"ભલે પટેલ ! જવું હોય તો ખુશીથી બીજે રાજ્યે જાઓ પણ ધૂંસરી તૂટે અને બળદ કામ ન આપે, ત્યારે એવું બળદનું કામ આપી શકે એવા ઠાકોરનાં રાજ્યતંત્રમાં તમે જજો !" પટેલને આ જ વાત ખ્યાલમાં આવતાં શરમાઈ ગયો અને (ભાગ આપ્યા વગર લઈ જતો હતો તે) ચોરીની માફી માંગી અને રોકાઈ ગયો. આવા રાજ્યતંત્રથી રિસાવાય શી રીતે ?

- **સંતબાલ**

❀

તા. 27-5-76

## ચમત્કારની વાતોથી આચરણ ગૌણ બની જાય છે. ખરી રીતે ચારિત્ર્ય જ મોટો ચમત્કાર છે. નોંધપોથીમાં પણ ચમત્કારને મહત્ત્વ આપવું ઠીક નથી

હમણાં જ મધુસુદન દાસજીનું જીવનચરિત્ર એ પુસ્તક જોયું. જેમ જેમ પાનાં ફેરવાતાં ગયાં તેમ તેમ જાણ્યે અજાણ્યે ચમત્કારના જ પ્રસંગો આવતાં ગયા. આ વસ્તુમાં કેટલુંક કુદરતી હોય છે. કેટલુંક કાગનું બેસવું અને ડાળનું પડવું હોય છે. કેટલુંક પોતાના પ્રયત્ને હોય છે. અને યશ ગુરુને ધરાતો હોય તેવું હોય છે અને બાકીનું મોટે ભાગે શ્રદ્ધાને કારણે થતું હોય છે. માનવના દિલને સંતોષ સમાધાન થાય એ જ એક મોટો ચમત્કાર નથી ? ખરી રીતે ચારિત્ર્ય એ જ ચમત્કાર છે. જે લોખંડ કે પાષાણ જેવા હૃદયને પીગળાવી નાખે છે ! એટલે એ તરફ ધ્યાન આપવાના બદલે ઉપર કહ્યું તેમ અનાયાસે બનેલા બનાવોને મહત્ત્વ આપ્યા કરવું અથવા તે બનાવોને મુખ્ય વસ્તુ માનીને ચાલવા પ્રયત્ન કરવો એ ભયજનક વસ્તુ છે. આને લીધે જ આચરણ એ વસ્તુ ગૌણ બનવાનો સંભવ રહે છે. એટલે આવી રીતે નોંધપોથીમાં

પણ મહત્ત્વ આપવું એ ઠીક નથી. આવી નાની મોટી ઘટનાઓ તો આવવાની ને બનવાની. અગ્નિપરીક્ષાઓ પણ થવાની અને જવાની મૂળે તો સ્વચ્છંદ અને અભિમાન કાઢવાની જ વાત પર જોર આપવાનું છે. કારણ કે વ્યક્તિત્વને વિશ્વમયતામાં ઓગાળવાની મુખ્ય વાત જ લક્ષમાં રાખી આગળ ચાલવાનું છે.

**- સંતબાલ**

❀

તા. 28-5-76

## પુરુષાર્થ એટલે શું ? 'પુરુષ'નો એક અર્થ 'આત્મા' છે. સાચો પુરુષાર્થ એટલે આત્માની શોધ. 'વિચાર' એ આત્માનું કિરણ છે.

'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?' એ કહેવતમાં તથ્ય નથી એમ નહીં કહી શકાય. પરંતુ ઉપાય છે જ. પછી એ ક્રોધ હોય, કામ હોય કે અભિમાન અથવા છળકપટ કે લોભ હોય એ બધી કુટેવો પલટી શકાય છે. માટે તો કહ્યું છે કે, "માનવ ધારે તે કરી શકે પણ એને માટે પુરુષાર્થ જોઈએ. એ પુરુષાર્થની સાથે ઈશ્વરકૃપા-ગુરુકૃપા પણ જોઈએ.

હવે પુરુષાર્થ એટલે શું ? એ પ્રશ્ન થશે. પુરુષનો એક અર્થ આત્મા પણ છે. પુરુષને માટે એ થયો પાકો પુરુષાર્થ, મતલબ કે સાચો પુરુષાર્થ તો આત્માની શોધ છે. શરીરરૂપી પૂરમાં રહે તે પુરુષ. આવો પુરુષ આત્મા સિવાય બીજો ન હોઈ શકે અને એથી જ આત્મસાક્ષાત્કાર વિચારથી થઈ શકે. મેં ઘણીવાર કહ્યું છે કે, વિચાર અને વિકલ્પ વચ્ચે ફેર છે. વિચાર એક અર્થમાં આત્મકિરણ છે. જ્યારે વિકલ્પ મનની વસ્તુ છે.

**- સંતબાલ**

❀

તા. 18-5-76

## ગેબી શક્તિઓનો અનુભવી વિવશ થતો નથી

તા. ૧૬-૫-૭૬ના 'સંદેશ' સાપ્તાહિકમાં ધીરેન શ્રેષ્ઠ લખે છે, "સ્વામી વિવેકાનંદે કહ્યું છે, મન-બુદ્ધિની માન્યતાઓ, વિશ્વાસ કે શ્રદ્ધાનાં કસોટી સમયે કૂરચે-કૂરચા ઊડી જાય છે ! ઈશ્વરનો અથવા આત્મતત્ત્વનો તેને સાક્ષાત્કાર થતો હોય તે જ, સાધક ગમે તે સંજોગોમાં અવિચલ રહી શકે છે. ધીરેન શ્રેષ્ઠ આગળ

ચાલતાં લખે છે. 'કસોટી અથવા મુશ્કેલીના સમયે, આસ્તિક ગણાતા માણસો નાસ્તિક બની ગયાના દાખલાઓ છે. માણસની માન્યતા, મનની શ્રદ્ધા કે બુદ્ધિનો નિશ્ચય મુશ્કેલીના સમયે ગાયબ બની જાય છે. પરંતુ જે વ્યક્તિને આત્મસાક્ષાત્કાર થયો હોય અથવા ગુરુની ગેબી શક્તિઓનો અનુભવ થઈ ચૂક્યો હોય તે કપરા સંજોગોમાં પણ, વિવશ થતાં નથી પણ અચલ રહે છે.

❀

**તા. 28-5-76**

## ગુંદી જેવા પ્રયોગમાં પાયાના કાર્યકરોની એક હરોળ સમાપ્ત થાય તે પહેલાં બીજી તૈયાર થવી જોઈએ

જેમ એક દૃષ્ટિએ આ સમાજગત સાધનાયુગ છે તેમ બીજી દૃષ્ટિએ આ કાળે આંતરિક અને બાહ્ય બન્ને પ્રકારના ત્યાગની જરૂર છે. એટલે સંયમ, સાદાઈ વગેરે તત્ત્વો પાયામાં જોઈશે. એટલું જ નહિ પણ ભાલ નળકાંઠા પ્રયોગ જેવા ગાંધીપ્રયોગોનાં અનુસંધાનવાળા વિશ્વલક્ષી પ્રયોગમાં સ્થાનિક અને ગુંદી જેવા ગામડામાં ચાલતાં પ્રયોગનાં પાયાનાં કાર્યકરોની એક હરોળ સમાપ્ત થાય તે પહેલાં બીજી હરોળ પણ તૈયાર થઈ જાય તેવી ભૂમિકા માટે કેટલાક વિશ્વમયતાની સાધનામાં મસ્ત બનવા માંગતાં દંપતીઓ છે.

પોતાનાં તન, મન અને સાધનો સહિત જાતે ખૂંપવાની પણ હરપળે તૈયારી રાખવી પડશે. જોકે આમાં કુદરત મૈયા પણ સાથોસાથ મદદ કરશે. એટલે એ પણ મેળ મેળવવાં તત્પર રહેવાનું છે.

❀

**તા. 28-5-76**

## ચિંચણના શ્રીમદ્ વિભાગમાં ત્રણથી ચાર કુટુંબોએ પોતાનું મકાન બંધાવી એની જિંદગી ખૂંપાડી દેવી જોઈએ

જો મુંબઈ જેવું આંતરરાષ્ટ્રીય નગર ન હોય તો ઉણપ રહી જાય અને વિશ્વવ્યાપી આ ભાલ નળકાંઠા પ્રયોગ થાય જ શી રીતે ? બીજી બાજુ ગામડું ન હોય તો એનો (પ્રયોગનો) પાયો જ ડગી જાય. એ હિસાબે જો એમ. જેવા જિજ્ઞાસુ કૃષક પ્રેમી સેવક મળ્યા, તો વાણગામનો વિચાર ચાલ્યો. પ્રયાસો પણ થયા. ત્યાંનું હવાપાણી અનુકૂળ વધુ પણ જ્યારે જે એ પ્રયાસો સફળ ન થયા અને અહીં કુદરતી રમ્યતા સાથે વિશાળ સમૃદ્ધબંધુ ભેટ્યા તો વ્યક્તિગત

રીતે તબિયતની બાધામાં ઉપાયો શોધી સમાધાન સાધવું એજ માર્ગ રહે છે.

મારી ચિંતા કરનારે મૈયા પ્રતીક અને માતૃજાતિનાં પ્રતિનિધિની ચિંતા અને એમનાં પરિપૂર્ણ ગૌરવ અને આનંદમય સમાધાન માટે જાતે અહીં શ્રીમદ્ વિભાગમાં પોતાનું મકાન બનાવી, આ પ્રયોગમાં હવેની જિંદગી ખૂંપાવી દેવી જોઈએ. એવા ત્રણથી ચાર કુટુંબો બસ થઈ પડશે. એ વાતો પ્રસંગોપાત થયા કરે છે. તો જરૂર પરિણામ આવશે જ. અને ત્યાં સુધીમાં A. અને P.નું પણ કદાચ સ્થાયી નિવાસનું બનવા સંભવ રહે છે. આજે તો જે આશા છે, તે જ કહેવાય ને ! પણ આજની આશામાં આવતી કાલે ફટકો પડે તો કુદરત મૈયા બીજી નવી આશાઓ ઊભી કરશે અને પૂરતી કરશે, એમ માની કર્તવ્ય આચરીએ જવું. ભારતનું ભાવિ જો ઉજ્જવળ છે જ, તો એ આશા ગાંધીવિચારના પાયા પર ભગવાન મહાવીર અને શ્રીમદ્‌ને રાખીને ચાલતા આ પ્રયોગનું ભાવિ પણ ઉજ્જવળ માનવું જ રહ્યું.

- સંતબાલ

❀

ચિંચણ, તા. 25-5-76

## માણસનું સામૂહિક જીવન જો સંસ્થા દ્વારા થાય તો તેનું વ્યક્તિત્વ ખીલી શકે. કૌટુંબિક સંબંધોમાં અહમ્ તથા મમતા માણસને ઝકડી રાખે છે જ્યારે સંસ્થા દ્વારા થતા સંબંધો કર્તવ્યનિષ્ઠ હોય છે

રવિવાર તા. ૨૩-૫-૭૬ના સાંજના સાડા છ વાગે ગુરુદેવે નીચેનો પાઠ આપવાની શરૂઆત કરી :

ગુરુદેવ બોલ્યા : 'વ્યક્તિનું પૂરું ઘડતર સંસ્થા દ્વારા જ થાય છે. બે એકડાં અગિયાર (૧ + ૧ =૨ નહિ પણ એક અને બીજો એક મળી "૧૧" થાય છે. સાથે બેસે ત્યારે એ જો કરવું હોય - કરતાં શીખવું હોય તો વધુ વ્યક્તિઓ સાથે સમરસ થતાં આવડવું જોઈએ. બીજી વ્યક્તિનું વ્યક્તિત્વ જળવાય અને તે આપણી સાથે ભળે એટલે "૧૧" જેટલું બળ કુદરતી બળ થાય છે.) થાય તો કેટલું બધું જોર આવે સંખ્યા દૃષ્ટિએ ? ત્યારે આ જૂથબળ શક્તિ - કેવળ સંસ્થા દ્વારા માણસનું ઘડતર થાય તો જ આવે. કૌટુંબિક સંબંધોમાં, અહમ્‌તા મમતા માણસને ઝકડી રાખે છે - પીડે છે. જયારે સંસ્થાનાં સંબંધમાં 'કર્તવ્ય સંબંધ'ની સુંદર તાલીમ માણસને મળી છે. સંસ્થામાં શરૂમાં પોતાનું વ્યક્તિત્વ લોપાતું લાગે, પણ એક વાર

સંસ્થામાં એકરૂપ થયા પછી – અંદર લુપ્ત થયા પછી – માણસનું વ્યક્તિત્વ આપોઆપ બહાર આવે છે, બહાર નીકળે છે. ગાંધીજીએ આરંભનાં દિવસોમાં કૉંગ્રેસ પ્રમુખના કોટનાં બટન સુધ્ધાં બીડી આપ્યાં. કેટલી બધી વિનમ્રતા અને તૈયારી રાખી હતી? પરિણામ એ આવ્યું કે એ જ માંધાતાઓ અને કૉંગ્રેસને ગાંધીજી વગર પછી ચાલ્યું નહિ. ગાંધીજીને ગોતવા જતા. બસ ! આ છે સંસ્થામાં ગયા પછી મળતા ઘડતરની ખરી ખૂબી એમાં માણસનો વિકાસ ઉત્તોત્તર થાય છે, સાધનાનું માપ રોજરોજ મળતા વિવિધ અને હળવાં અનુભવોથી સાધકને સાધનાભાતું મળતું રહે છે. આ લાભ આધ્યાત્મિક રીતે કાંઈ નાનું સૂનું નથી.

## યુદ્ધ અને આલિંગન પ્રતિકાર અને સહકાર - જીવનની એક જ પ્રક્રિયા છે, જેના સમતુલન માટે વિવેકની જરૂર છે, પરંતુ વિવેક પ્રત્યક્ષ સદ્‌ગુરુ અને પ્રભુકૃપા સિવાય આવે નહીં. નીતિમય જીવનમાં પ્રભુકૃપા અવશ્ય મળે

ગુરુદેવ આગળ બોલ્યા :

યુદ્ધ અને આલિંગન એ માનવજીવનનો ક્રમ છે. એ બેમાંથી ક્યારે કોનો ઉપયોગ કરવો તે સાધકે સતત વિચારતા રહેવું પડે છે. એકની જગ્યાએ બીજું થાય એટલે સમતુલા તૂટે છે. કાર્ય સાધ્ય થતું નથી. ગૂંચવાડો ઊભો થાય છે. પ્રેમ-પ્રતિકાર અને સહકાર-સંઘર્ષ આ બધા જુદા જુદા નામો છે, પણ જીવનની એક જ પ્રક્રિયા બતાવે છે. હવે પ્રશ્ન એ થાય કે યુદ્ધ-પ્રતિકાર ક્યારે કરવો ? આ માટે એક પંક્તિ છે "બીન સત્તસંગ વિવેક ન હોત, રામકૃપા વિના સુલભ ન સોઈ !" એટલે આ માટે વિવેક જરૂરી છે, જે સત્સંગ વિનાં શક્ય નથી. આથી જ શ્રીમદ્‌ અને અન્ય મહાપુરુષોએ સદ્‌ગુરુની અને તે પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુની મહત્તા અને તે પણ વારંવાર ગાઈ-બજાવીને કહી છે. અને બીજી વાત છે ઈશ્વર-રામ-કૃપાની જે વિના કશું જ સુલભ થઈ ન શકે. ત્યારે રામકૃપા પણ પુરુષાર્થથી આવી-ઊતરી-શકે છે. એટલે કે સદ્‌ગુણી-સદાચારી-નીતિમય જીવન જીવીએ તો પ્રભુકૃપા અવશ્ય ઊતરે જ. અને આ પુરુષાર્થમાં સત્સંગ અને સદ્‌ગુરુનું પ્રત્યક્ષ માહાત્મ્ય ખૂબ ભારપૂર્વક આવશ્યક છે. બીજા શબ્દમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુનાં યોગથી કાળેક્રમે વિવેક આવે છે. જે જીવનસંગ્રામનાં બે પાસાં, યુદ્ધ-આલિંગન માટે સાધકને સદા જાગ્રત અને તૈયાર જ રાખે છે. આ માટે જ "લડી સૌ આત્મસંગ્રામે, બીજા સંગ્રામ શા કરવાં" એ વ્યક્તિગત સાધનામંત્ર સાથે, સમાજગત સાધના પણ જરૂરી છે. માણસ ક્યાં સુધી પહોંચ્યો તે કસોટી સમાજગત સાધના વિના પૂરી અને પાક્કી આવી શકતી નથી.

કુટુંબમાં સમાજ જેટલા વિશાળ પાયા પર અને જુદી જુદી વ્યક્તિના સંપર્કમાં આવવાનું બનતું નથી એટલે સાધના એટલી અધૂરી ને સંકીર્ણ ક્ષેત્ર પૂરતી મર્યાદિત રહે છે.

## હવે તો ધર્મે જ રાજકારણ અને જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભુત્વ રાખવું જોઈશે અને તે માટે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ કામ કરી રહેલ છે

ત્યારબાદ ગુરુદેવ બોલ્યા :

આજ સુધી આપણે ત્યાં બે સંસ્થા સ્થાપિત થઈ છે. શ્રી રામ, શ્રીકૃષ્ણ બે રાજકીય સંસ્થાના સભ્યો ગણાય અને ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર ધાર્મિક સંસ્થાના સભ્યો ગણાય. આ બે મહાન સંસ્થાઓએ આજ સુધીમાં આપણને આવા મહાપુરુષો આપ્યા. પણ હવે આજના વિજ્ઞાનયુગમાં આ જાતની આવી સંસ્થાઓ નહિ ચાલી શકે. હવે તો ધર્મે જ રાજકારણ સહિતનાં સર્વક્ષેત્રોમાં પૂરો પ્રવેશ કરવો પડશે. કહો કે ધર્મના અંકુશ તળે બીજી બધી સંસ્થાઓને મૂકવી પડશે-રાખવી પડશે. અને ગાંધીજીએ પોતાના જીવનથી, આ સુંદર પ્રયોગ કરી દાખલો બતાવ્યો જગતને. એટલે ચીલો તો પડી ચૂક્યો છે, એમાં વધુ ખેડાણ અને પ્રગતિ કરવાની જરૂર છે. જે આપણે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ આજે વર્ષોથી કામ કરી રહ્યો છે.

❀

**તા. 28-5-76**

## પ્રજા-ઘડતર, પ્રજા-સેવક-ઘડતર, સંત-ઘડતર અને રાજકીય ક્ષેત્ર - આ ચારેયનું સંકલન કરવાનું જરૂરી છે

**આજનો યુગ સમાજગત યુગ સાધનાનો યુગ છે. એમ એકવાર મનમાં નિશ્ચિત થાય તો સંસ્થાકીય તત્ત્વની આવશ્યકતા અને મહત્તા સમજાશે. આ દૃષ્ટિએ જ મેં ભારતીય ગામડાનું ધર્મને તાણા-વાણાની જેમ વણાયેલું જીવન અને ભારતીય પ્રજાની વિશેષતાની વાત કરેલી.**

મહાવીર સ્વામીના જીવનવિકાસની પરાકાષ્ઠા આ ત્રણ પ્રસંગોએ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પણ રામયુગે એક ખામી રહી ગઈ હતી, તે આમ પ્રજાનાં ઘડતરની. એ મહાવીર બુદ્ધ યુગે પુરાઈ પણ પ્રજાઘડતર, પ્રજાસેવક ઘડતર અને સંતઘડતર આ ત્રણ કાંઈકે ઠીક થયાં ત્યાં રાજકીય ક્ષેત્રે એ છોડવાથી, તેમાં સડો પેસવો શરૂ થયો અને ઠેઠ પરરાજ્ય સત્તા ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં જામી પડી. સદ્ભાગ્યે સંતોએ પોતાનાં ક્ષેત્રોમાં

અને મહાજનોએ પોતાનાં ક્ષેત્રોમાં કામ તો કર્યું જ એટલે ગુજરાતમાં આ ખેડાણ વધુ હોવાથી, ત્યાં ગાંધીજી જન્મ્યા અને રાજકારણીય ક્ષેત્રમાં ઠીક ખેડાણ થયું. પણ આ ચારેયનું ત્યારબાદ હવે સંકલન કરવાનું કામ જરૂરી છે. એટલે જ એ કામમાં આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક એ ત્રણેય પરિબળોએ એકત્રિત થઈ લાગી જવું પડશે.

- સંતબાલ

ચિંચણ, તા. 27-5-76

## સૌરાષ્ટ્ર વીરોની ભૂમિ છે

હમણાં ગુરુદેવમાં વીરતાનો મૂડ જરા વધુ જોતાં-અનુભવતાં આનંદ થાય છે. આવા મૂડમાં કદાચ પહેલી જ વાર ગુરુદેવને જોવા-સાંભળવાનું મને મળ્યું. પ્રવચનમાં કહે, "મહાવીરનો માર્ગ એ વીરોનો માર્ગ છે". વીરતા વગર મહાવીરના માર્ગે નહીં ચાલી શકાય. ગુજરાત-સૌરાષ્ટ્ર એ વીરોની ભૂમિ છે. ટંકારામાં જન્મેલા દયાનંદ સરસ્વતીએ કેટલી વીરતા બતાવી ? પોરબંદરમાં જન્મેલા વીરે (ગાંધીજી) કેટલો જબ્બર ઈતિહાસ સર્જ્યો અને આજે પણ રાષ્ટ્રો ગુજરાત પાસે માર્ગદર્શનની અપેક્ષા અને નજર માંડી રહેલ છે. ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિમાં કોઈ કુદરતી એવો ગુણ છે કે વીરનરો અહીં પાકતા આવ્યા છે.

## ત્રાટક એટલે આંખ દ્વારા કામ કરતી આત્માની શક્તિ

ગુરુદેવ એક પ્રવચનમાં મહાવીર અંગે બોલતાં, ચંડકોષીયાના જેવા વિષધરને ત્રાટકથી કેવળ શાંત મહાવીરે કર્યો તે સુંદર રીતે સમજાવ્યું. કવિ મકરંદ હવે એ લખેલ વાત અહીંયાં યાદ આવી. "ત્રાટક એટલે આત્માની શક્તિ આંખ દ્વારા કામ કરે તે" આ માટે સાધના જોઈએ, ઉપરાંત શુભ-અશુભ હેતુ માટે પણ માણસો ત્રાટક દ્વારા કામ કરે છે.

## નરજાતિએ નારીજાતિને હજારો વર્ષથી અન્યાયો કર્યા છે તેનું સાટું કોઈકે તો વાળવું જ પડશે. તે જ રીતે હરિજન, આદિવાસીઓ વ. બાબત

મીરાબહેનને વ્યક્તિ તરીકે જોવાનાં નથી, એ તો માતૃજાતિનાં આપણા વિશ્વવાત્સલ્ય ધ્યેયે ધર્મમય સમાજરચનામાં રસ ધરાવતાં નાના મોટા સૌને માટે પ્રતિનિધિ છે. નરજાતિએ મોટે ભાગે નારીજાતિને હજારો વર્ષથી જે અન્યાયો કર્યા છે, તે બધાનું સાટું કોઈકે તો ક્યાંક વાળવું પડશે. એ રીતે

શરૂઆતમાં જેમ બાપુએ અસ્પૃશ્યતા અંગે ઝેર પી અમૃત આપ્યું.

અમારા સદ્‌ગત ગુરુદેવે "નારીજાતિના વકીલ"ના ઉપનામની કડવી ગોળી ગળી લીધી તેમ ભાલ નળકાંઠા પ્રયોગમાં પાછળ રહી ગયેલા વર્ગો, નારીજાતિ અને ગામડાં - ખાસ કરીને જગતાત એવા ખેડૂત માટે એવી કડવી ગોળી ખાઈને અમૃત પ્રસાદી આપવાનું કામ સંતો, સેવકો અને જનતાએ કરવાનું આવ્યું છે. એટલે એ દૃષ્ટિએ વિશ્વલક્ષી ભાવથી જ ખાસ કરીને સવિશેષ કરીને ગામડાં-ખાસ કરીને જગતાત એવા શ્રમલક્ષી ખેડૂતોને કેન્દ્રમાં રાખીને- પાછળ રહી ગયેલાં હરિજન-આદિવાસી વગેરે વર્ગો તેમજ નારીજાતિ-માતૃજાતિ.

- **સંતબાલ**

❀

તા. 9-6-76

## ફળ નિસર્ગાધીન માનીને જ કર્તવ્યભાવે કર્તવ્ય બજાવ્યે જવું

જે શ્લોક મૌન કાળમાં લખાયેલો :

નિસર્ગધાર્યું ફળતું સહુ કૈં,
નિસર્ગધાર્યું બનતું સહુ કૈં,
પ્રયત્નનું તો પરિણામ વહાલા,
એ વિશ્વપ્રેમી બનવાનું માત્ર.

એટલે કે નિસર્ગમૈયા દ્વારા બધું જ ફળે છે અને બધું જ બને છે. માનવજીવનનો પુરુષાર્થ તો મુખ્યત્વે વિશ્વપ્રેમી બનવા માટે લગાડવાનો છે. પરંતુ આનો અર્થ એ પણ નથી કે, કર્તવ્ય ચૂકી જવું. કર્તવ્ય ચૂકવાથી તો વિકાસ જ અટકી પડે. આનો અર્થ એટલો કે કર્તવ્ય બજાવે જવું પણ છેવટે ફળ નિસર્ગાધીન માનીને જ કર્તવ્ય ભાવે કર્તવ્ય બજાવે જવું.

## એક બાજુથી પ્રેમ પાથર્યા કરવો અને બીજી બાજુથી નાના અન્યાયનો પણ પ્રતિકાર કરવો

જૈન મુનિને છકાયના માવતર બનવાનું છે. એ દૃષ્ટિએ જ્યાં ઉગ્ર બની જવાય, ત્યાં બધું ઉદારપણે સાંથોસાથ બની જવાનું એટલે ઉગ્રતાની અસર તત્કાળ નાબૂદ થતી રહે ! એક બાજુથી પ્રેમ પાથર્યા કરવો અને બીજી બાજુથી નાની પણ અન્યાય પ્રક્રિયા બને ત્યાં તત્કાળ પ્રતિકાર કરતા જવું.

- **સંતબાલ**

❀

## 'સમત્વ' એ યોગ ખરો પણ કર્મ કૌશલ વિના તે એકાંગી બને

સમજાય તોયે અમલમાં લાવવાની કળા અઘરી છે. એટલે જ ગીતાએ કહ્યું, "યોગઃ કર્મશુ કૌશલં". સમત્વ એ યોગ તો ખરો પણ કર્મકૌશલ વિના તે એકાંગી બની જતાં વાર ન લાગે.

જો બોજ ખરેખર વધુ પડતો લાગતો હોય તો એમાં ભાગ પડાવવાની પ્રક્રિયા ધીરે ધીરે પણ કરીશું એમ જ રાખ્યું તો પછીનું છેવટ કદાચ પછી જ રહી જાય છે.

## વિશ્વમયતામાં કોઈ પરાયું નથી

વિશ્વમયતામાં કોઈ પરાયું નથી હોતું, છતાં જે એમાં સીધા ભાગીદાર હોય તેમનાં પ્રત્યે જેમ પક્ષપાત થતો હોય છે તેમ તેઓને સહન કરવું પડે તો વાંધો પણ નથી હોતો કારણ કે સહીસહીને ટેવાઈ ગયા હોય છે. જ્યારે એમનાં કરતાં જરા દૂરનાને વધુ નજીક લેવા માટે આવે વખતે તેમનાં કરતા વધુ ચિંતા જેમને વધુ નજીક લાવવાં છે તેમની કરવી પડતી હોય તે સ્વાભાવિક બાબત છે. આમાં કાંઈ આભાર માનવા જેવી ચીજ નથી.

**- સંતબાલ**

❀

તા. 11-7-76

## પ્રશ્નોના ઉત્તર મેળવી જીવન જીવવાનું હોય છે

મૂળ વાત એટલી જ છે કે પ્રશ્નોને માત્ર રજૂ કરવાના નથી હોતા પણ ઉત્તરો મેળવી જીવન જીવવાનું હોય છે. વૃદ્ધોના અનુભવ જેમ લેવા જેવા છે તેમ વૃદ્ધોએ નાનેરાંઓનું વ્યક્તિત્વ ખિલવવાની તકો આપવી જોઈએ. જોકે એમાં થોડી વાર લાગે છે. સારા શોખનો વિરોધ ન કરાય, જેમ આ નોંધપોથી લખાય છે તે સારો શોખ છે. માત્ર એમાં અતિશયતા વધુ પડતું લખવાનું પણ લખેલાને જીવન સાથે મેળવવાના ચિંતનનો વિચાર થવો જોઈએ.

❀

તા. 11-7-77

## સત્વ, રજસ અને તમો ગુણોની અસર એકબીજા ગુણો પર અરસપરસ થાય તે જ અનુબંધ વિચારની ખૂબી છે

આ અનુબંધ વિચારધારાની ખૂબી જ અહીં છે. ત્રિગુણાતીતની અસર સત્વગુણીને થાય, સત્વગુણીની અસર રજોગુણ ઉપર અને રજોગુણની અસર તમોગુણ ઉપર થાય તે સમજાય છે, તો ફરી વિચારજો.

❀

પૂના, તા. 9-7-76

## ભૂમિપુત્રમાં વિનોબાજી વિશે આવેલ રીપોર્ટ અંગે શ્રી બલવંતભાઈની ટીકા

ભૂમિપુત્ર તા. ૨૬-૬-૭૬ અને તા. ૬-૭-૭૬માં જે સમાચાર આવ્યાં છે તે દુ:ખદ કે નિરાશાજનક અને દેશ માટે કમનસીબી જેવા છે. અત્યારના કપરા કાળમાં વિનોબાજી ઉપર સૌની નજર અને આશા હતી પણ આ મરાઠી બાબાનું પીંડ નિવૃત્તિ તરફ ઢળેલા મહારાષ્ટ્રીય સંન્યાસી સંતો જેવું રહ્યું એટલે અત્યારના ખરા ટાણે બાબા પાણીમાં લગભગ બેસી ગયા અને ગોળને પાણીએ લોકો અને સર્વ સેવા સંઘને નવડાવી નાખ્યા. તા. ૩૦-૬-૭૬ પવનારમાં જે સંમેલન ભરાયું તેમાં ચારુદા અને એસ. એમ. જોષીનાં સૂચનો માન્ય કરી વિનોબાએ સર્વ સેવા સંઘ જેવી રાષ્ટ્રવ્યાપી રચનાત્મક સંસ્થાને, વિસર્જિત કરવાનું સૂચન આ સંમેલનમાં કર્યું. રાજકારણ સાથે પોતાના છૂટાછેડા કાયમનાં છે એ વાત ફરી આ સંમેલનમાં દોહરાવી. ગોવધબંધી તો આધ્યાત્મિક બાબત છે, એટલે આમરણાંત અનશન તે માટે - ભારતીય સંસ્કૃતિ બંધારણ અને કૉંગ્રેસ પ્રતિ એ ત્રણ દૃષ્ટિએ - વિચાર્યું છે એમ કહ્યું. 'મૈત્રી'ના અંકો સરકાર લઈ ગઈ ત્યારે 'જય જગત જય જગત' કરી તાળીઓ પાડી વિનોબાજી નાચ્યા એવો સ્પષ્ટ ઉલ્લેખ તેમના મોઢેથી તા. ૧૬-૬-૭૬ના અંકમાં છે, તો તા. ૨૬-૭-૭૬ના અંકમાં કાંતિ શાહ લખે છે કે 'મૈત્રી' જપ્ત કરવાના બનાવો બન્યા. ત્યારે વિનોબાજીએ એકદમ સાફ સાફ શબ્દોમાં એની ટીકા કરેલી. સેન્સરશીપ ઇન્દિરા ખુશામત વગેરેની પણ સજ્જડ આલોચના કરેલી. આગળ શાહ લખે છે, "આ બે દિવસની મારા ઉપર એવી છાપ પડી છે કે આજે હવે વિનોબાજી એક એવી ભૂમિકાએ પહોંચી ચૂક્યા છે જ્યાં આપણી સામે ઘૂરકતા અનેકવિધ પ્રશ્નો એમને સ્પર્શતા જ નથી." તે તો રામ સુમર જગ લડવા દે એવું વલણ અપનાવીને વિનોબાજી આત્મનિષ્ઠ થઈને બેઠા છે. મહાનુભાવો જે કરે તે દુર્ગુણ હોય તો પણ શબ્દ સાથે વાપરવો પડે છે, હકીકતમાં આત્મનિષ્ઠપણું એ જય જગતનો નારો ગજાવનાર માણસ માટે સ્વાર્થીપણું નહિ તો બીજું સાચું શું આમાં છે ? આવી જાતના વેદિયાવેડા અને ભગતડાપણું ગાંધીશિષ્ટ અને સક્રિય અધ્યાત્મના ગાંધીગજે માપતા 'બાબા'ને શોભતું નથી ! પણ કોણ કહે આમને પણ, બાબાજી આ બધો દંભ આધ્યાત્મિકતાના નામે છોડો અને જાહેરમાં ગુરુ-ગાંધી માફક એક એકરાર કરો કે, રાજકારણ અને અસત્યનો પ્રતિકાર કરવાની જે વાત મેં કરી - કરતો હતો તે મોટી ભૂલ હતી. મારી સામે કમજોરી અને અહંકાર હતાં આજ પણ છે."

અંધકારમય અને વધુ ધૂંધળા બનતા જતા વાતાવરણમાં ધીરજ અને આશા ન ખોવાં એ ગુરુદેવનાં શબ્દો યાદ આવે છે. પણ વિનોબાજીના આ દાખલાથી એક વસ્તુ ઠીક સ્પષ્ટ થઈ કે, "વિશ્વમયતા ઈશ્વરમયતા માટે - આધ્યાત્મિકતાના વિકાસ માટે, સાધકે રાજકારણમાં પ્રત્યક્ષ પડવું જ જોઈએ એમ એકાંતે નથી."

❀

**તા. 12-7-76**

## બીજાએ જે કરવું જોઈએ તે વાત આપણા પર લગાડવી

**બીજાએ શું કરવું જોઈએ ? એમ ભલે મનમાં થાય પણ એને લગાડવું આપણા પોતાના પ્રશ્નો ઉપર. દા.ત., સંત વિનોબાએ રાજકારણને પ્રથમથી સાથે રાખવું જોઈતું હતું એમ લાગ્યું. તે જ વાત આપણે આપણા પર લગાડવી. ભલે ન સમજાય કે ન અચરાય તો જેમના પર શ્રદ્ધા બેસી ગઈ હોય તેમનું અક્ષરશઃ માનવું. જાતે રાજકારણ ન સમજાય તો જે સમજે તેમની સાથે અનુસંધાન કરી નાખવું જોઈએ.**

**- સંતબાલ**

❀

**પૂના, તા. 21-7-76**

## મંગળ ઉપરનું ઉતરાણ

હમણાં છાપું આવ્યું. U.S.A. નું વાઇકીંગ યાન ગઈ કાલે (તા. ૨૦-૭-૭૬) I.S.T. પ્રમાણે સાંજના ૫-૨૩ કલાકે મંગળ M.R.S. - ઉપર સહીસલામત ઊતર્યું. જેનું પ્રત્યક્ષ ચિત્ર લાખો લોકોએ દુનિયામાં T.V. ઉપર સહર્ષ જોયું. કેવી અદ્ભુત માનનીય વિજ્ઞાનની સિદ્ધિ !

❀

**તા. 5-9-76**

## ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓથી વ્યક્તિચેતના અને વિશ્વચેતનાનો તાળો મળતો જાય છે

**ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓનો ઊંડો વિચાર કરતાં. વ્યક્તિચેતના અને વિશ્વચેતનાનો તાળો મેળવવામાં એ પ્રમાણે ઘણા ઉપયોગી થાય તેમ છે. દૃષ્ટિ એ તરફ દૃઢ થવી જોઈએ !!**

**સક્રિય તટસ્થ રાષ્ટ્રોની દિશા તરફ અમેરિકા, રશિયા જેવી મહાસત્તાઓ** હવે અભિમુખતા સાધે છે અને ઊતારી પાડવાની મનોવૃત્તિ બદલાઈ છે. તે એમનાં ભાવિ માટે મંગળ ચિહ્ન ગણાય.

## કૉંગ્રેસની શાખા દરેક દેશમાં હોય તો વિશ્વપ્રજાઓનું ઘડતર ભારતની રીતે થશે

કૉંગ્રેસની શાખા દેશે દેશ ખોલવી જરૂરી છે. રાજકીય બળ નહિ પણ દુનિયાનું પ્રજાકીય બળ ભારતને જરૂરી છે અને તે તો જ મળી શકશે જો ઠેર ઠેર કૉંગ્રેસની શાખા દેશેદેશ હોય ને પ્રજાકીય ઘડતર ભારતની રીતે વિશ્વપ્રજાઓનું થવા માંડશે. ભારતીય માનવસમાજ હજારો વર્ષો પછી જ બની શક્યો છે, તે ન ભૂલવું જોઈએ.

શરૂઆતમાં ટકોર ન ગમે, તેમાંય નવાઈ નથી પણ વિચાર ચિંતન કરવાથી ધીરે ધીરે ગમી જાય છે, તે શુભ લક્ષણ છે.

ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ અંગે તમારું ઊંડું અને સક્રિય વલણ વધતું જશે તેમ તેમ એ અનુસંધાનનું મહામૂલ્ય તમોને સહેજે સમજાઈ જશે.

- સંતબાલ

❀

## નિખાલસતાનું પરિણામ તાત્કાલિક સારું ન પણ આવે પણ નિખાલસતાના અભાવે જે ઝેર ભેગું થયું હોય તે નીકળ્યા બાદ પરિણામ સારાં જરૂર આવે

'ચિંતન-મનન' આ વખતની ટકોરથી સારી પેઠે થયું. નિખાલસતાનું પરિણામ તત્કાળ તો સારું નહીં દેખાય કારણ કે નિખાલસતા જેવી આવે તેવો જ સામેથી કોઈ ને કોઈ રીતનો અત્યાર સુધી જોઈએ તેટલી નિખાલસતા નહોતી તેનો પ્રત્યાઘાત આવવાનો. એટલે તરત તો એમ જ લાગે કે જો નિખાલસ થયો તો આટલું બધું સહેવાનું આવ્યું પણ આ નિદાન યથાર્થ નથી. જેમ એલોપથી દવાઓનાં ઝેરો કાઢવા પ્રથમ આયુર્વેદ દવાઓ પ્રત્યાઘાતી જણાતી હોય છે પણ એ આયુર્વેદી દવાઓનો દોષ નથી પણ એલોપથીક દવાઓનાં પ્રત્યાઘાત રૂપે શરીરમાં ભરાઈ ગયેલાં ઝેરોનો દોષ છે. તેમ નિખાલસતાનો આ દોષ નથી, આ દોષ તો અત્યાર લગીની જે નિખાલસતાની કમી હતી તેનો છે. આ બધું સમજવું કઠિન છે. તે તો પ્રત્યક્ષ ગુરુની કૃપાથી જ સમજી શકાય.

મૂલ્યો માટે મથનારી સંસ્થા પરનો આક્ષેપ છેવટે વિશ્વચેતના પરનો આક્ષેપ બની શકે છે. કહેનારમાં નિખાલસતા અને નમ્રતા હશે તો એવી ટીકા હાની નહીં કરે

અહીં બીજી વાત પણ અગત્યની સમજવા જેવી છે. વ્યક્તિ પરના

આક્ષેપ એ અલગ ચીજ છે અને મૂલ્યો માટે મથનારી સંસ્થાનો આક્ષેપ એ જુદી ચીજ છે. મૂલ્યો માટે મથનારી સંસ્થા પરનો આક્ષેપ એ ઘડતર કરનારી સંસ્થા પરનો આક્ષેપ બનીને છેવટે પ્રાણીમાત્રની વિશ્વચેતના પરનો આક્ષેપ બની જવાનો સંભવ રહે છે. વિશ્વમયતાના માર્ગે જનારાઓની આને લીધે શ્રદ્ધા ડહોળાવાનો ભય ઊભો થાય છે. એટલે જ કહેવાયું છે, 'હજારો કદાચ મરજો પણ હજારનો તારણહાર ન મરજો' પણ નિખાલસતાથી પોતાને જે લાગે તે તો કહેવું જ જોઈએ. આ કહેનારને નિખાલસતા અને નમ્રતા હશે તો એ કથનમાં ટીકા હશે તોય તે આત્મિયતા ભરેલી હશે અને કાંઈક ને કાંઈક રીતે પોતે હોમાવાની એની પાછળ વૃત્તિ હશે. જેથી એવી ટીકા હાની નહીં કરે બલ્કે ઉભય પક્ષે લાભ જ કરશે.

- સંતબાલ

❀

## ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના બંધારણનો વ્યાપ

અહીં પણ સંસ્થા અંગે ઠીક ઠીક મંથન દેખાય છે. મૂળે તો ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ જે સંસ્થાકીય માધ્યમ છે, તે સંસ્થાનાં બંધારણ વખતે આ મતલબનું લખાયું - "આજે તો સંસ્થાનો પ્રયોગવિસ્તાર મર્યાદિત ચાર તાલુકામાં છે. પણ છેવટે એને વિશ્વ લગી વિસ્તારવાનો છે. એ રીતે આ બંધારણ છે." ત્યારે તેના પાયાના સભ્યો પણ વિચારમાં પડી ગયા હતા. કોઈને એમ જ લાગે ને કે આ પણ એક જાતની અહમ્તા-મમતા નથી તો બીજું શું છે ? 'વિશ્વવાત્સલ્ય ઔષધાલય' નામ દવાખાનાનું રખાયું ત્યારે પણ ભારે મંથનો થયેલાં. પરંતુ પ્રભાવ મોટો એટલે સ્વીકારી લેવાયેલું. હજુ વિશ્વવાત્સલ્યમાંનાં લખાણો વારંવાર ભાલ નળકાંઠા પ્રયોગ આવ્યા કરે તે ઘણાને ગમતું નથી, પરંતુ આખરે તો એ જ જગતનું મારા નમ્રમતે તારણહાર પરિબળ છે. એ દૃષ્ટિએ ભાલ નળકાંઠા પ્રયોગની સંસ્થાઓ કે એના પાયામાં હોમાઈને અનેક આફતો અને લાલચોમાં ટકી રહેલાં કાર્યકર ભાઈઓ-બહેનો ઉપરનો પ્રહાર કેવી રીતે સાંખી શકાય ? મારા ઉપર પ્રહાર જરૂર કરી શકાય કારણ કે આખરે તો ગમે તેવી વ્યક્તિ છે. વ્યક્તિ પરના પ્રહારો વ્યક્તિ સુધી સીમિત રહે છે, પણ સંસ્થા પરના પ્રહારો સમષ્ટિ લગી અનહદ્ (અસીમિત) બની જતા હોય છે ! વધુ હજુ સમજવા માટે પ્રત્યક્ષ કોઈવાર વાત.

❀ ❀ ❀

- સંતબાલ

## ખંડ : પાંચમો
# વિશ્વમયતામાં જ વિકાસનો પંથ

પૂના, તા. 26-9-76 , રવિવાર

### ગાંધીજીવન પર શ્રીમદ્‌ની અસર

રામાયણ, ડૉંગરેજીનું અને અભિનવ બંને વંચાયાં તે સારું થયું. ગાંધીજીવન પર શ્રીમદ્‌ની (અસર) આમ તો થોડી ગણાય, પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ ઘણી મોટી અસર હતી. અને ખરી રીતે શ્રીમદ્‌ની વાત એમણેજ પૂરેપૂરી ઉપાડી લીધેલી. શ્રીમદ્‌ની ઈચ્છા "થશે અવશ્ય આ દેહથી એમ થયો નિરધાર રે" મતલબ કે સત્ય ધર્મનો પ્રચાર એટલે કે જૈન ધર્મનો પ્રચાર દેશમાં અને દુનિયામાં કરવાની એમની જે પોતાના શરીરથી ઈચ્છા હતી, તે ગાંધીજીના દેહ અને અમારા સદ્‌ગત ગુરુદેવના અનુસંધાનથી પૂરી થઈ. આને હું આ બન્ને વિભૂતિઓ પર થએલો શ્રીમદ્‌નો વિચાર-પાત કહું છું.

આ વાત વ્યક્તિઓના અને વિશ્વચેતનાના અનુસંધાનની પણ છે. આમેય એ બન્ને વચ્ચે અનિવાર્ય સંબંધ છે. અલબત્ત, વ્યક્તિ-ચેતના અંગે પુરુષાર્થની ખૂબ જરૂર છે. તેટલા પુરુષાર્થની વિશ્વચેતના અંગે કદાચ જરૂર નથી, પણ વ્યક્તિ-ચેતના અંગેના પુરુષાર્થમાં તથા વિશ્વચેતના અંગેના અનુસંધાન વાળા પ્રયત્નોમાં ગુરુતત્ત્વની અનિવાર્ય જરૂર છે જ. સમાજગત સાધનાવાળી વાત ગાંધીયુગથીજ વધુ પ્રચલિત થઈ ગણાય, કારણ કે છેલ્લા યુગમાં સમાજગત સાધના ઉપર ઝોક ગણો ઓછો થઈ ગયો હતો તેથી એ સમાજગત સાધના ઉપર ઝોક આપવાની ઘણી જરૂર હતી જે ગાંધીજી વગેરેએ પૂરી કરી.

- સંતબાલ

❀

પૂના, તા. 10-10-76, રવિવાર

### અંગત સંબંધોમાં સહિષ્ણુતાનું સ્થાન

પોતાની નોંધમાં તા. ૧૧-૭-૭૬ના ગુરુદેવ લખે છે :

"... એમ ન ગણવું કે બધાનું મારે જોવાનું અને સહેવાનું. આ બધા પોતાનાજ છે માટે તે મદદ કરે તે જરૂરી છે."

(આ) આદર્શ તો ગુરુદેવે આપ્યો, આચરણ કઠણ છે, કારણ અહમ્ જયાં સુધી ન ઓગળે ત્યાં સુધી બધાનો ભાર વહેવાની જ્ઞાનપૂર્ણ કર્તવ્ય-ભાવના જાગે નહીં. આજે જે ફરજ ઘર માટે બજાવાય છે તે આસક્તિ અને મોહમિશ્રિત છે, એટલે બદલાની અપેક્ષા જાણ્યે-અજાણ્યે રહેતી હોવાથી જીવને દુઃખ લાગે છે... સહિષ્ણુ થવું એટલે અહમ્‌ને ઓગાળી નમ્ર થવું, સમતા ધારણ કરવી.

વ્યક્તિગત સાધનાની દૃષ્ટિએ વિચારતાં પણ હવે લાગેજ છે કે પુસન્નતા-સ્વસ્થતા સિવાય આત્મોન્નોતિ નથી. આવી પુસન્નતા એકાંગી સાધનાથી ન જ આવી શકે. નિરીક્ષણે પણ સમજાય છે કે એકાંગી સાધનાના આગ્રહ પાછળ "પલાયનવૃત્તિ" અને ભયભીતતા - આ બન્ને નબળી કડીઓ વધુ કામ કરે છે... એટલે "ઘરનાનું શાંતિથી બરદાસ્ત કરતાં શીખી, વિશ્વ સુધી તારે જવાનું છે" એ ગુરુ આજ્ઞા પાછળ ઊંડુ રહસ્ય વિશ્વમયતા" માટે છુપાયું છે.

❀

## ઘરનાનું બરદાસ્ત કરવા પાછળ છુપાએલ "વિશ્વમયતા"

**નિમિત્તો તો ઘરનાં અને બહારનાં બન્નેય મળવાનાં. એ વિચાર યથાર્થ છે. અલબત્ત નજીકનાઓ પાસે આશા વધુ રહે, એમાં ખોટું નથી, પરંતુ એ આશા રાખીને આત્મીયતાએ વર્ત્યે જવું, તેના કરતાં આશા ન રાખીને વર્તવાથી બમણો લાભ થવાનો :**

**(૧) આશા ન રાખવાથી અને કર્તવ્ય ભાવે કરવાથી આસક્તિ અને મમતા ઘટતી જવાની, એટલે આજે જે કાંઈ ઘરના માટે કરાય છે અને આજ પહેલાં પણ જે આત્મીયભાવે કર્યું છે તે બધાં કાર્યોની અસર ઘરના સૌ ઉપર એકદમ પડવા માંડશે. જેમ માનવી ઉપસ્થિત હોય તો ગુણ-દોષ બન્નેય નજરે આવે છે અને તેમાંય ગુણ કરતાં દોષ વધુ પ્રમાણમાં અને તરત નજરે આવે છે, પરંતુ અનુપસ્થિત (ગેરહાજર) હોય ત્યારેગુણજ ગુણ તરત યાદ આવે છે અને તેને લઈને માન વધુ પેદા થાય છે. તેમજ આસક્તિ અને મમતા ઘરના પ્રત્યે રાખવાથી કામ તો થાય છે પણ સામાના મન પર આપણા દોષોજ નાના પણ મોટા દેખાય છે અને ગુણ દબાઈ જાય છે. આસક્તિ અને મમતા જેવાં એમના ઉપર ઓછાં થયાં એટલે આપણી અનાસક્તિ અને નિર્મમતાથી આપણે ન લેવાતાં એની એ વાત સહજ રીતે અને વધુ નિર્મલ પ્રેમ અને નમ્રતા સાથે કહી શકીએ છીએ, અને આપણી વાત સામો કબૂલે જ એવો આપણો આગ્રહ રહેતો હોય છે, તે મંદ પડતાં સામાને વધુ અને વધુ**

વિચારવાની અને પછી આચરવાની ઉત્કટ્તા આવવા લાગે છે.

તાજા પ્રવચનોમાં એ વાત જુદા જુદા દૃષ્ટાંતો આપીને સવિશેષે કહેવાય છે કે નજીકના લોહીના સગા એ માત્ર મદદ કરવા આવે છે એમ ન માનતા આપણી કસોટી કરવા પણ આવે છે !! એમ માનવું જોઈએ તો તેમના તરફથી આપણે જે આશા, અપેક્ષા રાખીએ છીએ તે આખો એપ્રોચ બદલી જવાનો.

મરૂભૂતિ (પાર્શ્વનાથનો જીવ) અને કામઠ ભાઈ હોવા છતાં દસ દસ જન્મો લગી પરસ્પર વૈરીજ રહ્યાં. મરૂભૂતિએ એકાન્ત (પોતા પક્ષે) પ્રેમ પાથર્યા કર્યો અને સહન કર્યા કર્યું તો પોતાનો અને ભાઈનો બન્નેનો કેટલો ઉદ્ધાર થઈ ગયો !! આ કેટલું સુંદર કાર્ય થયું ? આખરે તો પ્રાણીમાત્ર પહેલાં કસોટી કરે છે; પછી જ સાચાં પોતીકાં બની જાય છે.. ભ. મહાવીરની કીડી, મકોડી, મધમાખ વગેરે નાના મોટા જીવે પ્રથમ તો ખૂબ કસોટી કરી અને છેવટે ભ. મહાવીરના પોતાનાજ બની ગયાં.

હા, એટલેજ મેં વારંવાર કહ્યું છેકે પ્રાણીમાત્રની એક્તા કરતાં પહેલાં નર-નારી એક્તા સૌથી પ્રથમ થવી જોઈએ.

- **સંતબાલ**

❀

**પૂના, તા. 13-10-76**

## પુરુષ-સ્ત્રી દૃષ્ટિ

અંબુભાઈએ પુરુષની નબળાઈ વાળી વાત ઘણી સમયસરની અને યથાર્થ કહી. એક પુરુષ ભૂલ કરે તો પુરુષ એને કદાચ ટકોરે તોય આત્મીયભાવ સાચવી રાખીને ટોકે છે. જોકે મોટે ભાગે તો પુરુષને પુરુષની ભૂલ લાગતી જ નથી. જ્યારે સ્ત્રી થોડી ભૂલ કરે તોય મોટી ગણવા માંડે છે અને ધુત્કારવાળી વૃત્તિથી પુરુષ સ્ત્રી તરફ જુએ છે ! એનો આત્મીય ભાવ તો સ્ત્રી પરત્વે ભાગ્યેજ જાગે છે ! એથી વાતવાતમાં પોતાને ખ્યાલ પણ ન આવે એ રીતે તિરસ્કાર સૂચક અથવા અતિ કડવાશ ભર્યા ઉદ્ગારો કાઢી નાંખે છે. મને લાગે છે કદાચ ઘણા વખતની પડેલી ટેવ સમૂળગી તરત ન યે નીકળે ! પણ તરત અથવા રાત્રે એવી જે ટેવને લીધે ભૂલ થઈ જાય તેની માફી માંગી લે તો થાય તો સ્ત્રી જાતિ હંમેશા ઉદાર જ હોય છે. તે ટેવજન્ય ભૂલને ક્ષમા આપી શકે છે.

❀

## કૉંગ્રેસના બાહ્ય કલેવરની જરૂર

ઈન્દિરાબેન વિષે અંબુભાઈનો મત વિશ્વ સમગ્રની દૃષ્ટિએ વિચારવા જેવો છે. એ વિશે વધુ તો રૂબરૂ જ ચર્ચવો અનુકૂળ પડે. ભારત ધર્મપ્રધાન દેશ છે, છતાં ધર્મ સક્રિય ચાલુ ન રહે ત્યાં વિકૃતિઓ પેસેજ. ગાંધીજીને ઠેઠ રામકાળથી જે ધર્મની સક્રિયતા સળંગ ચાલુ રહી અને ભ. કૃષ્ણ, ભ. મહાવીર અને ભ. બુદ્ધનાં અધૂરાં પૂરાં કરવા, ભારતનું સ્વરાજય રક્ષવું એ સૌથી પહેલું કામ કરવું પડ્યું. તે સારી પેઠે કૉંગ્રેસે ઈન્દિરાબેન લગી પૂરું પાડ્યું. હજુ પ્રિય મોરારજીભાઈ કૉંગ્રેસ-નિષ્ઠાવાન હોઈ વડાપ્રધાન પદે આવ્યા છે તે સારું છે. પણ કૉંગ્રેસનું આંતરિક કલેવર સિદ્ધાંત જેમ જોઈશે તેમ કૉંગ્રેસનું બાહ્ય કલેવર પણ જોઈશે તોજ ભારત સ્વરાજ્ય રક્ષા, ભારતીય જનોના સ્વાતંત્ર્યની રક્ષા અને ગરીબી-નિવારણ એ ત્રણેય કામો થશે અને દુનિયામાં ભારત માર્ગદર્શક બની રહેશે. એટલેજ કૉંગ્રેસ સહિત સૌની એક્તા જરૂરી છે.

**- સંતબાલ**

❀

## વિશ્વમયતાની સાધનામાં સૌને સાથે લો

"વિશ્વમયતા"ની દિશાની સાધનામાં સૌને સાથે લઈને ચાલવાનું છે અને બીજાના દોષ પ્રથમ આપણને ભલે લાગે પણ ઊંડો પરિચય ચોમેરનો થતાં દોષ નયે હોય ! એવું બનવાનો સંભવ વધુ છે. ઉપરાંત દોષ હોય, તોયે તે દોષોને પણ આત્મીય ભાવે આપણા પર ઓઢી લેવાથી તેવા દોષિતના હૃદયલગી વધુ સારી પેઠે જવાય છે. આમાં પૂર્વગ્રહો તો છોડવા જ પડે છે. દોષ તરત જોઈ લેવાની અને તેને સંઘરી રાખવાની કુટેવ ત્યજવી જ પડે છે ! ... ને ત્યાં જતાં જે તમોએ ઉલ્લેખેલ છે તે જોઈને ઉપલી વાત ખાસ લખી છે. આમ તો તે સર્વકાલીન અને સર્વ ક્ષેત્રે લાગુ પડે તેવી વાત છે જ.

## તક આવે ત્યારે પ્રેમથી ટકોર કરવી

રસ્તામાં પેલા જૈન યુવાનોને તક મળી હતી તો જરા દારૂને રવાડે ન ચઢવાની સલાહ તમો જરૂર આપી શકત. કારણ કે આજે ફેશન રૂપે સુશિક્ષિત સૌમાં એ સડો દિને દિને વધતો જાય છે. આપણે તો તક આવ્યે પ્રેમથી કહીએ પછી માને કે ન માને તે એમની ઈચ્છા પર છોડીએ, પણ પ્રેમભેર તક આવે ત્યાં અચકાયા વિના કહીએ તો ખરાજ. નહીંતો તક આવ્યે ચૂકી

ગયા ગણાઈએ. "વિશ્વમયતા"માં જ્યારે સૌની સાથે હૃદયભેર મળવાનું છે, ત્યારે આવું પણ કરવું અનિવાર્ય બને છે.

- **સંતબાલ**

❀

ગુંદી, તા. 11-11-76

## મુનિશ્રીનું સહકાર્યકરોનું વ્યક્તિગત મૂલ્યાંકન

મંગળ તા. ૯-૧૧-૭૬ના અંબુભાઈ સાથે સાંજના મેટાડોરમાં અહીં આવ્યો. આજે પૂરા બે દિવસ થશે.

અભ્યાસમાં ગુરુદેવના જૂના પત્રોની ફાઈલનું વાંચન અહીં કરું છું. ૧૯૪૬થી ફાઈલો છે. એ દિવસોમાં વર્ગો ભરી ગુરુદેવ કાર્યકરોનું ઘડતર ઝીણવટથી કરતા, બીજી પ્રવૃત્તિઓ સાથે, વર્ગ-શિબિરમાં આવનાર કાર્યકર કે વિદ્યાર્થીને કેવાં સૂચનો અને તેઓનું સૂક્ષ્મ reading - સ્વભાવનું - તેના થોડાક નમૂના અત્રે નોંધવા જરૂરી છે. માથે તારીખ કે સ્થળનું નામ નથી લખ્યું પણ પૂર્વાપર સંબંધ મેળવતાં અને અંબુભાઈને પૂછતાં તા. ૧૦-૫-૪૬ આસપાસ અરણેજ મુકામે મળેલાં (જેમાં ડૉ. શાંતિભાઈ પણ હતા) વર્ગમાં, દરેકે દરેક શિબિરાર્થી ભાઈ બહેનોને, વ્યક્તિગત સ્વભાવ સુધાર સૂચનો (નોંધ પરથી લાગે છે કે કુલ ૩૪ વ્યક્તિએ વર્ગમાં ભાગ લીધેલો) ગુરુદેવે લખી આપેલા, ... તે વિચારવા જેવા છે. ... સૂચનો (ગુરુદેવના) જુદી જુદી વ્યક્તિ બાબત :

**(૧) કોઈથી ભોળવાઈ કે દોરવાઈ ન જાઓ. તમારું હૃદય ઊંચું છે. પ્રભુ શ્રદ્ધા પણ ઠીક છે. તમારામાં બીજા ગુણો ઘણા છે જે સુતા છે. એક દિવસ એ સળવળશે ત્યારે તમારું તેજ ખૂબ દીપી ઊઠશે.**

**(૨) ચપળતા સારી છે. હિંમત અને ઉત્સાહ ઉત્તમ છે. સાવધાન આજથીજ રહેવું. અસાવધાનતા આજની હાલતમાં આપણને ગબડાવી દે માટે ચપળતાની સાથે, ચિવટ અને ઉત્સાહની સાથે ચોક્કસાઈ અને હિમ્મત સાથે હોંશિયારી કેળવાનો પ્રયત્ન કરવો.**

**(૩) સ્વભાવગત વાત્સલ્ય છે. નૈતિક હિમ્મત ઉચ્ચ કોટિની છે.** ભવિષ્યે સમાજમાં ઊંચી કક્ષાના કાર્યો કરી શકવાની શક્યતા છે. પણ સાથીઓને કાબૂમાં રાખવાની કળા ઓછી દેખાય છે. તમોને જવાબદારી સોંપી શકાય તેવી હજુ સ્થિતિ આજે નથી. સાથીઓના ખાનપાન અંગે જેટલી કાળજી છે, તેટલી તે કેમ બોલે છે, કેમ ચાલે છે, એની માતાની જેમ ચોકી રાખી યોગ્ય દોરવણી આપવાની કળા તમારે હવે શીખી લેવી જોઈએ. તમારે કયો માર્ગ

પસંદ કરવો તે તમારે પણ નિશ્ચયપણે શોધતાં શીખી લેવું જોઈશે. ભોળવાઈ જવાનો આ સમય નથી.

(૪) પરિગ્રહ મેળવવા છતાં ટ્રસ્ટી તરીકે રહી શકાય એવી વાતોથી તમારે દૂર રહેવું જોઈએ. તેમ ભાષા શૈલીમાં સમત્વ જાળવી શકો છો. એ રીતે કુશળ છો પણ તમારો મગજ ફાટે છે ત્યારે તમો જે ભાષા વાપરી નાખો છો તે શરમ ઉપજાવે તેવી હોય છે. તમારામાં ઊંડો પૂર્વગ્રહ કેટલીકવાર નથી હોતો, પરંતુ એક માણસ માટે બંધાએલી સંસ્કારગ્રંથી તમોને ખૂબ પજવે છે. ગૃહસ્નેહ માટે પણ મુખ્ય દર્દ એ બને છે. તમારામાં શ્રદ્ધા અને સંસ્કારિતાના અમુક બીજો ખૂબ સારાં છે, પણ તેમાં સૂક્ષ્મ મિથ્યાભિમાન આડખીલી રૂપ રહે છે. તમારો અનુભવ એકંદર પ્રશંસાપાત્ર ગણાય.

(શ્રી બલવંતભાઈ : પૂર્વગ્રહ અને સંસ્કારગ્રંથી વચ્ચે તફાવત શું તે પર ગુરૂદેવ પ્રકાશ પાડે તો કેવું સારું ?)

ગુરુદેવ : ઊંડો પૂર્વગ્રહ એ મોટે ભાગે જોનાર વ્યક્તિમાં પોતામાં પડેલી એક જાતની ઊંડી પકડ છે. જે સામેની વ્યક્તિ ઉપરાંત તે કયા ધર્મની, કઈ જ્ઞાતિની, કયા દેશની કે વિદેશની ? એ બધું એમાં ભાગ ભજવે છે. જ્યારે એક માણસ માટે બંધાએલી સંસ્કારગ્રંથી એ એક માનવી પૂરતી એના સ્વભાવ માટે બંધાએલ માન્યતા પૂરતી હોય છે.

તા. 22-6-77 - **સંતબાલ**

(૫) તમારામાં ઝીણવટનો ગુણ સારો છે, પણ કેટલીક નજીવી વાતોને બહુ મહત્ત્વ આપો છો, તે ન આપવું જોઈએ. બધાને સાથે લઈને ચાલવું હોય ત્યારે માણસે ઉદાર, સહનશીલ અને કેટલીક વાતોને ગળી જનાર દરિયાવ દિલ થવું જોઈએ. ચીડની કુટેવ દૂર કરવી જોઈએ.

(૬) બીજા સાથે લીંબુના પાણીની જેમ મળી જવાનો ગુણ ઉત્તમ છે. તમો ગમે તે ક્ષેત્રમાં ચાલી શકશો. કાંઈક ઉશ્કેરાટ (છૂપો) આવી જાય છે અને ક્યાંક રાગવાળી ભક્તિ ઉભરાઈ જાય છે, તે પર સંયમ રાખતાં શીખવું ઘટે. દરેકના વિચારોના પ્રવાહો વિવિધ હોય છે ત્યાં તણાઈ ન જતાં સ્વતંત્રપણે મૌલિક રીતે વિચારો ગળી ગળીને પોતાના કરવાની ટેવ પાડવી જોઈએ. હજુ તમારે ઘણા મોટા થવાનું છે એટલે મોટા થવાના મોહમાં ફસાવું ન જોઈએ. કોઈ પ્રત્યે પૂર્વગ્રહો (ખોટા) ન બાંધી બેસવા જોઈએ. નિયમિતતા, વ્યવસ્થિતતા અને ઉપયોગીતાના પાઠો બરાબર પાકકા કરવા જોઈએ. ઘરમાં અતિરાગ

નહિ તેમ બેદરકારી પણ નહિ તેવી સમતુલા સૌ સાથે વર્તવામાં ઉપલી બાબતો ઉપયોગી થશે.

(૭) તમારામાં વિવિધ અનેક શક્તિઓ છે, માત્ર એ બધાને કેન્દ્રિત કરવાનું કામ હજુ બાકી છે. બીજાઓ તમારી આસપાસમાં કામ કરનારા તરીકે અને તમારા વિચારોની અસર નીચે કામ કરનારા તરીકે રહે, એવી તમારી ઊંડી અભિલાષા જાણી શકાય છે. આવું થવા માટે શક્યતા છે ખરી, પણ વાર છે. જે મિથ્યામદ, જે ભૂમિકા સહજ છે તેનાથી પોતા વિષે અતિવધુ માની લેવાની કુટેવ અને ક્ષણે ક્ષણે વિચારોનું પલટાવાપણું મતલબ કે ચિત્તની એકાગ્રતા તથા વ્યવસ્થિતતાની ખામી તમારા માર્ગને અવરોધે છે. એક વાત એ પણ છે કે તમારા મનમાં પડેલી ગાંઠ જલ્દી છૂટતી નથી. સ્વભાવે પણ ભોળાશ પણ નથી એમ તો નથીજ. સ્ત્રી અને પુરુષ બન્ને વચ્ચે કોઈ વેળાએ બન્નેના સૂક્ષ્મ અહંકારને ટકરાવાનો સંભવ રહે છે; ચેતીને વ્યગ્રતા ટાળી ધીરે ધીરે પણ વ્યવસ્થિત ચિત્તે નમ્રતા, ધીરજ સાથે આગળ ધપશો તો તમારું તેજ સુંદર દીપી ઉઠશે.

(૮) તમારું ચિંતન ઉચ્ચ છે, પણ આચારમાં વધવાનું ઘણું બાકી છે. વિચારોને સુવ્યવસ્થિત રીતે ગ્રહણ કરી લો છો. શાસ્ત્રભાવ સારા છે. ઉદાર સહિષ્ણુ ધીર અને વીર બનો તથા બાળકોને તેવા બનાવો.

(૯) સૂક્ષ્મ અભિમાન અને હઠ દેખાય છે. ધર્મભક્તિમાં જે છીછરાપણું છે તે તજવું જોઈએ અને ઘડી ઘડીમાં મનને ઢીલું ન કરવું જોઈએ. લાગણીવશ ન થવું જોઈએ. સાચી દરેક વાતમાં રસ લેવો જોઈએ. રૂઢિગત એકાન્તિક ન થવું જોઈએ.

(૧૦) તમારામાં મૌનપણે કાર્ય કરવાની ટેવ અને સાધના પ્રત્યેની પિપાસા આકર્ષક છે. કાંઈક અચપળતા જેવું તત્ત્વ છે, તે મંદતા દૂર કરજો અને નિરંતર પ્રભુશ્રદ્ધાએ આગળ ધપજો.

(૧૧) તમારો બહુ પરિચય ન થયો પણ ઉત્સાહ અને હિંમત એકંદરે ઠીક છે. પ્રયત્ન ચાલુ રાખજો.

(૧૨) હજુ પૂર્વગ્રહોનું મૂળ ગયું નથી, પણ જશે તેમ લાગે છે. કોઈને તુરત ન દેખાય તેવી કુટેવો છે પણ તેય જશે ખરી. કારણ તપ અને સહનશીલતા તમોને સ્વાભાવિક લાગે છે. જિજ્ઞાસા પણ ઠીક છે. કોઈ કામમાં અણગમો નથી. સૌ સાથે ભળી શકાય છે. કેટલીક વાર ઉગ્રતા આવી શમીજ જાય છે.

(૧૩) પ્રથમ કરતાં પ્રકૃતિમાં ખૂબ સુધારો છે. પણ હજુ બીજાની ત્રુટી તુરત શોધાઈ જાય છે, ખૂંચે પણ છે. તેમ ન થવું જોઈએ. કામ ગમે છે તે સારી વાત છે. અત્યારે તો તમો ભાવિ આશાસ્પદ જણાઓ છો.

(૧૪) તમારી શ્રમશક્તિ અને બુદ્ધિ બન્ને ઉચ્ચ પંક્તિનાં છે. વાણી કરવત જેવી ઘણીવાર બની જાય છે. જાહેરકાર્યોમાં એમ ન ચાલી શકે. તમો ભવિષ્યની એક ઊજળી આશા છો એટલે ખૂબ જાગૃતિ, ધૈર્ય, સહનશીલતા, સ્નેહ વગેરે પ્રમાણ જળવાય તો અતિ સુંદર આજ કરતાં ક્યાંય ઉત્તમ કાર્ય બની શકશે.

ઉપર મુજબ કુલ ૧૪ વ્યક્તિનું ગુરુદેવનું સ્વભાવ નિરીક્ષણ લીધું.

આ જે સ્વભાવ record ખૂબ ચિંતનપૂર્વક ગુરુદેવે ૪૨ વર્ષની વયે લખ્યો છે તેમાં એક વિશેષતા સળંગ તરી આવે છે. નવ પાનાના આ આખાએ લખાણમાં એક પણ સ્થળે-વ્યક્તિને-ગુરુદેવે લખ્યું નથી કે હવે પછી મારું માર્ગદર્શન સ્વીકાર અગર તો મને ગુરુ તરીકે માન. એટલું જરૂર લખ્યું છે કે "માર્ગદર્શન યોગ્ય સ્થળેથી મેળવતા રહેશો તો જરૂર આગળ ધપી શકશો."

❀

## ગ્રામ્ય સંસ્કારનું મહાધન

સારું થયું કે "તમો ગુંદી લાંબા સમય માટે નહીં તોય ટૂંકા સમય માટે પણ જઈ આવ્યા." લાંબા સમય માટે જઈ શક્યા હોત તો જેમ ભીમજીભાઈ જેવા ભડવીર ખેડૂતને અને જવારજમાં ફલજીભાઈના કુટુંબને સહજ સહજમાં ખડોલના કોઠાસૂઝ વાળા કેશુભાઈને મલી શક્યા, તેમ અનેક બીજા ખેડૂતોને, મજુર ગણાતા કુટુંબોને, હરિજન અને શિયાળમાંની પઢાર કોમને તે બધામાંના પૂર્વના અને નવા સંસ્કારોને, કળાદષ્ટિને વગેરે અનેક બાજુ પ્રજા (ભાલ નળકાંઠાની)ને જોઈ શકત. પણ આટલું રહેવાનું થયું અને તમારી તબીઅતને એ અપ્રતિકૂળ થયું, એટલુંજ નહીં, ઊલટ અનુકૂળ થયું. ઘણું સારું થયું. આપણો દેશ મૂળે ગામડામાંજ વસ્યો છે. બાપડા અમેરિકાનાં જિજ્ઞાસુ અભ્યાસીઓ બકરાણા જેવા ગામડામાં અને માત્ર નાનીસરખી ઓસરીમાં મહિનાઓ ગાળી "અથથી ઈતિ" અભ્યાસ કરે છે, જ્યારે આપણે આપણી સાવ નજીકમાં રહેલું આ મહાધન પામી જ શકતા નથી.

ભીમજીભાઈ આટલા ભડવીર, સાધન સંપન્ન અને દરબારો સાથેના ગાઢ પરિચયમાં રહેનાર, તોય ડૉ.ની ભલામણ થાય, ત્યારે પણ દારૂને

અડકે નહીં, એ કેવો ઊંડો અને દૃઢ સંસ્કાર ! આ સંસ્કારજ ભારતની મહાન મૂડી છે ! ભારતની આ ગ્રામ્યપ્રજા નૈતિક રીતે સંગઠિત થાય અને એ નિસ્પૃહી ધર્મગુરુઓ અને ત્યાગી ગ્રામસેવકોના ઉચિત માર્ગદર્શન અને પ્રેરણા વિના સંગઠિત નૈતિક રીતે થવાની નથી. એટલેજ આપણે પગપાળા વિહાર અને ઘેર ઘેર ભિક્ષાચારીથી નિર્વાહ કરતાં સાધુસાધ્વી સંન્યાસીઓને મહત્ત્વ આપીએ છીએ.

સૌ પોતપોતાની મેળે કામ કરે, તે જ જરૂરી છે, પણ સાથો સાથ પ્રેરણા અને માર્ગદર્શન પણ સતત જાગૃતિપૂર્વક મળતાં રહેવા જરૂરી છે. નહીંતો ક્યારે લાલચમાં કે ડરમાં લપટાઈ જવાય કે વહી જઈ હિંમત ખોઈ બેસાય તે કહી શકાય નહિં.

ગામડાના ગૂંદી અને રાણપુર જેવાં કેન્દ્રો રોજી રોટીનાં સાધનો નાની વીજળી સહાય મળતાં સર્વાંગીગણ રીતે ખીલી શકે છે તે દર્શાવતાં કેન્દ્રો છે, જે જોઈ શ્રી ચીમનભાઈ ચકુભાઈ, શ્રી રિષભદાસ રાંકા જેવા પ્રખર બુદ્ધિશાળી લોકો પણ પ્રભાવિત બની શક્યા. સોપાન દંપતી તો યાદ કર્યાજ કરે છે. પણ આ બધામાં શહેરોએ પણ પૂરક તરીકેનો ભાગ ભજવવોજ પડશે.

તા. 22-6-77 - સંતબાલ

❀

## ધર્મમય સમાજરચનાના ઇતિહાસની જરૂર

ગુંદીનાં સંસ્મરણો કુદરતી રીતે સારાં લખાયાં છે. તમે સાતમા મુદ્દામાં (એ મુદ્દો ઉમેરી) જણાવ્યુંજ છે તેમ જે મેં આગલા નં. ૧૫૮માંના આ કૉલમોમાં અછડનો ઉલ્લેખ કર્યોજ છે. માનવ સ્વભાવજ એવો છે કે જેના ઉપર સમુચિત નિયંત્રણ જરૂરી હોય. પરંતુ એ નિયંત્રણ મીઠું અને તરત સ્વીકાર્ય સહેજે બને એવું હોવું જરૂરી છે અને તે સંત-સેવક સંકલન વાળી આપણી જે વાત છે તેથીજ બની શકે.

મારી ગેરહાજરી દરમ્યાન બધુંજ સારી પેઠે અને તે રાજકારણની શુદ્ધિ સંગીનતા સાથે જાળવી રાખવાનું મુખ્ય માન રચનાત્મક એવા ત્યાંનાં કાશીબેન, અંબુભાઈ વ. સ્થાનિક અને સુરાભાઈ, કુરેશીભાઈ જેવા અમદાવાદ સ્થાયીજનોના સહયોગે થયું છે. પરંતુ મૌલિક ફાળો તે બધામાં પણ ફલજીભાઈ વગેરે ખેડુતોનો ઓછો નથી.

તમારું માટલીઆભાઈ દ્વારા ત્રીશ વર્ષના ઈતિહાસનું સંકલન કરવાનું

સૂચન કીમતી છે. મને લાગે છે કે ભાઈ ઈશ્વર પેટલીકરને જો તમારા જેવા પ્રસંગોપાત અમદાવાદ જઈ રૂબરૂ સૂચવે તો તેઓ, માટલીઆજી ચારે ભાઈ (પુષ્કર) ચંદરવાકર મલીને સારું લખી શકે. તેમાં શ્રી સોપાન દંપતી પણ મુખ્યપણે ગુંદી રહીને માર્ગદર્શન ઓછામાં ઓછા બે એક માસ રહીને કરી શકે તો દેશમાંજ નહીં, કદાચ દુનિયામાં પણ અહિંસક અથવા ધર્મમય સમાજ રચનાને લગતો કડીબદ્ધ ઈતિહાસ લખાઈ જાય. તમને આ વિચાર ખરેખર સમયસરજ આવ્યો છે. આમ તો અંબુભાઈએ જે કાવ્ય લખ્યું છે અને કલાકારોએ ઢીંગલા ઢીંગલી ભાવમાં એ "મુવી"માં ગુંથ્યું છે તે અને સંતબાલ સાથેનાં પચીસ વર્ષ આપણા મણિભાઈના સૂચનથી ખેડૂત (જગતાત એવા) ફલજીભાઈએ લખ્યું છે તે વધુ આ કાર્યવાહીમાં માર્ગદર્શક જરૂર બની રહે.

તા. 22-6-77 - **સંતબાલ**

❀

## કુદરત મૈયાની સમતુલા

માનવી જરાક વ્યક્તિગત પૂર્વગ્રહ કે કોમગત, ધર્મગત એવા ઊંડા પૂર્વગ્રહો છોડતો કુદરત મૈયા જાણે વાટ જોઈને બેઠી હોય તેમ વરમાળ તરત આરોપી વિજયી બનાવી મૂકે છે. તો તમને આવોજ અનુભવ થયો ને ? બીજી રીતે પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે. બન્ને જણ સમજીને જો સંયમ માર્ગે ન વળે તો કુદરત મૈયા પરાણે સંયમ માર્ગે બેમાંથી એકને વાળવા માટે ઘરનો અસંતોષ કેટલીકવાર ભારોભાર આપે છે. કદાચ પત્ની જ્યાં ન પહોંચે ત્યાં બાપાજીને સંતાન ઠેકાણે લાવે છે, અને શીખવે છે કે નમ્રાતિનમ્ર બનો. માનવીની અહમ્‌વૃત્તિ એવી પામર અને છતાં શેખાઈવાળી હોય છે કે જગતના અનેક જણાની એ ગુલામી કરશે પણ પોતાના ધર્મપત્ની આગળ સમોસૂતરો ચાલવા તૈયાર નહિ થાય. પણ ખરેખર તમો એમાં સદ્‌ભાગી જીવ છો કે જેથી તમોને નિમિત્તો પણ એવાં સુંદર અને આકર્ષક મલી રહે છે.

આશ્રમનું કૌટુંબિક વાતાવરણ તમોને સાવ ટૂંકા ગાળામાં પણ સ્પર્શી ગયું તે જોઈ જાણી ખૂબ સંતોષ થયો.

તા. 23-6-77 - **સંતબાલ**

❀

નોંધ : ડાયરીનાં આ પાનાઓ મુખ્યત્વે ગુરુદેવે ચિંચણીથી મુંબઈનો પ્રવાસ મોટા ગુરુદેવ શ્રી નાનચંદજી મહારાજશ્રીના શતાબ્દી મહોત્સવમાં હાજરી આપવા માટેજ પગપાળો કરેલ તે અંગે છે. ગુરુદેવના પગમાં ઘણું દર્દ હતું અને ઉંમર પણ

તેનું કામ કરતી તેથી ચિંચણીથી મુંબઈનો પ્રવાસ જે ૧૦૦ માઈલથી અધિક થાય તે તેમને માટે એક સાહસ રૂપે હતો. પરંતુ ગુરુપ્રેમથી દોરવાઈને તેમણે હાથ ધર્યો હતો.

❀

## પ્રવાસ વર્ણન

ચિંચણીથી મુંબઈના પ્રવાસનું સુંદર વર્ણન પત્ર અને મૌખિક એમ બન્ને રીતે કાશીબેને ગુંદીમાં આપેલ.

સોપારાથી તા. ૪-૧૧-૭૬ના પત્રમાં કાશીબેન લખે છે :

"પૂ. ગુરુદેવને પગની ઘણી મુશ્કેલી છતાં ગુરુભક્તિ પ્રેમ શ્રદ્ધાથી વિહાર કરે છે. એકજ પગના બેલેન્સ પર ચાલવું પડે છે. રેલવેના પાટે પાટે જ ચાલવાનું તકેદારી ઘણી રાખવી પડે,... ગાડી દેખાય એટલે નીચે ઊતરી જવું પડે, છતાં ઝડપથી જતી ગાડીના પવનનો ઝપાટો લાગેજ જ્યારે પાટા ઉપરથી નીચે ઊતરવું પડે અને ઉપર પાછુ ચડવું પડે ત્યારે મણિભાઈના ખભે હાથ મૂકી ટેકાથી અડધુ ઊતરવું પડે. પગનો ઘણીવાર બેલેન્સ ગુમાવે છતાં હિંમતથી ટકાવી રાખે છે.

મંગળ તા. ૧૬-૧૧-૭૬ મુંબઈ ઊતરી પ્રભાબેનને ફોન કરી જાણ્યું કે ગુરુદેવ આજેજ કાંદાવાડીના ઉપાશ્રયે હમણાં આવે છે.

ગુરુદેવના પ્રવાસ માટે જે ઠીક લાગે તે કહે; એક વસ્તુ સ્પષ્ટ છે કે કરુણા-પ્રેમના આ કર્મયોગીની નિસર્ગ મૈયાએ જ છેવટ સુધી ચિંતા-કાળજી કરીને શરીર જાળવ્યું.

અહીંયાં ઉપાશ્રયમાં જ્યાં અને જેવી સગવડ મલી તેથી ગુરુદેવ સંપૂર્ણ સંતોષ અને આનંદ અનુભવતા હતા. હકીકતે ગુરુદેવને અહીંના ઉપાશ્રયમાં જોઈએ એવી મારી દૃષ્ટિએ - સગવડ ન હતી. દિવસે એક જગ્યા; રાત્રે સુવાની બીજી જગ્યા વગેરે કાંઈ ગમ્યું નહીં. વધુ ગમ્મત તો ગુંદીથી જે બધા આવેલાં તેનો ઉતારો ગુરુદેવનાજ હૉલમાં રાખ્યો હતો તે જોઈ નવાઈ લાગી ! ગાંસડા, પોટલાં, બેડીંગ, સૂકાતાં કપડાં વગેરે જોઈને "ભા. ન. પ્રા. સંઘનો આ ઉતારો છે એમજ લાગે. ફક્ત હૉલના એક ખૂણામાં નજર કરતાં જણાયું કે ગુરુદેવ પણ દિવસના આ હૉલમાં રહે છે ખરા. કયો જૈન સાધુ પોતાના સેવકો અને પાયાના કાર્યકરો સાથે આટલી આત્મીયતાપૂર્વક એકજ હૉલમાં રહે છે !

❀

## મોટા ગુરૂદેવના શતાબ્દી મહોત્સવ પ્રસંગે

એક બૃહદ્ મુંબઈ સંઘના પ્રમુખસ્થાને પોતે (ચીમનલાલ ચકુભાઈ) હોવા છતાં અંદરના અને બહારના વિરોધો પુષ્કળ થશે તેમ જાણવા છતાં ભલે વ્યક્તિગત પણ પત્ર લખી મુંબઈ બોલાવવા અને આટલા વિશાળ મોટે ભાગે જૈન-અને તેમાંય સ્થાનકવાસી જૈન, સમુદાયના મહામંડપમાં સૌથી ઊંચા આસને એક વખતના, અને સ્થૂળ રીતે હજુ પણ સંપ્રદાયથી બહાર થએલા, સાધુને બેસાડવા એ સામાન્ય વાત છે ? ખરી રીતે ચીમનભાઈને મેં કહેલું, "તમે છેલ્લામાં છેલ્લું પ્રવચન મારું રાખજો" અને એ બાપડાએ નિરાંત અનુભવી. નહીં તો જ્યાં સભા-પ્રમુખને બોલવાનું આવે, ત્યાં તો મંડપ ખાલીખમ જણાઈ રહે. આ તો કેટલા વરસે "સંતબાલ" આ યાદગાર પ્રસંગે પધારે છે તો જરૂર સાંભળવા એમ જૈન, જૈનેતર સમુદાય ઊમટી પડેલો અને મોટો મંડપ કરાવ્યો હતો. મેં ખાસ સૂચવેલું તેથી તેમની ધારણા કરતાં મોટો મંડપ થયો છતાં જનમેદનીને મંડપમાં એ ન સમાય તેટલી ભેગી થઈ અને સાંગોપાંગ ટકી રહી. ગુરુ જન્મ-શતાબ્દી માટે જે વિદુષી સાધ્વી દમયન્તીબાઈએ ત્રણ ત્રણ વરસો આપ્યાં તેઓ બોલી શક્યાં, પછી હું અહીં ન બોલ્યો અને માધવ બાગમાં એજ ચીમનભાઈને પ્રમુખપદે વધારે બોલ્યો અને ત્યાં ભલે ચોપાટી જેટલો મહા સમુદાય નહોતો, છતાં માધવબાગનું ચોગાન તો. ૨૮-૧૧-૭૬ની મીટીંગમાં ખીચોખીચ હતુંજ. વિ. વા. પ્રા. સંઘના પ્રમુખ ત્યાં સ્વાગત પ્રમુખ તરીકે હતા.

સ્થા. જૈન સમાજ આટલો ફંડ ફાળામાં ધન વરસાદ વરસાવે તે અદ્‌ભુત ચીજ હતી. એટલે સભામાં એ અંગે સમય લેવો એ અનુરૂપ વાત ચીમનભાઈ જેવી દીર્ઘ અનુભવીને લાગે, તે સ્વાભાવિક જ છે.

❀

## કોંગ્રેસમાં પ્રાણ પૂરનાર ત્યાગીની જરૂર

કૉંગ્રેસ એકજ સંસ્થા ગાંધીજીની હૈયાતીમાં એનો સાંગોપાંગ સ્પર્શ અને પૂરું ઘડતર પામેલી સંસ્થા છે. તેને આજલગી તો એક માત્ર શાસક કૉંગ્રેસેજ ટકાવી છે. તેમાં મુખ્યફાળો ઈંદિરાબહેન સિવાય કોનો ? હા, કૉંગ્રેસનું મૂળ સ્વરૂપ નથી રહ્યું. સાદાઈ, સંયમ અને ગ્રામલક્ષી પણું એનામાં લગભગ નહીંવત્ રહ્યું છે, પણ આજે જો કોઈને કોઈ સ્વરૂપે સાધુ સંન્યાસી સંસ્થા છે, તો તેમાંથી સારા સાધુ સંન્યાસી પાકવાના. તરત ન પાકે તો કાળાંતરે પણ પાકવાના. એમ કૉંગ્રેસનું ખોખું હશે તો એમાં પ્રાણ પૂરનારાં ત્યાગી માણસો આ દેશમાં જરૂર નીકળવાનાં.

તા. 23-6-77 - સંતબાલ

ઘણા સમય પહેલાં ચિંચણમાં એક સાંજે ફરતાં ગુરુદેવ બોલ્યા :

"સુધારો જલદી કરવાની ધગશ અને તીવ્ર ભાવનાએ, તે દિવસોમાં સમાજથી અળગા પડીને આંચકો આપવાની મારી જે કાર્ય પદ્ધતિ હતી તે બરાબર ન થયું તેમ પાછળથી મને લાગ્યું. આથી એક યા બીજી રીતે સમાજ સંપર્ક-જૈનનો પછીથી વધારવા તરફ ઝોક રહ્યો છે, તે બધી રીતે વિચારતાં યોગ્ય અને કાર્યસાધક જણાય છે. એકલા અટૂલા પડી જવાથી આપણી વાત સો ટકા સાચી હોય તો પણ સમાજ સુધારણા કે ધર્મક્રાંતિ થઈ શકતાં નથી. આ માટે મેરુ જેવડી અસીમ ધીરજ રાખી, બધાને સાથે લઈને ચાલવું તે સરવાળે કાર્યસાધક અને લાભકર્તા થાય છે."

❀

**સાધુ-દર્શનના ભૌતિક લાભોનો પ્રચાર ન થવો જોઈએ; એ પ્રચાર થાય ત્યાં સારી પેઠે વિરોધ કરતા રહેવું જોઈએ.**

**સામાન્ય રીતે જે સભામાં સાધુ-સાધ્વીઓ વિરાજમાન હોય ત્યાં તાળીઓ પાડવાનો જૈનોમાં નિષેધ કરાતો હોય છે.**

**તા. 23-6-77** **- સંતબાલ**

❀

## મુંબઈ વિહારયાત્રા અંગે ગુરુદેવના પ્રત્યાઘાતો

**મુંબઈની વિહારયાત્રાના ટૂંકા વિ. વા. તા. ૧૬-૬-૭૭ના અગ્રલેખથી ખ્યાલ આવ્યોજ હશે કે દેરાવાસી સ્થાનકવાસી ઉપાશ્રયોનાં દ્વારો આપોઆપ ઊઘડી ગયાં ! હા, માટુંગા ઉપાશ્રયમાં વિરોધ છે તે ખબર મળતાં અને ત્યાંના સંઘનું આમંત્રણ ન હોવાથી ત્યાં જવાયું ન હતું. પણ શ્રી ચીમનભાઈ ચકુભાઈના ટૂંકા પત્રમાં તેઓના ઊંડા અનુભવે તેમાં શ્રાવકો કરતાં કેટલાંક સાધુ સાધ્વીઓનું વલણ મુખ્ય કારણ જણાયું છે ! ખેર ! આપણે તો વિરોધી લોકોને અને ખાસ તો સાધુ સાધ્વીઓને સાથેજ લેવા છે. આમ જોઈએ તો કોઈ સાધુ સાધ્વી પૈકીનું પ્રત્યક્ષમાં વિરોધનું વલણ દેખાયું નહીં, એટલુંજ નહીં બલકે કેટલાંક સાધુ સાધ્વીઓએ સાથે ઍકાસને બેસી કે નજીક વ્યાખ્યાનમાં આવીને લાભ લીધો ! અરે, માટુંગામાં પણ હું ગોચરી નીકળ્યો ત્યારે ખ્યાલ આવતાં, તે વખતે માટુંગા ઉપાશ્રયમાં ગિરીશ મુનિ ઠા. ૨ વિરાજતા હતા, તેમને ખબર પડતાંજ તેઓ બહાર આવી, હાથ પકડી પ્રેમથી અંદર (ઉપાશ્રયની અંદર) લઈ જવા ઈચ્છતા હતા પણ સર્વાનુમત ન હોવાથી તે સ્થાનમાં હું નહીં આવી શકું ! ટૂંકમાં વાતાવરણ એને લીધે ઘણું સ્વચ્છ થતું હોય છે. શ્રી**

દુર્લભજીભાઈ ખેતાણીએ બોરીવલી વિદાય સમારંભમાં એ વિષે ટકોર કરેલી, પણ ઉપાશ્રયનો વહીવટ શ્રાવકોને હવાલે હોય છે એટલે આને લીધે વિચાર વિરોધી કોઈ હોય તોયે બીજા સાથી શ્રાવકોના નૈતિક સામાજિક દબાણને કારણે પ્રતીતિકર વિરોધ કરી શકાતો હોતો નથી. ઘાટકોપરનું ઉદાહરણ આને માટે તાજેતરનું આપી શકાય. ત્યાં કેટલાકનો વિચાર વિરોધ છતાં પ્રમુખશ્રી અને હોદ્દેદારો છબલબેન દડીયાને ત્યાં જાતે આવીને ઘાટકોપર મોટા ઉપાશ્રયમાં વ્યાખ્યાનાદિ માટે નિમંત્રીને લઈ ગએલા. જેથી એ સંઘના હવાલાના સ્થળેજ રહેવાનું થએલું.

હા, મુલકની યાત્રા ઘણી સાધક બની તેમ જરૂર કહી શકાય. મારા સ્પષ્ટ શબ્દો નીચેના લખાણમાં સમજ ફેર થયો જણાય છે. આપણી એ જ વિશેષતા કુદરતી રહે છે, કે આપણે જૂના અને રૂઢિચુસ્ત વિચારના સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાઓ સાથે પણ પ્રથમથી મીઠા સંબંધો રાખ્યાજ છે. એટલે સમાજથી જાતે કરીને અળગા પડવાની વાત તો કદી ન હતી. એટલેજ આપણે કદી એકલા અટૂલા પડ્યા નથી. હા, ગુરુદેવના સંબંધમાં કહી શકાય કે ગુરુદેવની ઈચ્છા આ ધર્મક્રાન્તિનો ઝંડો પોતે પ્રથમ ઊંચકે એવી હતી. પણ મેં ધીરજ ન રાખી. ખરી રીતે એ ધીરજ રાખી હોત તો ખોટું નહોતું એમ લાગે. પરંતુ જો એમ થયું હોત તો પ્રવાહ ત્યાંજ કદાચ થંભી જાત. એટલે ગુરુદેવ અંદર રહ્યા તે સારું થયું અને મેં તે વખતે ધીરજ ન રાખી, તે લાગ્યું હોય તોયે એ ઠીક થયું. આજે એ બન્નેનો તાળો મળી રહ્યો છે.

- **સંતબાલ**

❀

## ગુરુદેવ ચક્રવર્તીઓની પંક્તિમાં બિરાજે છે તેવો ડાયરી લેખકનો મત

એક તરફથી સાડાચાર વરસના ચાલુ એકટાણાં (સંતબાલજીનાં), બીજી બાજુ ચાલવામાં પગની મર્યાદા અને દુઃખાવો, ત્રીજી તરફથી વયના હિસાબે પ્રવાસની શરીરને પડતો શ્રમ - આ ત્રણે નક્કર અને વાજબી કારણોને બાજુએ મૂકી "નિસર્ગ મૈયા જે કરે તે" એ ખ્યાલે ગુરુદેવે પ્રવાસમાં (ચિંચણ-મુંબઈના) પૂરું ઝંપલાવ્યું તેની પાછળ નૈષ્ઠિક બ્રહ્મચારીમાં કેવી અમોઘ શક્તિ ભરેલી હોય છે તેનાં તાદશ દર્શન થાય છે. મુંબઈનો આ વિહાર-પ્રવાસ- by itself is an ordeal એ અતિ કષ્ટદાયક દિવસોની ઉગ્ર તપશ્ચર્યાનોજ પ્રકાર છે.

ગાંધી વાક્ય યાદ આવે છે... વર્ષો સુધી અબ્રહ્મચર્ય રાખ્યું તેથી નૈષ્ઠિક બ્રહ્મચારી જેવા ચક્રવર્તીઓની હરોળમાં બેસવાનો હક્ક મને નથી..."

મારા ગુરૂદેવ જ્યાં આ ચક્રવર્તીઓની પંક્તિમાં બિરાજે છે ત્યાં હવે શંકા કે કલ્પના શું કરવાં ?

❀

**પૂના, તા. 9-12-76**

## ઈન્દિરા ગાંધીના આગમનો ભભકો

આવતી કાલે અહીંયાં ઈન્દિરા ગાંધી આવે છે... જે ભભકા અને તૈયારી, સજાવટ અને સંરક્ષણ વડાપ્રધાન માટે તડામાર ચાલી રહ્યાં છે તે જોઈ દુઃખ અને વિચાર થાય છે. Security કડેકોર રાખવામાં આવતી. તો આ વર્તમાન ભારતીય વડાપ્રધાન માટે આટલો જાપ્મો શા માટે ? આ લોકનેતા કે ખુરશીના લાલચુ નેતા ? આજ કાલ ઈંદિરાજી વિરોધ અને વિરોધપક્ષોનું ગમે તે બહાના નીચે નિર્મૂલન કરવાની વાતો ફરી ફરી કરે છે. અત્યારે પરશુરામે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રીય કરી તે યાદ આવે છે, છેવટે પૃથ્વી ઉપર ક્ષત્રિયો તો રહ્યાજ અને પરશુરામને પરશુ નીચે મૂકી હાર સ્વીકારવી પડી. વિરોધો નિર્મૂલન કરવા જતાં પોતાનુંજ ઈંદિરાજી એવું કરી બેસશે, સાથોસાથ કાલ સવારના સંજયને પણ રહેંસાવી નાંખશે એવાં ચિહ્નો સ્પષ્ટ થતાં જાય છે. •

❀

## ગુરુપૂજામાં અતિશયોક્તિ દોષ

**ગાંધીજીને તો આ યુગના અવતારી પુરુષ તરીકે અમારા એ સદ્‌ગત ગુરુદેવ અંજલિ આપે છે. વણિકનો વેશ કાઢીને અવનિમાં ગાંધીજી આવ્યા. એટલે તમારા ગુરુદેવને તમો એમની સરખામણી કરીને મ્હલાવો, તે સુયોગ્ય નહીં ગણી શકાય. માણસ પથ્થરને પણ પ્રભુનું આરોપણ કરી પૂજીને પામી શકે, પણ પૂજાનારે તો પોતે પથ્થર છે, તે વાત સાફ સાફ કહી દેવી જોઈએ. આ દેશના લોકો અતિશયોક્તિ કરે તેમાંય, વાંધો નથી કારણ આખરે તો સર્વ જીવ છે સિદ્ધ સમ પરંતુ એમાં અતિશયોક્તિ દોષ આવી જવાનો સંભવ રહે છે તેથી જેના, પ્રત્યે અતિશયોક્તિ થાય તેણે તો અતિશય અને બેવડા સાવધાન રહેવું ઘટે, અને કેટલીકવાર વાચા પ્રશંસાને લીધે ઈતિ સમાપ્તિ આવી જઈ વર્તન માટે જે પુરુષાર્થ વપરાવો જોઈએ તે સ્ફુરીને વપરાતો નથી, પછી**

દેખાડો જ દેખાડો કેવળ બની જાય છે ! કદાચ જૈન ધર્મે આથીજ કહ્યું હશે, સત્યને અધિક પણ ન કહેવું તેમ અલ્પ પણ ન કહેવું. તેજ રીતે વિપરીત પણ ન કહેવું નહીં તો તે મિથ્યાત્વજ બની જાય છે. પચીશ પ્રકારના મિથ્યાત્વમાં એ ત્રણ વાતો આ રીતે કરી છે. (૧) જૈન શાસનથી ઓછું પ્રરૂપે તો મિથ્યાત્વ (૨) જૈન શાસનથી અદકું (અધિકુ), પ્રરૂપે (નિરૂપણ કરે) તોય મિથ્યાત્વ અને (૩) જિન શાસનથી વિપરીત પ્રરૂપે તોય મિથ્યાત્વ. ટૂંકમાં ગુણ પ્રશંસા ઈચ્છનીય છે પણ તેમાંય સત્યના ત્રાજવાને પળે વિવેકના માપથીંજ તોળવા જોઈએ.

દુરાગ્રહ એ સત્યાગ્રહની સામેનો શબ્દ છે. પરિગ્રહ એ અભિગ્રહની સામેનો શબ્દ છે અને પૂર્વગ્રહ એ અનાગ્રહની સામેનો શબ્દ છે. ઘણીવાર સત્યાગ્રહને આડે દુરાગ્રહ (ખોટી જીદ) પોસાતી હોય છે. ખોટી જીદ એ સત્યાગ્રહનોજ શત્રુ ગણાય. આટલી તો સગવડ જોઈએ ને ? તે નામે પરિગ્રહ વૃત્તિ પોસાય છે, પણ જરૂરીઆતો વધે તેથી એકંદરે પાપ અને છેવટે અધર્મ વધે છે. અભિગ્રહ તે કુદરત નિષ્ઠા માટેનું પરમ બળ છે. "ધીરજ ધરને અરે અધીરા, ઈશ્વર દેશે અન્ન જોને" એ ધીરા ભગતનું કથન વિચારવા જેવું છે. જેટલી કુદરત નિષ્ઠા વધે તેટલે અંશે પરિગ્રહ ઘટી જાય. આથીજ આપણા વડીલો પોતાની જરૂરીઆતો બચપણથીજ ઓછામાં ઓછી રાખતા. અનિવાર્ય જરૂરીઆતો આજે માનવીને નથી મળતી, એમાં ધન-ધ્રાખનાનો રોગ સમાજમાં ફેલાયો છે તે મુખ્ય કારણ ભુલાવું ન જોઈએ. ભ. રામ, ભ. કૃષ્ણ એ બન્ને ગૃહસ્થાશ્રમી રહ્યા છતાં બચપણથી એક વિશ્વામિત્ર જોડે જંગલમાં ગયા, બીજા જન્મતાંજ ગોકુળમાં ગયા. ભ. મહાવીર અને ભ. બુદ્ધ તો સંન્યાસી ભર જુવાનીમાં બન્યા હતા. આ છે ભારતવર્ષનો આદર્શ. સામો માનવી શુદ્ધજ છે એવા વિચારથી સંબંધ શરૂ કરવો અને નિભાવવો એજ છે પૂર્વગ્રહની સામેનો સદ્‌ગુણ અનાગ્રહ.

તા. 23-6-77 **સંતબાલ**

❀

## ઈન્દિરાબેન માત્ર વ્યક્તિ ન હતાં

ઈંદિરાબેન માત્ર વ્યક્તિ ન હતાં. એ રીતે એનું મૂલ્યાંકન કરવું ઘટે. તે બહુ ઓછા કરી શકે છે. તેમાંય તમારા જેવાએ ભલે એ ઘણા જન્મો પછી પૂરેપૂરી સિદ્ધ થઈ શકે તેવી દૂરની વાત હોય તોયે "વિશ્વમયતા"ની વાત

**લીધી છે એટલે તમારી જવાબદારી કોઈપણ મૂલ્યાંકનમાં વધી જાય છે. તે જવાબદારી ખ્યાલમાં રાખીનેજ "અક્ષરો પાડવા"**

**સંતબાલ**

❀

**પૂના, તા. 20-12-76**

## નવી પેઢીને આગમો સમજાવવાની રીત વિષે

કોઈ ભાઈઓ ગુરુદેવને મળવા આવેલા અને વાતો ચાલતી હતી. વાતવાતમાં ગુરુદેવ બોલ્યા : "આપણા આગમો સાચાં છે અને એજ, આજની યુવાન પેઢીને રસ પડે અને સમજાય એ જાતની વર્તમાન ભાષામાં કહેવાં જોઈએ. આગમો-શાસ્રો-નવી પેઢીને કહેવા-સમજાવવાનાં જ છે. પણ તે બધું આજની ભાષામાં આજની નવી પેઢીને રસ પડે તે રીતે - ઢબથી કહેવાની જરૂર છે. જૂની ઢબે યુવાનો ધર્મની-આગમોની-વાત સાંભળશે નહિ. આગમો ખોટાં નથી, માત્ર તે કહેવાની રીત બદલી યુગાનુરૂપ ભાષા વાપરવી અત્યારે જરૂરી છે. આમ થશે તોજ ધર્મને આગમો ઉપર જૂની (?) (નવી) પેઢીને કાંઈક આકર્ષણ થશે - શ્રદ્ધા બેસશે." પ્રશ્ન પૂછનાર આગંતુકને ગુરુદેવની આ સ્પષ્ટતાથી સમાધાન થયું.

❀

## ઈન્દિરાબેન સાથેની મુલાકાત વિશે

**ઈન્દિરાબેન મુંબઈમાં મલે તેથી (કાંઈ) વળે નહીં. પરંતુ પહેલાં ગુંદી પ્રયોગ ભૂમિ જુએ અને પછી નિરાંતે મને મલે તો કાંઈક વળે. મૂળ તો પંડિતજીની સીધી મુલાકાત ગુજરાત પ્રદેશ કૉંગ્રેસને લીધે-ખાસ તો પ્રિય મોરારજીભાઈના પ્રયત્નને લીધે - ભા.ન.પ્રયોગના કિસાનો અને કાર્યકરોના પ્રતિનિધિઓને સન ૧૯૫૬માં થએલી જેનો ઉલ્લેખ એમણે કૉંગ્રેસ હાઉસ ભદ્ર આગળની કૉંગ્રેસી જનોની રાત્રી સભામાં કરેલો, પણ એ રીતે કે એ પ્રતિનિધિઓની વાત મૌલિક છે પણ "બહુત દૂરકી બાત હૈ". હા, તે દૂરની ૧૯૫૬ની વાત હવે ઈન્દિરાબહેનને ૧૯૭૬માં જચી જાય તો સારું કારણ કે ભારતે (૧) દેશની સ્વતંત્રતાની રક્ષા, (૨) ભારતીય જનતાના વ્યક્તિ સ્વાતંત્ર્યની અને વિચાર સ્વાતંત્ર્યની રક્ષા અને (૩) દેશનીજ નહીં દુનિયાભરની ગરીબી નિવારણની પરિપક્વ દિશા - આ ત્રણેય અહિંસક સાધનો અને સાધન શુદ્ધિના આગ્રહથી સિદ્ધ થઈ શકે.**

**ભારતીય ગામડા વાટેજ તે થઈ શકે. આ વાત એમને ગળે સ્વરાજ્યોદય કાળથી કૉંગ્રેસ સંસ્થાનું અનુપમ સ્થાન જે પ્રયોગો અને ખાડા ટેકરા વચ્ચે આજ પર્યંત જાળવ્યું છે અને કૉંગ્રેસ શુદ્ધિ અને કૉંગ્રેસ સંગીનતાના આગ્રહો સાથે જાળવ્યું છે તે પ્રયોગ વિના કોણ ઊતરાવી શકે ? અને મેં આ પહેલાં કહ્યું છે તેમ એકજ અત્યારે તો કૉંગ્રેસના સર્વેસર્વા જેવા પ્રતિનિધિ ઈન્દિરાબેન છે અને સાહસ લાગે તો સાહસ પણ કરી શકે તેવાં છે. પરંતુ એ માત્ર સંતબાલને અને તે મુંબઈની ધમાલમાં મલે તેથી શું થાય ?**

**તા. 23-6-77** **- સંતબાલ**

❀

**પૂના, તા. 21-12-76**

વાતવાતમાં મણિભાઈ કહે : "પરિસ્થિતિ આજે એવી છે કે, તેને સુધારવા કે સારી કરવા માણસ પોતાના જાતનું બલિદાન આપે તો પણ અર્થ સરે તેવું નથી. પ્રાણ પાથર્યેથી આજે કશું જ વળે નહીં. જાનની આહૂતિ નકામી જાય - તેવો વિપરીત સમય દેશમાં આવી ગયો છે એટલે મૂંગા બેસી જોયે રાખવા જેવો વિચિત્ર કાળ છે." આ વાત મને પણ સાચી લાગી એટલે ટેકો આપ્યો. ત્યારબાદ આગળ વાત કરતાં કહે :

"માધવબાગની (તા. ૨૮-૧૧-૭૬) જાહેરસભામાં મહારાજશ્રીએ કહેલું કે "મોરારજીભાઈને હવે છોડી મૂકવા જોઈએ અને એમરજન્સી ઉઠાવી લેવી જોઈએ." ચીમનલાલ ચકુભાઈ આ સભાના પ્રમુખ હતા. તેમણે પછીથી મહારાજશ્રીને કહ્યું કે રાજકારણમાં અમે વધુ સમજીએ અને જાણીએ. અત્યારે સરકાર-ઈન્દિરા-કિન્નાનું માનસ રાખે છે. તમે (ગુરુદેવ) સરકાર વિરુદ્ધનું સહેજ બોલશો એટલે અમારા (મુંબઈ ગુરુદેવને બોલાવનાર) જૈન અગ્રેસરોના ઘરબાર સરકાર વીંખીને ખેદાનમેદાન કરી નાંખશે. માટે હવે પછી સરકાર વિરુદ્ધ જાહેરમાં ન બોલો તો સારું. મહારાજશ્રીએ જવાબમાં કહ્યું કે તમારી વાત સાચી છે. હવે પછી આવી વાત હશે તો બોલતાં વધુ વિચારીશ. ઉપરની વાતની દમયંતીબાઈ સાધ્વીને ખબર પડી એટલે સરકાર વિરુદ્ધ ન બોલો તો સારું વ. કહેતો બોરીવલીથી તેમનો પત્ર મહારાજશ્રી ઉપર આવ્યો. ચીમનભાઈને આપ્યો તે જવાબ સાધ્વીજીને મહારાજશ્રીએ લખ્યો - આપ્યો. આમ આજે ઈન્દિરાનો ગભરાટ સર્વત્ર ફેલાઈ ગયો છે. આ માટે કોઈ નિર્ભય બની જાન પણ આપે તો મર્યુ સાર્થક થાય તેવું નથી. મોત સસ્તામાં ખપી જાય એવી અત્યારે પરિસ્થિતિ છે.

મણિભાઈની આ વાત ઉપરથી સમજ્યો કે ઈન્દિરાના વધતા જતા ગેરવ્યવહાર

અને અયોગ્ય કાર્યોથી ગુરુદેવનું સંતહૃદય હવે ઊકળી ઊઠ્યું છે, ઊંડું દુઃખ અને ગ્લાનિ અનુભવે છે. જે બહારથી ભાગ્યેજ દેખાય કે સમજાય. વિ. વા. તા. ૧૬-૧૨-૭૬ના અંકમાં મધ્યપ્રદેશની એક બહેનના પતિ મીસા નીચે પકડાયા છે. તે પત્રના જવાબમાં ગુરુદેવ લખે છે કે, "કોઈપણ અહિંસામાં માનનાર અને લોકશાહીમાં ચૂંટણીમાં લોકનિયુક્તિ (એટલે કે ચૂંટાઈ આવેલા) સભ્ય પર ફરજિઆત દબાણથી રંજાડવાનો સક્રિય વિરોધ કરનાર નાગરિકને હવે વહેલામાં વહેલા મુક્ત કરવા જોઈએ એમ મને લાગે છે. આખરે પણ જનતંત્ર તોજ સ્વસ્થ, શુદ્ધ અને લોકલક્ષી રહી શકે છે કે તો જનતા પોતેજ કોઈપણ જનતંત્ર વિરોધી આંદોલનનો અહિંસાથી સફળ પ્રતિકાર કરતી થાય."

શબ્દો અને લખાણ એ બતાવે છે કે ગુરુદેવનું હૃદય સરકારના વિચિત્ર વલણોથી હવે વધુ અને વધુ તપતું જાય છે. વ્યથિત થતું જાય છે. ઈન્દિરાની સારી મજબૂત-બાજુ પર નજર રાખી આજ સુધીનો ગુરુદેવે રાષ્ટ્ર અને વિશ્વદષ્ટિએ તેનો - ઈન્દિરાનો - પક્ષ લીધો. પણ જે રીતે વ્યક્તિગત લાભો માટે તેણીનો પગ હવે પ્રતિદિન નીચે ઘસરાતો જાય છે, તેનો ખ્યાલ કરતાં ગુરુદેવને હવે રાષ્ટ્રહિત દેખાતું નથી તેમ લાગે છે. આ પ્રમાણે દેશમાં આજે ઠેર ઠેર સંતોના હૃદય સરકાર વિરુદ્ધ ઊકળી રહ્યાં છે. તેનો અર્થ એવો લાગે છે કે વર્તમાન સરકારની ગેરનીતિ-રીતિ સામે કુદરત કોઈ જબ્બર આંદોલન હવે ઊભું કરી રહી છે.

❀

## ઈન્દિરા - એક ઉપયોગી સંસ્થાના "નીભાવનાર"

**સાધ્વી દમયંતીબાઈ અને પ્રિય ચીમનભાઈ આ વખતે ખેંચી જવામાં ગુરુશતાબ્દી મહોત્સવ નિમિત્તે મુખ્ય બન્યા હોય તેઓ મુશ્કેલીમાં ન મુકાય તે મારે જોવું જોઈએ. પણ સાથોસાથ આપણે માત્ર ધર્મક્રાન્તિની દિશાના પ્રયોગને કારણેજ ઈન્દિરાબેનને વ્યક્તિ તરીકે નહીં પણ એક દેશ અને દુનિયા માટે ઉપયોગી સંસ્થાના નીભાવનાર તરીકે મહત્ત્વ આપીએ છીએ. કટોકટી લંબાવવી અને તેમાંય પણ પ્રિય મોરારજીભાઈ, શ્રી જે. પી. અને સર્વોદય કાર્યકરોને જેલમાં કે અટકાયતમાં લાંબા વખત રાખી મૂકવા એ યોગ્ય નથી તે વાત ગુંદી મુલાકાતને પરિણામે ઈન્દિરાબેન સમજી શકત એવો પણ ખ્યાલ ખરો, અને પ્રસંગ પડે ત્યાં જે લાગે તે કહેવું એ પણ ખરું.**

તા. 23-6-77 **સંતબાલ**

❀

મુંબઈ, તા. 3-1-77

## ઇમરજન્સી અંગે શ્રી વિનોબાજીનું ફરેલ વલણ

દુલેરાય માટલીઆનો આજે અમદાવાદથી પત્ર છે. ગુરુદેવ ઉપર લખે છે : "હું પવનાર સંમેલનમાં જઈ આવ્યો. વિનોબાજી સાથેની વાતચીતમાં એમણે સ્પષ્ટ કહ્યું છે કે :

(૧) હવે ઇમરજન્સી ઊઠી જવી જોઈએ.

(૨) નેતાઓ છૂટવા જોઈએ.

(૩) સેન્સરશીપ જવી જોઈએ.

(૪) જે રીતે બંધારણ ઘડાયું તે રીતે બરાબર ન ગણાય.

(૫) આચાર્યમાં જે નીડર હતા તે નિષ્પક્ષ ન હતા ને નિષ્પક્ષ હતા તે નીડર ન હતા માટે તે કાર્ય આગળ ન ચાલ્યું.

(૬) રચનાત્મક કામમાં નિષ્ઠાપૂર્વક લાગી જવું. દારૂના પીઠાં પર પિકેટીંગ. ગાયની કત્લ થતી હોય ત્યાં પિકેટીંગ વ. કરતાં જે સંકટ સહેવું પડે તે સહેવું.

(૭) નિર્દોષને મીસા નીચે પકડે તો તેનો અવશ્ય વિરોધ કરવો. તેમ કરતાં જે સહેવું પડે તે સહેવું.

વગેરે પોતાના અભિપ્રાયો સર્વોદય કાર્યકરોને કહ્યાં છે ને તે પ્રગટ કરવાની પણ હા કહી છે. તા. ૨૫-૧૨-૭૬ પછી તે બધાં સક્રિય કર્મોમાંથી પોતે - વિનોબાજી - મુક્ત થયા છે.

ઉપરની વાત અને છાપામાં આવેલી વાત વચ્ચે મોટું અંતર છે. ન્યુઝ માત્ર સેન્સર થાય છે. એટલે ઉપર લખ્યા સાતેસાત મુદ્દા ઉઠાવી છાપામાં આવેલું કે "વિનોબાજી હવે સંસ્થા માત્રને એક કર્મ માત્રમાંથી છુટા થાય છે - મુક્ત થાય છે." આ બધું બાજુએ મૂકી ગાંધી ગજે માપતાં વિનોબાજીનાં સૂચનો યોગ્ય લાગે છે પણ તેના અમલમાં પોતાની નિવૃત્તિ અને સક્રિયતાનો સંપૂર્ણ અભાવ - છુટા થવાનો - ખૂંચે છે, કાંઈ બરાબર લાગતું નથી. આ વાતની પરિસ્થિતિમાં ગાંધીજી હોત તો પ્રથમ પોતેજ આજની આગમાં ઝંપલાવત. લોકોને ઉપદેશ ભાગ્યેજ આપત પણ પોતાનાજ આચરણથી મૌન દિશા સૂચન અને માર્ગદર્શન ક્યારનુંએ જનતા અને દેશને પૂરુ પાડ્યું હોત. ખેર ! એક વસ્તુ નોંધવા જેવી છે કે વિનોબાજી અને ગુરુદેવ જેવા સંતોનાં હૃદય સરકારી સુર કાઢવાની અયોગ્ય નીતિથી હવે સંતાપ અનુભવે છે, સંતાપી થતાં જાય છે. મને આશા છે કે સંતોના અંતર આત્માનો આ પોકાર કુદરત જરૂર સાંભળી વળતો જવાબ વાળશે, અને રાષ્ટ્રમાં અચાનક ફેરફાર- over night - થાય તો આશ્ચર્ય નથી.

મુંબઈ, તા. 4-1-77

## "જૈનત્વ" એટલે શું ?

આજ સવારે જૈનત્વ એટલે શું ? તેના ઉપર ગુરુદેવે વિગતે છણાવટ કરી. જૈન કેવો હોય ? "હાર" શબ્દ તેની ડિક્ષનેરીમાં ન હોય, સંકુચિતતા તેના મનમાં ન હોય, વિશ્વદૃષ્ટિકોણથી તે વિચારતો હોય, અહમ્ અને ખાસ તો સ્વચ્છંદને છોડી નમ્રાતિનમ્ર હોય સાથે શ્રીમદ્‌ની આ પંક્તિ પ્રવચન દરમ્યાન જુદા જુદા બે પ્રસંગે બોલ્યા : "પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી સ્વચ્છંદને છેદાય, અન્ય ઉપાય કર્યા થકી પ્રાયે બમણો થાય" અને ઊમેર્યું - સ્વચ્છંદ કાઢવા પ્રત્યક્ષ ગુરુ અનિવાર્ય છે, તે સિવાય કોઈ કાળે - ગમે તેટલાં સ્વપ્રયત્ને પણ - અહમ્ ન મોળો પડે કે મુક્તિ મળે. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખનારો હોય - આ બધા જૈનત્વનાં લક્ષણો જેનામાં હોય તે જૈન કહેવાય.

## સક્રિય અધ્યાત્મ

અધ્યાત્મ અને વ્યવહારનો તાળો મેળવવાની પ્રસ્તુત પ્રવચનમાં ગુરુદેવે અગત્ય સમજાવતાં મહાદેવ દેસાઈ અને ગાંધીજીનો દાખલો આપ્યો. તેમાં ગુરુદેવ ટૂંકમાં આ મતલબનું બોલ્યા. ગાંધીજીએ મહાદેવને આજે ચોખી ના પાડી. આધ્યાત્મની વાત કે પ્રવચન તું (મહાદેવભાઈ) બીજે સાંભળવા જાય અગર તને ઈચ્છા થાય તેનો અર્થ એ થયો કે આધ્યાત્મ અને વ્યવહાર જુદાં છે તેમ હજી તને લાગે છે. મારી પાસે આટલાં વર્ષો રહેવા છતાં આધ્યાત્મ અને વ્યવહાર જુદા નથી. આપણે જે કરીએ છીએ તે કાર્ય વ્યવહારમાં આધ્યાત્મનું સક્રિયપણું છે તે તને હજી નથી સમજાયું તે આશ્ચર્ય છે; આમાં મારી પણ કચાસ હોવા સંભવ છે કે આધ્યાત્મની તારી ભૂખ આપણા કાર્ય અને વ્યવહારથી હજી સંતોષાતી નથી. તું બીજે જા એનો અર્થ એ થયો કે અહીંયાં મારી પાસેથી તને આધ્યાત્મ અંગેનો સંતોષ નથી મલતો."

સક્રિય આધ્યાત્મવાદી - Preactical Idealist - જેમ ગાંધીજી હતા તેમ ગુરુદેવ પણ છે.

## ગાંધીજી, વિનોબાજી અને શ્રી મહાદેવ દેસાઈ

રમણ મહર્ષિ અથવા શ્રી અરવિંદ આશ્રમ પોંડીચેરી - આ બે પૈકીના એક સ્થળે મહાદેવ દેસાઈના જવાની વાતમાંથી (ખાસ કરીને શ્રી અરવિંદ આશ્રમમાં) જવાની વાતમાંથી આ પ્રસંગ ખ્યાલમાં રહ્યો છે તે. ગાંધીજી

પાસે જે સક્રિય અધ્યાત્મ હતું તે ભરપૂર મહાદેવ દેસાઈને મલતું. ત્યારબાદ બીજે જવાની ભૂખ જાગે તે દુ:ખદ વાત છે. મહાદેવ દેસાઈ જેવા સમર્પિત સાધક માટે આ અજુગતું લાગે. પરંતુ માનવીય જીવનમાં આવી ઘટનાઓ આવતીજ હોય છે.

સંત વિનોબા અને ગાંધીજીમાં ઘણો ફેર છે જે તેઓ પોતે પણ કબૂલે છે. માટે તુલના કરવી અયોગ્ય થશે. તેમ છતાં પ્રસંગ આવ્યે તેઓ પણ તેમનાં પાસાં સેવેલાં હોઈ વિચારો પૂરેપૂરા આવી શકે છે જ, તે માટલીઆએ જે તારણો મોકલ્યાં એને તમોને તે તારણો પવનારનાં લખ્યાં તે પરથી તરત જણાઈ રહે છે.

તા. 24-6-77 - સંતબાલ

## સર્વ ધર્મોપાસના

ડોંગરેજી એવો મત રજૂ કરે છે ખરા કે "ગુરુદેવોપાસના અને જપમાળા એક નામની જ હોય. સર્વસંતોપાસના છેવટે તે એક ગુરુભણી. એથીજ સર્વદેવ નમસ્કાર કેશવ પ્રતિ કે જે ઉપાસ્યદેવ નક્કી કર્યા હોય તે તરફ અને સર્વધર્મ સંપ્રદાયોનો ભાવ પણ પોતાને પ્રાપ્ત એકજ ધર્મ સંપ્રદાય ભણી હોય."

સંત વિનોબાએ પણ એક વખત મારા પત્રમાં લખેલું : એક સાધે સબ સધે (પણ) સબ સાધે સબ જાય." એટલે કે એકને સાચી રીતે સાધ્યે બધાજ સધાઈ જાય છે. પણ જો બધાને સાધવા જઈએ છીએ તો પછી એક હોય તે ચાલ્યો જાય છે, અને બીજા તો ચાલ્યા ગયાજ હોય છે. જેમ ડૂબતો ઈસ્લામી એક અલ્લાના નામે તરી જાય છે, તો ઘડી ઘડી નામ બદલતો દ્વિધાવાળો હિંદુ ડૂબીજ જાય છે. આમ હોવા છતાં આ યુગે રામકૃષ્ણ પરમહંસ એવા નીકળ્યા કે જેમણે સર્વધર્મોપાસના યથાર્થ રીતે સિદ્ધ કરી, કારણકે જેમાં એકાગ્ર થતા હતા તેમાં પૂરેપૂરા સાંગોપાંગ એકાગ્ર થતા હતા. ટૂંકમાં આ બન્ને માન્યતા સાચીજ છે. વિશ્વમયતાને પંથે જેમ પ્રથમ ભલે એકાગ્ર થવા માટે એકાદને સધાય પણ છેવટે તો બધાને સાધવા પડેજ છે.

જૈનોમાં આવી સર્વ ધર્મોપાસના સર્વ દેવોપાસના, સર્વ ગુરુઓની ઉપાસના ગુણની દૃષ્ટિએ અને કક્ષાક્રમે જણાઈ રહે છે, આપણો દેશ એક અને અનંતનો તાળો મેળવવામાં માને છે.

## ટ્રસ્ટી સિદ્ધાંત

ગરીબાઈને જગતમાંથી દૂર કરવીજ પડશે. પણ તેમાં ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત અસરકારક ભાગ ભજવી શકશે. પોતે સાવ સાદાઈથી રહેવું, અથવા જે ઉપલબ્ધ થાય તેથી સંતુષ્ટ રહેવું પણ બીજા માટે પોતાના હૃદય સહિત ઘર બારણાં ઉઘાડાં રાખવાં.

## મુંબઈ - મોહમયી કે વૈરાગ્યમયી ?

મુંબઈ જેમ મોહમયી છે તેમ વૈરાગ્યમયી નગરી પણ છેજ. જૂના કાળના નાટકીઆઓ પણ શ્રીમંત ઘરના નબીરાઓને ભર્તૃહરીનો ખેલ દેખાડી વૈરાગ્યરસ તરબોળ બનાવી ઘડીના છઠ્ઠા ભાગમાં સાચો વૈરાગ્યરંગ લગાડી દેતા, તે વાતો ખરી છે.

## છેવટે તો નિસર્ગ મૈયાને ભરોસે છોડવું

પુત્ર રાજીવ, માણસ દિનકર, આપણા ખેતર પાસેનો ખેડૂત, કર્મચારી બબન - આ બધાં તો વિવિધ નિમિત્તોજ છે. મૂળે તો વ્યક્તિત્ત્વમાંથી વિશ્વમયતામાં જનાર માટે આવાં બધાં નિમિત્તો વૈવિધ્યપૂર્ણ રીતે ડગલે ને પગલે આવવાનાંજ. એમાં વિવેકપૂર્વક ગુરુ-પ્રભુકૃપા સાથે ડગલે અને પગલે વિચારવું પણ ખરું. પરંતુ આખરે તો આપણા તર્કો પણ મર્યાદિત છે અને આપણા પ્રયત્નોને પણ મર્યાદા છે. આપણી બહારથી મળતી સહાયને પણ સીમા છે. એટલે છેવટે એ બધું નિસર્ગ મૈયા (કુદરત)ને ભરોસે છોડવું જ પડે છે. માત્ર આવા જમેલામાં શ્રદ્ધા ભાતું ખૂટી ન પડે એટલા માટે શ્રદ્ધેય-જનનું માર્ગદર્શન લેવા ભલે દોડી જઈએ. તે જરૂરી પણ છે. પરંતુ આખરે એ બધામાંથી જે કાંઈ મળે તેની હદ રહેવાની જ. એટલે છેવટે કહી દેવું પડે છે :

"નિસર્ગ ધાર્યું બનતું સહુ કૈં
નિસર્ગ ધાર્યું ફળતું સહુ કૈં,
પ્રયત્નનું તો પરિણામ માત્ર
છે વિશ્વપ્રેમી બનવાનું વા'લા."

હા, સાધન શુદ્ધિ પૂરેપૂરી જાળવવી જ્યાં ત્યાં રોદણાં રડવાં નહીં... ધાંધા થવું નહીં.

તમો બન્ને જણે શ્રદ્ધાળુ રહી આ પ્રમાણે જ્યારે જ્યારે વર્તવાનું કર્યું છે ત્યારે ત્યારે તમોને તે તે કાર્યોના પરિણામો સુંદરજ ચાખવાનાં મલ્યા છે. આ તમારો જાત અનુભવ છે.

"અગર હરદમ તૂં હૈ હાજિર" એ રણાપુરની સ-મૌન એકાન્તવાસની સાધના વખતનું ભજન મીરાબેન ઘણી વાર પ્રાર્થનામાં બોલે છે, તેવું છે. તમોને મુંબઈમાં અમારો વિવિધ સ્થળોમાં નિવાસ રહ્યાં કરતો, એ પરથી જોવા જાણવા કુદરતી રીતે સારી પેઠે મલ્યું. અને તમો પણ એમાં રસભરી રીતે ટેવાયા. ક્યાંક અતિ ઘોંઘાટમાં નીરવતા સાધવી પડી, તો ક્યાંક અતિ એકાંત નીરવતામાંથી ચિંતન રત્નકણિકાઓ શોધવી પડી, ખરુંને ?

તા. 24-6-77 **સંતબાલ**

❀

## વિકાસનો પંથ

વિકાસનો પંથ અટપટો હોય છે. મધ દરિયેજ વાવાઝોડું જીવન નૌકાને હચમચાવી મૂકે છે. એ ડૂબ્યા કે ડૂબશું, એમ થાય છે. પણ ત્યારેજ જો સબૂરી પકડાય, શ્રદ્ધાનો કાંટો સ્થિર રહી જાય તો તરત બેડોપાર થાયજ છે.

તા. 24-6-77 **સંતબાલ**

❀

## પુરુષાર્થમાં સ્વસ્થતા

એકવાર નિશ્ચિતપણે સાધના-માર્ગમાં પગ આ (અમુક) સાધક કે સાધિકાએ મૂક્યોજ છે - એવી નિસર્ગને ખાતરી થતાંજ દિનેદિને એક બાજુ તે એક પછી એક આકરી અને કેટલીકવાર એક સાથે અગ્નિ પરીક્ષાઓ આપ્યાં કરે છે, તેમ બીજી બાજુ એક પછી એક તરત અને તરત તે કઠિન સમસ્યાઓ વહેલી વહેલી હલ કરીને જે જિરવાય તો શક્તિનો અપરંપાર ઉમેરો કરાવી અજબ તાજૂબી ઊભી કરી દે છે. આવે વખતે ભલે આપણે એને પુરુષાર્થ કહીએ, પણ મુખ્યત્વે એ પુરુષાર્થ હારમાં - ગુંચવણમાં સ્વસ્થતા અને પ્રસન્નતા કેળવવાની હોય છે. અને જીતમાં છાક ન વધી જાય (જેમ તમે લખ્યું છે, તેમ વાસના કે અહંવૃત્તિ જોર ન કરી જાય) તેવી જાગૃતિ રાખવાની હોય છે. એટલેજ આગળના શ્લોકમાં આવી ગયું :

"પ્રયત્નનું તો પરિણામ માત્ર
છે વિશ્વપ્રેમી બનવાનું વા'લા."

**તમો બન્ને શરૂઆતમાં જરાક અગ્નિપરીક્ષા આવે કે અકળાઈ જતાં ધ્રૂજી ઊઠતાં, તેમાં હવે ઘણો સુધારો થયો છે.**

**હવે કુદરત મૈયાની અજાણતાં એકાએક મળતી કૃપાનો પણ તમને અનુભવ થવા માંડ્યો છે તે ઘણું ઉત્તમ લક્ષણ ગણાય.**

**તા. 24-6-77** **સંતબાલ**

❀

**મુંબઈ, તા. 28-1-77**

## શ્રી કેદારનાથજી સાથેની મુલાકાત - ગુરુની જરૂરિયાત કેટલી ?

... માટુંગા ગુરુદેવને વિનંતી કરી એટલે કેદારનાથજી ઉપર તેઓશ્રીએ ચિઠ્ઠી લખી આપી. જે લઈ હરકિસન હોસ્પિ.માં શ્રીનાથજી પાસે પહોંચ્યો. શ્રી નાથજીએ સામેથીજ કહ્યું એટલે (મેં) પ્રશ્ન પૂછ્યો : "મનુષ્યકો ગુરુકી જરૂરત હૈ યા નહીં ?" તુરત જવાબ આવ્યો : "ગુરુ કિસ લીયે ?" અને પછી આ Rational અને મૌલિક ચિંતકની વાગધારા અસ્ખલિત ચાલી કહે, "અસલમાં માણસને ગુરુની જરૂર નથી. માણસમાં અંદરજ એવી શક્તિ ભરપૂર પડેલી છે કે જો એ જાગૃત થાય તો બીજા કશા અવલંબનની જરૂર રહે નહીં, પણ આ શક્તિનું અજ્ઞાન શક્તિ અંદર છે તેનું ભાન - માણસને જયાં ત્યાં ફાંફાં મરાવે છે - આને ગુરુ કરે, તેને ગુરુ કરે - આમ ગુરુ કર્યે ઉન્નતિ થતી નથી, મુક્તિ થતી નથી. આજે લગભગ સર્વત્ર એ જોવામાં આવે છે કે, શિષ્યો - અનુયાયીઓ - જયાં અને ત્યાં ગુરુની મોટાઈની, શક્તિની, વિદ્વતા અને જ્ઞાનની પ્રશંસા કરતાં ફરતાં હોય છે. ગુરુનું મહાત્મ્ય-સ્તુતિ-કરવા કે ગાવાથી શિષ્યને શું લાભ થવાનો છે ? એટલે આ મુદ્દો પણ ગુરુની જરૂર છેં એમ કહેતો નથી. કેટલીક વાર એવું પણ જોવામાં આવે છે કે, અનુયાયીઓ - શિષ્યો ગુરુ ઉપર પૂરો આધાર રાખતા થઈ પરાવલંબી થઈ જાય છે. અને એ રીતે આળસ પ્રમાદ વ.ના ભોગ બની જાય છે. આ રીતે બધુંજ ગુરુ ઉપર છોડવું તે મનની પામરતા છે, શિષ્ય કોઈ દિવસ આ જાતની મનોદશામાં વિકાસ સાધી શકે નહીં. સામાન્ય બુદ્ધિથી સમજાય એવી આ પણ એક વાત છે કે - જે ગુરુએ અનેક કષ્ટો, સંકટો, પીડા વ. વેઠી સાધના કરી સફળતા મેળવી તે ગુરુ શિષ્યને પોતાની સિદ્ધિના ચમત્કારથી મુક્તિ અપાવે ખરો ? અને ધારો કે ગુરુએ ચમત્કાર કર્યો તો યોગ્યતાના અભાવે શિષ્ય એ શક્તિ અને સિદ્ધિ કેવી રીતે ટકાવી શકશે ? પ્રથમ વાત તો એજ છે કે કોઈપણ ગુરુ આત્મોન્નતિ માટે શિષ્યને સુખપૂર્ણ સાધનાનો માર્ગ બતાવી શકે નહીં. પોતાની સાધના માટે શિષ્યે પોતેજ મથવું, સહેવું અને પરિશ્રમ

કરવો પડે છે. પોતે સંકટો વેઠી આગળ આવ્યા, તેજ રીતે શિષ્ય આગળ આવે એમ સાચા ગુરુ ઈચ્છતા હોય છે. આમાં કોઈજ ટૂંકો માર્ગ નથી. આ બધું ગુરુની જરૂર નથી એમ બતાવે છે." પછી અંતમાં કહે : માર્ગની જાણકારી માટે, સાધના સાચી દિશામાં ચાલે તે માટે ગુરુ જેવા તત્ત્વની જરૂર રહે ખરી. પણ આમાં ઉપર કહ્યા તે ભયસ્થાનો નહીં હોય તો ખરો જિજ્ઞાસુ શિષ્ય ગુરુના સહારે પણ સ્વપરિશ્રમે જરૂર આગળ વધી શકે. આ રીતે ગુરુની મદદ લેવાથી સાધનામાં સહેલું પડે છે. પરિણામે શક્તિ, સમય સાધકના બચે છે. તેથી છેવટે લાભ થાય છે. પરિણામ સંતોષકારક આવે છે.

❀

## ગુરુઈઝમ

શ્રી કેદારનાથજીની સુંદર મુલાકાત થઈ ગઈ, તે સદ્‌ભાગ્ય લેખાય. આ ઉંમરે પણ તેમની સ્વસ્થતા સુંદર ગણાય. ગુરુ અંગે એમણે બન્ને બાજુઓ સ્પષ્ટ પણે રજૂ કરી દીધી.

"ગુરુઈઝમ" આપણા દેશમાં જરા વધુ ફૂલીફાલી ગયું હોઈ, તે અંગે નીચેના શબ્દો એક ભક્ત કવિના લખવા પડ્યા છે.

"ગુરુ લોભી, શિષ્ય લાલચુ, દોનોં ખેલે દાવ,
બૂડે દોનોં બાપડે, બૈઠ પથ્થરકી નાવ."

જ્યાં જ્યાં ગુરુની જાણ્યે અજાણ્યે, પ્રશંસા થઈ જતી હોય ત્યાં જાગતા રહેવું. કારણ કે ગુણપ્રશંસા કરતાં કરતાં આચરણની વાત ઘણીવાર ખોરંભે પડી જાય છે.

તા. 25-6-77 **સંતબાલ**

❀

## નિસર્ગની આકસ્મિક મદદ

...કોઈકવાર મુસીબત વેઠવી પડશે, પણ તે મુસીબતનું દુઃખ થોડુંજ વેઠશો ત્યાં તરત નિસર્ગની આકસ્મિક મદદ આવી પહોંચવાની જ. હા, શ્રદ્ધા અને ધીરજ અખૂટ રાખવી પડશે.

મંથન જાગે છે કોઈવાર હજુ પણ "વિશ્વમયતા"ના માર્ગ પર આટઆટલા અનુભવ વારંવારના થવા છતાં કોઈવાર અશ્રદ્ધા આવી જાય છે તે સારું તો નથીજ, પણ અશ્રદ્ધાનો વિકલ્પ તરત તમો દૂર કરી નાંખો છો,

તેથી વાંધો નહીં આવે. હા, તમારે સતત સાવધાન તો રહેવું પડશેજ.

તા. 25-6-77 સંતબાલ

❀

## કોઈનું ફેરવ્યે ફરતું નથી

જેમ અગ્નિ પરીક્ષાઓ કુદરતમૈયા રજૂ કરે છે, તેમ શાંતિભેર ઉકેલી પણ આપે જ છે. આથી પુરુષાર્થ જરૂર કરવો, પણ ઘાંઘા ન થવું, બેચેની ન વેઠવી, તે જ સાચો માર્ગ છે. ગુરુદેવનું એક કાવ્ય છે.

થવાનું એહજ થાય છે, ન થવાનું તેહ થતું નથી,
બનવાનું એજ બની રહે, બીજું કશું બનતું નથી,
ચિંતા કરો શ્યા કાજ, કોઈનું ફેરવ્યે ફરતું નથી.''

તા. 25-6-77 સંતબાલ

❀

## સર્વાંગીપણાનું નિરુપણ હોય ત્યાં સક્રિય સમર્થન

આ દેશ ધર્મપ્રધાન હોઈ તથા સર્વધર્મોના સમન્વયનું અહીં કુદરતી વાતાવરણ હોવાથી જુદી જુદી વિચારધારાઓને અવકાશ રહે તે સ્વાભાવિક છે, અને તે જરૂરી પણ છેજ.

પરંતુ આપણે તો અંદરથી અને બહારથી એમ બન્ને પ્રકારે સાધુતા હશે અને એકાંગીપણાનું નહીં, પણ સર્વાંગીપણાનું નિરુપણ હશે તેને જ અથવા ત્યાંજ સક્રિય સમર્થન આપી શકીશું. શ્રી રજનીશને પણ આપણે આ સંદર્ભમાં જ જોવા ઘટે.

જેમ ઊંડો પૂર્વગ્રહ ન રાખવો, તેમ સામા પ્રત્યે સંસ્કાર ગ્રંથી પણ ન રાખવી. એકલપેટા જાતે ન થવું અને જાતે નમ્રાતિનમ્ર પણ બનવું - જેની અસર સામાના મન પર ઘણી ઊંડી થાય છે જ.

તા. 25-5-77 સંતબાલ

❀

પૂના, તા. 23-3-77

## ચૂંટણીમાં ઈન્દિરા રાજ્યનો અંત

ભારતના ઈતિહાસમાં ખાસ કરીને આઝાદી આવ્યા પછીનો છેલ્લા ત્રણ દિવસો, અભૂતપૂર્વ અને સ્મરણીય બની રહેશે. ભાવિ સુજ્ઞ અને તટસ્થ ઈતિહાસકાર

આ દિવસોને "લોકશાહીના જ્વલંત વિજયનો અસત્યના ભૂંડા પરાજય" તરીકે આલેખશે.

... ઈન્દિરા ગાંધી, તેની સરકાર અને પક્ષને આ ચૂંટણીમાં પ્રજાએ ભોંય ભેગા કરી દીધાં છે. ૯૫ વર્ષ જૂના ભારતના સમગ્ર રાષ્ટ્રજીવન પર છવાઈ જનાર, સમર્થ એવા ગાંધીજી જેવા મહાન મહારથીએ એ સુદૃઢ બનાવેલી ભવ્ય રાષ્ટ્રિય કૉંગ્રેસનો અસ્ત કરવાનું દુઃખદ અને કલંકરૂપ કામ ઈન્દિરાને હાથે થયું છે.

... કાળાં કામો પોતાનાં સ્વાર્થ કાજે કરનાર તરીકે ઈન્દિરા ઇતિહાસમાં, રાવણ-દુર્યોધન માફક સદાય નોંધાશે. અમર્યાદ સત્તાના મદનો આટલો જલદી અને આટલો સચોટ જવાબ કુદરત ઈન્દિરાને આપશે તે ત્રણ દિવસ પહેલાં કોઈએ કલ્પેલું કે સ્વપ્ને પણ જાણ્યું નહીં હોય, પણ છેવટે તો કુદરતે સત્યને અને ન્યાયને રક્ષણ આપ્યું છે કટોકટી અને આપખુદી દિવસોનો અંધકાર દૂર થઈ મુક્ત લોકશાહીનો સૂર્યોદય આજના મંગળ પ્રભાતે કુદરતે કર્યો છે.

❀

**મુંબઈ, તા. 6-4-77**

## ઈન્દિરાજીનો સત્તા-નશો અને સત્તાંધતા

જાડેજાનો અમદાવાદથી તા. ૨૪-૩-૭૭નો પત્ર બોલે છે : "બહેનજી (ઈન્દિરાજી) ભૂંડે હાલ પરવારી ગયાં. પુત્ર મોહ સ્વાર્થાન્ધતા-સત્તાનો નશો-અહંકાર-અભિમાન-શું શું કહીશું ? એનામાં સાચા શિક્ષણનો અભાવ - સૌથી પાયાનું કારણ લાગે છે મને તો ભણી નહીં, મોટા ઘરની દીકરી, મહાન પિતાની પુત્રી બચપણથી બેફામ મનસ્વી ઉછેર - વિદેશી - ખાસતો જર્મનીની અસર, આંતર જ્ઞાતિય લગ્ન - તેમાંય વિસ્ફોટ - ખૂબ હતાશ નિરાશ થએલ ખિન્નતા, કલેશ ભરી નારી - એના હાથમાં સત્તા આવી ગઈ - કાળો કેર વર્તાવી દીધો. લાખો લોકો ઉપર સીતમ ગુજાર્યા - હજારોને કારાવાસમાં ધકેલી દીધા - સ્વાતંત્ર્યો બધાં પરહરી લીધાં.

અને આખરી દાવ પણ ચૂંટણીનો નાંખ્યો - પૂરી બદ દાનતથી અને ગણત્રીપૂર્વક કે "હું જ જીતી જઈશ" પણ જેલમાંથી જે મરણિયા છૂટ્યા તેઓ વાત સમજી ગયા - એક થઈ ગયા - મેદાન મારી ગયા - જનતા પણ અનેક ધન્યવાદને પાત્ર નીવડી.

સૌથી વધુ અહેસાન ઈશ્વરનો.

❀

## સત્તાનો મદ - રાજતંત્ર ઉપર નૈતિક અંકુશની જરૂર

રામકાળના વાયુમંડળમાં પણ જે પરિસ્થિતિ હતી તે જોઈને એના ઉપર પ્રભુકૃપા સાથે ૪૦૦ જેટલા વર્ષો પૂર્વે ગોસ્વામી તુલસીદાસજી બોલ્યા હતા :

"નહીં કોઉ અસ જનમેઉ જગ માંહી પ્રભુતા પાઈ મહીં મદ નાહીં."

એટલે કે જગતમાં હજુ કોઈ એવો જનમ્યો નથી કે જેને સત્તા મેળવ્યા પછી મદ ન થયો હોય. હા, ભગવાનની કૃપા હોય અને પોતાને ટ્રસ્ટી માની ધન અને સત્તા ઉપર જે રહ્યા હોય તેમને સત્તાનો મદ ન થાય એવું બને. સદ્ભાગ્યે આપણે ત્યાં આવા ઉદાહરણો પણ છેજ. એક બાજુ રામ વતી રાજ્ય ગાદી ચલાવનાર ભરત અને બીજી બાજુ અનાસક્તિને સિદ્ધ કરી છે એવા યાજ્ઞવલ્કયના સુશિષ્ય અને શુકદેવ જેવાનું ગુરુસ્થાન શોભાવનાર જનક મહારાજા. ગાંધીજીની રામરાજ્યની કલ્પના પાછળ એક વાત એ પણ હતી કે "પૂરક અને પ્રેરક એવી બે સંસ્થાઓનો રાજ્યતંત્રની સંસ્થા ઉપર એકનો સામાજિક અને બીજીનો નૈતિક અંકુશ હોવો જોઈએ." લોકસેવક સંઘ અને ગાંધી સેવા સંઘની વાત આવું જ સૂચવે છે. અલબત્ત કિશોરલાલ મશરૂવાળા પ્રમુખ પદ છોડવા તૈયાર હોઈ ગાંધી સેવા સંઘનું ખુદ ગાંધીજીએ વિલિનીકરણ કરી નાંખ્યું હતું અને લોકસેવક સંઘના સ્વરૂપમાં કૉંગ્રેસ પલટે એવી પરિસ્થિતિ ભારત સ્વરાજ પછી રહી ન હતી. આવા સંજોગોમાં કૉંગ્રેસે પોતેજ રાજ્યતંત્ર સંભાળવું પડે તે અનિવાર્યતા હતી અને તેથીજ "કૉંગ્રેસે લોકસેવક સંઘમાં પલટવું જોઈએ" તેવું સૂચન કર્યા પછી પણ કૉંગ્રેસે રાજ્યતંત્ર સંભાળ્યું તોય ગાંધીજીએ વિરોધ કર્યો નહોતો એટલુંજ નહિ બલકે કૉંગ્રેસનો એવોને એવો સંપર્ક જિંદગીની છેલ્લી ઘડી લગી રાખ્યો હતો.

ત્રીસ જાન્યુઆરી ૧૯૪૮ના પ્રાર્થના સભા માટે પોતે ઊઠ્યા ત્યારે છેલ્લી વાતચીત કૉંગ્રેસી આગેવાન શ્રી સરદાર વલ્લભભાઈ સાથે થએલ. એ વસ્તુ જો હોય તો ઉપલી વાતને આધાર મલી રહે છે એટલું જ નહીં કદાચ એકાદ દિવસ વધુ પાછળ હોય કે આગલે દિવસે ૨૯-૧-૪૮ના હોય પણ પ્રાર્થનાસભામાં અથવા ક્યાંક બીજે પ્રસંગોપાત આ ઉદ્ગારો ગાંધીજીના મને યાદ રહ્યા છે. (કદાચ વિ.વ.ની તે કાળની ફાઈલ હોય તો તેમાં આ હશે એવો પણ મારો ખ્યાલ રહી ગયો છે.) તે શબ્દો આ જાતના છે :

"કૉંગ્રેસમાંથી હું નીકળી ગયો. કદાચ સરદાર અને પંડિત જવાહરલાલ

(કદાચ પં. જવાહરલાલનું નામ પહેલું હશે) પણ નીકળી જાય, તોયે કૉંગ્રેસ મરનાર નથી.'' અને આજ સંદર્ભમાં દેશમાં અને દુનિયામાં આ એકજ સંસ્થા એવી છે કે જેણે જન્મથીજ કૉંગ્રેસ રક્ષા, શુદ્ધિ અને સંગીનતા સાથોસાથ પસંદ કરીને ''રાજકીય માતૃત્ત્વ'' એ પરિભાષા પ્રમાણે કૉંગ્રેસાનુસંધાન ચાલુ રાખ્યું છે. આ સંસ્થા છે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ અથવા એવા ગ્રામ પ્રાયોગિક સંઘો દ્વારા સંચાલિત ભાલ નળકાંઠા ખેડુત મંડળ અથવા એવા નૈતિક જન સંગઠનો. આપણે ઈન્દિરાબેનને આ સંદર્ભમાં જોતા હતા અને જોયાં છે. સદ્ભાગ્યે જનતા પક્ષને રાષ્ટ્રની નિખિલ જનતાનો ટેકો એ દૃષ્ટિએજ મલ્યો છે, તે ક્ષણવાર પણ ભૂલવું ન જોઈએ.

બાપુને લક્ષમાં રાખી જનતા પક્ષ વર્તીને બધા પ્રશ્નો પતાવશે એ ખ્યાલે દેશની જનતાનો એને ટેકો મળ્યો છે. જે લોકો વ્યક્તિગત કિન્નાખોરી પોતાના વિજયોન્માદમાં દર્શાવે છે ત્યાં જનતા પક્ષના સર્વોચ્ચ નેતા પ્રિય મોરારજીભાઈ વગેરે સચોટ પ્રતિકાર કરતા હોય તેવા જવાબો છાપામાં દેખાઈ રહે છે.

તા. 25-6-77 સંતબાલ

❀

## ઈન્દિરાજી અંગેના પ્રત્યાઘાતો

જાડેજાના પત્રમાં જે વ્યક્તિગત ટીકા છે તે વાજબીપણું એ રીતે દર્શાવે છે કે ''જો ભાઈશ્રી સંજય તરફ કુણી નજરે પુત્રકારણે જોવાય તે ખુદ ભાઈશ્રી સંજયે જાતે અવળા કૃત્ય કર્યા હોય તે છવરાવ્યા હોય પરંતુ એ અંગે તો નીમાએલા પૈસાના હેવાલો વિગતવાર બહાર આવે પછી ચોકકસપણે દોષપાત્ર કોણ છે તે કહી શકાય. પણ પ્રથમ નજરે જેમ કોઈ અંગત માણસ (પુત્ર એ અંગતથી એ અંગત ગણાય) ભૂલ કરે તો તે વડીલ તરીકે પોતે સ્વીકારી લેવી જોઈએ. શ્રી વિજયાલક્ષ્મી પંડિતના ઉદ્ગારો શરૂ શરૂમાં નીકળ્યા હતા. તે એવા હતા કે ''આમાં ઈન્દિરાબેન નહીં, સંજય પણ નહીં પરંતુ એના સાથીઓએજ ભૂલો કરી છે'' બહુ ઊંડી અને ઊંચી દૃષ્ટિએ તો સાથીઓ ભૂલ કરે તે પણ પોતાનીજ ગણાય. કારણ કે જેમ છેતરવું એ દુર્ગુણ છે તેમ છેતરાવું એ પણ દુર્ગુણજ લેખાય. ગાંધીજીએ ક્યાંક પોતાના પુત્ર વિશે કહ્યું હોય એવો ખ્યાલ છે કે ''એ છેતરાય છે, પણ જાતે છેતરતો નથી. જોકે છેતરાય એ સારું નહી, પણ છેતરનાર કરતાં છેતરાનાર ઊંચો છે.'' અલબત્ત બાપુ(ગાંધીજી) તો

રાજકારણમાં પણ સાંગોપાંગ શુદ્ધિ ઈચ્છતાજ હતા, પરંતુ જ્યારે ભારત એકલું છે અને મહાસત્તાઓ જાસુસી દ્વારા અને ખુદ રાજકીય પક્ષોને પણ નાણા આપી ખોટે રસ્તે ચડાવતી હોય ત્યારે ભારતની સ્વરાજ્ય રક્ષા ભારતીય કૉંગ્રેસ સંસ્થાની રક્ષા એ બે માટે અને મૂળ લોકશાહી રક્ષાને કારણે કેટલીક બાબતો જતી કરવી પડે. જો ખરેખર આમ થયું હોય (ખરેખર એમ થયું હોય તોયે) મારો નમ્ર મત તો સાધન શુદ્ધિ તરફજ હોય. પણ આમાં મારા પોતાના મતનો સવાલ નથી. સવાલ રાજકીય પક્ષની જે મર્યાદાઓ છે (અને જ્યારે કોઈનો સંસ્થાકીય રીતે રાજકીય કોમની સંસ્થા કૉંગ્રેસને ટેકો ઠેઠ સ્વરાજ્યોદય કાળથી ન હોવાથી અને કૉંગ્રેસ વિરોધી પક્ષો કે એ પક્ષોના આગેવાનો વિદેશી મહાસત્તાની જાળમાં જાણ્યે અજાણ્યે આવી જવાની સંભાવના છે ત્યારે) તે મર્યાદાઓમાં સત્ય અહિંસાને કેટલી હદે અનુસરી શકાય તેનો છે.

જૈન ધર્મ હંમેશાં એ સમજાવે છે કે તમે પોતે પરમ સત્યને વળગી રહો; પરંતુ સાથોસાથ બીજાઓ પ્રત્યેના મૂલ્યાંકનમાં એ વ્યક્તિની અને સંસ્થાની ક્ષેત્ર પરત્વેની મર્યાદાઓ સમજીને પછીજ ટીકા ટિપ્પણી કરો. નહિતો સત્ય માત્ર વિચારમાં કે વાણીમાં રહી જશે. વ્યવહારમાં નહીં આવે અને પોતપોતાની કક્ષાએ નાની મોટી સૌની જવાબદારી રહેલી છે તે જવાબદારી અદા કરવાનું ભાન નહીં રહે. યાદ છે, જ્યારે સર રોજર લુમ્લી (મુંબઈના ગવર્નર હતા ત્યારે) છાપાની કાપલીઓ લઈ જઈ "પાટા ઉખેડવા, ભૂગર્ભમાં ચાલ્યા જવું" વગેરે બાબતોમાં આગાખાન મહેલમાં જાતે ગાંધીજીનો અભિપ્રાય લેવા ગયા ત્યારે તેમણે પહેલો અભિપ્રાય એ જાતનો આપ્યો કે "પહેલાં સરકારના પ્રતિનિધિ તરીકે તમે યોગ્ય રીતે વર્તો પછીજ પરાધીન એવી જનતા અને તેના નેતાઓ વિશે હું ટીકાટિપ્પણી દર્શાવતો મારો અભિપ્રાય (એમના વિશે) આપી શકું" એનો અર્થ ભૂગર્ભ પ્રવૃત્તિ અને પાટા ઉખેડવા એ પ્રવૃત્તિ એમને ગમતી હતી તેમ નહીં એમા એમનો વિરોધ જ હતો પણ તે ટાણે તેઓ સ્પષ્ટ કહે તો તે અભિપ્રાયનો દુરુપયોગ થાય તેમજ હતું. બસ આજ સ્થિતિ એક યા બીજા પ્રકારે આજે પણ હોઈ શકે છે. એટલે ભારત સ્વરાજ્ય રક્ષા અને કૉંગ્રેસ રક્ષા એ બે જળવાયાં છે તે બેને મુખ્ય ગણી પછી જ ઈન્દિરાબેન વિશે ટીકાટિપ્પણી કરવી તે સમુચિત લેખાશે. હા, આત્મીય ભાવે તો ટીકાટિપ્પણી કરવામાં વાંધો ન હોય પણ ગુણોની કદરદાની સાથે એ કરાવી ઘટે. આ અંગે વિગતે તો રૂબરૂજ કહેવાય. અહિં "વિગતે" એટલે સવાલ-જવાબ રૂપે સમજવાનું તો રૂબરૂજ બની શકે તે અર્થ લેવો.

તા. 25-6-77 સંતબાલ

# ખંડ : છઠ્ઠો
# વિશ્વમયતા અને સમાજગત સાધના

## સજ્જનતા વિચારશીલ માનવીનો સ્વાભાવિક ગુણ છે, દેખાડાની ચીજ નથી.

ચંદનને ગમે તેટલું છેદો પણ તેમાંથી સુવાસ જ ઝર્યા કરવાની. સોનાને ગમે તેટલું કાપ્યા કરો પણ તેમાંથી તો ઝલકજ નીકળવાનું. એમ ગમે તેવી કસોટી આવે પણ સજ્જનની સજ્જનતા ખોવાવી ન જોઈએ. તોજ તે સજ્જન સાચો સજ્જન. સજ્જનતા એ માનવી - વિચાર વિવેકશીલ માનવીનો સ્વાભાવિક ગુણ છે. તે દેખાડાની ચીજ નથી. છતાં પ્રસંગે પ્રસંગે તે સહેજે ઊગી નીકળવી જોઈએ.

## સ્વમાન જ અભિમાને પરાજિત કરી શકે

નાનાભાઈ ભટ્ટનો એક પ્રસંગ છે : પોતે સંસ્થાના ફંડ માટે વિદેશ ગએલા. ત્યાં એક મહા ધનિકનો એવો કડવો અનુભવ થયો કે પેલો ધનસંપન્ન પોતાના ઘમંડમાં રાચ્યા કરે અને નાનાભાઈ ભટ્ટને કોઠું આપેજ નહીં. આખરે નાનાભાઈ એકદા ઝળક્યા, "તમારી પાસે ધન સંપદા છે તો મારી પાસે વિદ્યાથી સંપન્નતા છે. હું તો સંસ્થાને કારણે ભિક્ષાની ઝોળી લઈને નીકળ્યો છું. એટલે તમને જો એમ લાગતું હોય આ ધન સંપન્નતાને યોગ્ય પાત્ર છે તો આપી શકો છો. નહીં તો જેમ તમને આપવાની ફુરસદ નથી તેમ મનેય માંગવાની ફુરસદ નથી.

મને લાગે છે કે પેલાને આ ચીમકી હૃદય સ્પર્શી બની ચૂકી ! અલબત્ત, અભિમાન સાથે અભિમાને અથડાવું ન જોઈએ. (પરંતુ) સ્વમાનજ અભિમાનને પરાજિત કરી શકે.

**સંતબાલ**

❀

બોરિવલી, તા. 23-4-77, શનિવાર

## મોટા ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજશ્રીના વિચારો – સાધકોને આપેલ સલાહ

અત્યારે સાધ્વીજી દમયંતીબાઈ વગેરે સાથે ગુરુદેવ પૂ. મોટા ગુરુદેવના જૂના પત્રો પોતે વાંચે છે અને સુંદર રીતે તેનું વધુ સ્પષ્ટીકરણ કરતાં જાય છે. એક સાધકને મોટા ગુરુદેવ લખે છે :-

(૧) કુદરતનાં છૂપાં રહસ્યો જેટલાં જણાય, તેટલા અંશે આનંદ-પ્રમોદ રહે છે. કુદરતની કળા અને છૂપાં રહસ્યોનો પાર પામવો જોઈએ.

(૨) વ્યવહારિક કાર્યોમાં મિશ્રતા છે, દ્વંદ છે. રહેવાય તેટલું દ્વંદથી પર રહેવું જોઈએ.

(૩) જીવનમાં દષ્ટિ બદલવાની જરૂર છે. દોષ દષ્ટિનો છે તેથી ઓળખાતું નથી.

(૪) મુશ્કેલીમાંજ કસોટી થાય છે. એમાંજ વિકાસ થાય છે. મુશ્કેલી પણ એણેજ-ઈશ્વરેજ-મોકલી છે ને ?

(૫) ધ્યાન ચિંતન-મનન કરવું અને પ્રસન્ન રહેવું.

(૬) લોકોત્તર-ભાવ દઢ થતો જશે તેમ તેમ વ્યવહાર કરવા છતાં તેમાં લેવાશે નહીં.

(૭) કાર્યો અને વ્યવહાર આયોજનની પરંપરા જીવનને જકડી રાખે છે.

(૮) સંયોગ-વિયોગ અનિવાર્ય છે તે વિશ્વનો અબાધિત સિદ્ધાંત છે.

(૯) ગમે તેવો શક્તિશાળી માણસ કુદરત પાસે પામર છે.

(૧૦) જડ મૂર્તિ દ્વારા જો શ્રદ્ધાથી ફળ મળે છે તો જીવંત ગુરુ પર શ્રદ્ધા રાખવાથી ફળ કેમ ના મળે ?

(૧૧) કુદરતના રહસ્યો ઉકેલવા માટે ધૈર્યની અપેક્ષા જરૂરી છે.

(૧૨) હંમેશાં દુઃખનું ચિંતન દુઃખમાં વધારો કરે છે; સુખનો આરામ જીવને બંધનમાં બાંધી રાખે છે; દુઃખમાંજ આત્મવિકાસ થાય છે; ગભરાયા વિના દુઃખ પ્રભુનું આપેલ છે તેને ભેટ ગણીને રહેવું એ શાંતિનો માર્ગ છે.

પૂ. મોટા ગુરુદેવ નાનચંદ્રજી મહારાજના સાધકો પરના કેટલાક પત્રોમાંથી વધુ ટાંચણ :

(૧) તમારાથી વિરોધ કરનાર, તમને પજવનારનું પણ બૂરું ન ઈચ્છવું, સારું

ઈચ્છવું, તેથી જલ્દી પંથ કપાય છે ને પ્રભુના દેદાર પમાય છે. આપણું અહિત આપણા સિવાય કોઈ કરનાર નથી. બીજા તો નિમિત્તમાત્ર છે. (તા. ૧૨-૨-૪૨, થાન)

(૨) બહેન, જેનાં દિલ ચોખ્ખાં, નિખાલસ, સરળ હોય છે, તેજ જ્ઞાન, ભક્તિ અને ધર્મને યોગ્ય હોય છે. શુદ્ધિ, સદ્‌વિચારથી સત્સંગ કે સદ્‌વાંચનથી આવે છે, અને તે બધું પ્રભુકૃપાથી મળે છે. પ્રભુકૃપા મેળવવી તે આપણા હાથની વાત છે. આપણે તેનાં થઈએ તો તે આપણા થાય તે ટૂંકી અને ટચ વાત છે. (તા. ૧૪-૧૨-૪૮, જોરાવરનગર)

(૩) વાંચન પછી ચિંતન-મનનની વધુ અપેક્ષા રહે છે. વ્યવહાર ન છૂટે તેની ચિંતા નહીં, પણ તેમાં ડૂબી ન જવાય, ખૂંબી ન જવાય તે લક્ષમાં રાખવું. આપણું શરીર અને આપણા માનેલા બધા પદાર્થો આપણા નથી જ પણ ભગવાનના છે (તા. ૪-૨-૧૯૪૯, બલદાણા).

(૪) આત્મનિરીક્ષણ કરે તેને જણાય છે કે હજી આસક્તિ, મારાપણાની ખોટી પકડ, રાગની માત્રા કેટલા પ્રમાણમાં છે. પોતાની જાતને વૈરાગી માનનારને પ્રકૃતિ ઠગે છે. ટેવો છેતરે છે, પોતેજ આત્મવાંચના કરે છે એમ આલોચના કરનાર જોઈ શકે છે. તે જોઈ શકે તે ભાગ્યવાન છે. પોતાની ત્રુટીઓ, અંદર ભરાઈ રહેલ અસૂયા, વિકારો, પ્રલોભનો, અહમ્‌વૃત્તિને જોઈ શકનાર વિરલ હોય છે. અને જોઈ ન શકે એ કાઢે પણ ક્યાંથી ? બહેન, તમે કોઈ પૂર્વનાં સંસ્કારી છો. સંસ્કાર રહિત ઘણી તમારી બહેનો વિલાસવૃત્તિના પંજામાં સપડાએલ છે; જેને સત્સંગ કરવાની ઈચ્છા તો નથી પણ સૂગ ચડે છે. (તા. ૭-૯-૧૯૫૨, સાયલા)

(૫) આખા જગતને મિત્ર બનાવવાની ભાવનાવાળા પ્રેમના પિપાસુને ઘણું સહન કરવું પડે છે. તિતિક્ષા સિવાય આગળ ન વધાય. જ્યારે કાળ પાકશે ત્યારે વેરઝેર સંઘરી રાખનારા પણ સમજશે અને પસ્તાશે. પણ કાળના પરિપાક વિના ઉતાવળ કરવાથી કશો ફાયદો નથી. આપણે તો આપણા નિયત કરેલા માર્ગમાં સ્થિર રહી "પરમાત્મા સહુને સદ્‌બુદ્ધિ આપે" એમ ઈચ્છવું. હૃદયમાં પરમાત્માના સ્મરણનો, સત્યનો દીપક ન બુઝાય તેની કાળજી રાખવી. બાકી તો જેના જેના ઉદયકાળ સ્થિતિ પાક્યા વિના તીર્થંકરો પણ સુધારી શકતા નથી. તમારા આંતર જીવનનો ખોરાક, વાંચન, વિચારણા, સ્મરણ પ્રાર્થના એ જ જીવન-શુદ્ધિ, જીવન પોષક તત્ત્વો છે, બાકી તો વ્યવહાર ચલવવા પૂરતું છે, અને પ્રારબ્ધ અનુસાર કરવુંજ પડે છે. એ બધું પ્રભુ પ્રીત્યર્થે અનાસક્તપણે, નિરુત્સાહી થયા વિના પ્રસન્નતાથી કરી છૂટવું. વિઘ્નો તો આવે જ - એ કસોટી રૂપે હોય છે. (તા. ૧૯-૧૨-૧૯૫૫, સાયલા)

(૬) વ્યવહાર તો ચાલતો હોય તેમ ચાલશે. ભાવિ હશે તેમ થયા કરશે. આપણા હાથમાં સ્વાધીન હોય તે માટેજ મથવાનું છે. ઘણા કાળની ટેવો, આદતો ખેંચાણો, પ્રલોભનો નવા નવા બહાનાં કાઢી આપણને ઢીલાં બનાવી દે અને જાણે આપણે નિરૂપાય છીએ એમ સમજાવી આપણને ઠંડા કરી મૂકે, એ એમની પ્રપંચબાજી મુમુક્ષુએ જાણી લેવી જોઈએ અને સતત જાગૃતિ રાખવી ઘટે. નહિતર લાગે છે કે ઘણો પંથ કાપ્યો છે પણ જુઓ તો હતા ત્યાં ને ત્યાંજ - એ જ માયાની રમત છે. (તા. ૩-૩-૧૯૫૬, સાયલા)

(૭) સાધકને અણધાર્યા વિરોધો લાગે, પણ વિરોધો તમને જણાવીને ન આવે તે વિરોધો નથી પણ કસોટીઓ છે અને જરૂરના છે, તેથી ના હિંમત થવાનું નથી. કસોટી તો સહુની થાય. સાચા મોતીજ વિંધાય. ભક્તોનેજ વિઘ્નો, કષ્ટો, મૂંઝવણના પ્રસંગો આવે એ સનાતન નિયમ છે. વધુ મજબૂત બનો - ખડક જેવા બનો (તા. ૨૯-૩-૫૬, સાયલા).

(૮) ખરા ભક્ત ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં અનાસક્ત ભાવે નાનાં મોટાં, ઊંચાં, હલકાં કાર્યો પણ પ્રભુ અર્થેજ કરે છે અને માને છે. ઝાડૂ કાઢતાં એ માને છે કે મારા પ્રભુનું આંગણું સાફ કરું છું. "સેવા મારા પ્રભુની કરું છું." એ ભાવ સમજ ઉચ્ચ કોટીના છે. પણ એ માર્ગ વિચારવા યોગ્ય છે. ઘણા કાળની અહમ્ વૃત્તિએ પોતાનો વાડો વાળ્યો છે એ છોડાવો ગમતો નથી. કુદરત એ વાડો - એ મર્યાદા - તોડી નાંખે કે ઝૂંટવી લે છે ત્યારે તો જખ મારીને છોડી દે છે, પણ મારાપણાની વાસના ભેગી લઈને જ અવતરે છે. મારે ફાળે જે કાર્ય આવ્યું અને મારી લાયકાત પ્રમાણે જ્યાં ગોઠવ્યો તે પ્રભુનુંજ કાર્ય માની કર્યે જવું એમાં આપણા હૃદયની પરીક્ષા કષ્ટ આપીને કરે. મન ઢીલું પડી જાય એવા પ્રસંગો કુદરત લાવીને ખડા કરે એવા સમયે મક્કમ રહેવું ભારે મુશ્કેલ થાય છે. (તા. ૨૫-૧૦-૧૯૫૩, વાંકાનેર)

(૯) બેડીથી ગભરાવું નહીં. બેડી પણ મારા પ્રભુની ઈચ્છાએ પડી છે. તે રાખે ત્યાં અને જ્યાં રાખે ત્યાં - તેમ - રહેવું અને તે પણ પ્રસન્નતાથી, હાયવોયથી નહીં. રોતાં રોતાં કાર્ય ન બજાવવું. માણસના વિકાસની નિશાની એ છે કે પ્રતિકૂળ સંજોગોમાં પણ ગભરાઈ ન જાય; પરંતુ એની પાછળ કાંઈક રહસ્ય છે, તેમાં મારા વિકાસનો કંઈક સંકેત છે એમ જાણી ખૂબ સહનશીલ થાય, સમભાવને કેળવે અને એ રીતે પ્રભુની નજીક જાય; પરંતુ એની પાછળ કાંઈક રહસ્ય છે, તેમાં મારા વિકાસનો કાંઈક સંકેત છે એમ જાણી ખૂબ સહનશીલ થાય, સમભાવને કેળવે અને એ રીતે પ્રભુની નજીક જાય. વિકાસમાં વિઘ્નો-પ્રતિકૂળતા-આવીને ખડાંય હોય છે,

વિયોગ પણ સહેતુક હોય છે. અમારા સાન્નિધ્યમાં શ્રવણ-વાચનનો લાભ મેળવત તે કરતાં દૂર રહ્યાં રહ્યાં વિચારણા, ચિંતન મનન અને વર્તનમાં શક્તિ અનુસાર મુકાયું તે ઓછો લાભ નથી.

**लाभस्तेषां जयस्तेषां; कुतस्तेषां पराजयः ।**
**येषां हृदयस्थो भगवान् मंगलायतनं हरिः ॥**

અર્થાત એનોજ લાભ, જય પણ તેનોજ થાય છે, પરાજય તેનો હોયજ ક્યાંથી - જેના હૃદયમાં મંગળસ્વરૂપ ભગવાન બિરાજમાન હોય ! જેણે આ એકને પોતાના કર્યા તેને તો આ આખું જગત પોતાનુંજ છે. એકને જીત્યા તેણે સર્વેને જીત્યા. કેટલી અજબ વાત છે ! પણ જીવ એ અમર બુટ્ટી અજમાવી શકતો નથી. એ કમનસીબી છે.

સમીપે છતાં તેમને તિમિરથી હું નહીં નિરખી શક્યો ઘણા કાળનો પ્રેયના પંથનો અધ્યાસજ જીવને ભુલાવે છે એ ભુલામણી સમજાય એ સદ્ભાગ્ય. (તા. ૩-૧૧-૫૩, વાંકાનેર)

(૧૦) વાતાવરણ માણસને જો જમાવતાં આવડે તો સાથેજ લઈને ફરે છે. મનનુંજ મોટા ભાગે કારણ છે. ખૂબ ઊંડા વિચાર કરશો તો જણાશે કે અશાંતિ, બેચેની અણગમો એ ભૂતાવળ બધી મનનીજ રમત છે. એક મનમાં સાચી સમજ જો પ્રગટે એટલે એ ભૂતાવળ બધી સમાઈ જાય છે. ભૂતાવળ અંદરથીજ નીકળી આપણને પજવે છે. અવકાશ ઘણો, સાધન-સગવડતાઓ ઘણી, એકાન્તનું પોતાનું સ્થાન છતાં બેચેનીનું કારણ માત્ર અંદરનીજ ભૂતાવળ બહાર આવીને પજવે છે. તેનો ઉપાય માત્ર નામ સ્મરણ જપ્યા કરવું. તે નામ સ્મરણના પ્રભાવથી બધી પ્રતિકૂળતા-અણગમાઓ નાશ પામશે. આ અનુભવ સિદ્ધ અખતરો છે. કામ વખતે કામ અને નવરાશ મળે કે તુરત ખૂબ શાંત મને સમીપમાંજ ભગવાનના ચરણમાં મસ્તક મૂકીને તેનું સ્મરણ માત્ર નામ સ્મરણ માટેથી બોલ્યે જાઓ. જે ફાવે તે નામોચ્ચારણ પણ ઉપયોગ એમાંજ રાખવો. (તા. ૩૦-૪-૫૪, લીંબડી)

❀

પાલઘર, તા. 20-5-77

જીવન અને ધર્મ પરસ્પર સંકલિત છે તે વાત આ પત્રોના અક્ષરે અક્ષરે દિસી આવે છે. સામાન્ય રીતે જૈન શું કે જૈનેતર ધર્મો શું ? દરેક સ્થળે જીવન અને ધર્મ પરસ્પર ઓતપ્રોત હોય તે વાત ગૌણ બની ગઈ છે અને દરેક ધર્મમાં સાંપ્રદાયિક સંકીર્ણતા ભિન્ન ભિન્ન પ્રકારે વિકસી છે, કદાચ

**મહાત્મા ગાંધીજી જ અને તે પણ ભારતમાંથી જગતમાં એવા યુગપુરુષ નીકળ્યા કે જેમણે છેલ્લા ઘણા સમયથી વ્યક્તિગત સાધના પરજ દેશમાં અને દુનિયામાં ઝોક અપાઈ રહ્યો હતો, તેમાંથી ઊંચે માનવજાતને ઉઠાવી સમાજગત સાધના પ્રત્યે ઝોક આપતી કરી મૂકી. આ કાંઈ નાની સૂની વાત ન બની ગણાય. સદ્‌ભાગ્યે "વિશ્વસંત" જેવા એક સંત પણ એ સમયે મળી ગયા કે જેમણે રાજકારણીય ક્ષેત્રમાં લથબથ બનેલા મહાત્મા ગાંધીજીને એક અવતારી પુરુષ તરીકે ઓળખાવી મૂક્યા !**

**આ વ્યક્તિગત લખાયેલા ગુરુદેવના પત્રો એમના પોતાના વ્યક્તિત્ત્વને પણ ઠીક ઠીક ઓળખાવી દે છે. એમણે જાત અનુભવથી નામ સ્મરણ ઉપર ઘણું વજન આપ્યું છે, અને અહંત્ત્વને, સ્વચ્છંદને અને રાગદ્વેષને દૂર કરવામાં અદ્‌ભુત સાધન બની રહે છે. અલબત્ત શ્રદ્ધાની પ્રબળતા જોઈએ.**

**સંતબાલ**

❀

**પૂના, તા. 24-4-77**

નોંધ : મુનિશ્રી સંતબાલજી તેમના ગુરુદેવના શતાબ્દી મહોત્સવ અંગે મુંબઈ ગએલ. મુંબઈના તે વસવાટને અંતે તા. ૨૪-૪-૭૭ના રોજ બોરીવલી સ્થા. જૈન ઉપાશ્રયમાં તેમના માનમાં વિદાય સમારંભ યોજાએલ તે પ્રસંગે જે ભાષણો થયા તેની નોંધ ડાયરીમાં છે તેમાંથી અમુક અંશો મુનિશ્રીના વ્યક્તિત્ત્વને ઓળખવા માટે અહીં લીધા છે.

❀

## સંતબાલજી જનકલ્યાણનું વિશાળ કામ કરતા છતાં જૈનાચારથી જરા પણ વિમુખ થયા નહોતા.

એક વક્તાએ, કેવી ગેરસમજ સંતબાલજી માટે પ્રવર્તતી હતી તેનું બ્યાન આપ્યું, મુંબઈ અને તેના બધાં પરાંઓમાં વિહાર કર્યો તેથી "સંતબાલજી એક ચુસ્ત જૈનાચારી જૈન સાધુ છે" તેવી પ્રત્યક્ષ અને શંકા વગરની ખાત્રી સમાજને થઈ ગઈ તે ઘણુંજ સરસ કામ થઈ ગયું એમ વક્તાએ કહ્યું. ટૂંકમાં જૈન જૈનેતર વિશાળ માનવ સમાજને સાથે લઈ - કેવળ જૈનોના સંકુચિત અને નાના સમાજમાં ગોંધાઈ ન રહેતાં - સંતબાલજી જનકલ્યાણનું જે વિશાળ કાર્ય કરે છે તેથી જૈનાચારથી તેઓ વિમુખ થઈ ચાતરી ગયા નથી તેમ આ વખતે લોકોએ નજરે જોયું તે બહુજ સારું થયું તેમ આ વક્તાએ કહ્યું.

"સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નહીં વિસરીએ"નો સંતબાલજીનો આદર્શ.

બધા વક્તાઓ બોલી રહ્યા બાદ સાધ્વીજી દમયંતીબાઈ બોલ્યાં :

આજ સુધી અમારી એવી સમજ હતી અને હજુ પણ અમુક અંશે છે કે આધ્યાત્મિક સાધના કરવી હોય તો સંસારની આ બધી ખટપટ અને માથાકૂટમાં સાધુએ ભાગ ન લેવો જોઈએ. પણ મુંબઈમાં આ વખતે સંતબાલજીને અમે જોયા, જાણ્યા, સમજ્યાં અને પ્રત્યક્ષ સહવાસમાં થોડા દિવસો આવ્યાં ત્યારે અમારો ઉપર્યુક્ત ભ્રમ ભાંગ્યો છે. "સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નહીં વિસરીએ" એ આદર્શ પોતાના જીવનમાં મહારાજશ્રીએ (સંતબાલજીએ) ચરિતાર્થ કરી બતાવ્યો છે એમ અમને લાગ્યું તેથી અમે વિચારતાં થઈ ગયાં છીએ. તેઓ દરેક ક્ષેત્ર અને સ્થળના પ્રશ્નો લે છે છતાં અલિપ્ત રહી આત્મભાન (જાગૃતિ) સતત રાખે છે એ પણ અમે જોયું.

## ગુરુદેવનું પૂર્ણાહુતિ પ્રવચન

**અહીં આવ્યો ત્યારે થતું હતું કે થોડું ઘણું ઘર્ષણ ક્યાંક તો થવાનું. ચીમનભાઈ (સી. શાહ)એ પણ કહેલું કે વધુ ઓછો સંઘર્ષ થશે પણ તે અનિવાર્ય છે. પણ ગુરુદેવની કૃપાથી અને નિસર્ગ મૈયાની દયાથી આ મહિનાઓમાં સંઘર્ષ નહીં, સ્નેહનોજ વિપુલ પ્રમાણમાં મને અનુભવ થયો છે. એક માટુંગામાં સ્વીકાર ન થયો તે સિવાય બધા સ્થળોએ ઉપાશ્રયોમાં ઊતરવાનું થયું. લોક માનસમાં આ પરિવર્તનનું મારે મન ઘણું મોટું મૂલ્ય છે.**

## સાધુઓએ ગૃહસ્થના જીવનની ચિંતા ન કરવી અને કેવળ સ્વ-સાધનામાં મચ્યા રહેવું તેમાં કર્તવ્ય ક્ષતિ છે.

આધુનિક જીવનના એવા જટિલ અને ભારે પ્રશ્નો રોજ-બ-રોજ સંસારીને આવતા હોય છે કે નિસ્વાર્થી અને નિસ્પૃહી સાધુ સંતોનું માર્ગદર્શન સતત તેઓને મળતું રહે તો જીવન હળવું બને. આમ વર્તમાન યુગે સાધુ સંતોની જવાબદારી મારા નમ્ર મને ઘણીજ છે, જે સમજે તેને બાકી સંસારી ગૃહસ્થના જીવનની ચિંતા ન કરવી, તેના દુઃખમાં ભાગ ન લેવો અને કેવળ સ્વસાધનામાં સાધુએ મચ્યા રહેવું તેમાં કર્તવ્યક્ષતિ છે તે યોગ્ય નથી.

## જીવનને ખંડ ખંડમાં વહેંચી નાંખવું તે આત્મોન્નતિની દૃષ્ટિએ પણ બરાબર નથી

પૂર્વે હેમચંદ્રાચાર્ય અને બીજા પણ જૈનાચાર્યો થઈ ગયા જેમણે રાજકારણને આધ્યાત્મિક વિકાસનું એક અંગજ માની જીવનભર કાર્ય કર્યું. તાજો ગાંધીજીનો પણ દાખલો છે. સર્વ દેશીય વ્યક્તિત્ત્વ વિકાસ માટે બાપુને રાજકારણમાં જવું જરૂરી લાગ્યું. એટલે જીવનને ખંડ ખંડમાં વહેંચી નાખવું તે આત્મોન્નતિની દૃષ્ટિએ પણ બરાબર નથી; વિકાસ માટે પોષક નથી. સક્રિય આધ્યાત્મ સિવાય સંપૂર્ણ આધ્યાત્મિક સાધના થઈ શકતી નથી. આ માટે જીવનના દરેક ક્ષેત્ર આવરી લેવા જરૂરી છે.

**સંતબાલ**

❀

ઉમરોલી, તા. 21-5-77

## સાધુ સાધ્વીઓ અને શ્રાવક શ્રાવિકાઓ એકજ નૌકાના બેસાડું છે

સાધુ સાધ્વીઓ અને શ્રાવક શ્રાવિકાઓને એક દૃષ્ટિએ એકજ નૌકાના બેસાડુ તરીકે સંબોધ્યા છે. આ દૃષ્ટિએ મોક્ષની પ્રાપ્તિ જેમ સાધુ સાધ્વીઓને સુયોગ્ય પુરુષાર્થે શક્ય છે. તેમ ગૃહસ્થાશ્રમી શ્રાવક-શ્રાવિકાઓ પણ સત્ પુરુષાર્થે શક્ય છે જ, એમ પણ બતાવ્યું છે. હા, એટલી કાળજી વિશેષ જવાબદાર (સમાજગત દૃષ્ટિએ) હોવાને કારણે સાધુ સાધ્વીજીઓએ રાખવી જોઈએ કે શ્રાવક શ્રાવિકાઓની ન ખુશામત થઈ જાય કે ન શ્રાવક શ્રાવિકાઓની અહંતા વધે તેવું બની જાય.

**સંતબાલ**

❀

## આપણી સતત અભિમુખતા હોય તો સામાન્ય ગણાતો પ્રસંગ પણ અદ્‌ભુત બની જાય છે

કેટલીય વાર સામાન્યમાં સામાન્ય ગણાતો પ્રસંગ કે સામાન્ય માનવીના મુખથી સરતું ગીત અથવા વક્તવ્ય અદ્‌ભુત બની જતું હોય છે. માત્ર એ તરફની સતત આપણી અભિમુખતા જોઈએ.

વ્યક્તિત્ત્વમાંથી વિશ્વમયતામાં જવા માટે આવી જાતનું સતત જાગૃતિભર્યું નિરીક્ષણ પણ કેળવવું અનિવાર્ય જરૂરી છે.

અમારા સદ્‌ગત ગુરુદેવમાં આ જિજ્ઞાસા ઘણી સહજ હતી તેથીજ તેઓ સહુને પોતીકા લાગતા, તે એટલે હદ સુધી કે પોતાની ઉચ્ચ કક્ષાએ પહોંચેલી પોતાની જાતને પણ તેઓ છુપાપી શક્યા હતા. આજે ઘણા એમના અતિ ભાવુકજનોને એમ બોલતા સાંભળ્યા :- "ખરેખર, અમો તો નજીક જવા અને રહેવા છતાં એમની નિઃસીમ ઉચ્ચ કક્ષાને પરખી કે જાણી શક્યા નહીં."

અહંત્ત્વને ઓગાળવાની આ પ્રક્રિયા કેટલી બધી કઠણ છે ?

ઉમરોલી, તા. 21-5-77 **સંતબાલ**

❀

## વિશ્વમયતામાં જવામાં ગુણી, અલ્પગુણી કે ગુણહીન તે સહુ ઉપયોગી છે, તે આપણા જ છે

ઘણીવાર ગુણીજનોનાં ગુણવર્ણનો કરવા જતાં એવા ગુણો ન હોય તે પાત્રોની ટીકા કરવાનું મન થઈ જાય છે, પણ તેમ કરવું જરૂરી નથી. હા, આવા ગુણો આ વ્યક્તિમાં પણ જાગે તો કેવું સારું ? તો સોનામાં સુગંધ ભળી જાય-આમ લખવામાં વાંધો નહીં, કારણ કે આખરે તો ગુણી, અલ્પગુણી, કે ગુણ-હીન એ સહુ આપણાંજ છે ને ? વ્યક્તિત્ત્વને વિશ્વમયતા તરફ લઈ જવામાં એ બધાજ અત્યંત અનિવાર્ય ઉપયોગી છે એમ સમજીને નજીક આવેલાઓની પ્રસંગોપાત ટીકા જરૂર આત્મિક ભાવે કરી શકીએ; પરંતુ એ રૂબરૂ જ કરવી સારી. નોંધ પોથીમાંનો મુખ્યત્વે સહુ સાથે આત્મીયતાજ ઝળકવી જોઈએ.

## ભારતીય સંસ્કૃતિ ઘરથી માંડીને જગત સુધી પહોંચી છે

પ્રિય છોટુભાઈનો અને એ આખા કુટુંબનો નજીકનો પરિચય થયો તે ઘણું સારું થયું. તેમાંથી ઘણું ઘણું શીખવાનું જેમ તમોને મલ્યું તેમ સાથે ત્યાં આવેલા સહુને પણ મલ્યુંજ હોવું જોઈએ. આર્યનારી, આર્યસેવક અને આર્યસંતો મલીનેજ ઘરથી માંડી જગત સુધી ભારતીય સંસ્કૃતિ પહોંચી છે. હવે તેને ઘરથી માંડીને નવો સંદર્ભ લઈને ઠેઠ વિશ્વ લગી પહોંચાડવાની છે. નવી પેઢીને તેમાં શામિલ કરવી પડશે.

❀

કુરગાંવ, ઓખા મિલ, તા. 23-5-77

## મિત્રની ઊણપ મિત્રે દૂર કરવી તે શક્તિપાતનીજ પ્રક્રિયા છે

.... મિત્રો સાથે પણ જ્યારે ઘનિષ્ટ સંબંધો કુદરતી રીતે થવા માંડે છે ત્યારે નિસ્પૃહી ભાવ ખૂબજ વધારતા થઈ જવું. એટલુંજ નહી, બલ્કે એવા મિત્રોની કાંઈક ઊણપ રહી ગઈ હોય તો તે કાઢવા માટે પણ સમજદાર મિત્રે પોતાની યોગ્યતા વધારતા રહેવું જોઈએ. આમ ગુરુ શિષ્ય વચ્ચે, જેને શક્તિપાત પ્રક્રિયા કહેવાય છે તે જાતની મિત્રની ઊણપ મિત્રે દૂર કરવી અને સામેના મિત્રમાં જે સદ્‌ગુણ ખૂટતો હોય તે સદ્‌ગુણની પૂર્તિ કરી તે જાતની શક્તિપાત પ્રક્રિયા મિત્ર સાથેની એકાત્મતા વધારી ચાલુ કરવી જોઈએ.

તા. 25-5-77 **સંતબાલ**

❀

## ચિંચણમાં સમુદ્રકાંઠે મળેલ જમીનમાં સ્મારકો અંગેની સૂચના-સ્મારકો યોગ્ય ક્યારે ગણાય ?

મૂળે તો કલકત્તામાં બીજું ચોમાસું રહેવાના હતા અને પહેલું ચોમાસું પૂરું થાય અને અમો ત્યાંના કચ્છીભવનમાં માસ-કલ્પ રહેલા ત્યાંજ માગશર વદ ૯ના ગુરુદેવના ચિર પ્રયાણની ઘટના બની તાર મળવામાં ત્યાં એકાદ દિવસ મોડુ થયું. સખત આઘાત લાગે તે સ્વાભાવિક હતું. પણ પછી દિલાસો પણ કુદરતી રીતે સાંપડ્યો. તેજ અરસામાં ગુરુદેવના પરમ અનુરાગી ચંચળબેન જેમનું હમણાં અવસાન થયું તેમણે ગુરુદેવનાં અસ્થિ આપ્યાં એટલે એમાંજ મેં કુદરતનો સંકેત માનીને તે સાચવી રાખ્યાં છે. ત્યારે તો ચિંચણી સમુદ્ર કાંઠે મહારાષ્ટ્ર પ્રદેશમાં અને ગુજરાત તથા મુંબઈ વચ્ચેના પ્રદેશમાં આવા ચાર વિભાગો ખોલાશે એ કલ્પના પણ શાની હોય ? પણ એ બધું હવે થયું છે. વળી જ્યાં આપણે બેસતા, બેન પ્રભા અને હું બેસતાં તે સ્થળ પણ મણિકાન્તની પ્રેરણા અને ભાઉ સાહેબ વર્તક વાણગાઉની બાવીસેક એકર સરકારી જમીન આપવા ઈચ્છતા હતા, તે નીલગીરી ઉછેરનું અમલદારનું બાનુ આપવાથી નહોતા આપી શક્યા અને માઈલેક દૂરની જમીન મહારાષ્ટ્ર સરકાર આપવા તૈયાર થએલ તે સ્ટેશનથી દૂર થવાને કારણે આપણે નહોતા સ્વીકારી શક્યા. વિ. વા. પ્રા. સંઘને તે દરમ્યાન આ બાર એકર જમીન મલી ગઈ એટલે સમુદ્રકાંઠાની બે એકર જમીન વિ. વા. પ્રા. સંઘને વર્તકે આપી.

કુદરતી રીતે આ જમીનનો ક્યારેક સમુદ્રકાંઠો હોઈ શબ નિકાલ રૂપે ઉપયોગ થતો. હવે એ વિ. વા. પ્રા. સંઘના હવાલામાં છે. સંઘની તે જમીનમાં સંઘને જેમના સીધા કે આડકતરા આશીર્વાદ મલ્યા છે તેઓનું સ્મારક રચે એ રીતે ગુરુદેવનાં અસ્થીને ભોંયમાં દાટી તે ઉપર ઓટલો એવો ચપટો રખાય કે બીજી બાજુના અસ્થીવાળા ઓટલાનો ખૂણો એ રીતે એના ઉપર પડે કે જાણે એમની ગોદમાં બીજો ઓટલો હોય. એજ રીતે ત્રીજો ઓટલો, પરંતુ પહેલા ઓટલાને બીજો ઓટલો ગોદમાં સ્પર્શે તેવા હોય પણ બીજો ઓટલો બીજાને સ્પર્શે તેવો ન હોય. માત્ર ગોદમાં છે એવો દેખાવજ હોય. આ રીતે ગુરુદેવ, સંતબાલ અને મીરાબેનની વાત છે. આમ તો એ રીતે મીરાબેનની આજુબાજુમાં પ્રભા-અનુની કલ્પના છે. પરંતુ આજે તો એ દૂરની વાત ગણાય. મણિભાઈનો ઓટલો પણ એટલામાં હોય. સ્થા. જૈન પ્રણાલિ પ્રમાણે કે ઈસ્લામ પ્રણાલિ પ્રમાણે આ યોગ્ય ગણાય ? હા, જો ત્યાં પૂજા કે ફૂલ વગેરે કશું નહીં - માત્ર આજુ બાજુમાં વૃક્ષો અને ચિંતન મનન માટે બાંકડા પર બેસવાનું હોય તો ઉપલો સવાલ નહીં રહે અને છતાં સ્મારક રહી જશે.

તા. 1-7-77, ગુરુપૂર્ણિમા **સંતબાલ**

❀

## કટોકટીની વિષમતાઓ માટે કુલ જવાબદારી ઈન્દિરાબેનની ગણાય પણ કૉંગ્રેસની રક્ષા ઈન્દિરાબેને કરી છે તે દૃષ્ટિએ તેણીની મહત્તા અંકિત કરી શકીએ

મૂળ તો રાજકીય અંકુશથી ફરજિયાત વસ્તીવધારો રોકવો બરાબર નથી. પણ રાજ્ય જ આ બધા પ્રશ્નો માથે લે ત્યારે આવુંજ બને છે ! કટોકટી દરમ્યાન વ્યક્તિઓને કે પોલીસોના હાથમાં ઘણું સોંપવું પડે તે સ્વાભાવિક છે અને તેમાંથી થોડાં કે વધુ આકરાં પગલાં આવેજ. નિજની ગણાતી વ્યક્તિ કે વ્યક્તિઓ ઉપર વધુ પડતો વિશ્વાસ પણ મૂકવો પડે. જેમાંથી છાપાંઓમાં આવતા અહેવાલોની મોટા ભાગની સચ્ચાઈ લોકો વાંચે છે તે સાચુંજ છે અને તે રીતે કુલ જવાબદારી ઈન્દિરાબેનની ગણાય જ. બાકી ભારતીય સ્વરાજ રક્ષા અને કૉંગ્રેસ સંસ્થા જેની દેશને અને દુનિયાને અત્યંત જરૂર છે તેની રક્ષા મુખ્યત્વે ઈન્દિરાબેને કરી છે. માટે આપણે કૉંગ્રેસ અને ઈન્દિરાબેન બન્નેને અલગ અલગ પોત પોતાની કક્ષાએ જોઈએ છીએ અને મહત્તા એ દૃષ્ટિએજ અંકિત કરીએ છીએ.

તા. 1-7-77 **સંતબાલ**

## વિશ્વૈક્ય માટે રાષ્ટ્રસંઘની સાથે કૉંગ્રેસ પણ જોઈશે. કૉંગ્રેસને માત્ર ઈન્દિરાબેને જ ટકાવી છે. ઈન્દિરાબેન અને મોરારજીભાઈને સાંધવાનું કામ જે.પી. કરે તો જે.પી.ને કૉંગ્રેસ-નિષ્ઠા હોવી જોઈએ.

તાજી લોકસભા અને ધારાસભાની ચૂંટણીઓમાં મત નિષ્ફળતા અંગે કૉંગ્રેસની અને કૉંગ્રેસને લીધે ઈન્દિરાબેનની તેમજ સંજયને લીધે તથા કેટલાક સંજય-સાથી બનેલ સાથી-ચોકડીને લીધે ઈન્દિરાબેનની જાહેરમાં અગ્નિ કસોટી ટીકા ટિપ્પણીની રીતે થાય છે. થાય તે વાંધોય ન હોય, મોભ જે બને કે બનવા ધારે તેણે ખીલાઓ સહેવાજ પડે. પણ આપણી જવાબદારી ભારતના નાગરિક તરીકે હોવા ઉપરાંત વિશ્વમયતાના પ્રતીક તરીકે હોવાથી બેવડાય છે તે ન ભૂલવું. "સર્વ ધર્મ સમન્વય" જગતની માનવ જાતને હૃદયથી એક કરવાનું માધ્યમ બનશે તે ભારતજ આપી શકશે. રાજકીય ક્ષેત્રે વિશ્વઐક્ય માત્ર સંયુક્ત રાષ્ટ્રસંઘી સંસ્થા એકલી નહીં આપી શકે. એની પછવાડે કૉંગ્રેસ જોઈશે. નામથી કૉંગ્રેસને એકલાં ઈન્દિરાબેને ટકાવી છે માટે ઈન્દિરાબેનને આપણે મહત્ત્વ આપતા હતા અને હજુ આપીએ છીએ. સિદ્ધાંતનિષ્ઠામાં ગાંધી વિચારે અને કૉંગ્રેસ વિચારે એક માત્ર પ્રિય મોરારજીભાઈ મોખરે આવે અને કુદરતી રીતે તેઓ ભારતના આજના વડાપ્રધાન છે આથી આપણે બન્નેને સાંધવામાં માનીએ છીએ. આ કામ સંત વિનોબા ન કરી શક્યા અને શ્રી જે. પી. કરે તો તેમાં વાંધો નથી. પણ સંત વિનોબા પ્રત્યે પ્રિય મોરારજીભાઈએ અને શ્રી જે. પી. ને પ્રેમાદર હોવાં ઘટે, કૉંગ્રેસ નિષ્ઠા પણ શ્રી જે. પી.ની હોવી ઘટે.

તા. 1-7-77 **સંતબાલ**

❀

## વક્તા બનવા કરતાં શ્રોતા બનવાથી ચિંતન પ્રક્રિયા ખીલે છે. માનવ-સમાજ માટે (૧) માનવતા તથા (૨) માર્ગાનુસારીપણું જરૂરનું છે.

વક્તાં બનવા કરતાં શ્રોતા બનવામાં જે ચિંતન અને સંદેશો ગ્રહણ કરવાનું બને છે તે વક્તા બનવામાં બનતું નથી, એ આ વખતનો અનુભવ આગળ ઉપર ખૂબ કામ લાગશે.

મૂળે મધ્યમ વર્ગમાંથી જે લોકો સંપન્ન થાય છે, તેઓ પોતાની મધ્યમવર્ગની તંગીભરી સ્થિતિ જલદી જલદી ભૂલી જાય છે, પણ જો યાદ

રાખે તો ઘણું સુંદર કાર્ય એમને માટે અને આખીયે દુનિયાના માનવ સમાજ માટે બને. પરંતુ આ લોકો ધર્મગુરુઓના પરિચયમાં રહેવા છતાંય ધર્મગુરુઓએ તેમનામાં પાયાની જે ઊણપો રહેલી છે તે તરફ ભાગ્યેજ ધ્યાન દોર્યું છે. એટલેજ જે બે પાયાઓ ખૂટે છે (૧) માનવતા (૨) માર્ગાનુસારીપણું તે બેમાં બીજા પાયા માટે શ્રીમદે જાતે જીવી બતાવ્યું છે, અને પોલા પાયાનું જીવી બતાવ્યું છે, ગાંધીજીએ તથા તેના વારસદાર પં. જવાહરલાલે તેમજ એ માનવતાને પુટ આપ્યો છે. સદ્‌ગત ગુરુદેવ કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજશ્રીએ (પણ) એ આજે ખાસ જરૂરી બની રહે છે.

તા. 10-1-78 સંતબાલ

❀

## કામનો દોષ કાઢવા કરતાં પુરુષાર્થની માત્રા વધાર્યે જવી

ગોસ્વામી તુલસીદાસનું વચન ઘૂંટી ઘૂંટીને પી જવા જેવું, યાદ રાખવા જેવું છે :

"જડ ચેતન ગુણ દોષ મય, વિશ્વ કિન્હ કિરતાર,
સંત હંસ ગુણ ગહહીં પય પરિહરિ વારી વિકાર."

એટલે કે જડમાં શું કે ચેતનામાં શું ? પણ દરેક ઠેકાણે ગુણો અને દોષો જાણે બે પાસામાં એ બન્ને પડેલાજ છે.

ધાર્મિક રૂપક અનુસાર જોતાં સતયુગમાં પણ કોઈક ખૂણે કલિયુગ જેવી ઘટના બનતી હોય છે અને કલિયુગમાં પણ કોઈક ખૂણે સતયુગ જેવી ઘટના બની જવી અશક્ય નથી. એટલે કામનો દોષ કાઢવા કરતાં પુરુષાર્થની માત્રા વધાર્યે જવી એજ રાજમાર્ગ છે.

આ હળાહળ લેખાતા કળિયુગમાં પણ ભારતના ગુજરાત પ્રદેશમાં મહાત્મા ગાંધીજી જનમ્યાજ ને ? જેમણે અદ્‌ભુત કાર્ય (કૉંગ્રેસ સંસ્થા મારફત) કરી જગતને આ વિજ્ઞાન યુગે સત્ય અહિંસાના પ્રયોગો કરી અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી અને ધર્મ પ્રદાન એવા ભારતનો માર્ગ ચોખ્ખો કર્યો.

તા. 19-5-78 સંતબાલ

❀

## વિશ્વમયતાને માર્ગે બે સદ્ગુણો (૧) અનાયાસપણું (૨) તદાત્માયુક્ત તટસ્થતાની જરૂર છે.

આપણે વિશ્વમયતાને માર્ગે બે સદ્ગુણો વારંવાર જીવનમાં ઓતપ્રોત કરવાનું કહીએ છીએ. ભારતીય સંસ્કૃતિમાંથીજ સાંપડેલા એ બે મહા સદ્ગુણો છે. આમ તો બહુ રત્ના વસુંધરા છે જ. પણ ભારતમાં એવા એવા સદ્ગુણો સમાજ સંસ્કૃતિમાં ઓતપ્રોત થયા છે એ પણ એના મહિમાનું મુખ્ય કારણ ગણાય. એ બે સદ્ગુણોમાં ૧. અનાયાસ - આયાસ એટલે કે પ્રયત્ન જરૂર કરવો પણ કુદરત નિર્ભર બનીને કરવો. ૨. તદાત્મતા યુક્ત તટસ્થતા. એટલે દરેક વાતમાં અને વર્તુલ વ્યક્તિ અને સમાજમાં તાદાત્મ્ય (ઓતપ્રોતતા) જરૂર સાધવી. પરંતુ તટસ્થતા પૂર્વકજ.

તા. 11-1-78 **સંતબાલ**

❀

## નાનકડા શુભ સંકલ્પની શક્તિ પણ અપરંપાર હોઈ શકે છે. આપણું વ્યક્તિત્વ અહમ્ કૃતિથી મુક્ત બને ત્યારે અહમ્કારની ટકરામણો અસર કરતી નથી

અતઃકરણની યે ઊંડાણમાં જઈ આપણો નાનકડો શુભ સંકલ્પ પોતાનો અड्डो જમાવી દે છે. ઉપરાંત એ ઊંડાણમાં પેઠેલા શુભ સંકલ્પને કોઈ ને કોઈ નિમિત્ત જાણ્યે અજાણ્યે ટેકો આપી દે છે. તે નાના સંકલ્પની શક્તિ અપરંપાર હોય છે. એવો સંકલ્પ કોઈ ને કોઈ વાર ફળે પણ છે જ.

આ ઉપરથી વિશ્વમયતાનો તાળો મેળવવો ઠીક રસમય બની જશે. આપણા શરીર અને મન વગેરેની પેલેપાર પડેલું વ્યક્તિત્ત્વ અહંકૃતિથી મુક્ત બની વિશ્વ તરફ વહેતું થાય છે ત્યારે અહંકારની ટકરામણો અસર કરતી નથી. અને વિશ્વમયતાનો રંગ ગાઢ બનતો જાય છે.

તા. 19-5-78 **સંતબાલ**

❀

## કુદરતમયતા જડ પ્રત્યેના આકર્ષણોને ગૌણ બનાવી શકે છે

ભોગો ચોમેર વેરાએલા હોય અને તેવે વખતે ભોગો પરત્વે આકર્ષણ ન થાય તેજ ત્યાગીના ત્યાગની સાચી ખૂબી છે. આને માટે નિસર્ગ પરાયણ પણું ખૂબજ ઉપયોગી થાય છે. સારાંશ કે કુદરતમયતા એજ જડ પ્રત્યેના

આકર્ષણને ગૌણ બનાવી શકે છે. એ પણ દષ્ટિની વિશેષતા છે. તે સહુને ફાવે નહીં. આબુ-દેલવાડાની નિસર્ગ સૃષ્ટિ બતાવવા સદ્‌ગત ગુરુદેવે શ્રી અમુલખ અમીચંદને ખાસ બોલાવ્યા પરંતુ એમને તો પથરા રૂપજ બધું જણાયું. અન્નમય કોશની ભૂમિકા પર માનવ હોય ત્યારે એને દરેક વખતે ખાણી-પીણી અને એશ-આરામજ ગમે છે. માનવતા પામ્યા પછી કાંઈક વિચાર આવે અને પછીજ નિસર્ગ પરાયણતા જામવા લાગે.

## સાદી ખાણીપીણીથી થતો લાભ

મોરેસીઅસ જેવા ટાપુમાં ફ્રાન્સની બનાવટ વાળા નળની શી જરૂર ? ગાંધીજીનું સાહિત્ય ત્યાં ફેલાય તો મૂળ જે ભારતીય સંસ્કૃતિનાં બીજ છે તે ત્યાં પાંગરે. જનારા પણ આવીજ ભોગવૃત્તિ વાળા જાય કે ધન કમાયા પાછળ લાગેલા જાય તો દાડો ન વળે. પોતાની મેળે પોતાના રોગને અનુરૂપ ઓસડ સમયસર લઈ લેવાય તો રોગને કાબૂમાં જરૂર લઈ શકાય. મૂળે તો સાદી ખાણી-પીણી તરફ પ્રેમ કેળવી પરેજી પળાય તો ઘણો લાભ થાય.

સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે કુદરત ઠીક ઠીક ખીલતી હોય છે. એક અર્થમાં તો એક ઠેકાણે સૂર્યોદય તો બીજે ઠેકાણે સૂર્યાસ્ત હોય છે. જન્મ-મૃત્યુનું પણ એવું જ છે ને ?

શિવ સૌમ્ય મૂર્તિ પણ ખરા અને શિવ રૌદ્ર પણ ખરા જ.

મહાપુરુષો માટે એટલા સારુ કહ્યું છે "વજ્રાદપિ કઠોરાણી, મૃદુનિ કુસુમાદપી, લોકોત્તરાણામ્‌, ચેતાંસી કો હી વિજ્ઞાતુમ્‌ અર્હતિ" વજ્રથીયે કઠોર અને ફૂલથી એ કોમળ એવા લોકોત્તર પુરુષોનાં હૈયાં કોણ પીછાણી શકે ?

તા. 11-1-78, પ્રભાત, ચિંચણી. **સંતબાલ**

## લક્ષ્યહીન ધનિકો દયા ખાવાલાયક છે

ગાંધીજી ભલે ધીરે ધીરે પણ આગળ ને આગળ વધતા ગયા, તો એમના "અહં"ને ઘણીવાર જરૂર ધક્કો લાગ્યો હશે. પરંતુ વ્યક્તિત્ત્વ તો વધુ ને વધુ વિકસતું જ ગયું હતું.

કદાચ આફ્રિકા ફંડ માટે આપણા નાનાભાઈ ભટ્ટ ગએલા ત્યારની આ વાત છે :

**એક શ્રીમંત વારંવાર એમને ધક્કા ખવડાવ્યા કરે. એકદા નાનાભાઈ બોલી ઊઠ્યા : "તમે જેમ શ્રીથી સંપન્ન છો તેમ હું મારી બુદ્ધિ રૂપી શ્રીથી સંપન્ન છું તે ન ભૂલશો."**

**પેલો માણસ આ વાણી પ્રવાહ સાંભળી ચકિત થઈ ગયો.**

**આપણે સુદામા ભલેને હોઈએ, તેથી શું ? કબીર સાહેબ કહે છે :**

**"જો સુખ પાવો નામ ભજનમેં,**
**સો સુખ નાહીં અમીરીમેં,**
**મન લાગો મેરો યાર ફકીરીમેં."**

**ટૂંકમાં ધનિકો લક્ષ ન હોય તો દયા ખાવા લાયક છે; આપણે તો મહા ભાગ્યશાળી છીએ કે સાદાઈ અને સંયમ તરફ લક્ષ રાખી વિશ્વમયતાના મહા માર્ગે ભલે થોડો પણ પંથ લાધ્યો છે અને કપાયો છે.**

**તા. 9-5-78** **સંતબાલ**

❀

**નોંધ :** ડાયરી પા. ૨૦૧૨ ઉપર તા. ૨૯-૧૨-૭૭ના શ્રી અંબુભાઈના પત્રનો મુદ્દો નં. ૫ શું હતો તે જણાવતાં નીચે મુજબ ઉલ્લેખ છે જે હવે પછી ગુરુદેવના પા. ૨૦૨૦-૨૩ ઉપર મુનિશ્રીએ જે નોંધ કરી છે તે શેને અનુલક્ષી છે તે સમજવા માટે મુદ્દા નં. ૫માંથી નીચેની લાઈનો અહિં ઉદ્ધૃત કરી છે જે નીચે મુજબ છે.

"ગુંદીની કેટલીક પ્રવૃત્તિઓ મુંબઈએ દત્તક લીધી.... શહેર અને ગામડાની એક્તા ઊભી કરવાનો આ પ્રયોગ અને પ્રયત્ન સ્તુત્ય તેમજ વાજબી છે. સાથે એક વાત યાદ રાખવા જેવી ખરી કે શહેર-ગામડાની આ જુગલબંધી... અહીંના કાર્યકરોનું (ગુંદી ગામડાનાં) વ્યક્તિત્ત્વ-ગૌરવને સહેજ પણ ક્ષતિ ન પહોંચે તેની સાવધાની છેજ... સાવધાની હોય તો "પૈસા આપનારનું વર્ચસ્વ ન જામે. અત્રે એ જોવું પણ જરૂરી છે કે પૈસાની આ રાહત આપનાર વ્યક્તિ નહીં પણ માતૃસંસ્થા જ છે.

❀

## ધન એકાન્તિક રીતે પુણ્યનુંજ પરિણામ ન હોઈ શકે. માનવને વિશ્વના સુખ દુઃખનો વિચાર કરતો કરવો તેજ મારું લક્ષ્ય છે

**મૂળે તો આજે "અર્થ" આપનારા પ્રધાન બની જાય છે તે સ્થિતિ ઘરમાંથી માંડીને જગત લગી છે. તેથી જ વર્ષો પહેલાં "આપણી ભૂલ ક્યાં છે ?" એ નાની પુસ્તિકામાં લખ્યું કે "ધન એ એકાંતિક રીતે પુણ્યનુંજ**

પરિણામ ન હોઈ શકે.'' કારણ કે :

"મદ વધે, વિકારો વધે, ઘટે ગુણ ને શાન,
તે ધન પુણ્યતણું, કહો બને તેમ પરિણામ.''

આ કાવ્ય જેવું છે એવુંજ સત્તા દ્વારા સમાજ પરિવર્તન થશે એ માન્યતા પણ ખોટી છે. જનતા નીતિમય બને અને નીતિ જો ધર્મલક્ષી બને અને ધર્મ સક્રિય અધ્યાત્મમાં પરિણમે તોજ સર્વાંગ સંપૂર્ણ એવું સાચું સમાજ પરિવર્તન થઈ શકે. જેમાં જૂના સંદેશો પણ હોય અને નવા સંદેશો પૂરેપૂરા હોય.

આ અંગે ૨૩-૧૧-૭૭નો પ્રિય અંબુભાઈ પર ધોળકાવાળા શ્રી જયંતીલાલે જે પત્ર લખેલો તેની નકલ અહીં આવી હોવાથી તેમાંના નીચેના ઉદ્ગારો કદાચ તમારા મતને મળતા સહેજે આવી ગયા છે :-

"વર્ષો-કદાચ ૩૮-૩૯ થયાં - પહેલાં માનકોલના અંબાલાલ સારાભાઈ શેઠના મકાનમાં રાત્રી પ્રાર્થના પછી મેં પૂછેલું (કે) લોકપાલ પટેલની પ્રવૃત્તિ પાછળ આપની અંતિમ ગણત્રી શી છે ? ત્યારે એમનો જે જવાબ હતો તે હજી કાનમાં ગુંજે છે, વિસરાયો નથી. "આજે માણસ સ્વાર્થમાં ગળાડૂબ છે. અને નિજસ્વાર્થનો વિચારજ મુખ્યત્વે છે. એ માનવને વિશ્વના સુખદુઃખનો વિચાર કરતો કરવો એ મારું લક્ષ્ય છે.''... ગણત્રીના ગૃહસ્થો સિવાય સહુનો વિરોધ હતો ત્યારે સ્થાપિત હિતો અને પ્રત્યાઘાતી વિચરધારાની સામે, સામે પૂરે એકલે હાથે ઝંપલાવેલું, તે વીર પુરુષ... એમની વિશ્વાનુબંધ વિચારધારા જાણ્યા સમજ્યા પછી તમને જે. પી.ની કઈ વાત નવી લાગે છે !...

"... મુનિશ્રીની વાતજ મૌલિક અને વિશ્વશાંતિના એક માત્ર હેતુ વાળી જણાય. એમનો શુદ્ધિ પ્રયોગનો વિચાર પૂ. બાપુ કરતાં પણ આગળ લઈ જનારો છે એમ હું સ્પષ્ટ માનું છું... પોકળ પ્રચારના વ્યાપક ક્ષેત્રમાં એમની વાત કે નામ પ્રકાશ પામ્યાં નથી. આપણે જો કરવાનું કાંઈ રહેતું હોય તો આ છે.''

ભાઈ જયંતીલાલને શ્રી જે. પી. લોકમાન્ય કે લોકનાયક હોય તો સંતબાલ કેમ નહીં - તેનો રંજ થતો હશે, પણ એવું નથી જ નથી. એમજ જો હોત તો ગુજરાત દ્વારા રાષ્ટ્રશાયર થએલા શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા "માણસાઈના દીવા''માં બીજી આવૃત્તિ વેળામાં આવું કેમ લખત ?

"આજે જ્યારે ડૉ. કોટનિસ જેવું ચિત્રપટ ઉતારીને એક સાહસિક પુરુષે દાખલો બેસાડ્યો છે ત્યારે ગુજરાતના ચિત્રપટ નિર્માતાઓએ ભવિષ્યમાં

પોતાને કોઈક દિવસ પસ્તાવો કરવાનું ન રહે તે માટે ઠક્કર બાપા, રવિશંકર મહારાજ, શ્રી જુગતરામ દવે, છોટુભાઈ પુરાણી, ડૉ. ચંદુલાલ અને મહારાજશ્રી સંતબાલ સમાન મિશનથી ગુર્જરોના મોડેલને પકડી સંઘરી લેવાની જરૂર છે. તેઓ આજે જીવતા છે. (જોકે કેટલાક આજે જીવતા નથી). આવતી કાલે પછી આપણે તેમનું સંશોધન કરવું રહેશે. તેમના કાર્યપ્રદેશો કે તે પ્રદેશોની માનવ જાતિઓ, તેમની જીવન લીલાના પ્રકૃતિ સ્થાનો વગેરે ઝડપભેર આવી રહેલા જીવન પરિવર્તનના જુવાળમાં લુપ્ત બની ગુમ થઈ જાય તે પહેલાંજ એમનું નિરીક્ષણ થઈ જવું જોઈએ. નહીં તો આપણે ખૂબ પસ્તાશું. પછી ખોટાને વિપથગામી અનુમાનો કરીને વેરણ-છેરણ સાંભળેલી વાતોના તકલાદી પાયા ઉપર જૂઠી ઈમારતો ચણીશું તે કેવું હાસ્યાસ્પદ બનશે ?"

❀

## સમાજ રચનાની વિશ્વવાત્સલ્યના ધ્યેયની પ્રવૃત્તિ વિવેકાનંદની પ્રવૃત્તિ કરતાંય મહાન છે તેવો કાકા કાલેલકરનો મત

આજથી ત્રીશેક વર્ષ પહેલાં તેમણે લખ્યું તે શું બતાવે છે ? જેમ તેઓ દાદા પાસે થોડાંક દિવસો રહ્યા અને મહીકાંઠાના પ્રદેશો નજરોનજર શ્રી રવિશંકર મહારાજ સાથે માનવ સમુદાયો વચ્ચે જોયા તેમ જોવા તેઓ પાંત્રીશેક વર્ષ પહેલાં ગુરુ બીમારી વખતે હું રણાપુર (બીજું) ચોમાસું (૧૯૪૨નું) પૂરું કરી પોણા ચારેક માસ લીંબડીમાં રહેલો ત્યારે શ્રી ઝવેરચંદ મેઘાણીએ માગણી રૂબરૂ કરેલી. પણ એ વાત અધૂરી રહી ગઈ. ત્યારબાદ તો ધર્મમય સમાજ રચનાના પ્રયોગના સાથી નેમિમુનિના હિંદી પુસ્તકની પ્રસ્તાવના બાપુ-સાથી કાકા કાલેલકરે તો અદ્‌ભુત લખ્યું છે જે ન વાંચ્યું હોય તે સહુને એમજ લાગે કે ભાલ નળકાંઠા પ્રયોગ વિચારધારાની આજના રચનાત્મક કાર્યકરો કે સાહિત્યકારો કદર ક્યાં બૂઝે છે ? પણ એવું નથી. કાકા કાલેલકરે તો સ્વામી વિવેકાનંદની પ્રવૃત્તિ કરતાંએ આ સમાજગત ધર્મમય સમાજ રચનાની વિશ્વ વાત્સલ્યના ધ્યેયની પ્રવૃત્તિને વધુ આગળ પડતી અને કદાચ ભૂતકાળમાં કોઈ સાધુ સંન્યાસીઓએ નહીં સ્પર્શેલી એવા ઊંડાણને સ્પર્શતી કહી મહાન અંજલિ તે લાંબી પ્રસ્તાવનામાં વિવેચન સાથે આપી છે. પણ આ તો ભાઈ જયંતીએ કે તમારે કશો રંજ રાખવા જેવું નથી તે દર્શાવવા. બાકી તો બધું ઠીક જ છે. હજુ તો ગુજરાત દ્વારા ભારત અને ભારત દ્વારા જગતની

કાયમી વિશ્વશાંતિ માટે ઘણું ઘણું કરવાનું બાકી છે. અને તે કાંઈ વ્યક્તિનો વિષય નથી. ગાંધીજી ગયા છે. સમાજગત વિભૂતિનો યુગ આવ્યો છે તે ? અહીં તો મુખ્ય વાત એ હતી કે ગામડાના પાયાનાં કાર્યકર બહેનો ભાઈઓને મુંબઈનાં કાર્યકર બહેનો ભાઈઓ દબાવી ન દે તે વાત હતી. પરંતુ એવું નથી. ભાલ નળકાંઠા પ્રાય. સંઘનો પૂરક જે વિ. વા. પ્રા. સંઘ છે. એટલુંજ નહીં, વિ. વા. પ્રાયોગિક સંઘની કારોબારીમાં પરાણે તેમની પોતાની અનિચ્છા છતાં કેન્દ્ર માતાજી તથા પ્રિય મણિભાઈ વગેરેને રખાયાં છે, એટલુંજ નહીં, કાયમી મંત્રી તરીકે અંબુભાઈ અને ટ્રસ્ટી મંડળમાં પહેલાં ખેડૂત ફલજીભાઈ હતા, પછી સુરાભાઈ તેમજ ઉપપ્રમુખ પદે કુરેશીભાઈ સામેલ છે જ, કે જે સંઘ ભારતનાં શહેરો અને વિશ્વભરમાં કામ કરવા નિર્માયો છે. કારણ કે કેન્દ્રમાં જગત ભરમાં આપણે ભારતીય ગામડું અને તેમાં પણ જગતાત ખેડૂતને મુખ્ય પદે રાખવા માંગીએ છીએ. સારું છે કે તમારા જેવા પણ મુખ્યપણે નારીગૌરવ, ખેડૂત ગૌરવ, પછાત વર્ગોને પણ બરાબર યાદ આ બધું રાખે છે અને તે જાતથી ઘરથી અમલમાં મૂકવા ઉત્સુક રહે છે.

તા. 11-1-78, સંધ્યા **સંતબાલ**

❀

## માણસનું દિલ માણસ તરફ સહેજે ખેંચાય તેમાં જ માનવજીવનનું સાર્થક્ય છે

... આખરે માનવજીવનનું સાર્થક્ય તો મૂળ એ જ ચીજમાં છેકે માણસનું દિલ માણસ તરફ સહેજે ખેંચાય. આખરે ઈશ્વર પણ છે તો પ્રાણી માત્રના હૃદયમાંજ ને ? ગીતામાં તેથીજ કહ્યું : "સર્વસ્વ ચાહં હૃદિ સંન્નિવિષ્ટઃ" એજ રીતે "માનુષી યોનિ આશ્રિતમ્" એટલે કે બધા પ્રાણીઓના દિલમાં ભગવાન છે પરંતુ માનવના દિલમાં ભગવાન વધુ પ્રગટ છે. ... અહીં એક બીજી પણ અગત્યની વાત સમજવા જેવી છે. તે એ કે એક માનવીનું દિલ વિશુદ્ધ સ્નેહે (કશા અંગત સ્વાર્થ વગર) નજીક આવી રહે છે ત્યારે ત્યાં એક અર્થમાં ખુદ ભગવાનનાં પોતાનાંજ દર્શન થાય છે. પ્રેમ એ પ્રભુ છે ને ?...

તા. 19-5-78 **સંતબાલ**

❀

## માણસ માત્રમાં ખામીઓ અને ખૂબીઓ હોય જ છે

માણસ માત્રમાં ખામીઓ અને ખૂબીઓ હોયજ છે. અલબત્ત આજે પરિસ્થિતિ પરિવર્તન થતાં જૂના કાળમાં જે ખૂબીઓ દેખાતી તેવી આજે ન દેખાય. એમ છતાં ખામીઓથી ભરેલા આજના માણસોમાં પણ કેટલીક ખૂબીઓ તો જોવા મળે જ છે.

## સત્તાનું પરિવર્તન થયું તેમ સંપત્તિનું પણ થવું જરૂરનું છે

વિશ્વમયતાને માર્ગે આ જ ખાસ દૃષ્ટિ જાળવવી અને કેળવવી ખાસ અનિવાર્ય જરૂરી છે. જેમ સત્તાનું એક સામટું પરિવર્તન થયું તેમ સંપત્તિનું પણ થાય તે સ્વાભાવિક છે. આ દેશનાં એ સદ્ભાગ્ય કે ગાંધીજી અને ગાંધીવિચાર પામેલા સરદારે તેમાં મુખ્ય ભાગ ભજવ્યો જેથી રાજવીઓ ધારે તો સારી પેઠે બદલાએલી પરિસ્થિતિમાં પોતાની જાતને ગૌરવાન્વિત રીતે આગળ ધપાવી શકે.

તા. 19-5-78 **સંતબાલ**

❀

## કર્મયોગ અને જ્ઞાનયોગનો પાયો ભક્તિ જ છે

... કર્મયોગ તો તે ત્યારેજ કહેવાશે જ્યારે આત્માના જોડાણ પછી કર્મ થાય. જ્યાં આત્માના જોડાણનો સ્વીકાર થયો ત્યાં બુદ્ધિ પણ જ્ઞાનની દિશા પકડી લે છે અને હૃદય ભાવનાપૂર્ણ બની રહે છે. ટૂંકમાં કર્મયોગ અને જ્ઞાનયોગ બન્નેનો પાયો ભક્તિ જ છે. આથીજ કહેવાય છે કે જ્યાં લગી ભાગવત ગ્રંથ ન રચાયો ત્યાં લગી પુરાણો રચવા છતાં વ્યાસ મહારાજને સંતોષ ન થયો. આથીજ પાયો ભક્તિ અને યથાર્થ ભાવમાં રમણ કરવું તે જ છે.

તા. 20-5-78 **સંતબાલ**

❀

## વાત્સલ્ય નારીશરીરમાં અને વિવેક નરશરીરમાં સહેજે છે

"નરનારી પરસ્પર પૂરક જ છે. અને ખરેખર પરસ્પર પૂરક જ રહેવાં જોઈએ. વાત્સલ્ય નારી શરીરમાં સવિશેષ છે તો વિવેક નગર શરીરમાં સહજ ભાવે છે. વિવેકબુદ્ધિ અને હૃદય વાત્સલ્યનો સુમેળ પડે તેમ થવું ઘટે."

## સાધુ સંતોએ આદર્શ ગૃહસ્થાશ્રમ બને તેવી પરિસ્થિતિ ઊભી કરવા લક્ષ આપવું જોઈએ

આ પુનર્જન્મમાં માનતા ધર્મ પ્રધાન દેશમાં સાધુસંતોએ આદર્શ ગૃહસ્થાશ્રમ બનાવવા આદર્શ ગૃહસ્થાશ્રમ બને તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં પોતાની "સંન્યાસ" મર્યાદામાં રહી ખાસ લક્ષ આપવું પડશે. ત્યાં નવી પેઢી માટેનો તો જટીલ પ્રશ્ન છે કારણ કે વિજ્ઞાને, સાહિત્યે વગેરે એ હરણફાળ ભરી તે જોતાં ધર્મ પાછળ રહી ગયો છે, તેને ઝટ આગળ લાવવા જે બાળકો જરા પણ આકર્ષાય તેના પર વધુ ધ્યાન તે દૃષ્ટિએ પણ આપવું જરૂરી છે.

તા. 1-5-78 **સંતબાલ**

❀

## સમાજગત સાધનાથી સમાજ-રચના ધર્મમય બની શકે

ખરી રીતે શ્રીમદ્, ગાંધીજી અને ગુરુદેવ-ત્રણેયને એક સંદર્ભમાં જોવાની દૃષ્ટિ કેળવવી પડશે. તો ભાલ-નળકાંઠા પ્રયોગ અને પં. જવાહરલાલનું અને કૉંગ્રેસનું અનુસંધાન પણ જરૂર સંધાશે. આવી જ માનવતાની વાત ગુરુદેવે વધુ કરી અને શ્રીમદ્ માર્ગાનુસારીપણાથી જીવી માર્ગ દર્શાવી ગયા. ગાંધીજીએ સમાજગત સાધનાનું આ કાળને યોગ્ય ઉદ્ઘાટન કર્યું. તેથીજ શ્રી અરવિંદ - માતાજી સમજવાં સરળ બન્યાં. સમાજ રચના ધર્મમય આ રીતેજ બની શકે.

તા. 22-5-78 **સંતબાલ**

❀

## અંદર અને બહાર બન્ને સ્થળે પરમાત્મા દર્શન કરવું પડશે

જેમ આત્મા અંદર છે તેમ બહાર પણ છે જ. જૈન દૃષ્ટિએ બાર ભાવનાઓ છે. તેમાં જેમ એકત્ત્વ ભાવના છે તેમ અન્યત્ત્વ ભાવના પણ છે. જેમ લોક ભાવના છે તેમ સંસાર ભાવના પણ છે જ. ટૂંકમાં અંદર અને બહાર બન્ને સ્થળે પરમાત્મા દર્શન કરવું પડશે. એક સૂત્ર "આચારાંગ"માં આવે છે તેના ઉપર શ્રીમદ્જીએ ઘણું કહ્યું છે "જે એકને જાણે છે તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે" અર્થાત્ એક અને સર્વ બન્નેનો તાળો મેળવવોજ રહ્યો. ત્યારેજ સર્વાંગ સંપૂર્ણ મુક્તિ સાંપડે.

## માનવતા-માર્ગાનુસારીપણું સાધ્યા સિવાય આંતરધ્યાન ન મલે

ધ્યાન અને યોગનો આજે જે પ્રવાહ ચાલે છે તે જોતાં સંત વિનોબાજીની આ વાત ઘણીજ યોગ્ય અને સમયસરની છે. જૈન ધર્મે તો માનવતા માર્ગાનુસારીપણું સાધ્યા સિવાય ખુદ આત્મજ્ઞાનની જ ના પાડી છે અને ત્યાં લગીનું ધર્મધ્યાન નથી હોતું પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનજ હોય છે. તે સાચું ધ્યાનજ નથી.

તા. 22-5-78 **સંતબાલ**

❀

## ઘણીવાર સામાન્ય ગણાતા માનવીઓ પણ અનહદ આગળ નીકળી જાય છે

ઘણીવાર અતિ સામાન્ય ગણાતા માનવીઓ પણ અનહદ આગળ નીકળી જાય છે. ચાર્લિ ચેપ્લીન પ્રભાવશાળી અને ભલે સિનેમા જગતમાં પણ, જગવિખ્યાત માનવી ગણાય એટલે એનું આંતરમન સવિશેષ જાગ્યું હોય તેમાં બહુ નવાઈ નથી. વળી તે હાસ્ય નિષ્ણાત જેવો હતો તેવો કદાચ લંપટ વૃત્તિમાં બહુ નીચે નહીં ઊતર્યો હોય.

નાના લેખાતા કે પાછળ લેખાતા માનવીઓ પણ કાંઈક તક મલે તો કુદરતી રીતે ખીલી ઊઠતા હોય છે જ.

❀

સંયમ આજે દૂરની વસ્તુ ભલે લાગે પણ હાર્દિક એક્તા સધાતાં જ એ સાવ નિકટની વસ્તુ બની જશે.

❀

એક બાજુ જેમ કસોટી પર કસોટી આવે છે તેમ એક પછી એક ઉકેલ પણ આવેજ છે ને ? એટલે કુદરત સાથેનો કે વિશ્વમયતાનો તાળો મળતો જાય છે.

❀

બીજા ખાતર જેટલું નિસ્પૃહભાવે ઘસાવાય તેમાં સરવાળે વાંધો નથી આવતો. હા, આમાં આપણે પક્ષે સાવધાની પૂરી હોય, બાધાપણું ન હોય.

તા. 24-5-78 **સંતબાલ**

❀

એક સ્તવનમાં યોગી આનંદઘનજી - ચિદાનંદજી - યશોવિજયજી જેવા કહેજ છે "પ્રગટ નિધાન પરમ મુખ આગળે (છતાં) જગત ઓળંગી જાય જિનેશ્વર" (ગુરુદેવ, આનો અર્થ કહો. પત્રમાં તે લખ્યો નથી તે સમજાતું નથી)

ગુરુદેવ : "એ પદનો અર્થ - સાચું અને પરમોચ્ચ કોટીનું નિદાન મુખ આગળ હોવા છતાં જગત તેને ઓળંગી જાય છે."

❀

નામસ્મરણ અને ખાસ તો ધ્યાન મારે કેવી રીતે કરવું તે ગુરુદેવ સૂચવો. આ ધ્યાનના માર્ગે અંતર્મુખ થવું મને સહેલું પડશે કે કેમ તે ખબર નથી. આમાં ગુરુદેવ જે માર્ગદર્શન આપે તે પ્રમાણે કરીશ કોઈ પણ પ્રકારનું હજુ શરૂ નથી કર્યું.

**ગુરુદેવ : "નામસ્મરણ ઉપર જોર આપવું એટલે કે હરતાં ફરતાં, કામ કરતાં ઊઠતા બેસતાં જેમ ગાંધીજીએ રામનામ પોતીકું, કરેલું તેમ તમને પસંદ હોય તે નામ પોતીકું કરો. એથી ગમે તેવી મુશ્કેલી વખતે પણ સ્વસ્થતા ટકી રહેશે, અથવા થોડી વાર ગુમાવી હશે તે પાછી લાધી જશે.**

**સંતબાલ**

## પરીક્ષાર્થી વિદ્યાર્થી જેવી સાધકની સ્થિતિ

**જેમ પરીક્ષા આપવાની હોય તે પહેલાંથી જે વિદ્યાર્થી પરીક્ષાની જ ચિંતા ભણતી વખતે નથી કરતો પણ પરીક્ષાને થોડાક દિવસો રહે ત્યારેજ કરે છે. પણ કેટલાક સાચા નિષ્ણાત વિદ્યાર્થીઓ તો શરૂઆતથીજ સાવધાન રહે છે પણ ચિંતા નથી કરતા અને ઊલટ પરીક્ષા સમયે વધુ સ્વસ્થ મન રાખવાનો માર્ગ લે છે, સાવ છેલ્લા દિવસોમાં તો વાંચવાનું પણ છોડી મનની સ્વસ્થતા વધુ સાધી પરીક્ષા આપે છે. આવા વિદ્યાર્થીઓ પૈકીના મોટાભાગે પ્રથમ વર્ગમાં પણ પ્રથમ કક્ષા પ્રાપ્ત કરતા હોય છે. આ જ વાત સાધનાના માર્ગે જતાં સાધક સાધિકાઓ માટે સાચી છે.**

પક્ષીઓની કુદરતમયતા આકર્ષે તેવી સહેજે હોય છે. હું જે "વિશ્વમયતા"નો તાળો મેળવવાની વાત ઘણી વખત કરું છુ તે એટલા માટે કે ડાયરીના લખાણ કરતાં પણ જે તમારું મંથન-ચિંતન ચાલે, તેમાંથી સૂઝતા અવ્યક્ત આંતર મનમાંના ઉપાયોની નોંધ બાહ્ય મનમાં દૃઢતાથી લઈએ, તો શ્રદ્ધામાં દૃઢતા આવવાનો સંભવ છે. સંયમ સાધના માટે આવી શ્રદ્ધા-દૃઢતા

બહુ મદદગાર બનવા સંભવ છે. જેમ રમા-બલવંતની હાર્દિક એક્તામાં બહારનો પુરુષાર્થ દા. ત. સંગીત જેવા માધ્યમથી - જરૂરી છે તેમ આવો આંતરિક પુરુષાર્થ પણ જરૂરી છે.

વ્યાપારમાં સત્ય નીતિ, ન્યાય એ ધોરણો ચોમેરના જૂઠાંણાં, અનીતિ અને અન્યાય વચ્ચે જાળવવા આકરા નહીં પણ ઘણાં આકરાં લાગે તે સ્વાભાવિક છે, પણ એકવાર જો દૃઢ આગ્રહ થાય તો સરવાળે તે જ આનંદદાયક અને ચમત્કારિક પરિણામ આપે છે.

તા. 24-5-78 સંતબાલ

## આપણી પ્રસન્નતા-અપ્રસન્નતામાં આપણા દૂર રહેતા આત્મજનોના સત્ પ્રયત્નોનો પણ ફાળો હોય છે

અત્યાર લગી મોટે ભાગે આપણે આપણા (સ્વલક્ષી) પ્રયત્નનુંજ સુપરિણામ માનીએ છીએ, પણ કેટલીય વાર આપણી પ્રસન્નતામાં કે અપ્રસન્નતામાં દૂર રહેલાં છતાં આપણા આત્મીય લેખાતા જનોના સત્ પ્રયત્નો પણ ફાળો આપતાં હોય છે. એથીજ પ્રત્યક્ષ હોય ત્યારે આપણે આપણાં એ આત્મિક જનો પ્રસન્ન રહે તેવો પ્રયત્ન કરવો, એ સરવાળે આ રીતે આપણા લાભમાં છે. નહીં તો મોઢામોઢ આપણાં તાપથી ન બોલે પણ મનમાં અપ્રસન્નતા સંઘર્યા કરે, તો દૂર ગયા પછી પણ આપણને યાદ કરતી વખતે અપ્રસન્નતાજ વેર્યા કરતાં હોય.

આપણા દેશે ભૌતિક દિશામાં જેમ ઘણી પ્રગતિ કરી છે, તેમ સીધી નહીં છતાં આડકતરી રીતે આધ્યાત્મિક દિશામાં પણ ઘણી ઘણી પ્રગતિ કરીજ છે. એક સાદો દાખલો, આપણી ગાંધી-જવાહરે દોરી આપેલી સક્રિય તટસ્થતાની રાજનીતિ !!

## ૧. સંત સંકલન, ૨. અધ્યાત્મલક્ષી સેવક સંસ્થા, ૩. નૈતિક જન-સંગઠન, ૪. કૉંગ્રેસી સિદ્ધાંતવાળુ રાજકીય સંગઠન જિલ્લે જિલ્લે થવું જોઈએ

ભારતીય ગામડામાં એ નૈતિક સાંસ્કૃતિક જળવાયાં છે જ ધૂળધોયા બનીને તે શોધવાં જ પડશે. આપણે જે ચાર તત્ત્વો : (૧) સંત સંકલન (૨) નૈતિક્તા અધ્યાત્મલક્ષીવાળું સેવક સંસ્થા તત્ત્વ (૩) નૈતિક જનસંગઠન અને (૪) કૉંગ્રેસી સિદ્ધાંતવાળું રાજકીય સંગઠન અને તેવું રાજ્યતંત્ર જિલ્લે જિલ્લે થાય, એમ આ માટેજ કહીએ છીએ.

તા. 24-5-78 સંતબાલ

# ખંડ : સાતમો
# વિશ્વમયતામાં આવતા વિવિધ સંબંધો

### "मरणं बिन्दु पातेन"

"પરધન પથ્થર જાનિયે, પરસ્ત્રી માત સમાન" આ વાત નિરંતર વિચારવા જેવી છે, ઋતુકાળ સિવાય સ્વ સ્ત્રી સહવાસ (જાતીય દૃષ્ટિએ) પર સ્ત્રી સંભોગ જેવોજ માનવો જોઈએ. અને જો સંતાન મર્યાદા પૂરી થઈ હોય અને થઈ છે, તો હવે ગાંધીજીએ જેમ સાડત્રીશમે વર્ષે આચરણમાં મૂક્યું અને પાંત્રીસમા વર્ષથી એ દિશા શરૂ કરી, તે રસ્તે વહેલામાં વહેલી તકે જવાય તેવી સૌથી પ્રથમ મનની સ્થિતિ કરી લેવી જોઈએ. વિજય અને વિજ્યા શેઠ-શેઠાણી એક શય્યામાં સૂવા છતાં સ્પર્શથી અળગાં રહેતાં હતાં. તોજ તેઓના ચાર નેણો હસતાં રહી શક્યાં. બાકી "મરણં બિન્દુ પાતેન" હોય તો હસવાનું શ્યે આવે ? રડવાનુંજ આવે. શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનમાં એ વાત શ્રી શારદામણી દેવીના મુખથી નીકળેલી આવે છે : "એમણે ચર્મસ્પર્શ ભલે નથી કર્યો, મર્મસ્પર્શ તો કર્યોજ છે." અને તોજ શારદામણિજી સાચાં માતા બન્યા તેમજ વારસો રામકૃષ્ણ પરમહંસનો હૂબહૂ સંભાળ્યો - રામકૃષ્ણ પરમહંસ આ રીતે તેમના પૂજ્ય, પ્રણામપાત્ર અને પિતાતુલ્ય બની ગયા.

તા. 27-5-78 સંતબાલ

❀

પૂના, તા. 17-5-78

### દરેક કાર્ય પ્રભુ અર્થે માનવું

"પત્રસુધા"માં ગુરુદેવ બોલ્યા છે :

"પ્રત્યેક કાર્ય પ્રભુ અર્થે માનવાની ટેવ પડી જાય તો વેઠ જેવું ન લાગે. પ્રભુ સર્વત્ર સર્વમાં છે. એ પ્રતીત થયા પછી તો હું સામાન્યમાં સામાન્ય કામ કરું છું તે પ્રભુ પ્રિત્યર્થે માનવાનું શીખવું એમાં ઓર મઝા છે. પ્રત્યેક ક્ષણે પ્રત્યેક કાર્યમાં પ્રસન્નતા અનુભવતાં શીખવું."

"આપણે જે કાંઈ કરવું તે કર્તવ્ય ધારીને નિઃસ્પૃહતાથી કરવું. આથી કર્તવ્યનો નિજાનંદ મલે છે. અને ક્રિયા માત્ર ફળવતી હોયજ છે એટલે એકાદ ઠેકાણે પ્રયોગમાં નિષ્ફળ જઈએ તો બીજે ઠેકાણે કેટલીકવાર એનું બેવડું સારું મળતું હોય છે. આનું જ નામ બીજી પરિભાષામાં આપણે એમ કહી શકીએ કે કુદરત મૈયાએ આપણી ગુણવૃદ્ધિને લીધે એકાએક અચાનક આવીને મદદ કરી."

તા. 25-7-78 — સંતબાલ

❀

## વિશ્વમયતાની નિઃસ્પૃહતા

... અત્યારે "વિશ્વમયતાની જાડી વ્યાખ્યા એવી સમજાય છે કે, અહંતા-મમતા ઓગાળવા અને સંબંધો સરજાતા હોય તો બાંધવા અને રફતે રફતે વિકસાવી વિવેકપૂર્ણ જાળવણી પછી આત્મીયતા બાંધવી. શક્ય તેટલા પૂર્વગ્રહો પણ છોડવા, છતાં જાગૃતિ અને human weaknesses ને બરદાસ પ્રસન્નચિત્તે વગર ફરીઆદે "પી" જવી આમાં ભૂલ થતી હોય, અગર તો ઉમેરો કરવો હોય તો ગુરુદેવ નાથ, પ્રકાશ પાથરો :

ગુરુદેવ :

થોડું એ વિચારવાનું છે કે કેટલીકવાર નજીકની વ્યક્તિ ઘણું તેમના માટે (જો કે શક્ય તેટલી નિઃસ્પૃહતાની દૃષ્ટિ રાખી) કરવા છતાં કશોય સારો પ્રત્યાઘાત ન આપે એટલું જ નહીં, ઊલટો નબળો - નરસો પ્રત્યાઘાત આપે અને કેટલીકવાર ઘણી દૂરની વ્યક્તિ કે સમૂહે જરા સરખું કાર્ય કર્યું કે તરત ઊલટભેર ઘણી સારી પ્રતિક્રિયા તરત બતાવી દે. આ બતાવી આપે છે કે આપણું શક્ય તેટલી નિઃસ્પૃહાથી કરેલું કાર્ય એક ઠેકાણે ભલે નિષ્ફળ જતું લાગે પણ એવુંજ નથી હોતું. ક્યાંક અને ક્યાંકથી એનું સુફળ મળે જ છે. આ પરથી તારવણી એ નીકળે છે કે જેમ એક દૂર દૃષ્ટિવાળો વેપારી એક ચીજમાં ખોટ ખાઈને પણ વિશાળ વ્યાપારનો નફો જોઈ આગળ ને આગળ વધે છે તેમ વિશ્વમયતાના જિજ્ઞાસુએ-નિઃસ્પૃહીએ-આગળ અને આગળ વધે જ જવું.

તા. 25-7-78 — સંતબાલ

❀

## વિશ્વમયતાની ત્રણ વાતો

જ્યાં વિશાળ જગતના પ્રશ્નો લેવાના આવે જેને આપણે વિશ્વમયતાને માર્ગે દૃઢ પ્રયાણ કરી શકીએ ત્યાં જેમ વ્યક્તિ પ્રત્યેના આપણા મનમાંના ઊંડામાં ઊંડા રહેલા પૂર્વગ્રહોને છોડવાના છે તેમ આપણા મનમાં રહેલા વ્યક્તિ પ્રત્યેના અહોભાવના આગ્રહો ભૂલ્યે ચૂક્યે બીજા પર લદાઈ જતાં હોય! એમ ઊંડું વિચારી પૂરી જાગૃતિ અને ચોક્કસાઈ પણ જાળવી રાખવાનીજ છે.

નારી જાતિ વિષે એક બે વાતો ખાસ નોંધી રાખવા જેવી છે : (૧) ધારે તો પુરુષને ઊંચે પણ ચઢાવી શકે છે અને ધારે તો તે પુરુષને નીચે પણ પાડી શકે છે. તેજ રીતે (૨) સ્ત્રીને છંછેડવાથી તે ઝેરીમાં ઝેરી નાગણીનું સ્વરૂપ લે છે, જ્યારે રાજી થઈ પોતાની શુભેચ્છાઓ અર્પે છે, તો દિવ્યતા પ્રગટ કરનારી દેવી બની શકે છે.

"વિશ્વમયતા"ની દૃષ્ટિએ આપણે (૧) ભારતીય ગામડું અને તેમાંય મુખ્યપણે ખેડૂતોને અત્યાર લગી ખૂબ અન્યાયો થયા છે, માટે એમનું આપણે ગૌરવ પૂરેપૂરું કરવું અને તેઓ અપમાન કરે તે સહેવું અને ઉપરથી સેવા કરવી, એવુંજ (૨) જે વર્ગો પાછળ રહી ગયા છે તેવા. દા.ત. હરિજનો, આદિવાસીઓ વગેરે - તેઓ માટે પણ ઉપલી રીતે વ્યવહાર કરવો અને (૩) નારીજાતિ પ્રત્યે ઉપલી રીતે જ જોવું કારણ કે એ ત્રણેયને ખૂબ અન્યાયો આપણે ખુદે કદાચ ન કર્યા હોય તો આપણા વિશાળ માનવ સમાજે પણ કર્યા તો છે જ. બીજી રીતે પણ વિચારવા જેવા આ પ્રશ્નો છે. તેજ ત્રણેય પાત્રો આપણે પરિસ્થિતિ પરિવર્તનની દૃષ્ટિએ વિશ્વમાં અહિંસક (અથવા ધર્મમય) સમાજ રચના કરવા માંગીએ છીએ તેમાં આ જ ત્રણ સાધનો સવિશેષ ઉપયોગી એક યા બીજા પ્રકારે થવાના છે. કારણ કે તેઓજ વધુમાં વધુ કુદરતની પણ નજીક છે. અહિંસાથી પણ નજીક છે અને બહુમતી પણ તેની છે.

તા. 25-5-18 — સંતબાલ

તા. 20-5-78

## આંતરમુખતાની ખરી દિશા

આ બાહ્ય બધી વસ્તુઓ, પ્રસંગો, ઘટનાઓ સામે ટકવા અને ટક્કર ઝીલવા "બહિર્મુખતા" ઓછી કમજોર લાગી... અંતર્મુખ થવામાં ફરજો છોડવાની કે એવી એકાંગી સાધનાની વાત નથી. તે છતાં મોહ-મમતા છોડવાં તો જરૂર બનેજ છે.

ફરજ અને મોહ વચ્ચેની પાતળી ભેદરેખા જોવા માટે, વિવેક કેમ લાવી વિકસાવવો તેનું માર્ગદર્શન ગુરુદેવ ! કરો. તેમજ ભક્તિનો જે સંસ્કાર મારામાં નહીંવત્ છે તેને કેમ વધારવો તે આજ્ઞા પણ કરો, કારણ ભક્તિ વગર પ્રેમની ભીનાશ સાધનામાં ન હોય તો શુષ્કતાજ આવે, જે મનને રુચે નહીં.

❀

તા. 27-6-78

**હવે બહિર્મુખતા સાલે છે એજ વિશ્વમયતાની દૃષ્ટિએ એક ડગલું પણ આગળ વધાય છે તેમ દેખાય છે, અને એ શુભ લક્ષણ છે. નિખાલસતા અને સત્ય એજ પરમેશ્વરવાળી વાતને ઘૂંટી ઘૂંટી જીવનમાં ઉતારવી સારી છે. ક્યાંક જરાપણ બનાવટની વાત ન હોય. ભલે લોકો આપણને પાગલ કહે.**

**"ઘેલા અમે ભલે થયાં રે, ઘેલામાં ગુણ લાધ્યું,**
**બાઈ, અમને ઘેલામાં ગુણ લાધ્યું."**

**આ મીરાંબાઈનું કથન હૈયે ધરી આગળ વધવાનું છે. દરેક સાધક સાધિકાને શરૂઆતમાં લોકો આવકારતા હોય છે પણ થોડીક આગેકૂચ થઈ કે કસોટી એક પછી એક શરૂ થાય છે - નિકટનાની અને દૂરનાની. ત્યાં વળી સહન કરી તોય "પાગલ"નું ઉપનામ લોકો આપવા માંડે છે. બસ; અહીં ટકી રહેવું તેજ 'આંતરમુખતા'ની દિશા.**

**તા. 27-5-78** **સંતબાલ**

❀

## "ભૂલ બધીએ ભૂલી જાજે, કદી જો ભૂલ કબૂલી જાજે"

**ભલે બુદ્ધિવિલાસ લાગતો હોય, તે જિજ્ઞાસુ બુદ્ધિથી દરેક પાસેથી કાંઈક ને કાંઈક લેવા જેવું હોય છેજ, તેમ માની દરેક (નાના મોટા દરેક) પાસેથી લેવાની ટેવ ખસૂસ પાડવી એટલાજ માટે અનુભવી પુરુષોએ કહ્યું છે કે બાળક પાસેથી પણ સારી ચીજ જે (બોલવામાં) મલી જાય તે લઈ ગાંઠે બાંધી લેવી. આ દૃષ્ટિએ ગુરુદત્તાત્રેયનું જીવન ખૂબ વિચારવા જેવું લાગે છે તે ન ભૂલવું. મહારાષ્ટ્રમાં ગુરુ દત્તાત્રેય, ગણપતિ (જે સમાજગત સાધનાની મહત્તા સૂચવતો શબ્દ ગણ એટલે સમૂહ, એ સમૂહ વ્યવસ્થિત થાય છે સંસ્થા થકી, એમ ગણપતિ ઉત્સવ શીખવી જાય છે) અને હનુમાનજી - આ ત્રિવેણીનો મહિમા મહારાષ્ટ્રમાં સવિશેષપણે દેખાય છે.**

આજ સુધીના વીતેલી જિંદગી પ્રત્યે હાર્દિક પસ્તાવાની તમોને ડાયરીમાં ઘણીવાર હવે થતી જોઈ એક રીતે 'જિજ્ઞાસા દ્વાર' ઉઘડ્યાનો આનંદ થાય છે તો બીજી રીતે 'લાઘવગ્રંથી' ન પેસી જાય તે માટે "ભૂલ બધીએ ભૂલી જાજે, કદી જો ભૂલ કબૂલી જાજે" એ કડી યાદ રાખી જોમવંત પણે "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે" એ આશા અને ઉત્સાહનું ભાથું લઈ દોડ્યે જવાનું છે તે ન ભુલાય. એ યાદી રાખવાનું સૂચવવાનું પણ મન થાય છે જ.

ભૂલ કરીનેજ માનવી હંમેશાં મહાન બનતો રહ્યો છે. એનો અર્થ એ નહીં કે ભૂલો કર્યે જવી, એનો અર્થ એટલોજ કે ભૂલોને પણ છેવટે તો ભૂલી જવાની છે.

ઉપયોગ, જાગૃતિ, અંતર્મુખતા વગેરે "સંત-શિષ્યપત્ર સુધા"માંના શબ્દોજ સવિશેષે યાદ રાખી હવેથી જીવન જીવવાનું છે.

"વિશ્વમયતા"ને માર્ગે મુશીબતો તો ડગલે ને પગલે આવશેજ. પણ સાથોસાથ કુદરતી મદદનો પણ સાથે સાથે ડગલે ને પગલે અનુભવ પણ થવા લાગશેજ. એટલુંજ નહીં બલકે આપણામાં સહજપણે સર્વોપરી પણું પણ ફૂટી નીકળશે.

તા. 27-5-78 સંતબાલ

❀

તા. 22-5-78

## પુરુષાર્થમાં શ્રદ્ધાનું સ્થાન

**પ્રશ્ન :** "પુરુષાર્થ - પ્રયત્નો - સાથે શ્રદ્ધા - ધીરજનો કેમ મેળ પાડવો, પ્રયત્નો ક્યાં અટકાવવા અને શ્રદ્ધા ક્યાંથી શરૂ કરવી - આની ગમ પડતી નથી."

**ઉત્તર :** (ભોજન લેતાં ગુરુદેવ બોલ્યા) "પુરુષાર્થ અને શ્રદ્ધા અલગ અલગ નથી. મૂળ વાત છે પુરુષાર્થ કરવા છતાં પરિણામ ધાર્યું ન આવે ત્યારે થતી અધીરાઈ અને અસ્વસ્થતાને રોકવાની. પુરુષાર્થ ચાલુજ રાખવો, પણ અમુક Stage પર લાગે કે ધાર્યું પરિણામ આવતું નથી માટે કાં તો ભૂલ થતી હશે અગર તો પ્રયત્નો બંધ કરી દેવા નિરાશ થઈને. બસ અહીં જ શ્રદ્ધાપૂર્વક પણ થોડો વધુ પુરુષાર્થ સ્વસ્થતાથી ચાલુ રાખવો અને પરિણામ કુદરત પર છોડી શાંત - અચલ રહેવું. શ્રદ્ધા એ મનનો વિષય - ગુણ છે, તેનેજ આ રીતે આગળ લાવી પ્રયત્નોમાં શિથિલ

થવું નહીં. આથી થશે એ કે પુરુષાર્થ-શ્રદ્ધા વચ્ચે તમોને જે પાતળી ભેદરેખા અત્યારે દેખાય છે તે દ્વંદ્વ રહેશે નહીં. પણ પુરુષાર્થમાં શ્રદ્ધાનો આધાર અને ટેકો મળતાં કશો વિરોધાભાસ ન રહેતાં સમન્વય જણાશે."

❀

ચિંચણ, તા. 24-5-78

એક દર્શનાર્થી સાથે વાતચીતમાં ગુરુદેવ બોલ્યા :

"બુદ્ધિશક્તિ છે એ મનની છે. આત્મા-શક્તિ છે એ ચૈતન્યની છે. બુદ્ધિ-શક્તિમાં ચડ ઊતર સંભવે છે જ્યારે આત્મ-શક્તિમાં એમ નથી."

## આંતરતપની જરૂરીઆત

વિશેષમાં ગુરુદેવ બોલ્યા : (૧) જૈનોમાં તપશ્ચર્યા ઘણી થાય છે એ સારું પણ છે, પણ એમાં મોટે ભાગે બાહ્ય-દેહને લગતી-તપશ્ચર્યા ઉપર જોર આજ સુધી વધુ અપાયું છે. હકીકતે તપના બે ભાગ શાસ્ત્રકારોએ પાડ્યા છે. એક અંતર તપ, બીજું બાહ્ય તપ. પહેલું મુખ્ય છે - આંતર તપ - બીજું - દેહનું તપ - તેને મદદ કરનારું છે. આજે સ્થિતિ સાવ ઊલટી થઈ ગઈ છે, દેહના તપનેજ પ્રાધાન્ય અપાય છે તેથી આંતર તપ કે જે મૂળ ચેતના એટલે કે જે આત્મશક્તિને જગાડનારું મુખ્ય સાધન છે તે વીસરાઈ ગયું છે. આ ધનની પ્રતિષ્ઠાને લઈને થયું છે. એટલે આપણે તો એક તરફથી ધનની પ્રતિષ્ઠા તોડી, બીજી તરફથી અગત્યનું પણ આંતર તપનું મૂલ્ય પ્રસ્થાપિત કરવાનું છે. મોક્ષ કે મુક્તિ આંતર તપના વિકાસથી જ મહાપુરુષોએ મેળવી છે. આત્માની શક્તિને જગાડનાર આંતર તપના છ પ્રકાર છે : (૧) સેવા (૨) વિનય-નમ્રતા (૩) સ્વાધ્યાય-આત્મ-વિચાર, નિરીક્ષણ, ચિંતન અને વાંચન વગેરે (૪) ચિંતન-ધ્યાન (૫) પ્રાયશ્ચિત (૬) કાયાનો ઉત્સર્ગ - પ્રસંગ આવ્યે કાયાને ગૌણ બનાવવાની રીત. આ રીતે આંતર તપ વિશેષ કરીને મનને અનુસરીને આત્મ સાધનાનું અગત્યનું અંગ છે.

"બાહ્યતપ"ના પણ છ પ્રકાર છે. (૧) અનશન-ઉપવાસ અને એકટાણાં (૨) ઉણોદરી-ઓછું ખાવું (૩) સ્વાદ ત્યાગ (૪) ચીજો ઓછી ખાવી અને વાપરવી -મતલબ કે ચીજોમાં નિયમન (૫) ઠંડી-ગરમી સહન કરવાની ટેવ પાડવી - સહનશીલતા વધારવી (૬) સંલીનતા - કાયાને લગતી આસનની સ્થિરતા - અડગતા. આજે આ બન્ને તપની આવશ્યક્તા છે."

## આઠ પ્રકારની દૃષ્ટિ

(૨) ગુરુદેવ બોલ્યા : "દૃષ્ટિ આઠ પ્રકારની છે - મિત્રા (વિચાર-વિવેક), તારા, બલા, દિક્ષા, સ્થિરા (સ્થિતપ્રજ્ઞ દશા) કાન્તા, પ્રભા અને પરા. ઓઘદૃષ્ટિ આ આઠમાં ગણાતી નથી. તે ઓઘનો વિચાર હોતો જ નથી.

❀

**ચિંચણ, તા. 26-5-78**

## અહંકાર

(૩) બાહુબલિનું દૃષ્ટાંત ગુરુદેવ વારંવાર આપે છે. અહંતા હોય તો મહાન તપશ્ચર્યા કરી વ્યર્થ જાય છે તેનું આ દૃષ્ટાંત છે. છેવટે ગુરુને શિષ્ય બાહુબલિ પર દયા આવે છે એટલે બે સાધ્વીઓને (સુંદરી અને બ્રાહ્મી) બાહુબલિને જાગૃત કરવા - અહંકારમાંથી - મોકલ્યાં. સાધ્વીઓ બોલ્યાં "વીરા મારા ગજ થકી હેઠા ઊતરો" બાહુબલિ સાવધ થયા અને ગજ એટલે અહંકારનો ખ્યાલ આવ્યો. પછી પગલું ભર્યું અને કેવળજ્ઞાન થયું. કથિતાશય એ કે અહંકાર મોક્ષ-મુક્તિમાં અડચણ છે તે દૂર કરવા ગુરુનું માર્ગદર્શન અને આજ્ઞાકિંતતા આવશ્યક છે.

## ગુરુ આજ્ઞા તથા આશીર્વાદનું મહત્ત્વ

• (૪) ગુરુઆજ્ઞા - પરવાનગી - લઈ મોક્ષ માટે જનાર શિષ્યને મોક્ષ મળે છે એનો દાખલો ગજસુકુમારનો ગુરુદેવે આપ્યો. મોક્ષની સાધના માટે ગુરુઆજ્ઞા લઈ ગજસુકુમાર નીકળ્યો. ગુરુએ ચેતવ્યા : "મહા સંકટનો સામનો કરવો પડશે, જો જો ધ્યાન રાખજો" શિષ્ય બોલ્યા : "આપના આશીર્વાદ છે એટલે મને વાંધો નહીં આવે." ત્યારબાદ તેમના સસરાએ પોતાની પુત્રીનો ત્યાગ કર્યો તેથી ગુસ્સે થઈ તપશ્ચર્યા કરતા ગજસુકુમારના લોચ કરેલા મસ્તક ઉપર અંગારા (સસરાએ) મૂક્યા. પણ તે મહાવેદનાને - ગુરુ આશીર્વાદના અનુસંધાને (શ્રદ્ધાએ) સહી, તેને મોક્ષ મળ્યો. આનો અર્થ એ કે ગુરુ આજ્ઞા અને આશીર્વાદનું પાલન અને મૂલ્ય શિષ્ય જો સતત જાળવતો રહે તો શ્રેય માર્ગે જલદી જવાય છે.

(૫) દર્શનાર્થી સાથે મોક્ષ માર્ગની વાત કરતાં ગુરુદેવે મેઘકુમારનો પણ દાખલો આપ્યો. રાજપાટ છોડી મેઘકુમારે દીક્ષા લીધી. પહેલા જ દિવસે સાધુ જીવનનો કઠણ-કડવો તેમને અનુભવ થયો તેથી રાત્રે ઊંઘ ન આવી. સવારે ફરિયાદ

કરવા મહાવીર પાસે ગયા. મેઘકુમાર બોલે તે પહેલાંજ મહાવીરસ્વામી બોલ્યા : "કેમ રાત્રે બેચેની થઈને ? મેઘકુમાર મહાવીરના આ અંતરજ્ઞાનથી પ્રભાવિત થયા. ત્યારબાદ મહાવીરે ઉમેર્યું. "આવી બાહ્ય અડચણો અને અગવડો તો જિજ્ઞાસુ, મોક્ષાકાંક્ષી સાધકને આવવાની જ, એથી ડગી કે ડરી જવું નહીં,.પણ મનને સાધના માર્ગે જવા વધુ દ્રઢ બનાવવું. ત્યારપછી મેઘકુમારને પોતાના હાથી તરીકેના પૂર્વજન્મનું સ્મરણ કરાવીને સાધના માર્ગે સ્થિર કર્યા.

❀

## સ્યાદ્વાદ-અહિંસાના વિધેયાત્મક રૂપ "પ્રેમ"નું સાધન

**સ્યાદ્વાદ અથવા સાપેક્ષવાદને એ રીતે પણ ઘટાવી શકાય કે જીવો અનંત છે, પણ મૂળભૂત આત્મત્ત્વ તો એકજ છે. હવે જો એમજ હોય, અને છેજ, તો પિંડે પિંડે જુદા મત અને વલણ હોવાં સ્વાભાવિક છે. એમ છતાં મૂળ અથવા પરમ તત્ત્વ તો એકજ છે, આને આપણે વ્યક્તિ-ચેતના અથવા વિશ્વચેતના કહીએ છીએ. તે બન્નેનો તાળો મેળવવા એક તરફ જુદા મત અને વલણને ઊંડી સહાનુભૂતિથી જોવું એટલુંજ નહીં બલકે એમના જુદા મત-વલણો હોવા છતાં એકંદરે એવા જુદા મત વલણો ધરાવનાર સાથે આત્મીયતા વધુ અનુભવી આપણા નિરપેક્ષ વલણ અને સત્યની દિશામાં એ જુદા મત અને વલણ ધરાવનારને પ્રેરવો. આમ સ્યાદ્વાદ કે સાપેક્ષવાદ અહિંસાના વિધેયાત્મક રૂપ પરમ વિશુદ્ધ પ્રેમનું અનેરુ સાધન બની રહે છે.**

**"પ્રવૃત્તિ સંયમે નિવૃત્તિ અસંયમે"**

**આ લખતી વખતે એ ધૂન તરત યાદીએ ચઢે છે :**

"પિતુ માતુ સહાયક સ્વામી સખા,
તુમહી એક નાથ હમારે હો !
જિનકે કછુ ઓર આધાર નહીં,
તિનકે તુમ હી રખવારે હો,
ચિત્ત શાંતિનિકેતન પ્રેમ નિધે,
મન મંદિરકે ઉજિયારે હો - પિતુ માતુ

પુરુષાર્થ અને શ્રદ્ધા કેટલીકવાર એકજ સિક્કાને બે બાજુ રૂપ છે. ગુરુદેવે પ્રારબ્ધને ફાળેજ બીજી બધી ખતવણી કરી છે. માનવજીવનમાં પુરુષાર્થનું સ્થાન તો પુરુષને - એટલે આત્માને - માટેજ પ્રયત્નની શરૂઆતમાં આપણે

કહેલું છે. સામાન્ય રીતે ઓઘ પરંપરામાં વહેતી માનવજાત ધમાલિયા પ્રવૃત્તિનેજ પુરુષાર્થ માની ભ્રમમાં પડી જતી હોય છે. સંત વિનોબાએ કાર્ય ન કરવું - તેને નિવૃત્તિ ન કહેવાય તેમ ભૂમિપુત્રમાં ઠીક ઠીક પ્રતિપાદન કર્યું છે. જૈન સૂત્ર ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે : સંયમમાં પ્રવૃત્તિ તેજ સાચી પ્રવૃત્તિ છે, અને અ સંયમમાંથી નિવૃત્તિ તેજ સાચી નિવૃત્તિ છે. શ્લોક આ પ્રમાણે ગુજરાતીમાં "સાધક સહચરી"માં છે :-

"પ્રવૃત્તિને નિવૃત્તિ બે વૃત્તિઓ સર્વ જીવને,
પ્રવૃત્તિ સંયમે રાખો, ને નિવૃત્તિ અસંયમે."

તા. 28-5-78 સંતબાલ

❀

## ચિંચણ - સમાધિનો હેતુ

નોંધ : ચિંચણમાં મુનિશ્રી સંતબાલજી તેમના ગુરુદેવ શ્રી નાનચંદ્રજી તથા બીજાઓની સમાધિ ચણવા અંગે ડાયરીમાં નોંધ છે તથા નકશો છે તે અંગેનું ગુરુદેવનું લખાણ નીચે મુજબ છે.

**પૂના, તા. 22-6-78**

લગભગ ૪૫ વર્ષ પહેલાં અવસાન પામેલા સત્પુરુષ વલ્લભરામ સૂર્યરામ વ્યાસ રચિત "વલ્લભ-પ્રણવ વિજ્ઞાન" પુસ્તક મણિકાન્તભાઈ વાંચી સંભળાવતાં. શરૂમાં ખાસ રસ આવ્યો નહીં પણ જેવું ગુરુ-સદ્ગુરુ વચ્ચેની ભિન્નતા બતાવતું પ્રકરણ આવ્યું એટલે કાન ચમક્યા - ઘણો રસ આવ્યો. આ આખુંએ પ્રકરણ સાંભળતાં ગુરુદેવ નજર સામે સતત રહ્યા. ગુરુ અને સદ્ગુરુમાં શું ફેર છે તે લેખકે આબાદ અને સચોટ રીતે બતાવ્યો છે. શાસ્ત્ર પુરાવાઓ અને કથનો આપીને જે અત્રે નોંધવું ખૂબ જરૂરી જોઉં છું. - ગુરુદેવને સમજવા માટે.

## ગુરુ મહિમા - અષાઢી પૂર્ણિમાનો સંદેશ

ગુરુપૂર્ણિમાનો આ દેશમાં અપૂર્વ મહિમા છે. અને 'નગુરો' એ એક ગાળરૂપ શબ્દ બની ગયો છે. તેમજ 'નગુરાનો સંગ ન કરીએ રે' તેમ જોર પૂર્વક કહેવાયું છે, કારણ કે પ્રત્યક્ષ ગુરુ વિના અથવા અંતરતમ સત્યની અજોડ તાલાવેલી રૂપ ગુરુ પ્રતીતિ વિના સ્વચ્છંદતા, અહંતા-મમતા દૂર થઈ શકે તેમજ નથી. પરંતુ સાથો સાથ "ગુરુ" તત્ત્વ જેને સવિશેષ લાગુ પડે છે તેણે પણ પોતાના એ પદની જવાબદારી ખાસ સમજી લેવી જોઈએ. આ

બાબતમાં સૌથી પ્રથમ જગત્ ગુરુ તરીકે આપણું ધ્યાન ભગવાન કૃષ્ણ ખેંચે છે "વિશ્નુ વંદે જગત્ ગુરુ" અથવા "કૃષ્ણ વંદે જગત્ગુરુ" એ યથાર્થ છે કારણ કે ગીતામાં અર્જુનને ઉદ્દેશી સદાકાળ માટે આખાએ જગતને એમણે (ભ. કૃષ્ણે) માર્ગદર્શન આપ્યું છે અને તે સૌને લાગુ પડે તેવું છે.

બીજે નંબરે જગત્ગુરુ તરીકે સાહિત્યકાર વ્યાસજીને યાદ કરી શકાય. એમણે સાહિત્યની દિશામાં અજોડ ચીજ આપી છે. ત્રીજે નંબરે આદ્ય જગત્ગુરુ શંકરાચાર્યને યાદ કરાય, કારણ કે વૈદિક ધર્મમાં સંન્યાસઆશ્રમ ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પછીજ આવે. જ્યારે એમણે બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધો સંન્યાસજ ગ્રહણ કર્યો અને ગીતા પર સુંદર ભાષ્ય રચ્યું. પછી તો શંકરાચાર્ય પદે આવનારને માટે એ પ્રથાજ પડી ગઈ. ટૂંકમાં ગીતા એજ મોટે ભાગે આખાએ જગતને એક અનોખા રૂપે પ્રગટ થઈને - ભારતમાં પ્રગટ થઈને - જેમણે જેમણે એની ખુદની રચના કરી અથવા એના પર ભાષ્ય બનાવ્યું. તે સૌને ગુરુ પદ આપી દીધું છે. હવે આખાએ ભારતે જગત્ ગુરુ બનવાનું છે અને લોક-લક્ષી લોકશાહી મારફત રામરાજ્ય સિદ્ધ કરવાનું છે. એથી ભારતના એકએક નાગરિકે પં. જવાહરલાલની માફક વિશ્વ માનવ અને જગતની માનવ જાતના અદનામાં અદના શિષ્ય બનવાની જરૂરીઆત ઊભી થઈ છે. જે પોતાની જાતને અદનામાં અદની બનાવશે તેજ સાચી વિશ્વમયતા સાધી શકવાનો છે. આ અષાઢી પૂર્ણિમાનો આજ છે સાચો સંદેશ.

તા. 20-7-78 **સંતબાલ**

## "સવ્વે જીવ કરું શાસન રસી"

શ્રી વલ્લભરામ વ્યાસની સદ્‌ગુરુ માટેની વ્યાખ્યા આજના જમાનાને અનુરુપ છે એમ કહી શકાય. પુણ્ય-પ્રદાનની વાત તો પારિભાષિક છે. શક્તિપાત જેવુંજ એ કાંઈક છે. પણ જ્યાં લગી હું કાંઈક આપું છું એવો ખ્યાલ ગુરુને આવે ત્યાં લગી કદાચ એમના શબ્દોમાં ગુરુને બદલે સદ્‌ગુરુ ભલે લેખી શકાય, પણ જૈન પરિભાષા મુજબ "આમ્મા પિયરો" એટલે મા-બાપ તો ન જ કહેવાય. જૈન પરિભાષા પ્રમાણેના ગુરુઓને તો છયે કાય પ્રાણીમાત્રના મા-બાપ બનવાનું હોય છે. જેમ પોતાના બાળકો માટે સાચા મા-બાપ જે કાંઈ કરે તે બદલ સ્પૃહા રાખતા નથી. માટે પોતાને ફાળે આવેલું કર્તવ્ય જ

બજાવે છે તેમ લાગે છે, તેમ સાચા સાધુ સાધ્વી સંન્યાસીઓને પોતે માત્ર માનવજાત માટે નહીં બલકે પ્રાણિમાત્ર માટે જે કાંઈ કરે છે તે કર્તવ્ય રૂપજ લાગે છે. આથી "સવ્વે જીવકરું શાસન રસી, ઐસી ભાવ-દયા મન ઉલસી" એમ કહેવાયું. મતલબ કે સાધુ સાધ્વી સંન્યાસીઓને તો પ્રાણીમાત્રને જિન શાસનના રસિયા એટલે કે સત્ય ધર્મમાં રસિયા બનાવવાની તાલાવેલી હોવી જોઈએ. તોજ તેઓ સાચા સાધુ સાધ્વી સંન્યાસી આજના યુગનાં કહી શકાય. અને પ્રાણીમાત્રને સત્ય ધર્મના રસિયા બનાવવા હોય તો એ પ્રાણીમાત્રનો વાલી તો માનવીજ બની શકે તેમ છે. માનવી માત્રને સૌથી પ્રથમ સત્યધર્મમાં રસિયા બનાવવા રહ્યા. આ દિશામાં મૈયા અને સદ્ગત ગુરુદેવને પ્રતાપે એક અંશે પણ જવાતું હોય તો તે માત્ર કર્તવ્યભાવના છે. એથી વિશેષ કાંઈ નહીં. વારંવાર પોતે માનેલા ગુરુની તારીફ કરવી તે પ્રાથમિક અવસ્થામાં ભલે જરૂરી હોય, પરંતુ આગળ વધવા માટે તો આચરણની જરૂરીઆત છે.

## સંત વિનોબાના બે મોટાં કામો

સંત વિનોબા માટે "પલાયન વૃત્તિ" તો ન લેખાય પણ ગાંધી શિષ્ય તરીકે તેઓ, શ્રી જે. પી., ઈન્દિરાબેન અને પ્રિય મોરારજીભાઈને જોઈ શક્યા હોત તો વધુ સારું થાત એમ કહી શકાય.

બાકી એમણે ભૂદાન જેવી વિશ્વવ્યાપી હિલચાલ ચલાવી અને વેરવિખેર રચનાત્મક કાર્યકરોની સંસ્થા સર્વ સેવાસંઘ રૂપે બનાવી એ બે મોટાં કામો થયાં. અલબત્ત, રાજકારણ સાથે લીધું હોત તો ઘણું સારું થાત, પણ પ્રથમથીજ તેઓ રાજકારણથી અળગા રહ્યા છે જ એટલે શું કરે ? પોતે કબૂલ પણ પ્રથમથીજ કરે છે કે સંસ્થાકીય બાબતમાં ગાંધીજીજ કરી શકતા.

તા. 20-7-78, ગુરુપૂર્ણિમા **સંતબાલ**

❀

**પૂના**, તા. 11-7-78

## સંકલ્પ પૂર્તિનું મહત્ત્વ

"મૈત્રી" માસિકના જૂન અંકમાં "સંકલ્પની શક્તિ" એ વિનોબાજીના લેખ અંગે ગુરુદેવે હમણાના બે પત્રોમાં ઉલ્લેખ કર્યો છે. લેખ પૂરો વાંચવા ઈચ્છા હતી તેથી ગુરુદેવે તે અંક મારા પત્રથી પોસ્ટ દ્વારા પૂના મોકલાવ્યો. લેખમાંથી મુદ્દો :

(૧) સંકલ્પની પરિશુદ્ધિ ઉપર પૂરો આનો ઊંડો વિચાર એટલો અને એવી રીતે કરવો જેથી પાછળથી તેના ઉપર ફેર વિચાર કરવો ન પડે. એકવાર વિવેકપૂર્ણ વિચાર યુક્ત સંકલ્પ કર્યા બાદ પાછળથી કોઈ તેમાં વહેવારુ દોષ પણ બતાવે તો પણ સંકલ્પ બદલવો નહીં. આવો વ્યવહારુ કારણોસર સંકલ્પ તોડવાથી ઈચ્છાશક્તિ ક્ષીણ થાય છે.

(૧) અને આ રીતનો સંકલ્પ પાર પાડતાં જો કાંઈ વ્યવહારુ હાની ઉઠાવવી પડે તો સહન કરી લેવી, પણ આધ્યાત્મિક હાની તો ન થવા દેવી.

... આ - સાચી - વાત ગળે ઊતરવી કઠણ છે, આના માટે કરવું શું જોઈએ તે ગુરુદેવ આજ્ઞા આપો :-

**ગુરુદેવ : સંકલ્પ ભલે નાનો કરવો પણ પૂરેપૂરો પાળવો. એમ કરતાં કરતાં એ શક્તિ વધવા પામશે. દા.ત. આજે આટલા વાગે સૂવુંજ છે અને આટલા વાગે ઊઠવુંજ છે તો તેજ પ્રમાણે સૂવું અને ઊઠી જવું. થોડા દિવસ પણ આવી ટેવ પાડવાથી પરિણામ રૂડું જણાય વગર નહીં રહે.**

આટલું થયા પછી બીજો આગળ ક્યો સંકલ્પ કરવો તે વાત સૂઝવા માંડશે.

ગુરુપૂર્ણિમા **સંતબાલ**

❀

## આત્મનિષ્ઠાનું મહત્ત્વ

(૧) ઉપનિષદમાં લખ્યું છે કે વચનસિદ્ધિવાળો માણસ જે કહેશે તે પ્રમાણે થવાનું - બનવાનું. આત્મવિશ્વાસ નથી. આત્મનિષ્ઠા છે. કોઈપણ ધર્મમય કાર્ય આવા મનુષ્ય માટે અસંભવ નથી. માણસ જ્યારે આત્મનિષ્ઠ બની જાય છે ત્યારે સંકલ્પ કરતો નથી. સંકલ્પ કરવામાં આત્મશક્તિ વિશે કાંઈક શંકાને સ્થાન હોય છે પણ આત્મનિષ્ઠ માણસ શંકાને ઓળખતોજ નથી. તે નથી સંકલ્પ કરતો, તેના બધાં કાર્યો સ્વાભાવિક હોય છે. (આત્મવિશ્વાસ અને આત્મનિષ્ઠ વચ્ચેનો ભેદ અને અર્થ ગુરુદેવ, સમજાવો :

ગુરુદેવ :. "આત્મનિષ્ઠાપણું એ સાચી સ્થિતિ છે જ્યારે પ્રથમ તો "આત્મવિશ્વાસ"જ કેળવવો પડે, તે કેળવતાં કેળવતાં સ્વાભાવિક બની જાય તે જુદી વસ્તુ છે અને તેમાંથી આત્મ-નિષ્ઠ પણું આવતું જશે. મતલબ, આત્મવિશ્વાસ લગી એ "કરવાની" ચીજ હોય છે, પણ આત્મનિષ્ઠા આવે ત્યારે "કરવાપણું" નથી રહેતું છતાં અનાયાસે થઈજ જાય છે. એમ છતાં

પ્રથમ પ્રથમ તો કરવાપણું રહેજ.

ગુરુપૂર્ણિમા **સંતબાલ**

❀

આમ તો "વિશ્વમયતા" શબ્દ શ્રી અરવિંદની પોતીકી પરિભાષાનો છે. પણ જૈનોના તરણતારણ ધર્મની વાત પણ આ જ સૂચવે છે. અભિધ્યાનની વાત પણ આમાંની કહી શકાય તેમ છે, ટૂંકા સુખમાં જેમ ભાગ સૌને પડે તો જ સુખ દ્રઢ બને છે તેમ બીજાના દુઃખો માથે ઓઢી લેવા મથીએ તો જ આત્મીયતાનો આનંદ દ્રઢ બને છે અને વિશ્વમયતાની સાધના દિશામાં એ અનિવાર્ય ઉપયોગી બને છે.

**ચિંચણ, તા. 8-11-79** **સંતબાલ**

❀

**ચિંચણ, તા. 8-11-78**

## આંતરમુખતા

અગત્યની વાત એ છે કે હવે મારે અંતરમુખ કેમ થવું તેનું ચિંતન લાંબાકાળથી ચાલે છે. વાંચન ચિંતન દ્વારા માર્ગ મળે છે તેમ થાય છે, પણ (મારે) Particular ક્રિયા આ માટે શું કરવી જેથી બહિર્મુખતા ઘટે અને અંતરમુખતા વધે. તે માટે તો ગુરુદેવનું માર્ગદર્શનજ જરૂરી છે :

**ગુરુદેવ : પ્રથમતો અંતરમુખતાનો અર્થ સમજી લેવો જરૂરી છે. પદાર્થના મૂળ તરફ જોવાની દૃષ્ટિ પ્રગટે તો અંતરમુખતા સહજ સહજ પ્રગટવા માંડે છે. જેમ યુવાન નારી-શરીર જોયું અને આકર્ષણ થયું. યુવાન નારી શરીરમાંથી ત્વચા ઊખડી ગઈ - બાકી શું ? આમ વિચારતાં તરત ખ્યાલ આવી જાય - આમાં આકર્ષણ નથી પણ મૂળે તો આત્માનું આકર્ષણ છે તો આત્માનું ઐક્ય કરવાનું, સાધવાનું આકર્ષણ જન્મવું જોઈએ. મતલબ, જરાક ઊંડા ઊતર્યા કે તરત આત્મા સ્વયંય આવીને ઊભો રહી જાય છે. આ જ રીતે સૂક્ષ્મ સાથે અનુસંધાને થવાનું. નમ્રતા અને નિખાલસતા હોય ત્યાં આવું બનવું સરળ થાય છે.**

## અહિંસક સમાજ રચનાના ત્રણ વાહનો

ગામડીઆ આજે નિરૂપાયે દુઃખ સહે છે. પણ સમજ આવી જશે કે સાચી દિશાની દોરવણી એને મળશે, ત્યારે ખેડૂતને પોતે જગતાત છે, તેવી

જવાબદારી આપમેળે આવી જશે. ખેડૂત, પછાત રહેલા વર્ગો અને માતૃજાતિ આ ત્રણેય અહિંસક (અથવા ધર્મમય) સમાજ રચનાનાં પરમ વાહનો છે. એટલે એ ત્રણ ઉપર વધુમાં વધુ ધ્યાન આપવું જરૂરી છે.

## ખરી લોકશાહી લોકલક્ષી હોય

રાજકારણ પણ શુદ્ધ દૃષ્ટિએ વિચારવું અનિવાર્ય જરૂરી છે કારણ કે આખરે તો રાજકીય ક્ષેત્રે આજની જે લોકશાહી રાજ્ય પદ્ધતિ છે જે પ્રચલિત બધી રાજકીય ક્ષેત્રની પદ્ધતિઓમાં સર્વશ્રેષ્ઠ પદ્ધતિ છે, પણ જ્યાં લગી તે લોકલક્ષી લોકશાહી ન બને ત્યાં લગી અધૂરીજ રહેવાની. ભારત જ એક એવો દેશ છે જ્યાં લોકલક્ષીપણું તો રાજાશાહી હોવા છતાં હતું જ. હવે જો રાજાશાહી દુનિયામાંથી જવા જ બેઠી છે તો ભલે જાય. આમેય વ્યક્તિ વિભૂતિનો આ યુગ નથી સમાજ વિભૂતિઓનો યુગ છે એટલે પણ સમાજ ઘડતર વ્યવસ્થિત થાય અને એમાં રાજકારણ પણ એનું અંગ બની જાય એટલે પત્યું !

**પ્રભાત, તા. 3-2-79** **સંતબાલ**

❀

**ચિચંણ, તા. 11-8-78**

## એકાગ્રતા આધ્યાત્મિક જીવન

એક કચ્છી સોલીસીટર વકીલ ભાઈ સાથે વ્યવહારુ આધ્યાત્મની વાતો ચાલી (ગુરુદેવ સાથે). વકીલ હોવાને અંગે કેટલુંક અવલોકન તેમનું સ્પષ્ટ અને ગમે તેવું હતું. બુદ્ધિ કુદરતી રીતેજ વિકસેલી એટલે સામાન્ય વાતો કરતાં આ ભાઈની વાત અને પ્રશ્ન રસપ્રદ હતાં. એકાગ્રતા અને આધ્યાત્મિક જીવન તે બે વિષયની વાતો ચાલી.

ગુરુદેવ જવાબમાં બોલ્યા : (૧) એકાગ્રતા થતી નથી તેનો વાંધો નહીં પણ જ્યાં અને જે point ઉપર રસ પડતા સાત્વિક મુદ્દા કે ચિત્ર અગર નામ ઉપર મન એકાગ્ર થતું હોય તે છોડવું નહીં. વારંવાર એ વસ્તુ ઉપરજ મનને એકાગ્ર રાખવાથી છેવટે એક ધ્યાન સધાશે માટે ચિંતા કરવી નહીં. એકાગ્ર થવામાં અવાજો જાત જાતના સંભળાશે, ખંજરી વાગતી હોય તેવો ધ્વનિ પણ સંભળાશે. પણ તેથી મન ચલિત થવા ન દેવું. એવા બધા તબક્કા આવવાના જ. એ પસાર કરીને આગળ વધવાથી છેવટે પૂરું એક ધ્યાન સધાશે.

(૨) આધ્યાત્મિક્તામાં એક પ્રકારની જે ઉદાસીનતા-કંટાળાનો ભાવ

આવે છે. તે બરાબર નથી. કંટાળાથી કર્તવ્ય અને ફરજો પ્રત્યે અરુચિ પેદા થાય છે. અરુચિથી તે તે કામ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય છે; પરિણામે નથી વ્યવહાર કુશળતાપૂર્વક થઈ શકતો કે નથી આધ્યાત્મમાં પણ જરૂરી કર્મકુશળતા આવતી. આમાંથી છેવટે અતોભ્રષ્ટ-તતોભ્રષ્ટ જેવી સ્થિતિ પેદા થાય અને એકલા અટુલા પડી જવાય છે જેના નબળા પ્રત્યાઘાતો ચોમેર ફેલાઈ જિજ્ઞાસુ અને તેના વર્તુલને દુઃખકર બને છે. આથી ઊલટું, કર્તવ્ય ભાવથી દરેક કામ જો કરવામાં આવે તો માણસને નથી કંટાળો આવતો કે નથી તેનું મન અસ્વસ્થ થતું. સદા સર્વદા તેનું મન પ્રસન્ન રહે છે કારણ કર્તવ્યમાં અહમ્તા-મમતાનો લગવાડ ન હોવાને કારણે સારા નરસામાં મન બેચેન થતું નથી. આમાં એક વસ્તુ એ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે સારું જેમ પ્રભુ આપે છે તેમ માઠું પણ પ્રભુજ આપે છે. પણ સમજણના અભાવે જ્યારે માઠું કે અણગમતું આવે ત્યારે આપણે રાગ દ્વેષમાં તણાઈ જઈએ છીએ. પરિણામે નિમિત્તો બધાં સારાં કે નરસાં - પ્રભુ પ્રેરિત છે તે વાત તદ્દન ભુલાઈ જવાય છે. ગુરુદેવની આ વાતોથી વકીલ ભાઈને સંતોષ થયો હોય તેમ લાગ્યું.

❀

## આકાંક્ષા અને સંતોષ

એક રાત્રી પ્રવચનમાં ગુરુદેવે આકાંક્ષા અને સંતોષ અંગે સુંદર વાત કહી. આકાંક્ષા Endless છે. એક પૂરી થાય એટલે બીજી ઊભીજ છે. આમ એનો કદી અંત આવતોજ નથી. પરિણામે જિંદગી આખી આકાંક્ષાઓ પૂરી કરવામાંજ પૂરી થઈ જાય છે. આમાં જીવન અંગે જરૂરી વિચારણા કે ધ્યાન આપી શકાતું નથી. આ માટે સારો રસ્તો સંતોષ રાખી આકાંક્ષાઓને છૂટો દોર ન આપવો તે છે. સંતોષ રાખવાથી ઘણા લાભ થાય છે, તેનો મોટામા મોટા લાભ એ કે તે સંતોષથી નૈસર્ગ-ઈશ્વર-શ્રદ્ધા-નિષ્ઠા વધે છે અને આ વાત ભુલાઈ ગઈ છે; પરિણામે જ્યાં જુવો ત્યાં માણસને અશાંતિ અને અજંપોજ જોવા મળે છે. આકાંક્ષા માટે બીજા સાથેની હરીફાઈ નુકસાનકર્તા છે.

## ડૉ. સોનેજી અને તેમનું વર્તુળ

હમણાં ડૉ. સોનેજી અને વર્તુળ આવી બે દિવસ રહી ગયું સારું તો એ છે કે સોનેજીને ભગવાન મહાવીર સ્વામી પ્રત્યે આદરભક્તિ છે. ઉપરાંત સાદાઈ, સંયમ તથા ન્યાય સંપન્ન આજીવિકા વિના માત્ર આધ્યાત્મિક વાતોથી

આધ્યાત્મિક કક્ષા પમાયજ નહીં, એમ પણ માને છે. ઉપરાંત ગાંધી વિચારથી ઠીક ઠીક કસાએલા લોકો પણ એમના સાથીઓમાં છે, એટલે શ્રીમદ્‌ના નામે બાવાઓ થવા લાગ્યા છે, તેમ અહીં થાય તેવું નથી. સંતો તરફનો આદરભાવ પણ આ સૌને અતિ ગણાય તેવો છે. અલબત્ત અત્યારે ઝોક સર્વસંગ પરિત્યાગ તરફ અને નિવૃત્તિ તરફ વધુ છે પણ શરૂઆતમાં તો આ માર્ગે જનારમાં એવું હોયજ. દિગંબર તીર્થો તરફ અને દિગંબર સાહિત્ય તરફ વધુ ઢળવું આ દૃષ્ટિએ એમનું બને છે પણ ધીરે ધીરે સમતુલા આવી જવા સંભવ ખરો.

### અનંત જીવોની આત્મૈક્યતા

જૈન આગમોમાં કેવળજ્ઞાન પણ પ્રાપ્ત તો તેનેજ થાય છે જે પ્રત્યક્ષ યા પરોક્ષ તીર્થંકર કૃત જૈન સંઘ પ્રત્યે અભિમુખતા સતત સાધી લે છે.

ખરી રીતે તો આ બધું જોતાં એક બાજુ આત્મા નિરનિરાળા શરીરમાં નિરનિરાળો છે તેમ દઢાવવાથી નિર્લેપતા કેળવાય અને અંતે તો અનંત જીવો છતાં આત્મા એક પણ છે તેમ દઢાવવાથી ઓતપ્રોતતા પણ સધાય છે.

તા. 3-2-79 **સંતબાલ**

❀

## સર્વાંગીણ સાધનામાં સત્વ, રજસ અને તમસનું સ્થાન

આપણે એકવાર તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણ અને ત્રિગુણાતીતની ચર્ચા કરી ગયા હતા, તે યાદ છે ને ? તમોગુણ ઉપર રજોગુણ નજીકનો હોઈ તમોગુણને કાબૂ રાખવામાં રજોગુણજ કામ આપી શકે. એવુંજ રજોગુણ ઉપર સત્ત્વગુણનો કાબૂ આવી શકે સીધો ત્રુગુણાતીતનો નહીંજ. આ દૃષ્ટિએજ સર્વાંગીણ સાધનામાં રાજ્યતંત્રનો તમોગુણ અનિવાર્ય છે કારણ કે તમોગુણ ઉપર તેવો રજોગુણજ કાબૂ રાખી શકે. એવા રાજ્ય ઉપર રજોગુણ છતાં સત્ત્વગુણાભિમુખ જનતાનો કાબૂ હોય. આ દૃષ્ટિએ કૉંગ્રેસના બંધારણમાં ગાંધીજી સત્ય અહિંસા લાવવા માંગતા હતા. હવે તે કામ ભાલ નળકાંઠા ખેડૂત મંડળ અન્વયના ખેડૂત મંડળો લાવી શકે તે માટે આખાય દેશનું ખેડૂત મંડળ એ પદ્ધતિએ કરવા માગીએ છીએ. કૉંગ્રેસ વર્ષોથી (ભલે રાજકીય ક્ષેત્રે પણ) ઘડાએલું લોકબળ હોવાથી ભારત દ્વારા જગકલ્યાણની દિશામાં કામ કરવું હોય, તો તેને સૈદ્ધાંતિક રીતે અને નામની રીતે બન્ને રીતે બચાવવું જોઈએ. આ કામ જનસંગઠનો અને તેમાંય મુખ્યત્વે ગ્રામજન સંગઠનોનું છે. નૈતિક ગ્રામ સંગઠનનું ખેડૂત મંડળ એ મુખ્ય અંગ છે.

**સંતબાલ**

## વ્યક્તિગત અને સમાજગત સાધના

આપણા ધર્મપ્રધાન દેશમાં વ્યક્તિગત સાધના હંમેશા સમાજગત સાધનાની સાથોસાથ જ ચાલી છે. ગૃહસ્થાશ્રમ જુઓ કે સંન્યાસ્તાશ્રમ જુઓ. બન્ને સંસ્થાઓજ છે. તેથીજ ભારતનું કુટુંબથી માંડીને વિશાળ સમાજ ઘડતર આ રીતેજ થયું છે. છતાં છેલ્લા કાળે વ્યક્તિગત સાધના તરફ ઝોક વધ્યો એટલે આજે ગાંધીયુગ અથવા સમાજગત સાધનાનો યુગ મહાત્મા ગાંધીજીથી વિધિસર શરૂ થયો.

તા. 3-2-79, સંધ્યા — **સંતબાલ**

❀

## જાપ-સ્વપ્ન

ગીતામાં તો "यज्ञानाम् जप यज्ञोस्मि" એટલે કે યજ્ઞોમાં હું જપ યજ્ઞ છું એટલી હદે કહેવાયું છે. અલબત્ત છેવટે તો જ્ઞાનયજ્ઞ પામવાનો રહે છે. એક અર્થમાં અજપા જપાય તે પણ જ્ઞાન યજ્ઞ જ છે.

સ્વપ્નને બહુ મહત્ત્વ આપવાની જરૂર નથી. છતાં સવારનું અને મીઠું સ્વપ્ન હોઈ, તેની મહત્તા પણ છે. મૃત્યુ પછીનું નવજીવન એ પણ ઊજળા ભવિષ્ય માટે આગાહી રૂપ ગણવામાં હરકત નથી. સ્વપ્નના ઘણાં પ્રકારો છે. તે પૈકી એકે આંતરમને જે સંસ્કારો કે વિચારો ઝીલ્યા હોય તે પણ હોઈ શકે છે.

**સંતબાલ**

❀

## નમ્રતા અને નિખાલસતામાં પણ છૂપો રહેલ અહમ્

ઘણીવાર નમ્રતાથી અને નિખાલસતાથી રજૂઆત કરતાં કરતાં પણ છૂપો અહમ્ પોષાતો હોય છે ! તે વિષે પ્રથમથીજ સાવધાની રાખવી; નહીં તો જેમ પ્રાર્થના કે બીજી ક્રિયાઓ "રૂટીન" થઈ જાય છે તેમ આવું નમ્ર-નિખાલસ લખાણ પણ "રૂટીન" જેવું બની જાય છે અને પુરુષાર્થ પાંગરતો નથી.

બીજી પણ એક વાત અધ્યાત્મ માર્ગીઓએ વિચારવા જેવી છે. તે એ રીતે કે અધ્યાત્મ માર્ગમાં જલદી જલદી આસપાસનું વર્તુળ મહત્ત્વ આપી દે છે. સંબોધનો કે વિશેષણો અત્યુક્તિભર્યાં વાપરી દે છે. શરૂઆતમાંથીજ

જાગૃત સાધક પોતાની ઊણપો વારંવાર ત્યારે નિખાલસપણે કહ્યા કરે છે. પણ જરાક અજાગૃતિ આવી કે તરત તેવો અજાગૃત સાધક આ "વાહવાહ"માં ફસાઈ પડે છે. જુવોને જોત જોતામાં શ્રી રજનીશ, પ્રોફેસરમાંથી આચાર્ય અને આચાર્યમાંથી ભગવાન બની ગયાને ! હવે એમાં તેમને પોતાને કદાચ અતિશય અતિશયોક્તિ આમાં લાગવાને બદલે આવું પોતામાં આરોપણ સહજ અને સાચું પણ લાગતું હોય ! એવુંજ કાનજી મુનિને "કહાન પ્રભુ"નું વિશેષણ હવે ખૂંચતું નહીં હોય, પણ સહજ બની ગયું હોય તો નવાઈ નહીં. આ વખતે ડૉ. સોનેજીને "સાહેબ" સંબોધન એક બહેને વાપર્યું અને તરત મારાથી કહેવાઈ ગયું "ભાઈશ્રી" રાખો, "સાહેબ" ન બનાવી દો. "ભાઈશ્રી" રાખવામાંજ આત્મીયતાનો અનુભવ થવાનો. જોકે પાછળથી મેં કહેલું કે આ વાતને ગંભીર અર્થમાં લેવાની જરૂર નથી." પણ આખાય વર્તુલને વિચાર કરવાનું તો બનીજ ગયું. ખુલાસો એ જાતનો પણ થયો કે "ડૉ. સાહેબ" ને બદલે "સાહેબ કહેવાઈ જાય છે." આ બાબતમાં ગાંધીજી, આપણા સદ્ગત ગુરુદેવ અને પંડિત જવાહર ખૂબ સારી પેઠે જાગ્રત રહ્યા હતા તેમ કહી શકાય. મારી એક શુભેચ્છા પણ આ વર્તુલ માટે ખરી કે અત્યારે જે જુદા જુદા શ્રીમદ્ આશ્રમોના વાડાઓ બની ગયા છે તે બધાને એકત્રિત કરવાનું કામ આજે છે તેવા રહી શકે તો ભવિષ્યે ડૉ. સોનેજી કરી શકે તેમ છે.

**સંતબાલ**

❀

## ચિન્મયાનંદજી, આનંદમયી માતાજી, શ્રી અરવિંદ વ.નો ઉપદેશ તથા સક્રિય અધ્યાત્મની અગત્ય

આમેય ચિન્મયાનંદજીની ભાષા સાદી અને અંગ્રેજી હોવા છતાં આત્મીયતાભરી લાગે તેવી લેખી શકાય કારણ કે સેંકડો શ્રોતાઓ સાંભળવા દોડતા જણાયા છે. વેદાન્ત એ વૈદિક સંન્યાસીઓનો મુખ્ય વિષય હોઈ ભક્તિ તેમાં ભેળવવી જરૂરી ખરી. એ રીતે સ્વામી અખંડાનંદજીમાં વેદાન્ત અને ભક્તિ બન્ને દેખાય અને એટલે બન્ને વચ્ચે ફેર પણ ખરો. કલકત્તા બાજુ શ્રી "રંગનાથન" પણ અંગ્રેજીમાં સારા વક્તા ગણાય છે. ટૂંકમાં જેમ ચિન્મયાનંદજીને સાંભળવાનો સુંદર મોકો મલ્યો અને તે મોકાને તેટલીજ સહજતાથી અપનાવ્યો તેમ સ્વામી અખંડાનંદજી અને સ્વામી "રંગનાથન"ને પણ સાંભળવાની તક મળે ત્યારે સાંભળવા સારા. એ દૃષ્ટિએ ભક્તિ તત્ત્વનું

વૈશિષ્ઠ્ય આનંદમયી માતાજીમાં પણ ખરું. આ બધું જરૂરી ખરું, છતાં ઠેકઠેકાણે કર્મયોગની આજના યુગે ઉમેરણા જરૂરી થઈ પડે છે.

શ્રી અરવિંદો અને માતાજીને આ કર્મયોગના સંદર્ભમાં વાંચવા વિચારવા ઉપયોગી જણાશે. પરંતુ છેવટે તો શ્રીમદ્‌ની ન્યાયસંપન્ન વૃત્તિ, આપણા સદ્‌ગત ગુરુદેવની માનવતાવાળી વાત, પંડિતજીનું પંચશીલ વાળું સમન્વય ભર્યું શુદ્ધ લોકશાહી યુક્ત રાજકારણ અને એની પછવાડે રાજનો કર્મયોગજ સત્યને વિશ્વવ્યાપી બનાવવા માટે આજે અનિવાર્ય ભાસે છે.

સક્રિય આધ્યાત્મ કેવું હોય અને કર્મ માત્રમાં ધર્મ-સ્પર્શ કેવી રીતે લગાડવો તે તો ગાંધી જીવનમાંથી જ મળશે. એટલુંજ નહીં બલકે સંસ્થાકીય ઉત્થાન અને સર્વાંગીણતા વાળી વાત પણ ત્યાંજ અનુભવાતી મળશે. સદ્‌ગત ગુરુદેવનાં બન્ને અંજલિ કાવ્યો અહીં તાજાં થઈ જાય છે.

તા. 3-2-79, સંધ્યા — સંતબાલ

❀

## બીજાને ધર્મ પમાડવાનું મહત્ત્વ

બીજાને માટે આર્થિક રીતે ઘસાવું તે (જરૂર પડે ત્યાં) ગૃહસ્થ માટે અનિવાર્ય આવશ્યક ગણાય. પણ એ બધું તો સ્થૂળ છે. તે બીન જરૂરી નથી. એમ છતાં સાથો સાથ સૂક્ષ્મ રીતે જોતાં જાપ દ્વારા સધાતી આત્મીયતાના કેટલીકવાર અણધાર્યું. અને સર્વોત્તમ રૂપ આપે છે. ઠાણાંગ નામના અંગસૂત્રમાં બીજી કોઈપણ બાબત કરતાં વિશેષ મૂલ્ય ધર્મ પમાડવાનું કહ્યું છે. વડીલો કે માબાપનો ઉપકાર ચામડી ઉતરડી પગરખાં સિવડાવવા છતાં નથી વાળી શકાતો પણ ધર્મ પમાડવાથી જરૂર વાળી શકાય છે, તેમ ખાસ કહેવાયું છે. તેનો નિચોડ આ જ હોઈ શકે. અલબત્ત આપણી આંતરશુદ્ધિ, પ્રભુશ્રદ્ધા અને એકાગ્રતાની ત્રિવેણી તો જાપ સમયે જોઈએજ.

## સંત વિનોબા અને ઈન્દિરાબેન

સંત વિનોબા પાસે ઈંદિરાબેન જાય છે તેને હું શુભ લક્ષણ ગણું છું કારણ એ રીતે પણ સંત-સમાગમ તો થાય જ છે ને ? સંત વિનોબાને ઈન્દિરાબેનનો રંગ કાંઈક લાગતો હોય, તો યે વિશેષ રંગ તો સંત વિનોબાનોજ ઈન્દિરાબેનને લાગે, એમ માનીને ચાલવું ઘટે. જોકે "ગો-વધ પ્રતિબંધ" એ મુદ્દા પર તો મતભેદ તમારો છે જ નહીં.

## નિષ્ઠાવાન કાર્યકરો ઊભા થઈ શકતા હોય તોજ સંસ્થાની પ્રવૃત્તિઓ વધારવી

હા, પ્રવૃત્તિઓ ઘણી અને જોરથી વધી રહી છે, તે ચિંતા જનક વાત ખરી. હમેંશાં, પ્રવૃત્તિ એટલીજ વધારવી કે એવા નિષ્ઠાવાન કાર્યકર ઊભા થતા જાય. નહીં તો ભયસ્થળો જેમ મૂડી વધવાથી થાય, તેમ પ્રવૃત્તિઓ વધવાથી પણ થાય જ. બીજી પણ એક ખૂબ વિચારવા જેવી વાત એ છે કે જો કાર્યકર ન વધે તો જે નિષ્ઠાવાન કાર્યકરો હોય તેમના પરજ બોજો વધે. આ પણ યથાર્થ નથી. અહીંની પ્રવૃત્તિઓ તેથીજ શક્ય તેટલી સ્થગિત કરવામાંજ મને રસ છે. હજુ મહેમાનોની અવર-જવરનું જે દબાણ રહે છે તે ઘટાડવુંજ રહ્યું. મીરાંબહેનના એકલાના પર જ એ બોજો આવતો જોઈ હું ઘણીવાર વિચારમાં પડું છું, પણ મને ઊંડે ઊંડે વિશ્વાસ છે કે જેમ જેમ વહાલી શિષ્યા ઉ.હ. બહેન પ્રભા સહિત સવિતાબહેન વ. લોકો કાયમી વસવાટ કરશે એટલે એ બોજો આપોઆપ ઘટી જશે.

**સંતબાલ**

❀

## ગાંધીજીની સમાજગત સાધનાની અગત્ય

સ્વામી ચિન્મયાનંદજી વિશ્વમયતાનો મર્મ સમજે જ છે, પણ આ અંગે આ યુગે ગાંધીવિચારને અક્ષરશઃ અપનાવવાની જરૂર છે તે સંન્યસ્થવેશ અને જે પરંપરા ચાલી આવે છે તે જોતાં ઘણું કઠણ છે. ખરી રીતે ગાંધીજીએ સમાજગત સાધના ઉપરજ આ કાળે જોર આપ્યું અને એવુંજ જીવનથી બતાવી આપ્યું કે રાજકારણથી પણ અળગા ન રહેવું જોઈએ. આનો અર્થ લોકો એ સમજી બેઠા કે ગાંધીજી તો રાજપુરુષ જ હતા. ખરી રીતે ગાંધીજીનું રાજકારણ તો ધર્મનો જીવન ને જગત બન્ને સાથે તાળો મેળવવોજ જોઈએ એ ધર્મભાવનાથી સંયુક્ત હતું. આપણાં લલિતાબહેન (ઘાટકોપર માતૃસમાજ પ્રમુખ) ઘણીવાર કહે છે 'હું તો તે સંન્યાસી કે જૈન સાધુ-સાધ્વી પાસે જવું પસંદ કરું છું કે જેઓ ગાંધીજી પ્રત્યે સહૃદય સદ્‌ભાવી હોય આ એમની વાત ધ્યાનમાં લેવા જેવી છે.

## સાધુ સાધ્વીઓને ગ્રામાભિમુખતા હોય તો આત્માભિમુખતા આપોઆપ મલી રહેશે.

"ભારતીય ગામડું" ખરેખર શું છે ? તે કસોટીને વખતેજ યથાર્થ રીતે જાણી શકાય છે. એથીજ હું જૈન સાધુ સાધ્વી અને સંન્યાસીઓને બીજું કશું ભલે ન હોય પણ ગ્રામાભિમુખતા હોય, તોયે બીજું ખૂટતું બધું આપોઆપ મળશે એટલી હદે કહેવા તત્પર હોઉ છું.

## સ્થૂળ શક્તિ વધે ત્યારે પતિ-પત્નીએ તકેદારી રાખવાની જરૂર

ઊંડી વિશ્વમયતાની દૃષ્ટિએ જોઈએ તો આપણી શક્તિ વધે, ત્યારે બીજા શરીરધારી સાથે ઓતપ્રોત થવા ઉતાવળ થાય છે. આ ઉતાવળમાં ગૃહસ્થાશ્રમીનું ધ્યાન સ્વયંકેંદ્રિત હોવાથી તરત પોતાની પાસેનું પત્નીપાત્ર સાંભરે છે અને દુર્ભાગ્યે પત્ની પણ વિરોધ કરવાને બદલે ઉતાવળ (પતિની) હોય તોયે તેને આધીન થઈ જાય છે. અને કેટલીક પત્નીઓ તો તેમાં પોતાનું સદ્‌ભાગ્ય પણ નિહાળે છે અને પતિને પોતા વિષે પરાધીન બનાવવામાં લહાવો માની બેસે છે.

તા. 21-2-79 સંતબાલ

## મારી પાસે કોઈ "ચમત્કાર" નથી

... ઈચ્છા ન હોવા છતાં મારા સંબંધોમાં જે નાના મોટા પ્રસંગો બને છે તેમાંથી જાણ્યે અજાણ્યે પણ "ચમત્કાર" તારવવાનું ડગલે અને પગલે ડાયરીમાં દેખાય છે તે ધરમૂળથી ફેરફાર માગે છે, વસ્તુતઃ આમાં કોઈ ચમત્કાર નથી. છતાંય શ્રદ્ધાને કારણે ચમત્કાર ન હોય તોયે ચમત્કાર તારવી શકે એ બનવા જોગ છે. એ રીતે ભલે ચમત્કાર પોતાને દેખાય ! પણ એવી બાબતોની જાહેરાત કે એ બાબતોનું પ્રગટીકરણ કરવા જેવું નથી જ.

તા. 1-3-79 સંતબાલ

## બધાં શ્રીમદ્-વર્તુળોના સંકલનની જરૂર

ડૉ. સોનેજીનું વર્તુળ અહીં આવી ગયું એ તો તમો જાણો છો જ. એ અંગે મેં જેમાં દુર્લભજીભાઈ ખેતાણી મુખ્ય છે તેવા ઘાટકોપરના શ્રીમદ્‌પ્રેમી

**વર્તુળને લખેલું, તેનો જે સુંદર જવાબ આવેલો તે ઉપરથી મે વિ. વા. માટે જે અગ્રલેખ લખ્યો છે તે કદાચ ૧-૬-૭૯ના અંકમાં આવશે. ટૂંકમાં અગાસ મૂળ પ્રાચીન શ્રીમદ્ સ્થાન છે તે વાત ધ્યાનમાં રાખીને પણ બધાં શ્રીમદ્ વર્તુળોનું સંકલન જરૂરી છે. તો એકવાક્યતા પણ જળવાય અને શક્તિ પણ વધે. ભવિષ્યમાં મારી ઈચ્છા એવી ખરી કે એમાં જે ગાંધી વિચારની કડી ખૂટે છે, તે કર્મયોગની કડી ભાલ નળકાંઠા પ્રયોગના પૂરક એવા વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ સંસ્થાના સંચાલન તળે જે મહાવીરનગર આંતર રાષ્ટ્રિય કેન્દ્ર છે, તેનાથી આ બધા સંપર્કો પછી આપોઆપ પુરાઈ જાય.**

**તા. 2-6-79, સવારે** **સંતબાલ**

❀

**અમદાવાદ, તા. 25-3-79**

## સંતબાલજીના બે ભક્તો

કુરેશીભાઈને મળવા ૨૦ માર્ચના હરિજન આશ્રમ ગયો. મળ્યા બાદ ગોવધ બંધી માટે ત્રિ ઉપવાસની સાંકળમાં બેઠેલા મિંગલપુરના બે ગામડીઆ ભાઈઓને મળ્યો. એક હતા ૮૦ વર્ષના આત્મારામ ભગત, બીજા હતા તેમના ૫૦ આસપાસની વયના ભત્રીજા જીવાભાઈ. વેશ અને ચહેરા ઉપરથી ભગતજ લાગતા હતા. આ વૃદ્ધાવસ્થાએ પણ શ્રદ્ધાના જોર ઉપર નકોરડા ત્રણ ઉપવાસ કરવા છતાં બોલવા કરવામાં ન તો ક્યાંય ઢીલાશ કે અહંકાર. સંતબાલજી ઉપર પૂરી આસ્થા અને હુકમનામાની ઉપવાસમાં કશી હો હા વગર બેસી ગયા અને પારણું કરી મૌનભાવે પોતાને ગામ પણ જતા રહ્યાં. આ વૃદ્ધ દિવસના સૂવે પણ નહીં. ઉપવાસને લીધે આરામ લેવા માટે આગ્રહ સૂચવાનો થાય તો કહે "અહીંઆ સૂવા માટે થોડા આવ્યા છીએ. બાપુએ (સંતબાલજીએ) અમારા માટે ક્યાં થાડાં કષ્ટ વેઠ્યાં છે, તે અમે નગુણા થઈ આમ સૂઈને ઉપવાસ કરીએ ? અમે તો કાંઈ નથી કરતા, બાપુએ તો અમારા માટે ઘણું વેઠ્યું છે અને હજી પણ વેઠે છે. આવી હૃદયની હનુમાન ભક્તિ ગુરુ માટે હોય ત્યાં શબ્દો શું લખવા કે કહેવા ?

ભત્રીજા જીવાભાઈ ૫૦ આસપાસની ઉંમર છતાં પંદર વર્ષના કુમારને ગાલે યુવાનીના ટસિયાં ફૂટે તેવા ભરાવદાર ગાલ અને તેજસ્વી તેમજ હસતી મુખ મુદ્રાવાળા હતા. તેઓ પણ કાકા કરતાં વધુ ઉત્સાહપૂર્વક વાતો કરતા હતા અને ઉપવાસમાં બેઠા હતા. ભગત કરતાં ભત્રીજા એક ડગલું આગળ હતા. ઉપવાસમાં

તેમણે પાણી પણ ન લીધેલું. ઉપરાંત સવારે બધા સાથે ગામમાં પ્રભાત ફેરીમાં જતા હતા. કાકા ભત્રીજા બન્નેએ માથે પાઘડીને કેડીયું પહેરેલ હતાં. જીવાભાઈની ભક્તિ સંતબાલજી પ્રત્યે પણ એટલીજ. વાતમાં કહે "ગીયા વરસે બાપુને મેં ચિઠ્ઠી લખી દર્શને આવવા પુછાવેલું. ઘણાં વરસ થઈ ગયાં. બાપુના દરસન નથી કીધાં. આમ તો બાપુ અમારા રુદિયામાંજ રહે છે. કાયમ રોજ સાંજે હું ભક્તિ અડધો કલાક કરું ત્યારે બાપુ નજરે દેખાય. પણ ગીયા વરસે થયું લાવને ગામ જઈ બાપુનાં તાંજા દરસન કરી આવું એટલે ચિઠ્ઠી લખી. પછી બાપુનો જવાબ આવ્યો હતો. લખતા તા 'હમણાં રેલવેનાં ભાડાં ઘણાં છે અને મોંઘવારી છે તો આવવાનો ખર્ચો ન કરો તો સારું એટલે પછી મેં માંડી વાળ્યું. આ ઉપવાસ પૂરા કર્યા કેડે હવે બાપુને લખવા વિચાર છે. જો હા લખશે તો આ વખતે દર્શન કરવાની ઘણી કામના છે મનમાં. આમ વાત જીવાભાઈ સાથે થઈ. આમાં વખાણ કોનાં કરવા, કાકાનાં કે ભત્રીજાનાં ? એકથી એક ચઢે તેવા આ ભક્તો કેવા ?

''ગો-વધ બંધી' માટે વિનોબાજીના આમરણ ઉપવાસ ન આવે તે માટે એકવીશ દિવસ (૧-૪-૭૯ થી ૨૧-૪-૭૯) ઉપવાસ ગુરુદેવ કર્યા.

## ગાય પ્રશ્ન માત્ર ભારતીય નહીં પરંતુ જાગતિક પણ છે; જૈન સાધુઓએ આ પ્રશ્ન ઉપાડી લીધો હોત તો જૈનધર્મ "વિશ્વધર્મ" છે તે યથાર્થ બની રહેત

મૂળે તો "ગાય પ્રશ્ન" માત્ર ભારતીય નથી. ભારત દ્વારા જગકલ્યાણની રીતે એ "ગાયપ્રશ્ન" જાગતિક પણ છે જ. હવે જો કોઈ જૈન સાધુ આમાં મુખ્ય નિમિત્ત બનેલ હોત તો જૈન ધર્મ "વિશ્વધર્મ" છે તે વાત યથાર્થ બની રહેત. પરંતુ ગાંધીજી વૈષ્ણવધર્મી (જૈનેતરધર્મી) હોવા છતાં શ્રીમદ્‌ની સત્યધર્મ (જૈનધર્મ)ના ઉદ્ધારની વાત ઝીલી અહિંસા, સત્ય, સંયમ, ત્યાગ અને તપમાં એમ સર્વાંગી પણે આગળ વધ્યા. એટલે એક અર્થમાં ગાંધીજી આગળ વધી ગયા અને જૈન સાધુ વર્ગ પાછળ રહી ગયો ગણાય. અને તેટલે અંશે જૈન સાધુ વર્ગની એ ઉણપ પણ લેખાયજ. કલ્પસૂત્રમાં આવતી 'પુરુષજ્યેષ્ઠ' અથવા પુરુષ-પ્રધાન વાત પણ ધર્મ ક્રાંતિમાં જૈન સાધુએ પહેલ કરવી ઘટે એમ સૂચવે છે. અલબત્ત જૈન સાધુ કરતાંય થોડા આગળના જીવનમાં જઈ લોંકાશાહે શ્રાવક જીવનમાં તો સફળ કરી બનાવ્યું. અલબત્ત પછીથી પૂ. ધર્મસિંહજી મુનિ, પૂ. ધર્મદાસજી મુનિ અને પૂ. લાલજી ઋષિ, સાધુ જીવનમાંની

એ ખામી આ ત્રણ સાધુ પુરુષોએ દૂર કરવાનું કાર્ય જરૂર કર્યું. એમ ગાંધીજીના ધર્મક્રાન્તિના કાર્યની સદ્‌ગત ગુરુદેવ કવિવર્ય નાનચંદ્રજી મહારાજશ્રી આગળ આવી ક્રાન્તિપ્રિય સ્થા. જૈન સમાજના સાધુ તરીકે તાલ મેળવ્યો ખરો ! અને તેથી આ યુગે પણ કેટલીક ખામી પુરાઈ, પણ પછી સમસ્ત સાધુ વર્ગે ગાંધીજીની અહિંસક સમાજ રચનાની કૂચ ચાલુ રાખવા જેવી ચાલુ ન રાખી. પણ જૈનેતર હોવા છતાં ભગવાન મહાવીર પ્રત્યે ભક્તિ રાખી એ દિશામાં ગાંધી-ચીલો ચાલુ રાખ્યો અને આ જાગતિક પ્રશ્ન (ગાયના પ્રશ્ન)માં આમરણાંત અનશનનો સ્વયંસ્ફુરિત સંકલ્પ વિનોબાજીએ પાર પાડવા પ્રયત્ન કર્યો. આ દૃષ્ટિએ તેમને ઉપવાસો ન કરવા પડે એ સ્ફૂરણાથી એકવીશ ઉપવાસો સહેજે આવી પડ્યા. સારું થયું કે સંત વિનોબાજી પ્રિય મોરારજીભાઈની નૈતિક હિમ્મતને કારણે અગ્નિ પરીક્ષા પાર કરી ગયા. આ રીતે બધું ઠીક થયું. મારા મતે તો જૈન ધર્મની એમાં સાધુ પ્રધાનપણે હોવાથી, ઈજ્જત જતાં બચી ગઈ. એ એક મોટુ કામ થયું. આથીજ આ એકવીશ ઉપવાસોમાં વ્યક્તિ તરીકે સંતબાલ જૈન મુનિ ગૌણ અને સંત વિનોબાનું પોતાનું સ્ફુરણ મુખ્ય હોઈ તેઓ મુખ્ય અને તેના ટેકામાં તન, મન અને સાધનથી બધા જૈન ફિરકાઓ આગળ રહે તે વાત આ એકવીશ ઉપવાસોના નિમિત્તે સારી પેઠે પાર પડી એજ મોટા સંતોષની વાત ગણાય. બીજા આગળ એકવીસ ઉપવાસોનું જોખમ કશી વિસાતમાં ન ગણાય.

તા. 2-6-79 **સંતબાલ**

❀

## નરનારી એકતા

સામાન્ય રીતે લોહી-સંબંધોમાં અથવા પતિપત્ની સંબંધોમાં વ્યામોહ, મોહ અને રાગનો સવિશેષ સંભવ છે. તેથી વિચાર સંબંધોમાં કે કર્તવ્ય સંબંધોમાં એ લોહી સંબંધો પલટી જાય તે સારુ પ્રયત્નો કરવા. કેટલીક વાર આપણે જાતે આવા પ્રયત્નો ન કરીએ. અને કુદરત મૈયા આપણને એ સંબંધોમાંથી સાચે માર્ગે (એટલે કે કર્તવ્ય સંબંધ અથવા વિચાર સંબંધને માર્ગે) વાળવા માંગતી હોય તો આપણાં એ નજીકના સંબંધીઓ પ્રત્યે કાં તો તેમની અને કાં તો આપણી ઘૃણા (અથવા નફતર) થાય અથવા તેઓ કાં તો આપણો સંબંધ છોડે અથવા આપણે તેઓનો સંબંધ છોડીએ તેવા કારણો સ્હેજે સ્હેજે

ઊભાં થાય ! પરંતુ વિશ્વમયતાને માર્ગે જનાર સાધક સાધિકાએ ચેતીને જ્યાં જ્યાં વ્યામોહ, મોહ કે રાગવૃત્તિ દૂર કરીને વધુ અને વધુ તેમના અંતરંગ (મૌનપણે કે છેટા રહીને પણ) સંબંધો સારી પેઠે તારવવા અને ખીલવવા. દા.ત. ગાંધીજીના મોટા પુત્ર હરિલાલ ગાંધી - બાપુ વ્યાપક કાર્યોમાં વ્યસ્ત રહેવાને કારણે એમાં આગળ વધીને જોકે સફળ ન થયા પણ કસ્તૂરબાએ ગાંધીજીની તે દિશામાં ઠીક ઠીક પૂર્તિ કરી ગણાય. એમ પતિપત્નીની એકવાક્યતા ગાંધીજી કરતાંય ઘનિષ્ઠ થાય, તો તે વિશ્વમયતામાં સારી એવી મદદગાર સહેજે થાય છે.

કર્તવ્ય-સંબંધની દિશામાં બાપુના લોહી સંબંધવાળા નરનારીઓ માર્ગદર્શનરૂપ ઠીક ઠીક રહે તેવા છે. કારણ કે આખું (ગાંધીનું વિશાળ) કુટુંબ ગાંધી વિચારને માર્ગે સારી પેઠે ખેંચાયું. અમુક અંશે નહેરુ કુટુંબ પણ અને સરદાર કુટુંબ પણ લેખાય. મતલબ ધન, સત્તા વધારવામાં જેમ લોહી સંબંધો ઉપયોગી કે મદદગાર થતા હોય છે તે જ સંબંધો જો નીતિ ન્યાય અને વિશ્વમયતાના માર્ગે સૌની દિશામાં ઉપયોગી કેમ મદદગાર બને તો પોતાનું અને પોતાના માધ્યમે જગતનું પણ જરૂર કલ્યાણ થાય.

હા, લોહી સંબંધોને કે પતિપત્ની સંબંધોને કર્તવ્યભાવે જોઈને આગળ વધવું તે સલામત સ્તરે છે.

તા. 2-6-79 **સંતબાલ**

❀

## ચારિત્ર્યનો પડછાયો ચમત્કાર છે

"ચારિત્ર્ય હોય ત્યાં ચમત્કાર હોયજ. ચારિત્ર્યનો પડછાયો ચમત્કાર છે; તે પાછળ પાછળ આવે. ચમત્કાર એ ચારિત્ર્યનું અવાંતર રૂપ છે. એટલે ચમત્કાર પાછળ ન પડતાં, તાંત્રિક વિદ્યા પાછળ ન પડતાં, માણસે ચારિત્ર્યની સાધના પાછળ પડવું જોઈએ."

## તંત્રવિદ્યા નહીં પણ ચારિત્ર્યજ ત્રિગુણાતીતની ભૂમિકાએ પહોંચાડે છે

ગુરુદેવ બોલ્યા : "તાંત્રિક વિદ્યા એ મોટે ભાગે તામસિક શ્રદ્ધાની અને માર્ગની સાધના છે. અને બહુ બહુ તો રાજસિક સુધીની. સાત્ત્વિક માર્ગ અને શ્રદ્ધાની સાધના આ વિદ્યાથી થવા સંભવ નથી. એક માત્ર ચારિત્ર્યથીજ સત્વ અને ત્રિગુણાતીત સુધીની સાધનાએ - ભૂમિકાએ પહોંચી શકાય છે.

માટે ચમત્કાર અને તંત્રવિદ્યા ગમે તેટલાં આકર્ષક હોય તો પણ કાચો સાધક તેમાં પડે નહીં અને ચારિત્ર્ય ઘડતરનો માર્ગ છોડે નહીં.

## અપેક્ષા રહિતના સંબંધો બંધનકર્તા થતા નથી.

કર્તવ્ય સંબંધમાં સત્ય પ્રેમ અને ન્યાય એમ ત્રણે મુખ્ય હોય. લોહી સંબંધમાં મળતા વિશેષ હોવાને કારણે ગૂંચો ઊભી થાય છે અને માર્ગ મળતો નથી. વિચાર સંબંધોમાં કર્તવ્ય સંબંધ જોડાવાથી સરળતા પડે છે અને સંબંધો સારા રહે છે. કર્તવ્ય સંબંધમાં અપેક્ષા ન હોવાને કારણે માણસને દુઃખ કે અસ્વસ્થ થતાં નથી. એ જ ખ્યાલ જો લોહી સંબંધમાં રહે અને કોઈ પાસેથી કાંઈ અપેક્ષા ન રખાય તો લોહી સંબંધો પણ બંધનકર્તા થતા નથી, બલ્કે મદદરૂપ થાય છે. એટલે વિચાર અને લોહી સંબંધોમાં કર્તવ્ય સંબંધ જોડી રાખવા મથવું જોઈએ.

❀

તા. 4-6-79 Time 6.15 A.M. ચિંચણ

## સંબંધ માત્રને આત્મલક્ષે જોવા

આજ પ્રાતઃ પ્રવચનમાં ગુરુદેવ બોલ્યા :

"અસલમાં તો સંબંધ માત્રને જો આત્મલક્ષે જોવાય તો કર્તવ્ય સંબંધ, વિચાર સંબંધ અને લોહી સંબંધ એમ ત્રણેમાં આત્મીયતા લાગે એટલે મમતા, મોહ વગેરેની અશુદ્ધિ કુદરતીજ દૂર થતી જાય. લોહી સંબંધ અને બીજા સંબંધો જિજ્ઞાસુ સાધકને મદદ કરવા માટે છે, તેની સાધનાને પુષ્ટિ આપવા માટે છે. મમતા-મોહનું આવરણ જો લોહી સંબંધોમાંથી દૂર થાય તો પછી એજ સંબંધ સાધકને તેની સાધનામાં સગવડ અને અનુકૂળતા ઘણી કરી આપે છે. અને બીજી વાત એ કે પૂર્વગ્રહો જેટલા ઓછા તેટલો કર્તવ્ય સંબંધનો ફેલાવો અને સાધના વ્યાપક થવાનાં. માટે પૂર્વગ્રહો છોડતા રહેવું જરૂરી છે.

સંતબાલ

❀ ❀ ❀

# ખંડ : આઠમો
# વિશ્વમયતામાં માનવસંબંધો

ચિચંણ, તા. 3-3-80

## માનવ સંબંધોના ત્રણ પ્રકારો

### ૧. શિષ્ટાચાર, ૨. વ્યવહાર, ૩. કર્તવ્યની સમજ - તેમાંથી "મોહ" તજવો

સાંજે અવકાશ મળતાં મારી વાત સાંભળી ગુરુદેવ બોલ્યા :

"ત્રણ ભાગ છે. એક શિષ્ટાચારનો સંબંધ. તેથી ઉપરનો બીજો વ્યવહારનો સંબંધ અને છેલ્લો (આદર્શરૂપ) કર્તવ્ય સંબંધ. પહેલામાં દંભની પૂરી શક્યતા છે; બીજામાં દંભ ઓછો અને ફરજનો ભાવ વધુ હોય છે, ત્રીજા કર્તવ્ય સંબંધમાં દૈનિક કર્મો, કર્તવ્યો, સ્વાધ્યાય, ખાવું ફરવું વગેરે. જેમ કરીએ છીએ તેમ તેને પ્રત્યેક વ્યક્તિ પ્રત્યેના વર્તનની સહજ ક્રિયાઓ આપણાથી થાય છે. આ સહજ ક્રિયા, લોહી સંબંધોમાંથી મોહ જેટલો ઓછો થાય છતાં ફરજ ભાન રહે તેમ સરળતાથી થાય છે. કર્તવ્ય સંબંધ એટલે પ્રેમ શૂન્ય થવું એમ નહિ. સમભાવ તો રહેવોજ જોઈએ દરેક ઉપર આમ તોજ બને જ્યારે Igo સારી પેઠે ઓગળે અને અંદરની નમ્રતા સહજ - કાયમી થાય.

ભલે શિષ્ટાચાર જેવું લાગે પણ લોહીના સંબંધોમાં નિકટના સ્વજનો પ્રત્યે ઊંડો અંતરભાવ ન જાગે, તો પણ શિષ્ટાચાર સમું થાય તોયે એવી પ્રક્રિયા ચાલુ રહેવા દેવી. ન રહેતી હોય તો પરાણે પોતા પક્ષે ખાસ રાખવી. કારણ કે લોહીના સંબંધો કુદરતે યોજાયા હોય તો તે સહેતુક છે, એમ ગણી જેમ એમાંનો મોહ તજવાનો છે તેમ કર્તવ્ય ભાવ દૃઢ કરવાનો છે. ઋણાનુબંધમાં લેણી દેણી ઓછા વધતી હોઈ શકે છે. પણ તેથી તે સંબંધનો છેડો ઉડાવવાનો નથી જ.

તા. 7-3-80 સંતબાલ

## આદર્શ ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીની તન્મયતા ધર્મમય સમાજ રચના માટે જરૂરી

એક જૈન ગાથામાં પુરુષનાં બે લક્ષણો બતાવ્યાં છે. (૧) અહિંસા (૨) સમતા. આનું રહસ્ય એ તારવી શકાય કે વિશ્વપ્રેમ અંગે જેમ પ્રાણીમાત્ર લેવાનાં છે તેમ નર-નારી વચ્ચેની એક્તા પણ લેવાની છે. આદર્શ ગૃહસ્થાશ્રમીને માટે એક પત્નીવ્રત અથવા એક પત્નીમાં પતિની અને એક પતિમાં પત્નીની તન્મયતા થવાની અનોખી સગવડ છે તેથીજ બન્ને વચ્ચેની પતિ પત્ની વચ્ચેની હાર્દિક એક્તા ભારતવાસી પ્રત્યેક સાચાં માનવતા યુક્ત પતિ અને માનવતા યુક્ત પત્નીએ સાધી લેવી અનિવાર્ય જરૂરી છે. તોજ ભારતે વિશ્વગુરુપદે જે ગાંધીજીએ કલ્પેલી અને એજ અનુસંધાન જાળવી આપણે આગળ ધપાવેલી અહિંસક અથવા ધર્મમય સમાજ રચના ભારત દ્વારા જગતમાં મૂર્તિમંત બની શકે.

**સંતબાલ**

❀

## ઘરેલુ બાબતોને ક્ષુલ્લક માનવામાં પાયાની ભૂલ છે. સાચા બ્રહ્મચર્ય માટે ધર્મપત્નીને આધીન થવું પડશે

વિશ્વમયતા જેવા મહામાર્ગના Wider Context વિશાળ સંદર્ભમાં એક રીતે તો ઘરેલુ બાબતો, પેટી મેટર-ક્ષુલ્લક બાબતો - જણાય છે તેમાં બહુ ઊંડા ઊતરવું કે ખૂંપી જવું યોગ્ય નથી. - ઈચ્છનીય નથી - એમ લાગે છે.

આ અંગે ગુરુદેવ જે પ્રકાશ આપે તે ખરો.

ગુરુદેવ : "ના, ઘરેલુ બાબતો, પેટી મેટર, ક્ષુલ્લક બાબતો જણાય છે તેમાં ક્યાંક પાયાની ભૂલ રહેલી નજરે કળાય છે. શરૂઆતમાં કસ્તૂરબાની બાબત ગાંધીજીએ હળવી રીતે લીધી તો અહિંસાનો પાયોજ કાચો રહી ગયો તેમ જણાયું, અને લાગ્યું કે પોતે ભલે બેરિસ્ટર હોય અને કસ્તૂરબા અશિક્ષિત હોય, પરંતુ મારામાં બુદ્ધિ છે પણ તેનામાં તો મહાન હૃદય પડ્યું છે. આ પછીથી કસ્તૂરબાને જ એમણે અતિ ગણી શકાય તેવું મહત્ત્વ આપ્યું અને કસ્તૂરબાએ હૃદય સેવક બની પોતામાં ખૂટતું તત્ત્વ પૂરું કર્યું. આ રીતે ગાંધીજીના વિશ્વવંદ્ય વિભૂતિમત્વમાં કસ્તૂરબાની તલ્લીનતાનો મુખ્ય ફાળો છે. આ વાત પૂરેપૂરી સમજવાથી ખ્યાલ આવશે કે ઘર તો માત્ર એકલી નારીનું છે. "ગૃહિણી

ગૃહમુચ્યતે" તે સૂત્રનું રહસ્ય પચાવવું જરૂરનું છે અને તો ઘરમાં માત્ર પોતાના પત્નીને પૂર્ણ સ્વતંત્રતા આપે તે પતિ તરીકેનું પોતાનું પ્રાથમિક કર્તવ્ય છે. આ જમાનામાં નારી ગૌરવ માટે ડગલે અને પગલે વધુ પ્રયત્નોની જરૂર છે. ત્યારે ગૃહસ્થને પોતાનાં ધર્મપત્નીને આધીન થવું પડશે. વિકાસ વાસનાને પોષવાના કારણે જે આધીનતા રહે છે તે બાકીના સમયમાં રહે તોજ વિશ્વમયતાનો માર્ગ સરળ બની શકે. ગાંધીજીએ આ સિદ્ધિ મેળવી તો મનુબહેનના તેઓ સાચા માતા બની ગયા. અને સાચા અર્થમાં બ્રહ્મ (આત્મા) તરફના ચારી બની રહ્યા. સાચી બ્રહ્મચર્ય સાધના માટે પણ નારી પ્રત્યેની સાચી આધીનતા સાધી લેવી પડે છે."

તા. 7-3-80 સંતબાલ

❀

## પતિ-પત્ની વચ્ચે જ્યાં ઊંડે ઊંડે પણ વિકાર જાગતો હોય ત્યાં નિખાલસતાથી પારસ્પરિક ખુલાસાઓ કરી લેવા

નરજાતિ અને નારીજાતિ વચ્ચેના મોહ સંબંધનું મૂળ મોટે ભાગે વાત્સલ્યના રૂપાળા નામ નીચે પણ વિકારમય વાસના હોય છે. સદ્‌ભાગ્યે આદર્શ ગૃહસ્થાશ્રમને માર્ગે જનાર એક પત્નીવ્રતધારક પતિ એવા પુરુષ માનવ માટે મુખ્ય આધાર અથવા મુખ્ય આડ પોતાનાં ધર્મપત્નીનાં હોય છે. એટલે જો પતિપત્ની પૂરેપૂરાં નિખાલસ હોય ત્યાં પારસ્પરિક ખુલાસાઓ કરી લેવા, બીજા પાત્રો પાસે નહીં પણ પતિપત્ની વચ્ચે પતિએ પત્ની પાસે અને પત્નીએ પતિ પાસે. આ વાત ન છુપાવતાં ખુલંખુલ્લા એકાંતમાં બન્નેનો મુડ હોય ત્યારે કહી દેવી - જોકે આમાં જોખમ ઘણું છે કારણ કે નિખાલસતાનો દુરુપયોગ થવાનો પતિપત્ની વચ્ચે પણ અસંભવ નથી. પરંતુ હાર્દિક એક્તામાં આ નિખાસલતા ભૂલ કબૂલ કરનારને ઘણી મદદકર્તા નીવડી પડે છે. અને નિખાસલતાનો દુરુપયોગ આખરે આજ માર્ગે જવાથી સમૂળગો ટળી શકે છે. આથી જોખમ વેઠીને પણ અને શંકા, કુશંકા, વહેમ વ. ના ભોગ બનીને પણ આ નિખાસલતાનો પંથ ખેડી લેવો એકંદરે સાધના-સાધક જ બની રહે છે. અલબત્ત, બન્નેનું મુડમાં હોવું તે આ વાતો થાય તે વખતે અનિવાર્ય જરૂરી છે. કદાચ નર-નારીની હાર્દિક એક્તા વિશ્વપ્રેમના પાયામાં પ્રથમ સાધી લેવી જરૂરી થઈ પડે છે. પરંતુ પતિપત્ની વચ્ચે અથવા નર-નારી વચ્ચે પૂર્વગ્રહો

પહેલાના હોવાને કારણે હાર્દિક એક્તા સાંધતાં કે સંધાતાં વાર લાગવાની. ત્યાં લગી વિશ્વપ્રેમનો માર્ગ ન ખેડવો એમ નહીં. તે ચાલુ તો રાખવોજ. પરંતુ મુખ્ય લક્ષ્ય ત્યાં નર-નારી એક્તા અથવા નરનારીની હાર્દિક એક્તા તરફજ રહેવું ઘટે.

તા. 5-3-80 **સંતબાલ**

❀

## જૈન સાધુઓએ જે કડકાઈથી સ્ત્રી સંગ ત્યજવાનો છે તેનું થોડું પણ અનુકરણ ગૃહસ્થ કરે તો ઠીક રહેશે

એક વિચાર આવ્યો - જૈન આગમોએ સ્ત્રીઓના હાવભાવ અને નિર્વિકારી સ્પર્શ પણ સહેજે કોઈવાર કામસર લેવા દેવામાં થતો હોય, તોયે તે હાવભાવ નિરીક્ષણ વગેરેની અસર રહેતી હોય, તો તેમાં કડકાઈ રાખવી વધુ સારી. બને ત્યાં લગી જૈન સાધુ વસ્તુ લેવા દેવામાં અને બધી વાતોમાં અજાણતાં પણ સ્ત્રીસ્પર્શ રખે થઈ જાય તે અંગે ખૂબ કાળજી રાખે છે તેવું થોડું પણ અનુકરણ કરવાથી ઠીક રહેશે, એમ જો લાગતું હોય તો તેમ કરવું જરૂરી ખરું. સાધુઓને સ્ત્રીસ્પર્શ વર્જ્ય હોયજ છે. ઉપરાંત જે આસન પર સ્ત્રી બેઠી હોય તે આસન પણ અમુક વખત લગી ત્યાજ્ય ગણાય છે કારણ એ આંદોલનો અમુક સમય ત્યાં રહે જ - જેને "ઓળા" કહી શકાય.

તા. 25-5-80 **સંતબાલ**

❀

## પંડિત જવાહરલાલે જે ઝોક ઔદ્યોગિક ક્રાન્તિ પરત્વે રાખ્યો તેટલો ઝોક ગ્રામ ઉદ્યોગો પ્રત્યે આપ્યો હોત તો ભારત દીપી ઊઠત

સરહદના ગાંધીએ સમયસર દિલની વેદના ભારતમાં આવી રજૂ કરી, તે જરૂરી હતી. મૂળે તો પંડિત જવાહરલાલે જે ઝોક ઔદ્યોગિક ક્રાન્તિ પરત્વે અને વિજ્ઞાન પરત્વે આપ્યો તેટલો ઝોક ગૃહ-ગ્રામોદ્યોગી ગામડું અને રચનાત્મક વ્યાપક ધર્મ ભાવના તરફ આપ્યો હોત તો આજનું ભારત સોળે કળાએ દીપી ઊઠત.

રહી રહીને ત્રીસેક વર્ષે જનતા પક્ષે આંતરરાષ્ટ્રિય નીતિ જાળવવા ઉપરાંત ગૃહ ગ્રામ ઉદ્યોગ તરફ દૃષ્ટિ તો દોડાવી, પણ રાજ્યસત્તાને ગૌણ

બનાવી વિકેન્દ્રીકરણની વાત સાથોસાથ ન વિચારી, તેથી સત્તાલક્ષી ઘટકો મળ્યાં હતાં તે વેરવિખેર બની ગયાં.

ભા. ન. પ્રયોગના ખેડૂત મંડળોનું અનુકરણ નહિ થાય ત્યાં લગી રાજકીય પક્ષોને કાબૂમાં લેવા શક્યં નથી.

હા, અંબુભાઈના પત્રથી જણાયુંજ હશે કે 'સર્વ સેવા સંઘ' વગેરે ગાંધી વિચારની સંસ્થાઓ જે સાવ નિકટ આવવા મથી રહી છે, તેમ બીજી બાજુ સાધુ સાધ્વી સંન્યાસી ગણ પણ નજીક આવવાના દિને દિને સંયોગો વધતા જણાય છે.

પણ જનતા અને તેમાંય ખેડૂત મંડળો તો ભાલ નળકાંઠા પ્રયોગ અન્વયનાં ખેડૂત મંડળોનું અક્ષરઃ અનુકરણ કરતાં ન થાય (ભલે ગુજરાત પૂરતાં) ત્યાં લગી રાજકીય પક્ષોને કાબૂમાં લેવા શક્ય નથી.

તા. 29-8-80 — સંતબાલ

❀

## જ્ઞાન અને ક્રિયા એકબીજાંના પૂરક છે. બન્ને સાથે હોય તોજ પ્રગતિ સંભવે

ગુરુદેવ બોલ્યા :

"જ્ઞાન વિના આંધળાપણું છે તો ક્રિયા વિના પાંગળાપણું છે. જેમ આંધળો અને પાંગળો એકમેકમાં ઓતપ્રોત થાય તોજ બન્ને ગતિ કરી શકે છે, તેમ જ્ઞાનની ખાંધ ઉપર ચારિત્ર ચઢીને દોરે તોજ જીવન સફળ, કર્મબંધનથી મુક્ત થઈ શકે છે.

વિશ્વગ્રંથ ગીતામાં પણ "ज्ञानाग्नि दग्ध कर्माणाम्"

એટલે જ્ઞાનાગ્નિથી કર્મને બાળી નાખનારજ પંડિત કહ્યા છે.

તા.ક. : આ જ્ઞાન એટલે ફક્ત શાસ્ત્રજ્ઞાન કે કાંઈક બીજુ તે અંગે ગુરુદેવ પ્રકાશ આપો.

ગુરુદેવ : માત્ર શાસ્ત્રજ્ઞાન એ ખરું જ્ઞાન નથી. ખરા જ્ઞાનમાં શાસ્ત્ર હોય છે ખરું, પરંતુ ગૌણપણે હોય છે.

❀

## ગીતા અને આચારાંગ સૂત્ર - અનાસક્તિ અને ત્યાગ અંગેના આધારભૂત ગ્રંથો, પ્રત્યક્ષ ગુરુના અભાવે અનુસરવા

"તત્ત્વાર્થ સૂત્ર" તમારું સહજ મનન વાંચી ઘણો સંતોષ થાય છે. જેમ મેં આંગળ લખેલું ગીતા માતા છેતો આચારાંગ પિતા છે. એક ગ્રંથ (ગીતા) અનાસક્ત પર જોર આપે છે તો બીજો ગ્રંથ (આચારાંગ) ત્યાગ પર જોર આપે છે. જીવનમાં જેટલી જરૂર અનાસક્તિની છે તેટલીજ અને કદાચ તેથી સવિશેષ જરૂર ત્યાગની પણ છેજ. જેમ ભ. કૃષ્ણે ગીતામાં કહ્યું, "મારે કશું કર્મ કરવાનું નથી છતાં હું કર્યે રાખું છું કારણ હું જો કર્મ ન કરું તો મારી નિષ્ક્રિયતાનું બીજા પણ અનુકરણ કરવા માંડે, જે ઈચ્છનીય નથી." તેમ ભ. કૃષ્ણને લેપ નહોતો લાગતો અને કંસ જેવા મામા અને પૂતના જેવાં માસીને માર્યા, ગોપીઓ સાથે રાસો રમ્યા, કુબ્જાની કામના પૂરી કરી રૂક્મિણીનું અપહરણ કર્યું. પરંતુ તેવું અનુકરણ કરવું ન ઘટે. એટલા માટેજ શ્રીમદ્ રાજચંદ્ર એ મતલબનું કહે છે "જ્ઞાની કહે તે કરવું, પણ કરે તેમ ન કરવું. તત્વાર્થમાં જૈન આગમોનો નિચોડ છે. એ રીતે એની ઉપયોગિતા અનિવાર્ય ગણી શકાય. શાસ્ત્રીય આધારો હોય તોજ આચરણમાં સાચું જોમ આવી શકે. કારણ કે પ્રત્યક્ષ ગુરુ દરેક ઠેકાણે સુયોગ્ય મળવાનાજ નહીં. ત્યારે એવા સાચા ગુરુના અભાવમાં એમના શબ્દો અને જૂની પરંપરાગત વાતો શાસ્ત્રોમાંથી મલી શકવાની.

સંધ્યા, તા. 30-8-80 **સંતબાલ**

❀

મેં અગાઉ કહ્યું તેમ ગીતા અને આચારાંગ - તે બન્નેને માતા-પિતા બનાવેલા. તો હવે તત્ત્વાર્થ પણ એ દિશામાં એક આધારભૂત પુસ્તક શાસ્ત્ર દ્રષ્ટિએ થશે. ચારેય ફીરકાઓને પરસ્પર ખભેખભા મેળવી જગત ચોગાનમાં માર્ગદર્શકપણાનું કામ કરવા પ્રેરશે. એમાં શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક દૃષ્ટિએ મુખ્ય આધારરૂપ બની શકે તેમ છે.

સંધ્યા, તા. 30-8-80 **સંતબાલ**

❀

## પં. જવાહરલાલ માત્ર રાજકીય ક્ષેત્રે રહી ગયા જ્યારે વિનોબા રાજકીય ક્ષેત્રથી વેગળા પડી ગયા

સંત વિનોબાજીના જીવન ઉપર ત્રણ મહાપુરુષોની મુખ્ય છાપ છે : (૧) આદ્ય જગત્ ગુરુ શંકરાચાર્ય (જ્ઞાનયોગ) (૨) જ્ઞાનદેવ (ભક્તિયોગ) તથા (૩) ગાંધીજી (કર્મયોગ)

ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની સત્યધર્મનો ઉદ્ધાર કરવાની વાતને શ્રીમદ્ પ્રભાવિત થઈ ઉપાડી લઈ પોતાના નિમિત્તે સમાજગત સાધનાનો યુગ શરૂ કર્યો. જો એ ગાંધીજીના અધૂરા કાર્યને સર્વાંગીણતા સાથે પૂરું કરવા માટે (જવાહરલાલ) વળગી રહ્યા હોત તો જે. પી.ને જે કૉંગ્રેસ વિરોધી રાજકારણીય ક્ષેત્ર ખેડવું પડ્યું તે ન ખેડવું પડત, પણ પં. જવાહરલાલ માત્ર રાજકીય ક્ષેત્રે રહી ગયા, અને સંત વિનોબા રાજકીય ક્ષેત્રથી સાવ વેગળા પડી ગયા અને રચનાત્મક કાર્યકરોને સર્વ સેવા સંઘ રૂપે સંસ્થાકીય રીતે સાંધ્યા ખરા, પરંતુ કૉંગ્રેસ (રાજકીય સંસ્થા હોઈ તે)થી વેગળા રખાયા. તેને લીધે એ ખાઈ પૂરવા મોટા ભાગના સર્વ સેવાસંઘી કાર્યકરો જે. પી.ના માનસવાળા કેવળ કૉંગ્રેસ વિરોધી બની ગયા. કૉંગ્રેસ વિરોધી બનવાની સર્વ સેવા સંઘના કાર્યકરોને જરૂર નહોતી. ખરી રીતે એણે (સર્વ સેવા સંઘે) જાતે કૉંગ્રેસથી ઉપર ઊઠી તે (કૉંગ્રેસ)ને પણ ઉપર ઉઠાવવાની જરૂર હતી. અલબત્ત રહી રહીને પણ અહીં (પ્રથમ ગુંદીમાં અને પછી અહીં) આવી આપણી બધીજ વાતો લગભગ સર્વ સેવા સંઘના પ્રમુખશ્રીએ અને મંત્રીશ્રીએ અપનાવી લીધી હતી.

તા. 28-10-80 **સંતબાલ**

❀

## "સાપેક્ષવાળું સત્ય" એટલે શું તે ગુરુદેવ સમજાવો !

"સાપેક્ષવાળા સત્ય"ને વ્યવહારુ રીતે ઓળખવા નીચેના દાખલાઓ ઉપયોગી છે.

એક મા પોતાના બાળકની સુરક્ષા માટે તેને કોઈ સંસ્થામાં મૂકે છે અને પછી વારંવાર મળવાની ઈચ્છા રાખે છે પણ મળાતું નથી. "મા" પણ આંધળી છે અને પેલું બાળક (બાલિકા) પણ આંધળું છે. અમુક વખતે મળવા ઈચ્છે છે પણ પેલું બાળક તે સંસ્થા તરફથી યોગ્ય અને સંપન્ન મા

બાપને ત્યાં ઉછરી સંગીત-કલા નિષ્ણાત બને છે. પણ તેના મનમાં પોતાની માએ બીજું લગ્ન કર્યું છે તે સ્વાર્થને કારણે પોતાને સંસ્થામાં મૂક્યું એમ માની મા પ્રત્યે ઘૃણા કરે છે. પણ જ્યારે ખરી વાત જાણે છે ત્યારે પોતે ધારેલું ખોટું નીકળે છે અને સત્ય તો બીજુંજ છે. મતલબ, બન્ને પાસા હોઈ શકે છે. એકની દૃષ્ટિએ એક સત્ય અને બીજાની દૃષ્ટિએ બીજું સત્ય.

એકાંગી માણસ પોતાનાજ સ્વાર્થનું જુએ છે અને એજ સ્વાર્થના ગજે સૌને માપે છે. હા, આમાં પણ ઊંડે ઊંડે મોહને કારણે પણ આવી ઉદાર દૃષ્ટિ આવી શકતી હોય છે ખરી. જો દરેક સ્થળે આવી ઉદાર દૃષ્ટિ આવે તો સાપેક્ષ સત્યને સમજ્યો છે એમ કહી શકાય.

સાંજ તા. 16-5-81 — સંતબાલ

❀

## જીવતા માનવી વિષેના ઉચ્ચ ભાવોને જાહેરમાં વ્યક્ત કરવાથી વિરુદ્ધ પ્રત્યાઘાતોને આમંત્રણ આપવા જેવું બને છે

જીવતા માનવી વિષે આપણા મનમાં જે ઉચ્ચ ભાવ હોય, તે ઉચ્ચ ભાવ મોટે ભાગે આપણા જ મનમાં સંઘરી રાખવો સારો. શ્રી રજનીશને ભગવાન રૂપે જોનારાએ પોતાને તેમના માટે જાગેલો ઉચ્ચ ભાવ હૃદયમાં ન રાખતાં જાહેરમાં વ્યક્ત કર્યો તો આજ શ્રી રજનીશ સામે બે વર્તુળો આપોઆપ પેદા થઈ ગયાં. એક વર્તુળમાં રાગ, મોહ અને વ્યામોહ વધતો જવાનો તો એના પ્રત્યાઘાત રૂપે બીજા વર્તુળમાં દ્વેષ, ઘૃણા અને અતિઘૃણા પાંગરતાં જવાનાં. આથીજ વ્યક્તિનાં નામ અને રૂપને પાછળ રાખી એ વ્યક્તિમાંના ગુણોનેજ એકલું મહત્ત્વ આપવું ઘટે. આજ રસ્તો રાજમાર્ગ છે.

પ્રભાત, તા. 17-5-81 — સંતબાલ

❀

પૂના, તા. 1-2-81, રવિવાર

## પ્રાણીમાત્રમાં રહેલ પ્રભુસત્તા

આઠ દિવસ થયાં એક નાનું સફેદ મજાનું કુરકુરિયું ઘરમાં રાખવા છોકરાઓ લાવ્યા છે. કૂતરું સરસ છે પણ હમણાં માંદું પડ્યું છે. આજ મારી રૂમના બારણે આવીને ઊભું. તેનું દયામણું મોઢું જોઈ દિલ દ્રવી ગયું.

❀

**પૂના, તા. 3-2-81, મંગળ**

પરાણે પ્યારુ લાગે તેવા કુરકુરિયાનો ગઈ કાલે ચાર દિવસની ગેસ્ટ્રોની જીવલેણ માંદગી બાદ દેહાંત થયો. તે મૃત્યુ પામતાં ઘરમાં ગમગીની છવાઈ ગઈ

ગુરુદેવ પ્રકાશ આપો :

**ગુરુદેવ : પ્રાણીમાત્રમાં એક એવી પ્રભુસત્તા છે કે જેને લીધે અનેક નામરૂપની (સરવાણી) એકાત્મતા છે. તેનો ખ્યાલ આ નાનકડા અને એક રીતે કુદરતી પ્રસંગથી આવી ગયો. વિશ્વમયતા એ નરી વાસ્તવિક્તા છે. એ કોઈ ગગન વિહાર નથી તેની પ્રતીતિ આ ગલૂડિયા નિમિત્તે થઈ તે ઘણુંજ ઠીક ઘયું. ફરજ પણ તમોએ અને આખા ઘરે બરાબર બજાવી તેનો પણ સંતોષ (સમાધાન) લેવા જેવું છે. આવા કુદરતી ખેંચાણની પાછળ જેમ આપણને "વિશ્વમયતા"ની દિશામાં કુદરત મૈયા નવા નવા જાત અનુભવ કરાવી સ્થિર કરવા માગે છે તેમ શ્રીમદ્ કહે છે તેમ માત્ર પ્રાણીદયા પણ નહીં, તેમ માત્ર અંતર દયા પણ નહીં. મતલબ બન્ને સાથે સાથેજ વિકસવાં જોઈએ અને આખા જગતના પ્રાણીમાત્ર સાથે આવો ભાવ જગાવવા માટે અહમ્ત્વ, મમત્ત્વ અને મોહ ઉપર અંકુશ લાવવો પડેજ છે.**

**તા. 16-5-81** **સંતબાલ**

❀

## પ્રાણીદયા

**તા. 17-5-81**

પ્રભાતનું પ્રવચન આ "ગલૂડિયા" ઉપર શ્રીમદ્જીની આત્મસિદ્ધિમાંની બે ગાથાઓ યાદ કરાવી તે પરજ થયું. એ બે ગાથા આ મુજબ છે.

૧. "કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ
ભવે ખેદ પ્રાણિદયા ત્યાં આત્માર્થ નિવાસ"

૨. "કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતરદયા તે કહીએ જિજ્ઞાસ."

(આ.સિ. ૩૮ અને ૧૦૮)

એક લક્ષણ આત્માર્થીપણાનું છે.

બીજું લક્ષણ જિજ્ઞાસુપણાનું છે.

મતલબ એ થઈ કે સ્થૂળ પ્રાણી દયા તો જોઈએજ કારણ કે ધર્મનું મૂળ

દયાજ છે. પરંતુ જો અંતર દયા (ભાવ દયા) સાથો સાથ ન હોય તો એ બાહ્ય દયા છેવટે કાયરતાને માર્ગેજ લઈ જાય છે. આ ઉપરથી ભગવાન કૃષ્ણે અર્જુનને જ્યારે કુરુક્ષેત્રે પલાયનવૃત્તિ દાખવી ત્યારે અર્જુનને ઠેકાણે લાવવા ઘણો પ્રયત્ન કરવો જ પડેલો. આખરે તો તે વૈરાગ્ય નહોતો પણ મોહ હતો. ટૂંકમાં ક્યાં અહંતા મમતા જોર કરે છે તે ઝીણવટથી ચિંતવવું અને જાગૃતિ પૂર્વક જ આગળ વધવું હિતાવહ બની રહે છે.

તા. 17-5-81 **સંતબાલ**

❀

## "ગૃહિણી ગૃહમુચ્યતે"

ગુરુદેવ : ... મહાપુરુષોએ દર્શાવ્યું છે : ઘર તો માત્ર ગૃહિણીનુંજ, "ગૃહિણી ગૃહમુચ્યતે" તમે એ પણ જોઈ શકશો કે પત્ની સાથે "ધર્મ" શબ્દ લગાડાયા છે. પતિ સાથે નથી લગાડાતો. આ બધાનો સાર એ કે "ઘર"નું ધર્મ મંડાણ એક માત્ર નારી ઉપરજ છે. જો આમ હોય તો કમમાં કમ રોજ બાળકોએ માતાને પ્રભાત વંદન કર્યા વિના ચાલેજ નહીં. કહેવાય છે કે કચ્છ-માંડવીના શાન્તિદાસ આશાકરણ પોતાનાં નવી માતા હતાં છતાં વંદન કરતા. વર્ષોનો બન્ને વચ્ચે નહીં જેવોજ ફેર હોવા છતાં પ્રભાતે વંદતા, એટલુંજ નહીં પરંતુ જ્યારે જ્યારે ઘરથી બહાર જાય, ત્યારે પણ વંદન કરીને જ થાય. ત્યારના કરોડપતિનું ઘર આથી કેવું ધર્મ નિર્ભર રહેલું અને શોભેલું ?

આ ટેવ આપણે ત્યાં નવેસરથી પાડવી જરૂરી લાગે તો શરૂઆત કરાવી દેવી સારી. અત્યાર લગી નારીનું મૂલ્ય આપણા ચાલુ સમાજમાં સામાન્ય અંકાયું છે, તેમાં ધરમૂળથી ફેરફાર કરવો પડશે.

સવાર, તા. 18-5-81 **સંતબાલ**

❀

## પુરુષાર્થમાં શ્રદ્ધાની જમાવટ થાય ત્યારેજ સફળતા સાંપડે

આખરે માનવી તો નિમિત્ત માત્ર છે. મૂળ ઉપાદાન કારણે તો પોતાનો પુરુષાર્થ છે. અલબત્ત એ પુરુષાર્થમાં શ્રદ્ધાની જમાવટ થાય છે ત્યારે જ નિમિત્ત પ્રબળ હોય તોય સફળતા સાંપડે છે. વળી આખુંય જગત એટલું તો સભર અને પરસ્પર સહયોગી છે કે અવ્યક્ત જગતને જે જાણે, જુવે અને માણે તે જ સમજી શકે. એટલે ભલે આપણે યશ આપણા કહેવાતા સદ્ગુરુને

સવિશેષે આપી પણ મુખ્યત્વે ખરા યશની અધિકારિણી તો સત્ પ્રયત્ન સાથેની શ્રદ્ધા જમાવટ જ છે. ગીતામાં જ કહેવાયું છે કે જે જેવો શ્રદ્ધાળુ કે જેનો શ્રદ્ધાળુ તેવોજ તે. એ બિલકુલ અનુભવ નીતરતી વાણી છે.

તા. 18-5-81 સંતબાલ

❀

**પ્રશ્ન :** ગુરુદેવ ! "અવ્યક્ત જગત" એટલે શું ? શ્રદ્ધા સિવાય બુદ્ધિથી આને જાણવાનો બીજો કોઈ માર્ગ ખરો ?

... અવ્યક્તને પીછાનવા માટે શું ક્રિયા - સાધના કરવી જોઈએ ?

## આંતરમને અનુભવાતું મજબૂત અવ્યક્ત જગત છે તે નક્કર હકીકત છે

મને તો અવ્યક્ત જગતનો અનુભવ પ્રથમ પ્રથમ વધુ સ્પષ્ટપણે તો એક વર્ષના રણાપુરના સમૌન એકાન્તવાસ વખતેજ થયો. પછી તો ૐ મૈયા જાપના સ્મરણે એક ચોમાસાનો જે શિબિર માટુંગામાં ચાલ્યો, એમાં ૐ મૈયાના બીજ મંત્ર વિષે પરમસાથી પ્રિય નેમિમુનિએ જે વિશાળ પ્રવચન આપ્યું છે તે વાંચવાથી અને જ્યાં ન સમજાય ત્યાં પૂછવાથી વધુ જાણવા તેમજ શ્રદ્ધા થતાં થતાં અનુભવવા મળશે. અત્યારે અહીં તો એટલું જ કે એ એક નક્કર હકીકત છે. જેમ આંખે દેખાતું જગત છે તેમ આંતરમને અનુભવાતું મજબૂત અવ્યક્ત જગત પણ છે જ.

બપોરે, તા. 3-6-81 સંતબાલ

❀

## સાચી વ્યાપક ધર્મભાવના દરેક સંપ્રદાયમાં લાવવી જોઈએ. ભારત સિવાય દુનિયાનો કોઈપણ દેશ આ કરી શકશે નહીં

વ્યાપક અને સાચી ધર્મભાવના જો સંપ્રદાયો દ્વારા પ્રસ્થાપિત ન થાય તો પારસ્પરિક વૈરનુંજ રાજકારણ ખીલ્યા કરે. અહિંસા-સત્ય રૂપ સાચી વ્યાપક ધર્મભાવના દરેક સંપ્રદાયમાં લાવવી જોઈએ. ભારત સિવાય દુનિયાનો કોઈપણ દેશ આ કરી શકે તેમ નથી. સદ્‌ભાગ્યે બંગલા દેશના મુજિબુર રહેમાને ભારત સાથે પૂરી મિત્રતા સાધેલી પણ સગાઓને તેઓ સ્વચ્છ ન રાખી શક્યા - પ્રજામાં થોડો અસંતોષ થયો, તેનો દુર્લાભ લઈ અમેરિકાએ

પાકિસ્તાન જેવાને હાથો બનાવી મુજિબુર રહેમાન કુટુંબની કત્લેઆમ કરાવી નાંખી, તો હવે એના કડવા પ્રત્યાઘાતોમાંથી ઝિયાનું આમ થઈ ચુક્યું એ બતાવી આપે છે કે આખરે ભારતની મૈત્રી જ બંગલાદેશે સાધવી રહેશે. તોજ તે દેશનું રાજકારણ શુદ્ધ અને સાચે માર્ગે વળી શકશે.

ભારતના વૈજ્ઞાનિકો આખી દુનિયામાં પોતાનો ત્રીજો નંબર લાવી શક્યા છે, પણ હજુ આગળ વધીને તેઓએ પ્રથમ નંબર મેળવી લેવો જોઈએ અને તે શક્ય છે, પણ તે ત્યારેજ બને કે જ્યારે ધર્મયુક્ત વિજ્ઞાનનો જ વિચાર કરાય.

અજપા-જપવાળું કાવ્ય નક્કર અનુભવ પર લખાયું છે. એ અનુભવ તમોને અખંડ પુરુષાર્થ એ દિશાનો ચાલુ રાખતાં અવશ્ય થશે. અખંડ પુરુષાર્થની સદ્‌બુદ્ધિ અને સહૃદયી સમન્વયી રીત ચાલુ રાખવાથી એ થઈ શકે.

## શ્રીમદ્-ચાહકોમાં કર્મયોગની જરૂર

શ્રીમદ્‌ને એક માત્ર ગાંધીજી જ પૂર્ણ રીતે સમજ્યા અને તેમની વાત અક્ષરશઃ ઝીલી (અને) પછી ભારત દ્વારા જગતમાં આગળ વધ્યા. ભલે થોડે અંશે - એટલે કે કૉંગ્રેસ સંસ્થાના માધ્યમે શુદ્ધ રાજકીય ક્ષેત્રમાં સફળ થયા. ભાલ નળકાંઠા પ્રયોગને જેઓ ઉપલા ગાંધી પ્રયોગના અનુસંધાનમાં નીહાળી શકશે તેજ આ રહસ્યમયી વાત જાણી આગળ વધી શકશે. મતલબ કે ગાંધી-વિચારવંત લોકોને ઉપલી રીતે શ્રીમદ્‌ની વાત ગળે ઊતરાવવી પડશે અને શ્રીમદ્ ચાહકોને ગાંધીજીના વલણ વર્તન અને એ બધા માટે પાયાની રીતે આગળ જતાં પ્રયત્નો કરવાના કાર્યમાં લાગી જવું પડશે. એક વખતે, હું ન ભુલતો હોઉં તો દેવલાલીવાળા શ્રીમદ્ ભક્ત જેસંગભાઈના સસરા પક્ષના "મામા" અહીં આવેલા, તેમણે સરસ ઉદ્‌ગાર કાઢ્યા : "આજે શ્રીમદ્ ચાહકોમાં મૂળે તો કર્મયોગ જ ખૂટે છે. જ્યાં લગી કર્મયોગ આજના ભક્તિ જ્ઞાનમાં ઉમેરાશે નહીં ત્યાં લગી શ્રીમદ્ પ્રભાવ ઊભો નહીં થઈ શકે.

તા. 5-6-81 **સંતબાલ**

❀

નોંધ : સ્વ. શ્રી દુલેરાય માટલીઆએ ગુરુદેવના જીવનનો બીજો ભાગ લખેલ તેનો પૂર્વાર્ધ ગુરુદેવ વાંચતા તે બાબત શ્રી બલવંતભાઈએ તેમના ડાયરી પા. ૨૮૦૮ થી ૨૮૧૧માં નોંધ કરી છે જેના અમુક અવતરણો ગુરુદેવના વિચારો જાણવા ઉપયોગી હોવાથી અત્રે આપેલ છે.

## "સહી" લેવું પર્યાપ્ત નથી. તે સ્વ વિકાસ માટે "વણી" લેવું જોઈએ

વાંચનના રોજ રોજના જાણવા સમજવા જેવા મુદ્દાઓ ટાંકતો જાઉં છું. તે નીચે મુજબ છે :

૧. સંતો, દ્વિજો અને નારી, સંસ્કૃતિના ધારક છે. આ ત્રણ ઉપર આજની ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે.

૨. માત્ર "સહી" લેવું પર્યાપ્ત નથી; તે સ્વવિકાસ માટે વણી લેવું એટલે પોતાની પ્રગતિ સારા માટે આ સંકટ, આફત કે મુશ્કેલી આવ્યાં છે તેમ માની-સમજી અર્થઘટન કરવું જરૂરી છે. આ પ્રમાણે દૃષ્ટિ રાખવાથી વિપત્તિને જોવાનું દૃષ્ટિબિન્દુ બદલાતાં હર્ષ થશે અને આવેલ દુઃખને સુખમાં કેમ પલટવું તેનો માર્ગ મળશે. બહુજન સમુદાય મને - કમને સહી તો લેજ છે પણ નિમિત્તને દોષ દેવામાં પડી જાય છે એટલે ઉપર કહ્યું પ્રગતિપોષક દૃષ્ટિબિંદુ આવતું નથી.

## "વિનય"નો એક અર્થ અર્પણતા થાય છે. આવા "વિનય"થી થતા ફાયદા

**"વિનય"નો અર્થ "અર્પણતા" પણ થાય છે. પરમાત્મા પ્રત્યેની અર્પણતા તે ભક્તિ. ગુરુજન પ્રત્યેની અર્પણતા તે કર્તવ્ય. આજ્ઞાપાલન, પ્રીતિ અને વિચક્ષણતા એ ત્રણ અર્પણતામાં હોય છે. ધર્મ વૃક્ષનું મૂળ વિનય છે. ગુરુજનના વિનયથી સત્સંગ થાય છે, રહસ્ય સમજાય છે, વિકાસ પંથે જવાય છે અને મોક્ષ ગતિ પમાય છે. માટે "વિનય"નું ફળ મોક્ષ કહ્યું છે. વિનયથી મહાપુરુષોની કૃપા-પ્રસાદી સાધ્ય બને છે અને અહંકારનો લોપ થાય છે, સાચું જ્ઞાન થાય છે અને આત્મદર્શન પમાય છે.**

## "ઉપયોગ" અને "પ્રમાદ" એટલે શું ?

**ઉપયોગે ધર્મ** - "ઉપયોગ" એટલે આત્મ જાગૃતિ, સાવધાનતા - જ્યાં "ઉપયોગ" છે ત્યાં ધર્મ છે.

**પ્રમાદે પતન** - પ્રમાદ એટલે આત્મ-સ્ખલના. પ્રમાદ એજ પાપ. પ્રમાદ પરહરી પુરુષાર્થ કરવો એજ અમૃત. ધ્યેય પૂર્વકનું સાવધાન જીવન એજ જીવન.

## "ધ્યાન" ક્યારે અને કયા પ્રકારે થાય ?

**નોંધ :** વાચન દરમ્યાન ધ્યાનનો મુદ્દો આવતા ગુરુદેવ બોલ્યા :

**"માત્ર સ્થૂળ ધ્યાનથી આત્મ વિકાસ નહીં થાય, લક્ષ ઈશ્વર સાન્નિધ્યનું હોય તો ધ્યાનમાં "તેની" નિકટતા અનુભવવા પ્રયત્ન કરવો જોઈએ. અન્યથા**

ધ્યાનથી થોડીક એકાગ્રતા વધશે તે સાથે અહમ્ પણ વધશે. ષડ્રિપુઓનું જોર ઘટશે નહીં. ક્રમ તો એ છે કે ષડ્રિપુઓ શાંત કરવાની સાધના અને પછી ધ્યાનનો માર્ગ લેવો. આજે ઊલટું ચાલે છે.

❀

## ગૌવધબંધી માટે આમરણ ઉપવાસનું ઔચિત્ય

આમરણ અનશન કરવાની શ્રી જ્ઞાનચંદ્રજીની જાહેરાત બધા માટે ચિંતાનો વિષય બની ગઈ હતી. મધ્યસ્થ સરકારે ગોવધ પ્રતિબંધનો કાયદો કરવોજ જોઈએ. તેવો તેઓશ્રીનો આગ્રહ હતો. આ અંગે ગુરુદેવનું મંતવ્ય નીચે મુજબ હતું.

૧. ગાયનો પ્રશ્ન એ સામાજિક, રાષ્ટ્રિય અને એક રીતે સમગ્ર વિશ્વનો છે એટલે આવા વ્યાપક પ્રશ્નમાં આમરણાંત અનશન જેવું આત્યંતિક પગલું ન ભરવું જોઈએ.

૨. સરકાર ઉપર જ આમરણાત અનશનની હદે દબાણ લાવવું બરાબર નહીં ગણાય. વધતે ઓછે અંશે સહુ દોષપાત્ર છે. વળી લોકશાહી સરકાર હોઈ કોઈ એક વ્યક્તિ નિર્ણય કરી શકે એવી સ્થિતિ નથી એટલે લોકમત તૈયાર કરી લોકમતના નૈતિક દબાણથી સરકારને કાનૂન કરવો પડે તે ભૂમિકા પેદા કરવી જોઈએ અને લોકમત તૈયાર કરવા માટે ત્યાગ અને તપનો શુદ્ધિ પ્રયોગ જેવી પ્રક્રિયા અસરકારક બની શકે એટલે ધીરજથી આ પ્રક્રિયા ચલાવવી જોઈએ.

આપણા સ્વામીશ્રી જ્ઞાનચંદ્રજી અંગે તમોને સારો અને પ્રેરક અનુભવ થયો. બંગસાહેબને પણ મીઠો અનુભવ થએલો જાણ્યો. તાજેતરમાં મદાલસાબેનનો પણ એમના ટૂંકા સહવાસ પછીનો સારો પરિચય થયાનો પત્ર છે. ટૂંકમાં નિખાલસતા અને નમ્રતા બન્ને ગુણો એમને સહજ છે જેથી ભૂલ કે ભૂલો થાય તોયે કાં તો નિસર્ગ ચેતવે અને કાં તો સ્વયં વિચારથી - સ્વસૂઝથી પણ ચેતી જાય ગીતામાં આથી કહેવાયું છે કે "નહિ કલ્યાણકૃત કશ્ચિત્ દુર્ગતિમ્ તાત ગચ્છતિ."

સંતબાલ

❀

## ઉપવાસ રૂપી તપ ? ગૃહસ્થાશ્રમી માટે આત્મીયતા ક્યાં ક્યાં જરૂરી છે

મૂળે તો જાત શુદ્ધિ અને જગતશુદ્ધિ માટે જ ઉપવાસ રૂપી તપ હોઈ શકે: ગાંધીજી આવ્યા પછી જગતશુદ્ધિ માટેના તેમના ઉપવાસો કુદરતી રીતે વધુ ને વધુ આવી પડેલા જોયા. ઉપરાંત અહીં એક બીજી વાત પણ નોંધવા જેવી છે તે એ કે આખરે તો પ્રાણીમાત્રનું અધિષ્ઠાન એક છે (એ અર્થમાં અધિષ્ઠાનથી આત્મા એક ગણાય) તો પછી સામાના દોષો ઘટાડવા એ પણ આપણું અનિવાર્ય કર્તવ્ય બની રહે છે. ત્યાં આ પોતાનું અને આ પારકું એવા પણ ભેદો (શરીર જુદા હોવા છતાં) નથી રહેતા, એવી અતૂટ આત્મીયતા જામે છે. ગૃહસ્થાશ્રમી માટે આવી આત્મીયતા પ્રથમ મા-બાપ માટે પણ પછી ધર્મપત્ની (અર્ધાંગના) સાથે અભૂતપૂર્વ જામી શકે છે. જો મોહ-મૂર્છા ઘટે અને વિકાર વાસના સહેજે ટળે તો જ આ અનુભવ સહજ બને.

તા. 25-11-81 — સંતબાલ

❀

## કાર્યકર્તાની સારી બાજુ જોઈ તે વિકસાવો

પિંડે પિંડે જુદી બુદ્ધિ હોવાની એટલે દરેક કાર્યકર્તાની સારી બાજુ જોઈ તેને વિકસાવવાની તથા પોતાના વિચારો રજૂ કરી સંતોષ પામવો અને આત્મનિરીક્ષણ કરતા રહેવાનું.

જાપ એ એક અવ્યક્ત જગતનું મહત્ત્વનું અંગ છે. જેટલે અંશે આપણી એ પ્રશ્નમાં નિસ્પૃહ લાગણી હોય તેટલે અંશે એની અચૂક અસર થાય છે. હા, જાપ સાથે કાંઈ કાંઈ તપ-ત્યાગ જોડીએ તો એની વિદ્યુતવેગી અસર થાય. દા.ત. અમુક દિવસ લગી વિષય-વાસના પર અંકુશ અથવા, અમુક સમય લગી વાચા-મૌન વ.વ.

ડાયરીમાં સહજ સ્ફુરણા અને સહજ પ્રેરણા ન થાય, ત્યાં લગી હવે ડાયરી ન લખાય તો તે ખેદ કરવા જેવી નહિ પણ સંતોષ લેવા જેવી બાબત ગણવી.

તા. 25-11-81 — સંતબાલ

❀

## દર્દ આપીને વિકાર-વાસના ઉપર કાબૂ મેળવવો તે દોષયુક્ત છે

ખરી રીતે દર્દ આપીને વિકાર વાસના પર કાબૂ મેળવવો એ ઉપાય દોષયુક્ત ગણાય. ઊલટ વાત્સલ્ય વધારાવીનેજ વિકારવાસના પર કાબૂ લવડાવવો તેજ નિર્દોષ ઉપાય ગણાય.

## શ્રદ્ધા આંધળી હોઈ શકે ?

શ્રદ્ધાના આપણે ત્રણ ભેદો પાડીએ છીએ. (૧) અશ્રદ્ધા, (૨) સુશ્રદ્ધા અને (૩) અંધશ્રદ્ધા. પરંતુ સ્વામી વિવેકાનંદની અંધશ્રદ્ધા પ્રત્યેની ટીકાને રામકૃષ્ણ પરમહંસ જેમ કહે છે : "શ્રદ્ધા કદી આંધળી હોતી જ નથી." પણ એટલું ખરું કે શ્રદ્ધાળુને જે દેખાય તે બીજાને ન જ દેખાય. એથી લાગે કે આ આંધળી શ્રદ્ધા છે તેવું આ બાબતમાં છે. જેમ વહાલી શિષ્યા, ઉન્નતહૃદયા બહેનપ્રભાને આ વખતે લાગ્યું કે 'ગુરુદેવ ચિંતામાં છે' ખરી રીતે ચિંતનતો રહેજ, નાવડા અને દિલ્લી બન્ને તરફનું; કારણ કે જ્યારે શુદ્ધિપ્રયોગ (શુદ્ધિ સાધના) હવે વિશ્વવ્યાપી બનવા જાય, ત્યારે તેમાં ક્યાંક ક્ષતિ ન આવી જાય તે વિચારવુંજ જોઈએ નહીં તો લોકશ્રદ્ધા પોતેજ તૂટી જાય. કારણ કે ભા. ન. પ્રયોગને ગુજરાત વ્યાપી, રાષ્ટ્રવ્યાપી અને જગત વ્યાપી બનવાની તક આવી ઊભી છે ત્યારે ખૂબ સાવધાન રહેવુંજ પડે. પણ પ્રભાને "ચિંતાતુરતા" જણાઈ. એમ માનવીની કલ્પના પ્રમાણેજ સામે ઘણી વાર દેખાય એવું બનતું હોય છે.

તા. 25-11-81 — સંતબાલ

❀

## ગુરુદેવની છેલ્લી નોંધ

ચિંચણી, તા. 26-3-82

નોંધ : સદેહે ગુરુદેવે જોયેલી અને લખેલી આ છેલ્લી નોંધ અને તપાસેલું લખાણ છે. ૨૫-૨-૮૨ના પ્રભાતે પક્ષઘાતનો હુમલો ગુરુદેવને થએલો અને હરકીસન હોસ્પિટલમાં તા. ૨૬-૩-૮૨ના ૧૦-૫૫ સમયે મહાનિર્વાણ ગુરુદેવ સમાધિ દ્વારા પામ્યા.

❀ ❀ ❀

# વિષયસૂચિ


## અહમ્ પાના નં.

૧. અહમ્તા-મમતા ઓગળ્યા વિના વિશ્વમયતા અશક્ય ...... ૧૨-૪૨
૨. વ્યક્તિત્ત્વને ઓગાળવાની જરૂરી ...... ૪૧
૩. અહંકારનું વિધાયક પાસું ...... ૪૫
૪. અહંકારના પ્રકાર ...... ૫૧
૫. અહમ્ અને સ્વચ્છંદ "શુભ"ને આડે આવે ત્યારે ...... ૬૯
૬. ગુરુભાવનો નાશ કેવી રીતે કરે છે ...... ૬૮
૭. ગૌરવગ્રંથિ તેમજ લાઘવગ્રંથિની જરૂર નથી ...... ૭૦
૮. અહમ્ અને સ્વચ્છંદ વચ્ચે ફેર ...... ૭૨
૯. અહમ્ સાથે સતત જાગૃતિની જરૂર ...... ૭૩
૧૦. અહમ્થી મિશ્રિત આગ્રહ હશે તો તર્ક પણ ગળે ન ઊતરે ...... ૭૮
૧૧. નમ્રતાની જરૂર ...... ૧૦૦
૧૨. અહમ્થી મુક્ત વ્યક્તિને ટકરામણો અસર કરતી નથી ...... ૧૬૨
૧૩. સ્વમાન જ અભિમાનને પરાજિત કરે ...... ૧૪૯
૧૪. અહંકાર ...... ૧૭૯
૧૫. નમ્રતામાં પણ અહમ્ છૂપો રહેલ હોય ...... ૧૮૯

## ઇન્દિરાબહેન ગાંધી

૧. "હું તેને વ્યક્તિ તરીકે જોતો નથી" ...... ૮૩, ૮૫, ૧૦૦, ૧૩૩
૨. ઈન્દિરા અને જયપ્રકાશજી એકબીજાના પૂરક થાય ...... ૪૬
૩. અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો ...... ૬૪
૪. તેમની બાબતમાં ગુરુદેવનાં લખાણ ...... ૭૫
૫. તેમના વિશે વિનોબાજીનો અભિગમ ...... ૭૬
૬. તેમના આગમનનો ભભકો ...... ૧૩૨
૭. તેમની સાથેની મુલાકાત વિશે ...... ૧૩૪
૮. તેઓ એક ઉપયોગી સંસ્થાના નિભાવનાર ...... ૧૩૬
૯. ચૂંટણીમાં તેમના રાજનો અંત ...... ૧૪૪
૧૦. તેમનો સત્તાનો નશો ...... ૧૪૫
૧૧. એમના અંગે ગુરુદેવના પ્રત્યાઘાતો ...... ૧૪૭
૧૨. કટોકટીની વિષમતાઓ માટે એમની જવાબદારી ...... ૧૫૮
૧૩. કૉંગ્રેસને માત્ર તેમણે જ ટકાવી છે ...... ૧૬૦
૧૪. મોરારજીભાઈ તથા જે.પી. - ઈન્દિરા ...... ૧૬૦
૧૫. ઈન્દિરા અને સંત વિનોબા ...... ૧૯૧

## કટોકટી (બંધારણીય)

૧. કટોકટીના વાતાવરણમાં વિશ્વમયતા ...... ૬૬
૨. ન્યાયતંત્રમાં દખલગીરીના પ્રયાસ ...... ૯૪
૩. નેતાગીરીની ખામી ...... ૯૫

૪. ધીરજ અને સહનશીલતા ટકે તેવા સંજોગો ........ ૯૬
૫. કટોકટી અંગે વિનોબાજી ........ ૧૩૭
૬. કટોકટીની વિષમતાઓ માટેની જવાબદારી ........ ૧૫૯

**ગાય પ્રશ્ન**

૧. જૈન સાધુઓએ ઉપાડી લીધો હોત તો ........ ૧૯૫
૨. ગોવધ બંધી માટે આમરણ ઉપવાસનું ઔચિત્ય ........ ૨૧૨

**ગુરુદેવની રીત અને વ્યક્તિત્વ**

૧. તેમનો પ્રાણીમાત્ર પ્રત્યેનો સૂક્ષ્મ પ્રેમ અને ચિંતનશીલતા ........ ૧૪
૨. તેમની વાતો સાંભળવાની કક્ષા ........ ૧૫
૩. તેઓ ગુણાતિતતાની ભૂમિકાથી આગળ ........ ૧૫
૪. તેમની વિચારધારા અને વ્યવહારિકતા ........ ૨૬
૫. તેઓ એક અચ્છા શિક્ષક ........ ૨૭
૬. મનુષ્ય સ્વભાવને હલ કરવાની એમની રીત ........ ૨૮
૭. ઘડપણે તેમનું સ્વાસ્થ્ય ........ ૪૪
૮. એકાંતવાસ દરમ્યાન સ્ફૂરેલ કાવ્ય ........ ૫૬
૯. ખોટી રુઢિઓને કાઢવા તેમના ઉપવાસ ........ ૫૮
૧૦. શિષ્યની તીવ્રતાને હળવી કરવાની તેમની રીત ........ ૮૮
૧૧. વિચાર પ્રવર્તક તરીકેની તેમની રીત ........ ૯૨
૧૨. સંતબાલ પછી શું ? ........ ૯૬
૧૩. ચિંચણથી મુંબઈના પ્રવાસ અંગે ........ ૧૨૮
૧૪. મોટા ગુરુદેવના શતાબ્દી પ્રસંગે ........ ૧૨૯
૧૫. મુંબઈ વિહારયાત્રા અંગે ........ ૧૩૦
૧૬. ગુરુદેવની પંક્તિ ........ ૧૩૧
૧૭. જૈનાચારથી જરા પણ વિમુખ ન થયા ........ ૧૫૪
૧૮. પૂર્ણાહુતિ પ્રવચન ........ ૧૫૫

**ચમત્કાર**

૧. ચારિત્ર જ મોટો ચમત્કાર છે ........ ૧૦૫
૨. "મારી પાસે તે નથી" ........ ૧૯૩
૩. ચારિત્રનો પડછાયો છે ........ ૧૧૪, ૧૯૭

**ચિંચણનાં સ્મારકો**

૧. તે અંગે ........ ૧૫૮
૨. સમાધિનો હેતુ ........ ૧૮૧

**જવાહરલાલ નેહરુ**

૧. ગ્રામઉદ્યોગ માટે ઔદ્યોગિક ક્રાંતિ જેટલો ઝોક આપ્યો નહીં ........ ૨૦૨
૨. રાજકીય ક્ષેત્રે જ રહી ગયા ........ ૨૦૫

## જૈનત્વ


૧. એટલે શું ? ........ ૧૩૮
૨. જૈનધર્મની વિશેષતા-ગુણપૂજા ........ ૨૯
૩. જૈનધર્મની વિશેષતા-સ્યાદ્‌વાદ ........ ૩૦
૪. આંતરતપની જરૂરિયાત ........ ૧૭૮
૫. આઠ પ્રકારની દૃષ્ટિ ........ ૧૭૯
૬. સ્યાદ્‌વાદ - અહિંસાનું વિધાયક રૂપ ........ ૧૭૯
૭. અનંત જીવોની આત્મૈક્યતા ........ ૧૮૮
૮. જૈન સાધુઓના સ્ત્રી-સંગત્યાગની કડકાઈ ........ ૨૦૨
૯. ગીતા અને આચારાંગ સૂત્ર ........ ૨૦૪


## ધર્મમય સમાજરચના


૧. તેના ઈતિહાસની જરૂર ........ ૧૨૬
૨. સર્વધર્મ ઉપાસના ........ ૧૩૯
૩. કુદરતમયતા જડ આકર્ષણોને ગૌણ બનાવે છે ........ ૧૬૨
૪. ધન એકાંતિક રીતે પુણ્યનું જ પરિણામ નથી ........ ૧૬૪
૫. સમાજરચનાની વિશ્વવાત્સલ્યના ધ્યેયની પ્રવૃત્તિ ........ ૧૬૬
૬. માનવજીવનનું સાર્થક્ય-ખામીઓ અને ખૂબીઓ ........ ૧૬૭-૬૮
૭. કર્મયોગ અને જ્ઞાનયોગનો પાયો ભક્તિ ........ ૧૬૮
૮. સમાજસાધનાથી બની શકે ........ ૧૬૯
૯. સામાન્ય ગણાતા માનવીઓ પણ આગળ વધે ........ ૧૭૦


## ન્યાયસંપન્ન આજીવિકા


૧. તેનાથી સદાચાર અને પૈસાનો થતો મેળ ........ ૯૧
૨. ટ્રસ્ટીપણાનો લેપ ........ ૯૯


## નોંધ-લેખન


૧. ડાયરી લખવામાં સાવધાની ........ ૪૯
૨. એમાં કેટલું લખાયું તે અગત્યનું નથી ........ ૭૭
૩. ક્રિયારૂપ ન બનવું જોઈએ ........ ૮૮


## નર-નારી, પતિ-પત્ની


૧. નર-નારી એકતા ........ ૪૦
૨. નરનારી ઓતપ્રોતતામાં વાસના ક્ષયનું મહત્ત્વ ........ ૪૬
૩. પતિ-પત્નીના પારસ્પરિક સમર્પણની અગત્ય ........ ૪૯
૪. પુરુષને અહમ્ ઓગાળવાની શરૂઆત ઘરથી જ કરવી જોઈએ ........ ૫૦
૫. નારીગૌરવને પ્રેમપૂર્વક અપનાવવાની જરૂર ........ ૫૩
૬. ગુરુકૃપા કરતાં નારીકૃપા આગળ આવે છે ........ ૬૦
૭. પુરુષ-સ્ત્રી દૃષ્ટિ ........ ૧૨૦

૮. વાત્સલ્ય અને વિવેક ........ ૧૬૮
૯. मरणम् बिंदुपातेन । ........ ૧૭૩
૧૦. સ્થૂળ શક્તિ વધે ત્યારે તકેદારીની જરૂર ........ ૧૯૩
૧૧. નર-નારી એકતા ........ ૧૯૬
૧૨. અપેક્ષા રહિત સંબંધો ........ ૧૯૮
૧૩. સંબંધ માત્રને આત્મલક્ષે જોવો ........ ૧૯૮
૧૪. તન્મયતાની ધર્મમય સમાજ માટે જરૂર ........ ૨૦૦
૧૫. ઘરેલુ બાબતોમાં ક્ષુલ્લક માનવાની ભૂલ ........ ૨૦૦
૧૬. ઊંડે ઊંડે જાગતા વિકાર માટે જરૂરી નિખાલસતા ........ ૨૦૧
૧૭. સ્ત્રીસંગના સાધુત્યાગના અનુકરણોની ગૃહસ્થને પણ જરૂર ........ ૨૦૨
૧૮. गृहिणी मृहमुच्यते । ........ ૨૦૮
૧૯. ગૃહસ્થાશ્રમી માટે આત્મીયતાની જરૂર ........ ૨૧૩
૨૦. વિકાર-વાસના પર કાબૂ ........ ૨૧૪
૨૧. નારીજાતિને થયેલ અન્યાયનું સાટું ........ ૧૧૧

## ન્યાયતંત્ર

૧. સમાજલક્ષી હોવાની જરૂર ........ ૧૦૪

## પુરુષાર્થ અને વિકાસ

૧. અહંકારરહિત ........ ૩૩
૨. એટલે શું ? ........ ૧૪૧
૩. કામનો દોષ કાઢવા કરતાં પુરુષાર્થ વધારો ........ ૧૬૧
૪. પુરુષાર્થમાં શ્રદ્ધાનું સ્થાન ........ ૧૭૭, ૨૦૮
૫. સાચો પુરુષાર્થ એટલે આત્માની શોધ ........ ૧૦૬

## પ્રતિકાર

૧. તેના સ્વરૂપો અને ઉપયોગિતા ........ ૪

## પ્રકીર્ણ

૧. નજીકના સાથે વિચારએકતાનું મહત્ત્વ ........ ૧૧
૨. ફંડ-ફાળા માટે ધક્કા ખાવાથી ધર્મક્રાંતિને ધક્કો પહોંચશે ........ ૧૬
૩. વિચારોની રજૂઆતમાં સમતુલાની જરૂર ........ ૨૮
૪. પૂર્વગ્રહો ખંખેરવા વિષે ........ ૩૦
૫. સામાના ખોટા વળાંક સામે પણ ઉદાસીનતા ........ ૩૪
૬. માંદગી આપણી કૃતિ છે ........ ૩૪
૭. જે આવે છે તે ઈશ્વરપ્રેરિત હોય છે ........ ૩૫
૮. મરજિયાત સાદાઈ કેમ રાખવી ........ ૩૭
૯. સરખામણીની ટેવ કોઈ વાર કુટેવ બને છે ........ ૧૦૧
૧૦. "તારા સંગનો રંગ ન લાગે, તો તું વૈષ્ણવ કાચો" ........ ૧૦૧

૧૧. નિમિત્ત નાનું કે મોટું - સરખો ભાગ ભજવે છે ........................................ ૧૦૨
૧૨. સામી વ્યક્તિ પ્રત્યેનો ભાવ ........................................ ૧૦૨
૧૩. સાધકના શરીરની સુદૃઢતા જરૂરી ........................................ ૧૦૩
૧૪. સાચો પુરુષાર્થ એટલે આત્માની શોધ ........................................ ૧૦૬
૧૫. સૌરાષ્ટ્ર વીરોની ભૂમિ છે ........................................ ૧૧૧
૧૬. ફળ નિસર્ગાધીન માનવું ........................................ ૧૧૨
૧૭. પ્રેમ સાથે પ્રતિકાર ........................................ ૧૧૨
૧૮. ઉત્તર મેળવી જીવન જીવો ........................................ ૧૧૩
૧૯. સત્ત્વ, રજસ અને તમોગુણોની અરસપરસ અસર ........................................ ૧૧૩
૨૦. બીજાએ કરવાની વાત આપણાં પર લગાડવી ........................................ ૧૧૫
૨૧. વ્યક્તિચેતના અને વિશ્વચેતનાનો તાળો ........................................ ૧૧૫
૨૨. નિખાલસતાનું મહત્ત્વ ........................................ ૧૧૬
૨૩. અંગત સંબંધોમાં સહિષ્ણુતાનું સ્થાન ........................................ ૧૧૮
૨૪. પ્રેમથી ટકોર કરો ........................................ ૧૨૧
૨૫. નવી પેઢીને આગમો સમજાવવાની રીત ........................................ ૧૩૪
૨૬. ટ્રસ્ટી સિદ્ધાંત ........................................ ૧૪૦
૨૭. મુંબઈ - મોહમયી કે વૈરાગ્યમયી ? ........................................ ૧૪૦
૨૮. સજ્જનતા વિચારશીલ માનવીનો સ્વાભાવિક ગુણ છે ........................................ ૧૪૯
૨૯ મિત્રની ઉણપ મિત્ર દૂર કરે તે શક્તિપાતની ક્રિયા છે ........................................ ૧૫૮
૩૦. શ્રોતા બનવાથી ચિંતન પ્રક્રિયા ખીલે છે ........................................ ૧૬૦
૩૧. સાદી ખાણીપીણીથી થતા લાભ ........................................ ૧૬૩
૩૨. લક્ષહીન ધનિકો દયા ખાવાલાયક છે ........................................ ૧૬૩
૩૩. વિદ્યાર્થી જેવી સાધકની સ્થિતિ ........................................ ૧૭૧
૩૪. આપણી પ્રસન્નતા કે અપ્રસન્નતામાં દૂરના આપ્તજનોનો ફાળો ........................................ ૧૭૨
૩૫. "ભૂલ બધીયે ભૂલી જજે, કદિ જો ભૂલ કબૂલી જાજે" ........................................ ૧૭૬
૩૬. સંકલ્પપૂર્તિનું મહત્ત્વ ........................................ ૧૮૩
૩૭. આત્મનિષ્ઠાનું મહત્ત્વ ........................................ ૧૮૪
૩૮. આંતરમુખતા ........................................ ૧૮૫
૩૯. નિજાનુભવોની લહાણ ........................................ ૩૭
૪૦. નિખાલસતા અને પુખ્તતામાં વિરોધ નથી ........................................ ૩૯
૪૧. નિખાલસતામાં જાગૃતિની જરૂર ........................................ ૪૨, ૮૦
૪૨. છેતરપિંડીના પ્રકાર ........................................ ૪૨
૪૩. નાના માણસો મારફત મોટા કામો ........................................ ૪૮, ૬૦
૪૪. શંકા કે સંશયનું મહત્ત્વ અને મર્યાદા ........................................ ૪૮
૪૫. ગામડાંને સંગઠિત કરવાની જરૂર ........................................ ૪૮
૪૬. તત્ત્વમાં અને વહેવારમાં મૌલિક સત્યની જરૂર ........................................ ૫૯
૪૭. સેવા કરતાં વાત્સલ્ય શબ્દ વધુ યોગ્ય છે ........................................ ૬૧

૪૮. બાળકોની સંસ્કારવૃદ્ધિ ..... ૭૫
૪૯. જૂની ટેવોને પાયાથી હલબલાવી મૂકો ..... ૭૮
૫૦. આત્મીયતાથી ઓતપ્રોત થવું ..... ૮૦
૫૧. મેદાન છોડાય જ નહીં ..... ૮૧
૫૨. મોહને ઘૃણાથી પર રહેવાથી તટસ્થતા આવે ..... ૮૧
૫૩. ઊતાવળ એ હિંસા છે ..... ૮૨
૫૪. દુઃખ પ્રભુની યાદ તાજી કરાવે ..... ૮૨
૫૫. પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા હોમવા તૈયાર રહેવું ..... ૮૬
૫૬. સમાજરચનાના ત્રણ વાહનો ..... ૮૫
૫૭. આકાંક્ષા અને સંતોષ ..... ૧૮૭
૫૮. બીજાને ધર્મ પમાડવાનું મહત્ત્વ ..... ૧૯૧
૫૯. ગ્રામાભિમુખતા અને આત્માભિમુખતા ..... ૧૯૩
૬૦. સંતબાલજીના બે ભક્તો ..... ૧૯૪
૬૧.. માનવસંબંધના ત્રણ પ્રકારો ..... ૧૯૯
૬૨. ઔદ્યોગિક ક્રાંતિ જેટલા ઝોકની જરૂર ગ્રામોદ્યોગ માટે પણ ..... ૨૦૨
૬૩. જ્ઞાન અને ક્રિયા એકબીજાના પૂરક ..... ૨૦૩
૬૪. સાપેક્ષ સત્ય શું ..... ૨૦૫
૬૫. જીવતા માનવી વિષેના ઉચ્ચ ભાવોને જાહેરમાં વ્યક્ત કરવાના પરિણામો ..... ૨૦૬
૬૬. પુરુષાર્થમાં શ્રદ્ધાની જરૂર ..... ૨૦૮
૬૭. અવ્યક્ત જગત છે ..... ૨૦૯
૬૮. વ્યાપક ધર્મભાવના ..... ૨૦૯
૬૯. "સહી" લેવું પર્યાપ્ત નથી "વણી" લેવું જોઈએ ..... ૨૧૧
૭૦. વિનય એટલે અર્પણતા ..... ૨૧૧
૭૧. ઉપયોગ અને પ્રમાદ એટલે શું ? ..... ૨૧૧
૭૨. શ્રદ્ધા આંધળી હોઈ શકે ? ..... ૨૧૪
૭૩. દરેક કાર્ય પ્રભુ અર્થે ..... ૧૭૩

## બાળદીક્ષા

૧. તેનાં દૂષણો ..... ૧૧

## ભારતીય સંસ્કૃતિ

૧. ગુજરાતની આર્યભાવના ..... ૩૨
૨. ભારતની ગરીબી-અભિશાપ કે આશીર્વાદ ? ..... ૬૩
૩. ધર્મ એક, જીવન બીજું, એવા ભાગલા નથી ..... ૯૮
૪. આ દેશ મૂડીવાદી, કોમવાદી કે સામ્યવાદી નથી ..... ૯૮
૫. ગ્રામ્ય સંસ્કારનું મહાધન ..... ૧૨૫
૬. કુદરત મૈયાની સમતુલા ..... ૧૨૭
૭. સક્રિય અધ્યાત્મ ..... ૧૩૮
૮. સંસ્કૃતિ ઘરથી જગત સુધી પહોંચી છે ..... ૧૫૭
૯. ચિન્મયાનંદજી, આનંદમયજી અને શ્રી અરવિંદ ..... ૧૯૦

## મોરારજીભાઈ દેસાઈ


૧. રાજસત્તા દ્વારા થનાર પરિવર્તન બાબત ........ ૧૮૭
૨. મોરારજીભાઈ - જે.પી. - ઈન્દિરા ........ ૧૬૦


## મોટા ગુરુદેવના વિચારો


મોટા ગુરુદેવના વિચારો ........ ૧૫૦


## મૃત્યુ


૧. મૃત્યુ બાદનું જીવન ........ ૩
૨. મૃત્યુલોકનો અમૃતખોળો - ભાગ ૨ ........ ૨૨
૩. મૃત્યુથી પ્રાણને આરામ મળે છે ........ ૪૦
૪. મૃત્યુ વખતની માનસિક સ્થિતિની અગત્ય ........ ૫૩


## યોગ અને ધ્યાન


૧. ચિંતા અને ધ્યાન ........ ૧૦
૨. આ કાળે તો સમાજસાધનાની જરૂર છે ........ ૧૦૧
૩. ત્રાટક એટલે આંખ દ્વારા આત્મશક્તિ ........ ૧૧૧
૪. માનવતા-માર્ગાનુસારીપણા સિવાય આંતર્ધ્યાન ન થાય ........ ૧૭૦
૫. એકાગ્રતા ........ ૧૮૬
૬. જાપ ........ ૧૮૯
૭. તંત્ર વિદ્યા નહિ પણ ચારિત્ર ........ ૧૯૭
૮. ધ્યાન ક્યારે અને કયા પ્રકારે થાય ........ ૨૧૨


## રાજકારણ


૧. રાજકારણ અને વિશ્વમયતા ........ ૫૪, ૫૬
૨. ચૂંટણીનાં અનિષ્ટો ........ ૬૨
૩. ભારતમાં લોકશાહીની જરૂર ........ ૮૩
૪. રાજસત્તા દ્વારા પરિવર્તનથી થતી મુસીબતો ........ ૮૬
૫. રાજકારણ જનતા આધીન બને ........ ૭૫
૬. રાજકારણનો સંગઠિતપણે વિચાર ........ ૭૭
૭. લોકલક્ષી લોકશાહી ભારતમાં શક્ય છે ........ ૧૦૪, ૧૮૬
૮. કૉંગ્રેસની બાહ્યકલેવરની જરૂર ........ ૧૨૧
૯. ઈન્દિરા રાજ્યનો અંત ........ ૧૪૪
૧૦. ઈન્દિરાનો સત્તાનો નશો ........ ૧૪૫
૧૧. રાજસત્તા ઉપર નૈતિક અંકુશની જરૂર ........ ૧૪૬
૧૨. ઈન્દિરા અંગેના પ્રત્યાઘાતો ........ ૧૪૭


## વસ્તી નિયંત્રણ


૧. કૃત્રિમ ઉપાયો જોખમી ........ ૯૦


## વિનોબાજી


૧. વિનોબા અને સર્વસેવા સંઘ ........ ૨૭

૨. ગાંધીજીનું ધાર્મિક અંગ ........ ૩૮
૩. આચાર્યોનું અનુશાસન ........ ૮૪
૪. ભૂમિપુત્રમાં એમના વિશે આવેલ રીપોર્ટ ........ ૧૧૪
૫. કટોકટી અંગે વિનોબા ........ ૧૩૭
૬. ઈમરજન્સી અંગે ફરેલ વલણ ........ ૧૩૮
૭. ગાંધીજી, વિનોબાજી અને મહાદેવ દેસાઈ ........ ૧૩૮
૮. તેમના બે મોટાં કામો ........ ૧૮૩
૯. રાજકીય ક્ષેત્રથી વેગળા પડી ગયા ........ ૨૦૫

## વિશ્વમયતા

૧. વિશ્વમયતા શું છે ........ ૧
૨. જીવનનું સળંગ દર્શન ........ ૪
૩. વિશ્વમયતાનાં સોપાન ........ ૫
૪. વિચારએકતા અને 'જગત્યામ્ જગત'નો અર્થ ........ ૭
૫. મહાવીરની વિશ્વમયતા ........ ૫, ૯
૬. અહમ્તા-મમતા ઓગાળ્યા વિના તે અશક્ય ........ ૧૨
૭. તેને માટે ચિંતા નહિ પણ ચિંતન જરૂરી ........ ૧૮
૮. 'જ્યોતિથી જ્યોતિ' પ્રગટે ........ ૧૮
૯. વિશ્વમયતાની વ્યાપક સમજ ........ ૨૦, ૭૧
૧૦. પળેપળની જાગૃતિ ........ ૨૩
૧૧. લોહીના કે મિત્રતાના સંબંધો શુદ્ધ રાખવાનું મહત્ત્વ ........ ૨૪
૧૨. પૂર્વગ્રહ પરિહારની જરૂર ........ ૩૧
૧૩. વહેતા પ્રવાહો સાથે અનુસંધાન ........ ૪૩
૧૪. સામેના પૂર્વગ્રહ સામે જોયા વિના નિખાલસ વર્તન જરૂરી ........ ૫૧
૧૫. નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિની જરૂર ........ ૫૨
૧૬. ચેતનાની એકરૂપતાથી બહિરાત્મદશા દૂર થઈ શકે ........ ૫૨
૧૭. રાજકારણ વિશ્વમયતામાં લેવું ........ ૫૪, ૫૬
૧૮. તેના માર્ગે થતો વ્યક્તિત્વનો વિકાસ ........ ૬૧
૧૯. જીવન અને જગતનો સમન્વય ........ ૬૨
૨૦. છેતરવા કરતાં છેતરાવું ઉત્તમ છે ........ ૬૭
૨૧. વિશ્વમયતામાં માનવીમાં ન હોય તેવા ગુણો પણ દેખાય છે ........ ૬૯
૨૨. વિશ્વમયતામાં વાસના ઉભરાય તે અસંભવિત નથી ........ ૭૧
૨૩. તેમાં સંબંધો અનાયાસે વધે તેટલી વ્યાપકતા વધે ........ ૮૦
૨૪. બીજાની ભૂલોમાં આપણી ભૂલો જોવી ........ ૮૩
૨૫. એમાં આવતાં વિઘ્નોમાંથી જ સુપરિણામ આવશે ........ ૮૬
૨૬. વિશ્વલક્ષીને કર્મકાંડમાં રાચવાનું ન પોસાય ........ ૮૭
૨૭. પ્રાણીમાત્રમાં વાત્સલ્ય રેડી વિશાળ ચેતનાની નજીક જવું ........ ૯૩
૨૮. કોઈવાર પરિણામ શૂન્ય આવે તો પણ હિંમત હારવી નહિ ........ ૯૭
૨૯. પરસ્પર સંકળાયેલ જગત ........ ૯૭
૩૦. આપણાં કલ્યાણ માટે પણ તે અનિવાર્ય છે ........ ૯૯

૩૧. વિશ્વમયતામાં કોઈ પરાયું નથી ........ ૧૧૩
૩૨. ઘરનાનું બરદાસ્ત કરવા પાછળ વિશ્વમયતા ........ ૧૧૯
૩૩. વિશ્વમયતાની સાધનામાં સૌને સાથે લો ........ ૧૨૧
૩૪. છેવટે તો નિસર્ગમૈયાને ભરોસે છોડવું ........ ૧૪૦
૩૫. નિસર્ગની આકસ્મિક મદદ ........ ૧૪૩
૩૬. કોઈનું ફેરવ્યું ફરતું નથી ........ ૧૪૪
૩૭. સર્વાંગીપણાનું નિરૂપણ ........ ૧૪૫
૩૮. સામાન્ય ગણાતો પ્રશ્ન પણ અદ્‌ભુત બની જાય છે ........ ૧૫૬
૩૯. તેમાં ગુણી-અલ્પગુણી કે ગુણહીન-સહુ ઉપયોગી છે ........ ૧૫૯
૪૦. તેના માર્ગે અનાયાસપણું અને તટસ્થતાની જરૂર છે ........ ૧૬૨
૪૧. સમાજરચના માટે વિશ્વવાત્સલ્યના ધ્યેયની પ્રવૃત્તિ ........ ૧૬૬
૪૨. સત્તાના પરિવર્તનની માફક સંપત્તિનું પણ થવું જરૂરી છે ........ ૧૬૮
૪૩. વિશ્વમયતાની નિઃસ્પૃહતા ........ ૧૭૪
૪૪. વિશ્વમયતાની ત્રણ વાતો ........ ૧૭૫
૪૫. અંતરમુખતાની ખરી દિશા ........ ૧૭૫
૪૬. પ્રાણીમાત્રમાં રહેલી પ્રભુસત્તા ........ ૨૦૬
૪૭. પ્રાણીદયા ........ ૨૦૯


## સદ્‌ગુરુ


૧. ખરી ગુરુ શ્રદ્ધા કેવી હોય ........ ૨૮
૨. નિઃસંશય બનવા ગુરુની જરૂર ........ ૪૧
૩. ગુરુને પણ શિષ્યની શ્રદ્ધાની મદદ મળે છે ........ ૭૦
૪. સ્વચ્છંદ આદિ રોકવા ગુરુની જરૂર ........ ૯૦
૫. શુભ અને સત્ય તરફ આગળ વધારે ........ ૯૬
૬. ગુરુશ્રદ્ધા ડામાડોળ થાય ત્યારે ........ ૧૦૨
૭. ગુરુની ગેબી શક્તિનો અનુભવ વિવશ થતો નથી ........ ૧૦૬
૮. સમતુલ માટેનો વિવેક સદ્‌ગુરુ સિવાય આવે નહીં ........ ૧૦૯
૯. ગુરુપૂજામાં અતિશયોક્તિ દોષ ........ ૧૩૨
૧૦. ગુરુની જરૂરિયાત કેટલી ? - કેદારનાથ ........ ૧૪૨
૧૧. ગુરુઈઝમ ........ ૧૪૩
૧૨. ગુરુ આજ્ઞા તથા આશીર્વાદનું મહત્ત્વ ........ ૧૭૯
૧૩. ગુરુ મહિમા-અષાઢી પૂર્ણિમા ........ ૧૮૧
૧૪. "સવ્વેજીવ કરૂંશાસન રસી" ........ ૧૮૨
૧૫. પ્રત્યક્ષ ગુરુના અભાવે, ગીતા અને આચારાંગ સૂત્ર અનુસરો ........ ૨૦૪


## સાધુતા


૧. એટલે વિચારમય જીવન ........ ૮૯
૨. સાધુ શોધવાનું મન હોય તો સાધુઓ મળી રહે છે ........ ૯૦
૩. સાધુઓએ કેવળ સ્વસાધનામાં મચ્યા રહેવું એમાં કર્તવ્ય ક્ષતિ છે ........ ૧૫૫
૪. જીવન ખંડખંડમાં વહેંચવું તેમાં આત્મોન્નતિ નથી ........ ૧૫૬
૫. સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા એક જ નૌકાના બેસાડુ છે ........ ૧૫૬

૬. સાધુ-સંતોએ આદર્શ ગૃહસ્થાશ્રમ બને તેવું કરવા લક્ષ આપવું .................. ૧૬૯

## શ્રેય અને પ્રેય

૧. શ્રેય મુખ્ય અને પ્રેય ગૌણ ........................................ ૮૮
૨. નાની શ્રદ્ધા પણ શ્રેયની સાથે પ્રેયમાં મદદગાર થાય ........................................ ૮૧

## સમાજગત સાધના

૧. ધર્મે જ રાજકારણ અને જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભુત્વ રાખવું જોઈએ ....... ૧૧૦
૨. પ્રજા ઘડતર, પ્રજાસેવક ઘડતર, સંઘ ઘડતર ને રાજકીય ક્ષેત્રના
સંકલનની જરૂર ........................................ ૧૧૦
૩. સમાજરચના ધર્મમય બની શકે ........................................ ૧૬૯
૪. સર્વાંગીણ સાધના ........................................ ૧૮૮-૧૮૯
૫. સમાજગત સાધનાની અગત્ય ........................................ ૧૯૨

## સંસ્થાની પ્રવૃત્તિ

૧. કાર્યકરો વિશે ઉદાર દષ્ટિબિંદુની જરૂર ........................................ ૨૦
૨. કાર્યકરોનું યોગદાન ........................................ ૨૫
૩. સંસ્થાના પ્રચારની જરૂર ........................................ ૨૯
૪. કાર્યકરોનું ડામાડોળપણું થાય ત્યારે શું કરવું ........................................ ૫૮
૫. ભા.ન. પ્રયોગની વિચારધારા ........................................ ૭૪
૬. કાર્યકર્તાઓના વહેવારમાં તત્ત્વપૂર્તિ ........................................ ૮૭
૭. કાર્યકરોની બીજી હરોળની જરૂર ........................................ ૧૦૭
૮. સંસ્થા દ્વારા થતાં સંબંધોની અગત્ય ........................................ ૧૦૮
૯. ભા. ન. પ્રા. સંઘનો વ્યાપ ........................................ ૧૧૭
૧૦. સહકાર્યકરોનું વ્યક્તિગત મૂલ્યાંકન ........................................ ૧૨૨
૧૧. નિષ્ઠાવાન કાર્યકરો ઊભા થતાં હોય તો જ પ્રવૃત્તિ વધારવી ........................................ ૧૯૨
૧૨. કાર્યકર્તાની સારી બાજુ જોઈ તે વિકસાવવી- ........................................ ૨૧૩

## શ્રીમદ્-વર્તુળો

૧. સંકલનની જરૂર ........................................ ૧૯૩
૨. ચિંચણનો શ્રીમદ્ વિભાગ ........................................ ૧૦૭
૩. ગાંધીજીવન ઉપર શ્રીમદ્‌ની અસર ........................................ ૧૧૮
૪. ડૉ. સોનેજી અને તેમનું વર્તુળ ........................................ ૧૮૭
૫. શ્રીમદ્ ચાહકોમાં કર્મયોગની જરૂર ........................................ ૨૧૦

### શ્રદ્ધા

૧. તે દઢાય તો નિર્ભયતા ........................................ ૧૩
૨. તેથી લાભ કોને ? ........................................ ૨૪
૩. જે થાય છે તે સારા માટે - શ્રદ્ધાને મજબૂત કરે છે ........................................ ૩૨
૪. હું કહું તેમ પ્રભુએ વર્તવું જોઈએ એમ માનવામાં શ્રદ્ધા કાચી પડે છે ........................................ ૩૯
૫. તર્ક સમાધાન સાથેની શ્રદ્ધા ........................................ ૫૫
૬. અંધશ્રદ્ધા કે અશ્રદ્ધા ........................................ ૭૯

જૈન સિદ્ધાંત મુજબ આ સમગ્ર વિશ્વ (બ્રહ્માંડ) એક અત્યંત વ્યવસ્થિત તંત્ર છે અને ચરા-ચર સમગ્ર સૃષ્ટિ તે તંત્રના એક ભાગરૂપે જ તેના સ્વતઃ સંચાલિત નિયમો મુજબ જ ચાલે છે. માણસ આ તંત્રનો એક ભાગ છે. કોઈપણ તંત્રને જો વ્યવસ્થિત અને સરળ ચલાવવું હોય તો તે તંત્ર કે યંત્રના દરેક ભાગે પોતાનું કામ વ્યવસ્થિત અને સરળ રાખવું જોઈએ. દા.ત., ગમે તેવું વિશાળકાય યંત્ર હોય જેમાં મોટા ચક્રો ગતિમાન થતાં હોય અને જેની યાંત્રિક રચના અટપટી હોય, પરંતુ તેનો એક નાનો સરખો ભાગ, એક સ્ક્રૂ કે એક ચાકી, વ્યવસ્થિત કામ ન કરે તો આખું યંત્ર અટકી પડવાનો સંભવ ઊભો થાય. તે જ રીતે આ વિશ્વયંત્રના એક નાના ભાગરૂપે આપણે યંત્રને અનુરૂપ વ્યવસ્થિત જીવન ન જીવીએ અને આપણી જાતને મહાયંત્રના ભાગરૂપે ન ગણીએ તો તેની વિપરીત અસર આખા યંત્ર ઉપર થવાની જ.

મારી સમજ પ્રમાણે વિશ્વમયતા પાછળનો આ તર્ક છે. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય તે પાંચ સિદ્ધાંતો જે આ વિશ્વતંત્રના પાયા છે તે લક્ષમાં રાખી માનવજીવનનો વ્યવહાર ચાલે તો આ વિશ્વતંત્રની જે વિષમતાઓથી આપણે પીડાઈએ છીએ તે વિષમતાઓ દૂર થઈ જાય તેમાં કોઈ શંકા છે ? આથી 'વિશ્વમયતા' શીખવે છે કે આપણે આપણી તમામ પ્રવૃત્તિઓમાં સમગ્ર વિશ્વને લક્ષમાં રાખીને વિશ્વયંત્રના એક હિસ્સા તરીકે વિશ્વમય થઈને વર્તન કે વ્યવહાર કરવો. વિશ્વયંત્રનો કોઈ એક ભાગ કે હિસ્સો બીજા ભાગ કે હિસ્સા કરતાં વધુ અગત્યનો છે તેવી માન્યતા જ ભૂલભરેલી છે તેવું એક વાર સમજાઈ જાય તો અહિંસા, સત્ય આપોઆપ પ્રગટે, અને વ્યકિતગત જીવન સમાજગત બને આથી વિશ્વમયતાને મુનિશ્રીએ જે અગત્ય આપી છે તે તદ્દન યોગ્ય છે.

(આમુખમાંથી)

**ત્ર્યંબકલાલ ઉ. મહેતા**
**(ટી. યુ. મહેતા)**